

# सम्बोधसप्ततिः

(भाग १)

प. पू. आचार्यश्रीरत्नशेखरसूरीश्वराः

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

श्री भुवनभानुसूरि-जन्मशताब्दीએ नवલું नजराणुं-३७

प.पू. आचार्यदेवश्रीरत्नशेखरसूरिकृता
वाचनाचार्यश्रीगुणविनयविरचितवृत्तिविभूषिता
नवनिर्मित-सम्बोधोपनिषद्-गुर्जरव्याख्यालङ्कृता

# सम्बोधसप्ततिः

( प्रथमो भागः )

-: मूलसंशोधनम्-गुर्जरव्याख्यानवसर्जनम्-सम्पादनम् :-
प.पू. प्राचीनआगमशास्त्रोद्धारकआचार्यदेव
श्रीमद्विजयहेमचन्द्रसूरीश्वरशिष्य-
आचार्यविजयकल्याणबोधिसूरि

પ્રાચીનતમશાસ્ત્રોના
ઘમ્મર વલોણા દ્વારા
પૂર્વાચાર્યે પીરસેલું
મધુર નવનીત

-: प्रकाशक :-

श्री जिनशासन आराधना ट्रस्ट

મૂળ ગ્રંથ : સંબોધસિત્તરી/સંબોધસપ્તતિ, ભાગ-૧

મૂળ ગ્રંથકાર : પ.પૂ. આચાર્યદેવ શ્રી રત્નશેખર/જયશેખરસૂરિ મહારાજા

મૂળ ગ્રંથ ભાષા : પ્રાકૃત, **મૂળ ગ્રંથ પ્રમાણ** - ૭૫ ગાથા

પ્રાચીન ટીકા ભાષા : સંસ્કૃત

પ્રાચીન ટીકાકાર : પ.પૂ. વાચનાચાર્ય શ્રી ગુણવિનયજી મ.સા.

નવનિર્મિત ગુર્જર વ્યાખ્યા : સંબોધોપનિષદ્

**૭ હસ્તાદર્શો દ્વારા મૂળ ગ્રંથનું સંશોધન + ગુર્જરવ્યાખ્યાનવસર્જન + સંપાદન :** પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ

વિષય : સમતા, દેવાદિતત્ત્વસ્વરૂપ વગેરે

વિશેષતા : આગમઆદિ પ્રાચીનતમશાસ્ત્રોમાંથી ઉદ્ધૃત મહાર્થ ગાથાઓનો એક અનેરો સંગ્રહ, 'ગાગરમાં સાગર'ની ઉક્તિને સાર્થક કરતો અલ્પ ગ્રંથમાં અનેકાનેક વિષયોનો સમાવેશ. મૂળ ગ્રંથનું વિસ્તૃતરૂપે વિવરણ કરતી પ્રાચીન સંસ્કૃત ટીકા અને તેને અનુસારે નવસર્જન પામેલી સરળ ગુજરાતી ટીકા. સંક્ષેપ રુચિ અધ્યેતાઓથી માંડીને વિદ્વાનો સુધીના તમામને ઉપયોગી થાય એવો ગ્રંથ.

પઠન-પાઠન અધિકારી : ગીતાર્થ ગુરુ દ્વારા અનુજ્ઞાત આત્મા

● વિ.સં. ૨૦૬૬ ● **પ્રતિ :** ૫૦૦ ● **આવૃત્તિ :** પ્રથમ ● મૂલ્ય : રૂા. ૨૭૫

● **પ્રકાશક :** શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

E-mail : jinshasan_108@yahoo.com

**© શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

આ પુસ્તકના કોઈપણ અંશનો ઉપયોગ કરતા પૂર્વે લેખક તથા પ્રકાશકની લેખિત મંજૂરી મેળવવી જરૂરી છે. આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.

● **પ્રાપ્તિસ્થાન : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**મુંબઈ :** શ્રી ચંદ્રકુમારભાઈ સી. જરીવાલા, દુ.નં. ૯, બદ્રીકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ 'ઈ' રોડ, નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ. ફોન : ૨૨૮૧૮૩૯૦

શ્રી અક્ષયભાઈ જે. શાહ, ૫૦૬, પદ્મએપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૬૭૪૭૮૦

**પાટણ :** શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી, ૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા રેલવે ગરનાળા પાસે, પાટણ, ઉ.ગુ. ફોન : ૨૩૧૬૦૩

**અમદાવાદ :** શ્રી બાબુભાઈ, સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન. સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૫. ફોન : ૨૭૫૦૫૭૨૦, ૨૨૧૩૨૫૪૩

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ,** ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.

Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com



चरमतीर्थपतिः करुणासागरः श्रीमहावीरस्वामी

अनन्तलब्धिनिधानः श्रीगौतमस्वामी





पञ्चमगणधरः श्रीसुधर्मास्वामी

## કૃપા વરસે અનરાધાર

સિદ્ધાંતમહોદધિ સુવિશાલગચ્છસર્જક પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

અજોડ ગુરુસમર્પિત ગુણગણનિધિ પ.પૂ. પંન્યાસપ્રવર

**શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**

સિદ્ધાંત દિવાકર પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ

**શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

## સુકૃત સહયોગી

### શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
### તથા
### શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા
### મહેસાણા

જ્ઞાનનિધિ સદ્વ્યયની
ભૂરી ભૂરિ અનુમોદના

અનુમોદના... અભિનંદન... ધન્યવાદ



# संबुज्झह मा मुज्झह



એક વાર એક શહેરની મોટી લાઈબ્રેરીમાં જવાનું થયું. લાખો પુસ્તકો ધરાવતી એ લાઈબ્રેરીમાં વિષય મુજબ વિભાગો પાડેલા હતાં. ધર્મ-સમાજ-રાજ્ય-ઈતિહાસ આદિ અનેક વિષયોના વિભાગોમાં એક વિભાગ હતો અર્થશાસ્ત્રનો. લાઈબ્રેરીનો ઘણો મોટો ભાગ એ વિભાગે રોકેલો હતો. એ જોઈને વિચાર આવ્યો કે આટલા બધા... અધધધ થઈ જાય એટલા બધા પુસ્તકો... કરોડો કરોડો પાનાઓ ભરીને લખાણ... પણ એ બધાનું તાત્પર્ય શું ? અર્થોપાર્જન કેમ કરવું ? How to earn money ?

જ્યારે આ પ્રસ્તાવના લખી રહ્યો છું, ત્યારે વિચાર આવે છે કે અબજો અબજો અબજો પાના ભરાઈ જાય એવી વિરાટ દ્વાદશાંગીનું તાત્પર્ય શું ? પ્રભુ વીરે ચંડકૌશિકને જે ઉપદેશ આપ્યો હતો - 'बुज्झ बुज्झ' એ જ ને ? તું એક વાર બોધ પામ, તું એક વાર જાગ, બસ... પછી તને કાંઈ કહેવાનું રહેતું નથી. ભડકે બળતા ઘરમાં ભર નિદ્રામાં પોઢેલી વ્યક્તિને ભાગવાનું કહેવાનું હોય ? કે જાગવાનું કહેવાનું હોય ? બસ... એક વાર એ જાગી જાય, એટલે એને ભાગી જતા તો કાચી સેકન્ડની ય વાર લાગવાની નથી.

આ જ આશયથી શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે - રે જીવ ! बुज्झ मा मुज्झ - રે જીવ ! તું જાગ, તું તારી મોહનિદ્રાને ખંખેરી નાખ. શાસ્ત્રકારોનું તો એક જ લક્ષ્ય છે કે અનાદિકાળથી મોહનિદ્રામાં પોઢેલો જીવ સફાળો બેઠો થઈ જાય. આ જ લક્ષ્યને પોતાના નામથી જ જણાવી દેતો ગ્રંથ એટલે સંબોધસપ્તતિ.

'ગાગરમાં સાગર' કહો, 'એક વચનથી અજવાળું' કહો, કે 'શોર્ટ એન્ડ સ્વીટ' કહો. માત્ર પંચોતેર ગાથાના આ ગ્રંથમાં કયો વિષય નથી

આવ્યો, એ જ પ્રશ્ન છે. પ્રસ્તુત ગ્રંથના રચયિતા છે પૂ.પૂ. આચાર્યદેવ શ્રી જયશેખરસૂરિ મહારાજા, જેઓ શ્રી રત્નશેખરસૂરિ નામે પણ પ્રસિદ્ધ થયા છે. ગ્રંથના પ્રારંભમાં જ તેઓશ્રીએ નિખાલસભાવે જણાવ્યું છે કે 'હું ઉદ્ધાર ગાથાઓ વડે આ ગ્રંથની રચના કરું છું.' આ જ પ્રતિજ્ઞાનો નિર્વાહ કરતા તેમણે આગમો તથા પ.પૂ. હરિભદ્રસૂરિ મહારાજા આદિ પૂર્વાચાર્યોના ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલી ગાથાઓનો સુંદર સંગ્રહ કર્યો છે. તેમના આ ઉપકારને વિનમ્રભાવથી વંદન કરું છું. ગાથાઓનું મૂળસ્થાન નિશ્ચિતરૂપે કહેવું કઠિન છે. કારણ કે જેને મૂળસ્થાન માનવામાં આવે, તે ગ્રંથમાં પણ પૂર્વવર્તી ગ્રંથોમાંથી તે ગાથા ઉદ્ધૃત કરવામાં આવી હોય, એ સુસંભવિત છે. માટે જ એના આધારે પૂર્વાચાર્યોમાં - 'આ પહેલા થયા અને આ પછી' - એવો પૂર્વાપરત્વનો નિર્ણય કરવો પણ સરળ નથી. તે ગાથાઓ વર્તમાનમાં જે ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે, તે ગ્રંથોને ગુર્જર ટીકામાં દર્શાવ્યા છે. પણ તેના પરથી એમ ન સમજી લેવું કે એ ગ્રંથો જ એ ગાથાના મૂળસ્થાન છે. વળી કેટલીક ગાથાઓ તો અન્ય કોઈ ગ્રંથોમાં જોવા નથી મળી. તેથી શક્ય છે કે વર્તમાનમાં તે ગાથાઓ માત્ર પ્રસ્તુત ગ્રંથમાં જ હોય. આના પરથી ગ્રંથકારશ્રીએ કરેલા ઉપકારની અનુભૂતિ તો થાય જ છે, સાથે સાથે 'સંગ્રહ'ની પણ મહત્તા સમજાય છે. સંગ્રહ એ નવસર્જનથી જરાય ઉતરતી વસ્તુ નથી, એવું લાગ્યા વિના રહેતું નથી.

ટીકાકારશ્રી વાચનાચાર્ય ગુણવિનયજી મ.સા. એ આ ગ્રંથ પર ટીકા લખીને તેની ગરિમા વધારી છે. ટીકાકારશ્રીએ એક એક પદ પર ઊંડાણ ખેડીને અનેક સાક્ષીપાઠો આપ્યા છે, એટલું જ નહીં, અનેક સ્થળે સાક્ષીપાઠોની પણ ટીકાના ઉદ્ધરણો પ્રસ્તુત કર્યા છે. ટીકાકારશ્રી ખરતરગચ્છની પરંપરામાં થયા હતા. તેમના ગચ્છની સામાચારી અને માન્યતાનો આ ટીકામાં ક્યાંક ક્યાંક ઉલ્લેખ જોવા મળે છે. આગમિક પદાર્થોના અર્થઘટનના ભેદને કારણે જ્યાં માન્યતાભેદ આવે છે, તેવા બે-ત્રણ સ્થાનોમાં પૂર્વસંપાદકશ્રીએ ટિપ્પણો દ્વારા સમાધાન કર્યું છે. જેને પ્રસ્તુત સંપાદનમાં પણ સાનુવાદ રજુ કર્યું છે.

આ ટીકાના સર્જનમાં તેમણે વિશિષ્ટ પરિશ્રમ કરીને વાચક વર્ગ પર અનેરો ઉપકાર કર્યો છે. પ્રકાશનના અવસરે કૃતજ્ઞભાવે તેમનું સ્મરણ કરું છું.

પ્રસ્તુત ગ્રંથ પ્રકાશમાં આવે, તેનું પઠન-પાઠનની પ્રવૃત્તિ પ્રસાર પામે, એ ભાવનાથી પ્રસ્તુત ગુર્જર વૃત્તિ 'સંબોધોપનિષદ્'ની રચના કરી છે. આ વૃત્તિ ઉપરોક્ત સંસ્કૃત વૃત્તિને અનુસારે રચી છે. મૂળ ગાથાઓ તથા ટીકાકારશ્રીએ આપેલા સાક્ષીસ્થાનો વર્તમાનમાં જે ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે, તેમનો યથાસંભવ ઉલ્લેખ પણ આ ટીકામાં કરવામાં આવ્યો છે, તથા વિષમસ્થાનોમાં વિશેષ વ્યાખ્યા પણ આપી છે.

## મૂળ ગ્રંથ સંશોધનમાં ઉપયુક્ત
# છ હસ્તાદર્શો
# પ્રતિકૃતિ અને પરિચય



**क - श्री सम्बोधसित्तरि मूळ (૭૪ પદ્ય) પત્ર-૩**

**श्री કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર - કોબા, सा.क्र-૭૯૦૨ ૧/૩**



ख – શ્રી સમ્બોધસતરી અમરકીર્તિસૂરિકૃતટીકાસહિત (પદ્ય ૭૬) પત્ર-૧૦, શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા), સા.ક્ર-૯૫૪૫ ૧/૯, મૂળ ગાથાઓ પત્રની મધ્યમાં મોટા અક્ષરોમાં છે અને તેની ઉપર-નીચે ૨-૨ પંક્તિ ખાલી રાખી ટીકા ચાલે છે. માત્રમૂલાર્થી કે ટીકાર્થીને પણ ત્રિપાઠ પદ્ધતિથી સુગમતા રહે છે. શ્રીમાન કીર્તિસૂરિશિષ્યકૃત ૭૦૦ શ્લોક પ્રમાણ ટીકાની આ પ્રતિ ભિનમાલનગરે શ્રી શુભકુશલગણિશિષ્ય ક્ષમાકુશલ મુનિ દ્વારા લખાઈ છે.



ग – મૂળ (પદ્ય ૭૪) છાયાપ્રાયઃ ટીકા સહિત પત્ર-૪ શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા) સા.ક્ર-૩૧૬૪૫ ઉપરોક્ત મુજબ ત્રિપાઠી છે. સં ૧૬૮૧ કા.સુ. ૮, શનિવારે વિવેકસાગરજીએ શ્રાવિકારાજા પઠનાર્થે લખી છે.



रिए॥उवज्झायत्ते चउवज्झाए॥५६॥ साहूणसाहूचरिअं॥देसविरइंचसावयजणाणं॥अणुमोएसव्वेसिं
॥सम्मत्तं सम्मदिट्ठीणं॥५७॥ अहवासव्वंचियवीयरायवयणाणुसारिजंसुकडं॥कालत्तएवितिविहं॥तम
हं अणुमोआएमु कयं॥ अणुमोएमो तयं सव्वं॥५८॥ सुहपरिणामो निच्चं॥ चउसरणगमाइ आयरंजीवो॥कु
सलपयडीओबंधइ॥बंधाउसुहाणुबंधाउ॥५९॥मंदणुभावबद्धा॥तिव्वणुभावाउकुणइताचेव॥असुहाउ
नरणुबंधाउ॥कुणइतिव्वाउमंदाउ॥६०॥ताएअवस्स का यव्वं॥बुहेहिंनिच्चंपिसंकिलेसंमि॥होइतिकालंस
मं॥ असंकिलेसंमिसुगइफलं॥६१॥चउरंगो जि णधम्मो॥नकउ चउरंगसरणमविनकयं॥च
उरंगसवच्छेओ॥नकउहाहारिओजम्मो॥६२॥इ य जी ।वपमायमहारि॥वीरभद्दंतमेवमज्झयणं॥
॥झाएसुतिसंझमवंझं॥ कारणंनिव्वुइसुहाणं॥६ ३॥इतिश्रीचउःशरणप्रकीर्णकं॥समाप्तम्॥
एर्द०॥श्रीगुरुदेवायनमः॥श्रीसरस्वत्यैनमः॥ मः॥नमिऊणतिलोयगुरुं॥लोआलोअप्पयास
यंवीरं॥ संबोहसित्तरिमहं॥रएमिउद्धारगाहाहिं॥१॥सेअंबरोय आसंबरोअ॥बुद्धोअअहवअन्नोवा॥स
मभावभाविअप्पा॥लहइमुक्खंनसंदेहो॥२॥अट्ठदसदोसरहिओ॥देवोधम्मोविनिउणदयसहिओ॥सु
गुरुविबंभयारी॥आरंभपरिग्गहाविरओ॥३॥अन्नाणकोहमयमाणलोहमायारईयअरईय॥नि
द्दासोअअलियवयण॥चोरीयामच्छरभयाय॥४॥पाणिवहपेमकीला॥पसंगहासाइजस्सयदोसा॥अ
ट्ठारसविपणट्ठा॥नमामिदेवाहिदेवंतं॥५॥सव्वाउविनईओ॥कमेणजहसायरंमिनिवडंति॥तहभगव

घ – મૂળ (પદ્ય ૧૧૨) પત્ર-૪, શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા), सा.क्र-૬૪૫૩, ૧/૨ સં ૧૮૧૮ પોષ સુદ-૩ દિને ઉદયવિજયગણિના પઠન માટે લખાઈ છે.



एर्द०॥सकलगणि ७३ विमलगणि
भ्यो नमः॥ॐ नमः॥ नमिऊणतिलोयगुरुं॥लोयालोअप्प
यासयंवीरं॥संबोहसत्तरिमहं॥रएमिउद्धारगाहाहिं॥१॥सेयंबरो
यआसंबरोय॥बुधोयअहवअन्नोवा॥समभावभावियप्पा॥ल
हइमुक्खंनसंदेहो॥२॥अट्ठदसदोसरहिओ॥देवोधम्मोविनिउ
णदयसहिओ॥सुगुरूविबंभयारी॥आरंभपरिग्गहाविरओ॥३॥
अन्नाणकोहमयमाणलोहमायारईअअरईया॥निद्दासो॥

च – મૂળ (પદ્ય ૭૪) પત્ર-૧૦, શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા), सा.क्र-૧૦૫૦૯, સં. ૧૭૩૩ માગશર સુદ-૨ સોમવારે મુનિ રામવિમલજીએ લખાવી છે.


37 367.6

नमिऊण तिलोयगुरुं लोयालोयप्पयासयं वीरं । संबोहसत्तरिमिहं रएमि उद्धारगाहाहिं
॥१॥ सेयंबरो य आसंबरो य बुद्धो य अहव अन्नो वा । समभावभावियप्पा लहइ मुक्खं न संदेहो
॥२॥ अट्ठदसदोसरहिओ देवो धम्मो य निउणदयसहिओ । सुगुरू वि बंभयारी आरंभपरिग्ग
हाविरओ ॥३॥ अन्नाण कोह मय माण लोह माया रई य अरई य । निद्दा सोग अलियवयण
चोरिआ मच्छर भयाई ॥४॥ पाणिवह पेम कीला पसंग हासाय जस्स ए दोसा । अट्ठारस वि पण
ट्ठा नमामि देवाहिदेवं तं ॥५॥ सव्वाउ वि नईओ कमेण जह सायरंमि निवडंति । तह भगवई
अहिंसा सव्वे धम्मा समिल्लंति ॥६॥ ससरीरे वि निरीहा बज्झब्भिंतरपरिग्गहविमुक्का । धम्मो
वगरणमित्तं धरंति चारित्तरक्खट्ठा ॥७॥ पंचिंदियदमणपरा जिणुत्तसिद्धंतगहियपर
मत्था । पंचसमिया तिगुत्ता सरणं मह एरिसा गुरुणो ॥८॥ पासत्थो ओसन्नो होइ कुसीलो
तहेव संसत्तो । अहछंदो वि य एए अवंदणिज्जा जिणमयंमि ॥९॥ पासत्थाई वंदमाणस्स

**છ – મૂળ (પદ્ય ૯૨) પત્ર-૫, શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા),**
**સા.ક્ર-૧૦૮૭૨**

પરમકૃપાળુ પરમાત્મા તથા મહાન આગમ-શાસ્ત્રોદ્ધારક પરમોપકારી ગુરુદેવ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની કૃપાથી પ્રસ્તુત સર્જન તથા સંપાદન સંપન્ન થયું છે. સંશોધનમાં ઉપયુક્ત હસ્તાદર્શોની જ્યાંથી પ્રાપ્તિ થઈ તે શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડાર (કોબા) તથા આ મહાન સંસ્થાના પ્રેરક રાષ્ટ્રસંત પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજાનો હાર્દિક ઉપકાર માનું છું.

પ્રસ્તુત પ્રબંધ દ્વારા સ્વ-પરનો સંબોધ પરાકાષ્ઠાએ પહોંચી પરમબોધમાં પરિણમે એ અભિલાષા સાથે વિરમું છું. જિનાજ્ઞા વિરુદ્ધ નિરૂપણ થયું હોય તો મિચ્છામિદુક્કડમ્. ક્ષતિનિર્દેશ કરવા બહુશ્રુતોને નમ્ર પ્રાર્થના.

**ફા.વ.૧, વિ.સં. ૨૦૬૬**
**તપોવન, ગાંધીનગર.**

**પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય**
**હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજનો**
**ચરણકિંકર આચાર્ય વિજય**
**કલ્યાણબોધિસૂરિ**

# વિષયાનુક્રમ : ભાગ-૧


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| – | વૃત્તિકારનું મંગલાદિ | ૧ |
| ૧. | ગ્રંથકારનું મંગલાદિ | ૪ |
| ૨. | સમભાવી મુક્તિ | ૧૧ |
| ૩. | દેવ-ગુરુ સ્વરૂપ | ૨૦ |
| ૪-૫. | અઢારદોષમુક્ત દેવાધિદેવ | ૩૪ |
| ૬. | અહિંસા સર્વધર્માલય | ૩૭ |
| ૭-૮. | સુસાધુશરણ | ૩૮ |
| ૯. | પાર્શ્વસ્થાદિ અવંદનીય | ૭૨ |
| ૧૦. | અવંદનીયને વંદનનું ફળ | ૮૦ |
| ૧૧. | સારંભગુરુ સ્વ-પરને ડુબાવે | ૮૩ |
| ૧૨. | પાર્શ્વસ્થાદિને વંદનનું પરિણામ | ૯૩ |
| ૧૩. | સમકિતસ્વરૂપ | ૯૮ |
| ૧૪. | દુર્લભ સમકિત | ૧૦૦ |
| ૧૫. | સમકિતથી વૈમાનિક દેવલોક | ૧૦૩ |
| ૧૬. | માત્ર એક સામાયિકનું ફળ | ૧૦૬ |
| ૧૭. | સસામાયિકની સમતા | ૧૧૧ |
| ૧૮. | ...તો સામાયિક નિષ્ફળ છે | ૧૧૩ |
| ૧૯. | છત્રીશ સૂરિગુણ | ૧૨૩ |
| ૨૦-૨૧-૨૨. | સત્યાવીશ સાધુગણ | ૧૩૬ |
| ૨૩-૨૪-૨૫. | એકવીશ શ્રાવકગુણ | ૧૩૯ |
| ૨૬. | આગમવિના અનાથ | ૧૪૫ |
| ૨૭. | આગમપ્રધાન | ૧૪૭ |
| ૨૮. | સંઘવ્યપદેશને અયોગ્ય જીવો | ૧૪૯ |
| ૨૯. | સંઘવ્યપદેશને યોગ્ય જીવો | ૧૫૧ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૦. | સંઘસ્વરૂપ | ૧૫૩ |
| ૩૧. | આજ્ઞારહિત નિષ્ફળ | ૧૫૯ |
| ૩૨. | આજ્ઞાથી સર્વ સફળ | ૧૬૩ |
| ૩૩. | આજ્ઞા ખંડનકારીનો ધર્મ નિરર્થક | ૧૬૮ |
| ૩૪. | આજ્ઞાભંગનું પરિણામ | ૧૭૧ |
| ૩૫. | વિધિ-અવિધિનું ફળ | ૧૭૪ |
| ૩૬. | દ્રવ્યભાવસ્તવનું ફળ | ૧૮૨ |
| ૩૭. | દ્રવ્ય-ભાવસ્તવનું અંતર | ૨૦૫ |
| ૩૮-૩૯ | અસદ્ગચ્છ પરિહાર | ૨૦૭ |
| ૪૦. | ગચ્છ સ્વરૂપ | ૨૧૨ |
| ૪૧. | શીલનું ફળ | ૨૧૪ |
| ૪૨. | શિયળ-સર્વોત્તમધર્મ | ૨૧૬ |
| ૪૩. | કુસંગ ત્યાગ | ૨૧૮ |
| ૪૪. | અગીતાર્થ-કુશીલોનો ત્રિવિધ ત્યાગ | ૨૨૮ |
| ૪૫. | કુસંસર્ગને વિષે આંબાનું દૃષ્ટાન્ત | ૨૩૨ |
| ૪૬. | સત્સંગનું ફળ | ૨૩૪ |
| ૪૭. | અતિદુષ્ટ મિથ્યાત્વ | ૨૩૫ |
| | શ્રુતભક્તિમાં સદાના સાથીઓ | ૨૫૫ |
| | જ્ઞાનામૃતં ભોજનમ્ | ૨૫૭ |
| | પ્રશસ્તિ | ૨૬૩ |

શ્રીભુવનભાનુસૂરિ

100

જન્મ શતાબ્દી વર્ષ

૧૯૬૭ ૨૦૬૭

યુગો સુધી ઝળહળશે ભુવનભાનુના અજવાળા ☆ જન્મશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ ☆



વૈરાગ્યવારિધિ

તિતિક્ષામૂર્તિ

અધ્યાત્મયોગી

અપ્રમત્તસાધક

નિર્યામણાનિપુણ

ન્યાયવિશારદ

સંઘહિતચિંતક

વર્ધમાન તપોનિધિ

સુવિશાળ ગચ્છાધિપતિ

કર્મસાહિત્યનિષ્ણાત

સુવિશુદ્ધસંયમી

પ્રવચનપ્રભાવક

અનેકાંતદેશનાદક્ષ

શ્રેષ્ઠશ્રમણશિલ્પી

શિબિર આદ્યપ્રણેતા

બાળદીક્ષાસંરક્ષક

અપ્રતિમ પ્રભુભક્ત

અદ્ભુત ગુણાનુરાગી

નિર્દોષચર્યાચારી

સર્વતોમુખી પ્રતિભાસ્વામી

૧૯૬૭ ૨૦૬૭

# ॥ सम्बोधसप्ततिः ॥

प्रणिपत्य सत्यकीर्त्ति, विलसद्वरसिद्धिदानकल्पतरुम्।
श्रीपार्श्वनाथमधिपं, विकसद्गुणकुसुममतुलफलम्॥१॥

महितं सुरनरनिकरैः, सहितं शिवसम्पदा सदा सहितम्।
श्रीवर्धमानजयिनं, स्तुत्वा श्रीवर्धमानजिनम् ॥२॥

श्रीजिनदत्तयतीन्द्रं, विनमद्भूपालमालमतिचन्द्रम् ।
यशसो धवलिम्ना धुरिं, धृत्वा हृदि सपदि निस्तन्द्रम्॥३॥

संबोधोपनिषद्

જેમની કીર્તિ સત્ય છે, જેઓ વિલાસ કરતી ઉત્તમ સિદ્ધિનું દાન આપવામાં કલ્પતરુ સમાન છે, જેમનામાં ગુણરૂપી પુષ્પો વિકાસ પામી રહ્યા છે, જેમનું ફળ અતુલ્ય છે એવા શ્રીપાર્શ્વનાથસ્વામિને પ્રણામ કરીને....૧

જેઓ દેવો અને મનુષ્યોના સમૂહોથી પૂજિત છે, જેઓ શિવસંપત્તિથી સહિત છે, જેઓ સદા હિતયુક્ત છે, જેઓ આર્હન્ત્યલક્ષ્મીથી વૃદ્ધિ પામે છે, જેમણે આંતર શત્રુઓ પર વિજય મેળવ્યો છે એવા શ્રી વર્ધમાનજિનની સ્તુતિ કરીને....૨

જેમને રાજાઓની શ્રેણિ નમસ્કાર કરે છે, જેઓ ચંદ્રથી પણ સૌમ્ય છે, જેઓ યશની ઉજ્જવળતાથી અગ્રેસર છે, જેઓ તંદ્રારહિત છે, એવા શ્રીજિનદત્તસૂરિને શીઘ્રતાથી હૃદયમાં ધારણ કરીને...૩

**कृतकुशलं जिनकुशलं, सकलजनाभीष्टपुष्टये कुशलम् ।**
**सकलं किल कलिकालस्फूर्जन्महिमं प्रदिव्यगुरुम् ॥४॥**

**अवगम्यागमहृदयं, श्रीमज्जयसोमपाठकगुरुभ्यः ।**
**वृत्तिं कुर्मः सम्बोधसप्ततेः सुप्तबोधकृतः ॥५॥**

इह तावच्छास्त्रादौ सङ्क्षिप्तरुचिनाऽपि प्रायः शिष्टसमयानुवृत्तये विघ्नोपशान्तये च परममङ्गलालयोऽभीष्टदेवतास्तवः

**संબોધોપનિષદ્**

જેઓ કલ્યાણકર્તા છે, સર્વ જનોના અભીષ્ટની પુષ્ટિ કરવા માટે નિપુણ છે, જેઓ કલાસહિત છે, કળિકાળમાં ય જેમનો મહિમા સ્ફુરાયમાન થાય છે, જેઓ અત્યંત દિવ્ય ગુરુ છે, (તેમનું સ્મરણ કરીને...) ૪.

(અથવા તો प्रदीव्य = સ્મરણ કરીને કે પૂજીને એવો અર્થ લઈ શકાય કારણ કે ધાતુના અનેક અર્થો હોય છે.)

શ્રીજયસોમવાચક ગુરુ પાસેથી આગમનું રહસ્ય જાણીને, સુષુપ્ત જીવને જાગૃત કરનારા એવી **સંબોધસપ્તતિ ગ્રંથની** અમે વૃત્તિ કરીએ છીએ....૫

અહીં જે સંક્ષિપ્તરુચિ હોય, તેણે પણ પ્રાયઃ શિષ્ટ પુરુષોના સિદ્ધાન્તને અનુસરવા માટે તથા વિઘ્નોની ઉપશાંતિ માટે શાસ્ત્રની શરૂઆતમાં પરમ મંગલનિલયરૂપ ઈષ્ટદેવતાસ્તવ

कर्तव्यः । तथा-"श्रुत्वाऽभिधेयं शास्त्रादौ, पुरुषार्थोपकारकम् । श्रवणादौ प्रवर्तन्ते, तज्जिज्ञासादिनोदिताः ॥१॥" इत्यभिधेयम् । तथा सत्यप्यभिधेये कर्तव्ये श्रोतव्ये विविधे स्वल्पेऽपि कर्मणि प्रयोजनमनुद्दिश्य न मन्दोऽपि प्रवर्तते इति प्रयोजनम् ॥ तथा सत्यपि त्रये-"श्रुत्वा शास्त्रस्य सम्बन्धं, श्रोतुरादरकारिता । जायतेऽनेन शास्त्रादौ, वक्तव्योऽनेकधा स च ॥१॥" इति सम्बन्धश्च वक्तव्य इत्यालोच्य चतुष्टयमपि प्रतिपिपादयिषुरादावेव शास्त्रकारो गाथामाह-



કરવો જોઈએ. તથા અભિધેય = શાસ્ત્રમાં શું કહેવાનું છે, તે પણ કહેવું જોઈએ કારણ કે શાસ્ત્રની શરૂઆતમાં પુરુષાર્થને ઉપકારક એવા અભિધેયને સાંભળીને તેની જિજ્ઞાસાથી પ્રેરિત થયેલા શ્રોતાઓ શાસ્ત્રના શ્રવણ, મનન વગેરેમાં પ્રવૃત્તિ કરે છે. આ રીતે અભિધેય કહ્યું.

વળી પ્રયોજન પણ કહેવું જોઈએ, કારણ કે અભિધેય હોવા છતાં પણ કર્તવ્ય અને શ્રોતવ્ય એવા વિવિધ નાના પણ કાર્યમાં પ્રયોજન વિના તો મંદ પણ પ્રવૃત્તિ કરતો નથી. માટે પ્રયોજન કહેવું જોઈએ. વળી ત્રણે હોવા છતાં પણ સંબંધ કહેવો જોઈએ કારણ કે શાસ્ત્રનો સંબંધ સાંભળીને શ્રોતાને આદર થાય છે. તે સંબંધ અનેક પ્રકારનો છે. માટે શાસ્ત્રની આદિમાં સંબંધ કહેવો જોઈએ. આ રીતે વિચાર કરીને એ ચારે કહેવાની ઈચ્છાથી શાસ્ત્રકાર શરૂઆતમાં જ એ ચારેનો

**नमिऊण तिलोयगुरुं, लोयालोयप्पयासगं वीरं ।**
**संबोहसत्तरिमहं, रएमि उद्धारगाहाहिं ॥१॥**

**व्याख्या** - इहाद्यपदद्वयेनेष्टदेवतास्तव अन्त्यपदद्वयेन त्वभिधेयमाह। सम्बन्धप्रयोजने तु सामर्थ्यगम्ये । तथाहि सम्बन्धस्तावदुपायोपेयलक्षणः, साध्यसाधनलक्षणो वा । तत्रेदं शास्त्रमुपायः साधनं वा, साध्यमुपेयं वा शास्त्रार्थपरिज्ञानमिति। प्रयोजनं कर्तुः श्रोतुश्च, पुनरनन्तरपरम्परभेदादेकैकं द्विधा, तत्रानन्तरं



સમાવેશ કરતી ગાથા કહે છે -

**ત્રિલોકગુરુ લોકાલોકપ્રકાશક એવા શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને હું ઉદ્ધારગાથાઓથી સંબોધસપ્તતિની રચના કરું છું. ॥૧॥**

અહીં પ્રથમ બે પદથી ઈષ્ટદેવતાસ્તવ કહ્યો છે, અને અન્ત્ય બે પદથી અભિધેય કહ્યું છે. સંબંધ અને પ્રયોજન તો સામર્થ્યથી જણાય છે. તે આ પ્રમાણે - સંબંધ બે પ્રકારનો હોય છે, (૧) ઉપાયોપેયરૂપ (૨) સાધ્યસાધનરૂપ. તેમાં આ શાસ્ત્ર ઉપાય કે સાધન છે. અને શાસ્ત્રના અર્થનું પરિજ્ઞાન થાય એ સાધ્ય કે ઉપેય છે. પ્રયોજન બે પ્રકારનું છે. (૧) કર્તાનું અને (૨) શ્રોતાનું. તે પ્રત્યેક પણ અનંતર અને પરંપર એમ બે પ્રકારનું છે. તેમાં કર્તાનું અનંતર પ્રયોજન

कर्तुः सत्त्वानुग्रहः परम्परमपवर्गप्राप्तिः, श्रोतुः पुनरनन्तरं शास्त्रार्थपरिज्ञानं परम्परं तस्याप्यपवर्गप्राप्तिः । इति समासार्थः ॥ व्यासार्थस्तूच्यते–अत्र यद्यपि कायमनोद्वारकोऽपि नमस्कारो विघ्नविघातकृत्तथाऽपि सर्वेषामपि श्रोत्रादीनामशेषविघ्न-विध्वंसनाय इह देवतास्तवाभिधानपुरस्सरमेव प्रवर्तमानत्वेनेष्ट-देवतास्तवबुद्धेरत्यन्तनिष्कम्पता भवत्विति शास्त्रादौ वाचिको-

संबोधोपनिषद्

छे जीवो पर उपकार, अने परंपर प्रयोजन छे मोक्षप्राप्ति. श्रोतानुं अनंतर प्रयोजन छे शास्त्रनुं परिज्ञान अने परंपर प्रयोजन तो तेनुं पण मोक्षप्राप्ति ज छे. आ रीते संक्षिप्त अर्थ कह्यो. हवे विस्तृत अर्थ कहेवाय छे -

અહીં ભલે શરીર અને મન દ્વારા થતો નમસ્કાર પણ વિઘ્નનો વિઘાત કરનારો છે. તો પણ શ્રોતા વગેરે સર્વના વિઘ્નોનો વિનાશ કરવા માટે અહીં દેવતાના સ્તવને કહેવા પૂર્વક જ પ્રવૃત્તિ કરતી હોવાથી ઈષ્ટદેવતાના સ્તવની બુદ્ધિ અત્યંત નિશ્ચલ થાઓ એવી ભાવનાથી શાસ્ત્રની શરૂઆતમાં વાચિક ઈષ્ટદેવનો સ્તવ કહ્યો છે.

આશય એ છે કે જો ગ્રંથકારશ્રી ગ્રંથમાં નમસ્કારદ્યોતક વચન ન કહે અને માત્ર શરીર અને મન દ્વારા જ નમસ્કાર કરી દે, તો પણ વિઘ્નનો વિઘાત તો થવાનો જ હતો. પણ તેમાં તકલીફ એ થાય કે શ્રોતા વગેરેના વિઘ્નોનો વિઘાત ન થાય, માત્ર પોતાના જ વિઘ્નનો વિઘાત થાય.

ऽभीष्टदेवतास्तवोऽभिहितः। नमस्कारश्च शास्त्रानुरूपः सम्यगौचित्यवान्। शास्त्रं च चतुर्धा-अल्पाक्षरं महार्थम् १, महाक्षरमल्पार्थम्

——— સંબોધોપનિષદ્ ———

**પ્રશ્ન** - જેમ ગ્રંથકાર શરીરથી અને મનથી નમસ્કાર કરે, તો તેમના વિઘ્નોનો વિઘાત થઈ જાય. તે જ રીતે શ્રોતાઓ પણ શરીરથી-મનથી નમસ્કાર કરી લેશે, અને તેનાથી જ તેમના વિઘ્નોનો વિધ્વંસ થઈ જશે, માટે નમસ્કાર વાચક વચન કહેવાની જરૂર જ ક્યાં છે ?

**ઉત્તર** - માનસિક નમસ્કારને નિશ્ચલ બનાવવા માટે વાચિક નમસ્કાર ઉપયોગી બને છે. 'વંદન' આટલું મનમાં વિચારો, વચનથી બોલો અને કાયાથી તેને અનુરૂપ પ્રવૃત્તિ કરો, એ ત્રણેની શક્તિ અને પ્રભાવ અલગ અલગ જ હોય છે, એ અનુભવ સિદ્ધ છે. વળી ગ્રંથકારે પ્રગટરૂપે નમસ્કાર વચન મુક્યું છે તો પ્રત્યેક શ્રોતાને તેનું શ્રવણ થશે અને માનસિક અને કાયિક નમસ્કાર પણ સંભવિત બનશે. અન્યથા તો એવું પણ બને કે શ્રોતાવિશેષને ઈષ્ટદેવતા નમસ્કાર યાદ પણ ન આવે. આ રીતે વાચિક ઈષ્ટદેવતાસ્તવ / નમસ્કાર કર્યો છે તે ઉચિત જ છે.

નમસ્કાર શાસ્ત્રને અનુરૂપ હોય તો એ સમ્યક્ રીતે ઉચિત બને છે. અને શાસ્ત્ર ચાર પ્રકારનું છે -

(૧) **અલ્પાક્ષર મહાર્થ** = જેમાં અક્ષર ઓછા છે, પણ

२, महाक्षरं महार्थम् ३, अल्पाक्षरमल्पार्थं ४ चेति । प्रस्तुतं च शास्त्रमल्पाक्षरं महार्थं चेति प्रथमभेदे वर्त्तते, ततो नमस्कारमपि तथाभूतमेवाह-'नमिऊण तिलोय' इति। नत्वा, इह नमस्कारश्चतुर्धा-द्रव्यतो न भावतः पालकादीनाम् १, भावतो न द्रव्यतोऽनुत्तरसुराणाम् २, न द्रव्यतो न भावतः कपिलादीनाम् ३, द्रव्यतो भावतश्च

संबोधोपनिषद्

અર્થ મહાન છે. (૨) **મહાક્ષર અલ્પાર્થ** = જેમાં અક્ષર ઘણા છે પણ અર્થ અલ્પ છે. (૩) **મહાક્ષર મહાર્થ** = જેમાં અક્ષર પણ ઘણા છે અને અર્થ પણ ઘણો છે. (૪) **અલ્પાક્ષર અલ્પાર્થ** = જેના અક્ષર પણ અલ્પ છે અને અર્થ પણ અલ્પ છે.

પ્રસ્તુત શાસ્ત્ર અલ્પાક્ષર+મહાર્થ છે માટે તે પ્રથમ પ્રકારમાં આવે છે. માટે નમસ્કાર પણ તેવા પ્રકારનો જ કહે છે-

**નમસ્કાર કરીને,** અહીં નમસ્કાર ચાર પ્રકારનો હોય છે-

(૧) દ્રવ્યથી, ભાવથી નહીં. જેમ કે પાલક વગેરેનો નમસ્કાર. (૨) ભાવથી, દ્રવ્યથી નહીં. જેમ કે અનુત્તર દેવતાઓનો નમસ્કાર. (૩) દ્રવ્યથી પણ નહીં અને ભાવથી પણ નહીં, જેમ કે કપિલ વગેરેનો. (કપિલકેવળીની વિવક્ષા હોય તો તેઓ કેવળી હોવાથી તેમણે દ્રવ્ય-ભાવ એક પણ નમસ્કાર કરવાનો હોતો નથી. મરીચિશિષ્યરૂપ કપિલ હોય તો 'તેણે આરાધ્યરૂપે તીર્થંકરને ન માન્યા હોવાથી એક પણ નમસ્કાર ન કર્યો હોય' એવું સંભવે છે.) (૪) દ્રવ્યથી પણ

सम्यग्दृष्टेरुपयुक्तस्य सुसंवृतवचनस्य सुप्रणिहितगात्रस्य जिनादीन्नमस्कुर्वतः ४, तत्र विघ्नव्रातोपशान्तय एकान्तिकाव्यभिचारिता (तया?) च मङ्गलरूपेण तुर्यनमस्कारेण प्रणम्येति भावः । कम् ? वीरम्, कर्मविदारणात्तपसा विराजनाद्वर्यवीर्ययुक्तत्वाच्च जगति यो वीर इति ख्यातः, यदवादि-"विदारयति यत्कर्म, तपसा च विराजते। तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ॥१॥" तं वीरं

संबोधोपनिषद्

અને ભાવથી પણ. જેમ કે ઉપયોગયુક્ત સુસંવૃતવચનવાળા સુપ્રણિહિતગાત્રવાળો સમ્યગ્દષ્ટિ જીવનો જિન વગેરેને નમસ્કાર.

તે ચાર પ્રકારમાંથી પ્રસ્તુતમાં ચતુર્થ નમસ્કારથી **પ્રણામ કરીને** એવો અર્થ લેવો. કારણ કે આવા પ્રણામથી વિઘ્નસમૂહ ઉપશાંત થઈ શકે અને આવો નમસ્કાર એકાંત અવ્યભિચારી મંગળરૂપ છે.

કોને પ્રણામ કરીને - એ કહે છે - **વીરને** - જેઓ કર્મનું વિદારણ કરવાથી, તપથી શોભતા હોવાથી, અને શ્રેષ્ઠ વીર્યથી યુક્ત હોવાથી; વિશ્વમાં વીર તરીકે પ્રસિદ્ધ છે. કારણ કે કહ્યું છે કે- જેથી તેઓ કર્મનું વિદારણ કરે છે અને તપથી શોભાયમાન છે, તથા તપશક્તિસંપન્ન છે, માટે તેઓ 'વીર' છે, એવું સ્મરણ થાય છે. તે વીરને = શ્રીવર્ધમાનસ્વામિને. કેવા વીરને-એ કહે છે. **ત્રિલોકગુરુને.** એવો ન્યાય છે કે જે

श्रीमद्वर्धमानस्वामिनम् । किंविशिष्टम् ? 'त्रिलोकगुरुं' त्रयाणां लोकानां 'तात्स्थ्यात्तद्व्यपदेशः' इतिवचनात्, तद्वासिनां देवनृतिर्यगसुरादीनां गुरुस्तत्त्वप्रणेता तम्, त्रिभुवनवासिजनानधिकृत्य धर्मोपदेशकम् । पुनः किंभूतम् ?, 'लोकालोकप्रकाशकं' लोकश्चतुर्दशरज्ज्वात्मकः कटिस्थापितकरतिर्यक्प्रसारितपादपुरुषाकारो धर्मास्तिकायादिषड्द्रव्यपरिपूर्णः, अलोकः केवलाकाशास्ति-

संबोधोपनिषद्

જ્યાં રહેલા હોય તે સ્થાનથી તેમનો વ્યપદેશ થાય. જેમ કે સ્કૂલમાં છેલ્લી બેંચ પર બેઠેલા છોકરાઓ અવાજ કરતા હોય, તો એમ કહેવાય કે 'છેલ્લી બેંચ અવાજ કરે છે.' તે જ રીતે પ્રસ્તુતમાં પણ ભગવાન્ ત્રિલોકગુરુ છે, અર્થાત્ ત્રિલોકવાસી એવા દેવ-નર-તિર્યંચ-અસુર વગેરેના ગુરુ છે. ગુરુ = તત્ત્વપ્રણેતા. જેઓ તત્ત્વનું જ્ઞાન આપે અથવા તો તત્ત્વમાર્ગે લઈ જાય, તેમનું નામ ગુરુ. ભગવાન ત્રિલોકગુરુ છે - ત્રણે ભુવનના વાસી એવા લોકોને ધર્મોપદેશ આપનારા છે.

બીજું વિશેષણ કહે છે - શ્રી વીર કેવા છે ? - **લોકાલોક પ્રકાશક** છે. લોક ચૌદરજ્જૂ પ્રમાણ છે. કોઈ પુરુષ પોતાના બંને હાથ કમર પર રાખે અને બંને પગ પહોળા કરે, તેના આકારવાળો લોક છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ -આ છ દ્રવ્યોથી લોક પરિપૂર્ણ છે. અલોક માત્ર આકાશાસ્તિકાયરૂપ

कायरूपः, तयोः प्रकाशकं केवलवेदसा वेत्तारम् । 'अहं' इत्यात्मनिर्देशे, 'उद्धारगाथाभिः' प्राचीनग्रथितशास्त्रोद्धृतगाथाभिः सम्बोधस्य श्रोतॄणां एतद्ग्रन्थश्रवणमात्रादेव जायमानहिताहितोपादान-परिहाररूपपरिज्ञानस्य हेतुभूता या सप्ततिः सप्ततिगाथानिबद्धो ग्रन्थविशेषस्तां 'रचयामि' विदधामि । अयं भावः-इयं सम्बोध-सप्ततिर्न मया स्वमत्या क्रियते, किन्तु पूर्वसूरिविरचितबह्वर्थसंवेग-गर्भितगाथाः स्वपरहितायैकीकृत्य लिख्यन्त इति । एतावता ग्रन्थकर्त्रा स्वग्रन्थनाम दर्शितम् ॥१॥

संबोधोपनिषद्

છે. લોક અને અલોકના જે પ્રકાશક છે = જે કેવળજ્ઞાનથી જાણનારા છે.

**'હું'** એમ પોતાનો નિર્દેશ કર્યો છે. **ઉદ્ધાર ગાથાઓથી** = પૂર્વાચાર્યોએ રચેલા શાસ્ત્રોમાંથી ઉદ્ધૃત કરેલી ગાથાઓથી. **સંબોધની** = આ ગ્રંથના શ્રવણમાત્રથી જ શ્રોતાઓને હિતના ઉપાદાન અને અહિતના પરિહારરૂપ જે જ્ઞાન થાય છે, તેની હેતુભૂત જે **સપ્તતિ** = સિત્તેર ગાથાથી નિબદ્ધ એવો ગ્રંથવિશેષ. તેની હું **રચના કરું છું.**

આશય એ છે કે આ સંબોધસપ્તતિ હું સ્વમતિથી નથી કરતો, પણ પૂર્વાચાર્યોએ રચેલી ઘણા અર્થવાળી સંવેગગર્ભિત ગાથાઓને સ્વ-પરના હિત માટે એક કરીને લખાય છે. આ અંશથી ગ્રંથકારશ્રીએ પોતાના ગ્રંથનું નામ દર્શાવ્યું છે. ॥૧॥

तत्र सकलाविकलधर्मानुष्ठानस्य मोक्षफलकत्वेन प्रथमं तत्कारणगर्भितं मोक्षफलमेव दर्शयन्नाह–

**सेयंबरो य आसंबरो य [१]बुद्धो व अहव अन्नो वा ।**
**समभावभावियप्पा, लहई मुक्खं न संदेहो ॥२॥**

**व्याख्या**–'श्वेताम्बरः' श्वेतवस्त्रः, उपलक्षणाद्रजोहरणमुख-वस्त्रिकाद्यौघिकौपग्रहिकोपकरणसमेतः स्थविरकल्पिकादिः ।

——— સંબોધોપનિષદ્ ———

સમસ્ત સંપૂર્ણ ધર્માનુષ્ઠાનનું ફળ મોક્ષ છે માટે સૌ પ્રથમ મોક્ષના કારણથી ગર્ભિત એવું મોક્ષરૂપી ફળ જ દર્શાવતા કહે છે -

**શ્વેતાંબર કે દિગંબર કે બુદ્ધ કે પછી અન્ય હોય, જેનો આત્મા સમભાવથી ભાવિત છે, તે મોક્ષ પામે છે, એમાં સંદેહ નથી. ॥૨॥** (શ્રીહરિભદ્રસૂરિકૃત સંબોધ પ્રકરણ-૩)

**શ્વેતાંબર** = શ્વેત વસ્ત્ર પહેરનાર ઉપલક્ષણથી રજોહરણ, મુહપત્તિ વગેરે ઔઘિક અને ઔપગ્રહિક ઉપકરણોથી યુક્ત સ્થવિરકલ્પિકાદિ. ઔઘિક ઉપકરણ એટલે રજોહરણ, મુહપત્તિ, કામળી વગેરે ૧૨ પ્રકારની ઉપધિ, જેને હંમેશા ધારણ કરવી જોઈએ. ઔપગ્રહિક ઉપકરણ એટલે વિશિષ્ટ કારણથી વપરાતા ઉપાનહ વગેરેરૂપ ઉપધિ. સ્થવિર-કલ્પિકાદિ કહ્યું, તેમાં આદિથી જિનકલ્પી, પ્રત્યેકબુદ્ધ વગેરે સમજવા.

१. ग-बद्धो ।

श्वेताम्बरत्वं च वर्धमानस्वामितीर्थीयश्रमणापेक्षम् । एतावता पञ्चदशसु सिद्धभेदेषु 'जिणअजिणतित्थतित्थेसु' इति गाथोक्तेषु स्वलिङ्गसिद्धा इति भेदो दर्शितः । तत्र स्वलिङ्गे रजोहरणादिरूपे व्यवस्थिताः सन्तो ये सिद्धास्ते स्वलिङ्गसिद्धा इति । तथा 'आशाम्बरः' दिगम्बरः परिधानादिवस्त्रवर्जितो लोकप्रसिद्धो जैनैकदेशीयो दर्शनविशेषः, चशब्दौ तद्गतावान्तरभेदसूचकौ । तथा

———————— સંબોધોપનિષદ્ ————————

આ શ્વેતાંબરપણું શ્રીવર્ધમાનસ્વામિના તીર્થનાં શ્રમણની અપેક્ષાએ કહ્યું છે. તેની પૂર્વના તીર્થંકરોના શાસનવર્તી શ્રમણો ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તેમના માટે 'શ્વેત વસ્ત્ર જ પહેરવા' એવો નિયમ નથી. માટે શ્વેતાંબરથી તેમનો વ્યવચ્છેદ ન સમજવો, પણ ઉપલક્ષણથી તેમનું પણ ગ્રહણ સમજી લેવું.

આટલું કહેવા દ્વારા જિન-અજિન-તીર્થ-અતીર્થ આ ગાથામાં કહેલા સિદ્ધોના ૧૫ ભેદોમાંથી સ્વલિંગ સિદ્ધ આ ભેદ બતાવ્યો છે. તેમાં રજોહરણાદિરૂપ સ્વલિંગમાં જેઓ સિદ્ધ થયા છે, તેઓ સ્વલિંગ સિદ્ધ છે.

તથા **આશાંબર** = દિગંબર. જે પરિધાનાદિમાં ઉપયોગી એવા વસ્ત્રથી રહિત લોકપ્રસિદ્ધ જૈન શાસનના એક ભાગરૂપ દર્શનવિશેષ છે. અહીં મૂળગાથામાં જે 'ચ' શબ્દ છે, તે તેના અવાંતર ભેદોના સૂચક છે. તથા **બૌદ્ધ** = સૌગતના

'बौद्धः' सौगतदर्शनः, उपलक्षणान्नैयायिकादिदर्शनान्तरधारिणो वल्कलचीर्यादयः श्रमणा द्रष्टव्याः । एतावता अन्यलिङ्गसिद्धा इति भेदो दर्शितः । 'अथवा अन्यो वा' एतद्भेदद्वयादपरो गृहस्थलिङ्गो मरुदेव्यादिः । 'समभावभावियप्पा' इति, समशब्दः सामायिकार्थः, तथा चोक्तमा**वश्यकनिर्युक्तौ**—"सामं समं च सम्मं, इगमिइ सामाइयस्स एगट्ठा । नामंठवणादविए, भावम्मि य तेसि निक्खेवो ॥१॥" व्याख्या-इह 'सामं समं च सम्यक् इकम्' इति, देशीपदे क्वापि प्रदेशार्थे वर्तते । सम्पूर्णशब्दावयवमेवाधिकृत्याह-सामायिकस्य एकार्थिकानि । अमीषां निक्षेपमुपदर्शयन्नाह—नाम-



દર્શનને માનનાર. ઉપલક્ષણથી નૈયાયિક આદિ અન્ય દર્શનોને ધારણ કરનારા વલ્કલચીરી વગેરે શ્રમણો સમજવા. આટલું કહેવા દ્વારા અન્યલિંગસિદ્ધ એવો ભેદ દર્શાવ્યો છે. **અથવા તો અન્ય** = ઉપરોક્ત બે ભેદ સિવાયના ગૃહસ્થલિંગી મરુદેવા માતા વગેરે.

**સમભાવભાવિતાત્મા** - અહીં સમ શબ્દ સામાયિકાર્થ છે. આવશ્યકનિર્યુક્તિમાં તે મુજબ કહ્યું છે - સામં, સમં, સમ્યક્, ઇકં આ સામાયિકના પર્યાયવાચી શબ્દો છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવમાં તેમનો નિક્ષેપ છે. વ્યાખ્યા - અહીં સામં, સમં સમ્યક્ અને ઇકમ્, એવું જે કહ્યું, (તે દેશી પદમાં ક્યાંક પ્રદેશ એવા અર્થમાં છે.) સંપૂર્ણ શબ્દના અવયવની અપેક્ષાએ કહ્યું છે- આ સામાયિકના એકાર્થો છે=

स्थापनाद्रव्येषु भावे च नामादिविषय इत्यर्थः, 'तेषां' सामप्रभृतीनां निक्षेपः कार्य इति गम्यते। स चायम्–नामसाम स्थापनासाम द्रव्यसाम भावसाम च। एवं समसम्यक्पदयोरपि द्रष्टव्यः, तत्र नामस्थापने क्षुण्ण एव। द्रव्यसामप्रभृतींश्च प्रतिपादयन्नाह–''महुरपरिणाम सामं, समं तुला सम्म खीरखंडजुयं। दोरे हारस्स चिई, इगमेयाइं तु दव्वंमि ॥१॥'' व्याख्या–इहौघतो मधुरपरिणामं द्रव्यं शर्करादि द्रव्यसाम, 'समं तुला' इति, भूतार्थालोचनायां समं तुला–द्रव्यम्, 'सम्यक्' क्षीरखण्डयुक्तिः क्षीरखण्डयोजनं द्रव्यसम्यगिति। तथा 'दोरे'

संबोधोपनिषद्

પર્યાયવાચી શબ્દો છે. તેમનો નિક્ષેપ દર્શાવતા કહે છે - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ = નામવિષયક નિક્ષેપ વગેરે. તેમનો = સામ વગેરેનો નિક્ષેપ કરવો એમ જણાય છે. તે આ મુજબ છે - નામ સામ, સ્થાપના સામ, દ્રવ્ય-સામ અને ભાવસામ. આ જ રીતે સમ અને સમ્યક્ પદનો નિક્ષેપ પણ સમજવો. તેમાં નામ અને સ્થાપના નિક્ષેપ સુગમ છે. દ્રવ્ય સામ વગેરેનું પ્રતિપાદન કરતાં કહે છે - મધુરપરિણામ સામ છે, તુલા સમ છે, દૂધ-સાકર મેળવણ સમ્યક્ છે. દોરામાં હારનો સંચય એક છે.

વ્યાખ્યા - અહીં જે સામાન્યથી મધુર પરિણામવાળું દ્રવ્ય હોય, જેમ કે સાકર વગેરે, તે દ્રવ્યસામ છે. સદ્ભૂત અર્થનો વિચાર કરીએ તો તુલાદ્રવ્ય = ત્રાજવું એ દ્રવ્યસમ છે. દૂધમાં સાકર મેળવવી એ દ્રવ્યસમ્યક્ છે. તથા જે ભાવિ

इति, सूत्रदवरको मौक्तिकान्येवाधिकृत्य भाविपर्यायापेक्षया 'हारस्य' मुक्ताकलापस्य चयनं चितिः प्रवेशनं द्रव्येकम्, अत एवाह-'एयाइं तु दव्वंमि' इति, एतान्युदाहरणानि 'द्रव्ये' इति, द्रव्यविषयाणीति गाथाद्वयार्थः। साम्प्रतं भावसामादि प्रतिपादयन्नाह-"आउवमाए परदुक्खमकरणं रागदोसमज्झत्थं । नाणाइतिगं तस्सायपोयणं भावसामाई ॥१॥" व्याख्या-'आत्मोपमया' आत्मोपमानेन परदुःखाकरणं भावसामेति गम्यते। इह चानुस्वारोऽलाक्षणिकः। एतदुक्तं भवति-आत्मनीव परदुःखाकरणपरिणामो भावसाम। तथा 'रागद्वेषमाध्यस्थ्यं' अनासेवनया रागद्वेषमध्यवर्तित्वं समम्,



પર્યાયની અપેક્ષાએ હાર છે, એવા મોતીઓને દોરામાં પરોવીને સંચિત કરવા એ દ્રવ્ય ઈક છે. માટે જ કહ્યું છે કે - આ ઉદાહરણો દ્રવ્યમાં છે = દ્રવ્યવિષયક છે.

હવે ભાવ સામ વગેરેનું પ્રતિપાદન કરતા કહે છે - આત્મોપમાથી પરદુઃખનું અકરણ, રાગદ્વેષમાધ્યસ્થ્ય, જ્ઞાનાદિ-ત્રિક, તેમનો આત્મામાં પ્રવેશ એ ભાવ સામાદિ છે.

વ્યાખ્યા - આત્મોપમાનથી બીજાને દુઃખ ન કરવું, એ ભાવ સામ છે. અહીં ગાથામાં (परदुक्खमकरणं) અનુસ્વાર અલાક્ષણિક છે. આશય એ છે કે જેમ પોતાને દુઃખી ન કરવાનો પરિણામ થાય છે, તેમ બીજાને પણ દુઃખી ન કરવાનો પરિણામ થાય તે ભાવસામ છે.

सर्वत्रात्मनस्तुल्यरूपेण वर्तनमित्यर्थः । तथा ज्ञानादित्रयमेकत्र सम्यगिति गम्यते । तथाहि-ज्ञानदर्शनचारित्रयोजनं सम्यगेव मोक्षप्रसाधकत्वादिति भावना। 'तस्य' इति, सामादि सम्बध्यते, 'आत्मनि प्रोतनं' आत्मनि प्रवेशनं इकमुच्यते । इत्यत एवाह- "भावसामादि" भावसामादावेतान्युदाहरणानीति गाथार्थः। सामायिकशब्दयोजना त्वेवं द्रष्टव्या-इहात्मन्येव साम्न इकं नैरुक्तनिपातनात्, 'यल्लक्षणेनानुपपन्नं तत्सर्वं निपातनात्सिद्धम्'

——————— સંબોધોપનિષદ્ ———————

તથા રાગદ્વેષમાધ્યસ્થ્ય = રાગ કે દ્વેષ ન કરવા દ્વારા તે બંનેની મધ્યમાં રહેવું એ સમ છે. સર્વત્ર પોતાની તુલ્યરૂપે રહેવું = જેવું વર્તન પોતાની સાથે કરે છે, એવું જ વર્તન બીજા સાથે કરવું એવો એનો અર્થ છે.

તથા એકત્ર જ્ઞાનાદિત્રય = જ્ઞાનદર્શનચારિત્ર હોય, તે ભાવસમ્યક્ છે. તે આ મુજબ - જ્ઞાન-દર્શન-ચારિત્રનું યોજન સમ્યક્ જ છે કારણ કે એ મોક્ષપ્રસાધક છે - એવી અહીં સમજૂતી છે. તેનું = જ્ઞાનાદિત્રિકનું આત્મામાં પ્રોતન = પરોવવું = પ્રવેશ એ ભાવ ઈક છે. માટે જ કહે છે કે ભાવસામાદિના આ ઉદાહરણો છે.

સામાયિકશબ્દની યોજના આ રીતે સમજવી. અહીં 'સામ' શબ્દને સ્વાર્થમાં જ ઈક પ્રત્યય લાગ્યો છે. કારણ કે આ રીતે નિરુક્તિજનિત નિપાત કર્યો છે, કારણ કે એવો ન્યાય છે કે

इति, साम्नो नकारस्य आय आदेशः ततश्च सामायिकम् । एवं समशब्दस्य आयादेशः, समस्य वा आयः समायः, स एव सामायिकमिति । एवमन्यत्रापि भावना कार्येति कृतं प्रसङ्गेन । ततः समरूपो यो भावोऽध्यवसायः समत्वं वा रागद्वेषराहित्यमिति भावः, तेन भावितो वासितस्तदात्मकतया परिणत आत्मा जीवो यस्येत्येवंविधः सन् 'मोक्षं' सर्वकर्मविचटनरूपं निःश्रेयसं 'लभते' प्राप्नोति नात्र 'सन्देहः' शङ्का । एतदुक्तं भवति-यः समात्मा

संबोधोपनिषद्

જે લક્ષણથી ન ઘટે, તે બધા શિષ્ટપ્રયોગો નિપાતથી સિદ્ધ થાય છે.

'સામન્' આ મૂળ શબ્દમાં જે 'ન્' કાર છે એનો 'આય' એવો આદેશ થશે અને તેનાથી 'સામાયિક' શબ્દ સિદ્ધ થશે. તથા 'સમ' - શબ્દનો 'આય' એવો આદેશ થશે અથવા તો સમનો જે આય = લાભ તે સમાય. અને જે સમાય તે જ સ્વાર્થમાં ઇકણ્ પ્રત્યય લાગતા સામાયિક બનશે. આ રીતે અન્યત્ર પણ સમજી લેવું, માટે પ્રાસંગિક ચર્ચાથી સર્યું.

તેથી **સમરૂપ** જે **ભાવ** = અધ્યવસાય, અથવા તો જે રાગદ્વેષથી રહિતતારૂપ સમત્વ, તેનાથી **ભાવિત** = વાસિત = સમભાવથી પરિણત એવો **આત્મા** = જીવ જેનો છે તે = સમભાવભાવિતાત્મા, **મોક્ષ** = સર્વકર્મક્ષયરૂપ એકાંત કલ્યાણ **પામે છે**, તેમાં કોઇ **શંકા નથી**.

रागद्वेषरहितो भवति स एव शिवपदवीमासादयति, यत उक्तम्- "रागद्वेषौ यदि स्यातां, तपसा किं प्रयोजनम् ? । तावेव यदि न स्यातां, तपसा किं प्रयोजनम् ? ॥१॥" इति । एतावता मोक्षप्राप्तिं प्रति न वेषप्राधान्यं किन्तु समभाव एव निर्वृतिहेतुरित्युक्तम् । अत्रान्यलिङ्गगृहिलिङ्गानामपि यत्सिद्धिप्रतिपादनं तद् भावतः सम्यक्त्वादिप्रतिपन्नानां केवलज्ञानप्राप्त्यनन्तरमेव कालं कुर्वतां द्रष्टव्यम् । इतरथा यदि दीर्घमायुष्कमात्मनस्ते पश्यन्ति ततः साधुलिङ्गं प्रतिपद्यन्त एवेति ॥२॥

સંબોધોપનિષદ્

આશય એ છે કે જે સમભાવવાળો આત્મા રાગદ્વેષરહિત હોય, તે જ મોક્ષપદવીને પામે છે. કારણ કે કહ્યું છે કે જો રાગ-દ્વેષ હાજર હોય, તો તપનું શું પ્રયોજન છે ? અને જો રાગ-દ્વેષ જ ન હોય તો પણ તપનું શું પ્રયોજન છે ? ॥૧॥

આના દ્વારા એવું કહ્યું છે કે મોક્ષપ્રાપ્તિ પ્રત્યે વેષનું પ્રાધાન્ય નથી, પણ સમભાવ જ મોક્ષનું કારણ છે. અહીં અન્યલિંગ = ગૃહિલિંગ આત્માઓના પણ મોક્ષની જે વાત કરી છે, તે ભાવથી સમ્યક્ત્વ, વિરતિ વગેરે જેમણે પ્રાપ્ત કર્યું હોય, અને કેવળજ્ઞાન પછી તરત જ કાળ કરતા હોય તેમની બાબતમાં સમજવાનું છે. અન્યથા તો જો તેઓને એવું લાગે કે તેમનું આયુષ્ય દીર્ઘ છે, તો તેઓ સાધુલિંગનો સ્વીકાર કરે જ છે. ॥૨॥

अथ पञ्चेन्द्रियत्वमनुजत्वार्यदेशसुकुलजन्मत्वादिसद्धर्म-साधनसामग्रीशालिनाऽपि मोक्षकारणज्ञानचारित्राधारभूतसमभावार्थिना भविना श्रीसम्यग्दर्शन एव यतितव्यं तत्पूर्वकत्वात्सकलधर्मानुष्ठानपालनफलस्य, यदुक्तं **श्रीआचाराङ्गनिर्युक्तौ**-"तम्हा कम्माणीयं, जेउमणो दंसणंमि पयएज्जा। दंसणवतो हि सफलाणि हुंति तवचरणनाणाणि ॥१॥" तच्च सुदेवसुगुरुसुधर्मेषु देव-गुरुधर्मबुद्धिः, यदाह-"या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः। धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ॥१॥" तत्त्वार्थश्रद्धानरूपं

સંબોધોપનિષદ્

જેણે પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, આર્યદેશ, સુકુળમાં જન્મ વગેરે સદ્ધર્મની સામગ્રી મેળવી છે, તથા જે મોક્ષના કારણભૂત જ્ઞાન અને ચારિત્રના આધારરૂપ સમભાવનો અર્થી છે, એવા પણ જીવે શ્રીસમ્યગ્દર્શનમાં જ પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે સર્વ ધર્માનુષ્ઠાનના પાલનનું ફળ સમ્યક્ત્વથી મળે છે. કારણ કે શ્રી **આચારાંગનિર્યુક્તિ**માં કહ્યું છે - તેથી કર્મરૂપી સેનાને જીતવાના મનવાળાએ દર્શનમાં પ્રયત્ન કરવો. કારણ કે જેની પાસે સમ્યગ્દર્શન છે, તેના જ તપ, ચારિત્ર અને જ્ઞાન સફળ થાય છે. (આચારાંગનિર્યુક્તિ ૨૨૧)

દર્શનનો અર્થ એ છે કે સુદેવ-સુગુરુ-સુધર્મને જ દેવ-ગુરુ-ધર્મ તરીકે માનવા. કારણ કે કહ્યું છે કે જે સાચા દેવમાં દેવતાબુદ્ધિ હોય, સાચા ગુરુમાં આ ગુરુ છે એવી મતિ હોય અને સાચા ધર્મમાં જ શુદ્ધ ધર્મબુદ્ધિ હોય, તે સમ્યક્ત્વ

वा,-"तत्तत्थसद्दहाणं, सम्मत्तमसग्गहो न एयंमि ॥" इतिवचनात्, तदिदमाकलय्य तदाधारभूततत्त्वत्रयस्वरूपमेवाह -

**अट्ठदसदोसरहिओ, देवो धम्मो [1]य निउणदयसहिओ।**
**सुगुरू वि बंभयारी, आरंभपरिग्गहाविरओ ॥३॥**

**व्याख्या** - एवंविधो देवो धर्मो गुरुश्चेति तत्त्र(त्त्वत्र)यं भवतीति गम्यते । तत्राष्टादशदोषा अज्ञानादयो वक्ष्यमाणास्तै



કહેવાય છે. (યોગશાસ્ત્ર ૨-૨)

અથવા તો સમ્યક્ત્વ એ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ છે. કારણ કે એવું વચન છે કે, "સમ્યક્ત્વ એ તત્ત્વાર્થની શ્રદ્ધારૂપ છે અને તેમાં અસદ્ગ્રહ હોતો નથી." (શ્રાવકધર્મવિધિ ૬૮, પંચાશક ૩) આ વસ્તુને જાણીને સમ્યક્ત્વના આધારભૂત ત્રણ તત્ત્વોનું સ્વરૂપ જ કહે છે -

**જે અઢાર દોષ રહિત હોય, તે દેવ છે, જે સૂક્ષ્મ દયાથી સહિત હોય તે ધર્મ છે અને જે બ્રહ્મચારી તથા આરંભ-પરિગ્રહથી વિરત છે, તે સદ્ગુરુ છે. ॥૩॥**

આવા પ્રકારના દેવ, ગુરુ, ધર્મ તત્ત્વત્રય છે, એમ જણાય છે. અઢાર દોષો અજ્ઞાન વગેરે છે. તેમનાથી રહિત એટલે

---

१. घ-विनि० ।

रहितो वियुक्तो देवोऽर्हन् । तत्र दीव्यति विलसति परमानन्दपद इति देवः । देव इत्युक्ते सामान्येन हरिहरादयोऽपि लोकप्रसिद्धा देवाः स्युस्तद्व्यवच्छेदाय 'अष्टादशदोषरहितः' इति प्रौढविशेषणेनार्हत्वसिद्धिः। अयं भावः-देवबुद्ध्या एवंविध एव देवो ध्येय इति । तथा 'धम्मो य निउणदयसहिओ' इति, चशब्दः समुच्चयसूचकः । 'धर्मः' धारयति दुर्गतिप्रसृतान् जन्तूनिति धर्मः, यथोक्तम्-"दुर्गतिप्रसृतान् जन्तून्, यस्माद्धारयते तथा । धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म इति स्मृतः ॥१॥"



કે વિયુક્ત દેવ અરિહંત છે. તેમાં - જે પરમાનંદ પદમાં દેવન = વિલાસ કરે તે **દેવ** - એવી દેવ પદની વ્યુત્પત્તિ છે. દેવ આવું કહેવાથી સામાન્યથી હરિ = વિષ્ણુ, હર = શંકર, વગેરે લોકપ્રસિદ્ધ દેવો પણ હોઈ શકે. માટે તેમના વ્યવચ્છેદ માટે **અઢાર દોષોથી રહિત** એવા પ્રૌઢ વિશેષણથી દેવની યોગ્યતાની સિદ્ધિ કરી.

આશય એ છે કે દેવબુદ્ધિથી આવા પ્રકારના દેવ જ ધ્યાન કરવા યોગ્ય છે.

તથા **નિપુણદયાથી યુક્ત ધર્મ છે.** અહીં 'ચ' શબ્દ સમુચ્ચયસૂચક છે. જે દુર્ગતિમાં પ્રસૃત જીવોને ધારણ કરે તે ધર્મ. જેમ કે કહ્યું છે કે- જે દુર્ગતિમાં પ્રસૃત જીવોનું ધારણ કરે = રક્ષણ કરે, તથા તેમને શુભ સ્થાનમાં સ્થાપિત કરે, માટે તેને ધર્મ કહેવાય છે.

स च लोकरूढ्या द्रव्यधर्मोऽपि भवति, तद्व्यवच्छेदायाह- 'निपुणदयासहितः' निपुणा जिनाज्ञापालनदक्षा या दया हिंसापरिहारस्तया सहितः । अयं भावः-सर्वमप्यनुष्ठानं कृपायुक्तमेव क्रियमाणं सिद्धिहेतुर्भवति, यदुक्तम्-"किच्चंपि धम्मकिच्चं, पूयापमुहं जिणिंदआणाए । भूयमणुग्गहरहियं, आणाभंगा उ दुहदाइ ॥१॥" तथा-"सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं । तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥१॥" अन्यैरप्युक्तम्-"मातृवत्परदाराणि, परद्रव्याणि

——— સંબોધોપનિષદ્ ———

તે લોકરૂઢિથી દ્રવ્યધર્મ પણ હોઈ શકે, માટે તેનો વ્યવચ્છેદ કરવા માટે કહે છે - નિપુણ = જિનાજ્ઞાપાલનમાં દક્ષ એવી જે દયા = હિંસાનો પરિહાર, તેનાથી સહિત. આશય એ છે કે કોઈ પણ અનુષ્ઠાન દયા સહિત કરો, તો જ એ સિદ્ધિનું કારણ થઇ શકે. કારણ કે કહ્યું છે કે - પૂજા વગેરે કૃત્ય પણ જો જિનેશ્વરની આજ્ઞાથી કરાય તો એ ધર્મકૃત્ય છે. બાકી જેમાં જીવદયા નથી એવું કૃત્ય તો આજ્ઞાના ભંગથી દુઃખકારક છે. (ષષ્ટિશતક ૪૫)

દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કે- સર્વ જીવો જીવવા ઈચ્છે છે, કોઈ મરવા ઈચ્છતું નથી. માટે જીવવધ એ ભયંકર છે અને નિર્ગ્રંથો તેનું વર્જન કરે છે. (દ.વૈ. ૬-૧૧)

અન્યોએ પણ કહ્યું છે કે જેઓ પરનારીને માતા સમાન

लोष्ठवत् । आत्मवत्सर्वभूतानि, यः पश्यति स पश्यति ॥१॥" तथा-"एवं खु नाणिणो सारं, जं न हिंसंति किंचणं । अहिंसासमयं चेव, एतावन्तं वियाणिया ॥१॥ किं ताए पढियाए, पयकोडीए पलालभूयाए । जं इत्तियं न नायं, परस्स पीडा न कायव्वा ॥२॥ मातेव सर्वभूतानामहिंसा हितकारिणी । अहिंसैव हि संसारमरावमृतसारणिः ॥३॥ अहिंसा दुःखदावाग्नि-



જુએ છે, પરધનને માટીના ઢેફા સમાન જુએ છે અને સર્વજીવોને પોતાની સમાન જુએ છે, તે જ સાચો દૃષ્ટા છે. **(અર્થથી ચાણક્યશતક ૫)**

તથા કહ્યું છે કે - જેથી કોઈ જીવની હિંસા ન કરે એ જ જ્ઞાનીને પોતાના જ્ઞાનનું સારભૂત ફળ છે. કારણ કે જ્ઞાની જાણે છે કે જિનશાસનનું હાર્દ હોય, એવો સિદ્ધાન્ત અહિંસા જ છે. ॥૧॥

વળી - જ્યાં એટલું પણ નથી જણાયું કે બીજાને પીડા ન કરવી જોઈએ, તેવા પલાલભૂત ફોતરા જેવા નિઃસાર કરોડો પદ ભણીને પણ શું ફાયદો છે ? ॥૨॥ **(સંબોધપ્રકરણ ૧૧૩૦, નાનાચિત્તપ્રકરણ ૨૦, રત્નસંચય ૧૩૧)**

યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે, અહિંસા જ માતાની જેમ સર્વ જીવોનું હિત કરનારી છે અને અહિંસા જ સંસારરણમાં અમૃતની સારણિ સમાન છે. અહિંસા દુઃખદાવાનળને

प्रावृषेण्यघनावली । भवभ्रमरुगार्त्तानामहिंसा परमौषधी ॥४॥ दीर्घमायुः परं रूपमारोग्यं श्लाघनीयता । अहिंसायाः फलं सर्वं किमन्यत्कामदैव सा ॥५॥ अहिंसा प्रथमो धर्मः, सर्वशास्त्रेषु विश्रुतः । यत्र जीवदया नास्ति, तत्सर्वं परिवर्जयेत् ॥६॥ सर्वे वेदा न तत्कुर्युः, सर्वे यज्ञाश्च भारत ! । सर्वे तीर्थाभिषेकाश्च, यत्कुर्यात्प्राणिनां दया ॥७॥ ध्रुवं प्राणिवधो यज्ञे, नास्ति यज्ञस्त्वहिंसकः । सर्वसत्त्वेष्वहिंसैव, दयायज्ञो



શમાવવામાં વર્ષાકાલીન વાદળાઓની શ્રેણિ છે અને ભવભ્રમણના રોગથી આર્ત્ત થયેલા જીવોને માટે અહિંસા જ પરમૌષધિરૂપ છે. દીર્ઘ આયુષ્ય, પરમરૂપ, આરોગ્ય, શ્લાઘનીયતા, આ બધું અહિંસાનું ફળ છે. વધુ તો શું કહેવું ? અહિંસા મનોવાંછિતપ્રદા જ છે. (યો.શા. ૨/૫૦-૫૨) ॥૩,૪,૫॥ સર્વ શાસ્ત્રોમાં અહિંસા પરમ ધર્મ તરીકે પ્રખ્યાત છે. માટે જેમાં જીવદયા નથી, તે સર્વનો પરિત્યાગ કરવો જોઈએ. ॥૬॥

હે ભારત ! સર્વે વેદો, સર્વે યજ્ઞો અને સર્વે તીર્થસ્નાનો પણ તે કલ્યાણ નથી કરી શકતા કે જે કલ્યાણ જીવદયા કરી શકે છે. (વેદાંકુશ ૧૧૨) ॥૭॥

યજ્ઞમાં જીવવધ અવશ્ય થાય જ છે. યજ્ઞ તો અહિંસક છે જ નહીં. માટે હે યુધિષ્ઠિર ! સર્વ જીવોમાં હિંસાનો પરિહાર એ દયાયજ્ઞ જ સર્વશ્રેષ્ઠ છે. (ધર્મસ્મૃતિ ૪) ॥૮॥

युधिष्ठिर ! ॥८॥ अन्धे तमसि मज्जामः, पशुभिर्ये यजामहे। हिंसा नाम भवेद्धर्मो, न भूतो न भविष्यति ॥९॥" तथा **श्रीआचाराङ्गे** द्वितीयाध्ययने तृतीयोद्देशके-"नत्थि कालस्स-ऽणागमो" इति सूत्रव्याख्यायामिदमेव रहस्यं न्यगादि, तथाहि-नास्ति न विद्यते कालस्य मृत्योरनागमोऽनागमावसर इति यावत्, तथाहि-सोपक्रमायुषोऽसुमतो न काचित्साऽवस्था यस्यां कर्मपावकान्तर्वर्त्ती जतुगोलक इव न विलीयते इति, उक्तं च-"शिशुमशिशुं कठोरमकठोरमपण्डितमपि च पण्डितं,

संबोधोपनिषद्

અમે જે પશુઓથી યજ્ઞ કરીએ છીએ, તે અમે ગાઢ અંધકારમાં ગરકાવ થઈએ છીએ, હિંસા ધર્મ થાય, એવું કદી થયું નથી અને કદી થશે પણ નહીં. (ઉત્તરમીમાંસા) ॥૯॥

તથા શ્રી આચારાંગસૂત્રમાં બીજા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં કાળનો અનાગમ નથી - આ સૂત્રની વૃત્તિમાં આ જ રહસ્ય કહ્યું છે. જે આ પ્રમાણે છે - કાળ = મૃત્યુનો અનાગમ = અનાગમાવસર નથી. અર્થાત્ કોઈ પણ અવસરે મરણ થઈ શકે છે.

તે આ પ્રમાણે - જે જીવનું આયુષ્ય સોપક્રમ છે, તેની કોઈ અવસ્થા એવી નથી કે જેમાં તે પોતાના કર્મરૂપી અગ્નિની અંદર લાખના ગોળાની જેમ ઓગળી ન જાય. કહ્યું પણ છે - બાળક હોય કે અબાળક હોય, કઠોર હોય કે અકઠોર

धीरमधीरं मानिनममानिनमपगुणमपि च बहुगुणम् । यतिमयतिं प्रकाशमवलीनमचेतनमथ सचेतनं, निशि दिवसेऽपि सान्ध्यसमयेऽपि विनश्यति कोऽपि कथमपि ॥१॥" तदेवं सर्वङ्कषत्वं मृत्योरवधार्याऽहिंसादिषु दत्तावधानेन भाव्यमिति, तथा **श्रीसूत्रकृताङ्गे** वीरस्तवाध्ययनेऽप्युक्तम्–"दाणाण सेट्ठं अभयप्पयाणं, सच्चेसु वा अणवज्जं वयंति । तवेसु वा उत्तमबंभचेरं, लोउत्तमे समणे नायपुत्ते ॥१॥" ग्रन्थान्तरे-



હોય, અપંડિત હોય કે પંડિત હોય, ધીર હોય કે અધીર હોય, અભિમાની હોય કે નમ્ર હોય, નિર્ગુણ હોય કે ઘણા ગુણવાળો હોય, યતિ હોય કે ગૃહસ્થ હોય, પ્રગટ હોય કે ગુપ્ત હોય, જડ હોય કે ચેતન હોય, રાત્રે, દિવસે કે સાંજના સમયે પણ કોઈ પણ કોઈ પણ રીતે તેનો વિનાશ કરે છે.

આ રીતે મરણ એ સર્વસંહારક છે, એવું જાણીને જીવે અહિંસા વગેરેમાં સાવધાન બનવું જોઈએ.

તથા શ્રીસૂત્રકૃતાંગમાં વીરસ્તવ અધ્યયનમાં પણ કહ્યું છે કે - દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે. સત્યોમાં નિરવદ્ય વચન શ્રેષ્ઠ છે, તપોમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે, એ રીતે શ્રમણ જ્ઞાતપુત્ર લોકોત્તમ છે. (સૂ. કૃ. ૧-૬-૨૩) ॥૧॥

બીજા ગ્રંથમાં પણ કહ્યું છે કે જે સુકૃતની ક્રીડાભૂમિ

ऽप्युक्तम्–"क्रीडाभूः सुकृतस्य दुष्कृतरजःसंहारवात्या भवोदन्वन्नौर्व्यसनाग्निमेघपटली सङ्केतदूती श्रियाम् । निःश्रेणिस्त्रिदिवौकसः प्रियसखी मुक्तेः कुगत्यर्गला, सत्त्वेषु क्रियतां कृपैव भवतु क्लेशैरशेषैः परैः ॥१॥" इति । तथा 'सुगुरुश्च' गृणाति धर्मशास्त्रार्थमिति गुरुः, सुष्ठु शोभनो गुरुर्ज्ञानादिगुणगणोपेततया सच्छास्त्रोपदेशकतया च गौरवार्हो गुरुः सुगुरुः । स च कः ? 'ब्रह्मचारी' ब्रह्मचर्यशब्दो

—————— સંબોધોપનિષદ્ ——————

છે. જે દુષ્કૃતરૂપી રજકણોનો સંહાર કરવા માટે પવન જેવી છે. જે સંસારસાગરમાં નૌકા સમાન છે. જે આપત્તિઓ રૂપી અગ્નિને બુઝાવવા માટે મેઘસમૂહ બરાબર છે. જે સંપત્તિઓના સંકેતમાટે દૂતી સમાન છે. જે દેવલોકની નિસરણી સમાન છે. જે મુક્તિની પ્રિય સખી છે. જે દુર્ગતિની અર્ગલા (દરવાજાના આગળા) જેવી છે. તે જીવદયા જ કરવી જોઈએ. બીજા સર્વ ક્લેશોથી સર્યું. (સૂક્તમાલા-દૃષ્ટાન્તશતક ૨૫) ॥૧॥

જે ધર્મશાસ્ત્રોનો અર્થ કહે તે ગુરુ. સમ્યક્ ગુરુ = જ્ઞાનાદિ ગુણોના સમૂહથી યુક્ત હોવાથી તથા પ્રશસ્ત શાસ્ત્રના ઉપદેશક હોવાથી ગૌરવપાત્ર ગુરુ = **સુગુરુ.** તે કોણ (કેવા)? તે કહે છે - **બ્રહ્મચારી.** બ્રહ્મચર્ય શબ્દ મૈથુનથી વિરતિનો વાચક છે તથા સામાન્યથી સંયમવાચક છે. જેનામાં બ્રહ્મચર્યનો

मैथुनविरतिवाचकस्तथौघतः संयमवाचकश्च तदस्यास्तीति ब्रह्मचारी ब्रह्मचर्यपालकः । सर्वेष्वपि धर्मेषु दुरनुष्ठेयो ब्रह्मव्रतसमानः कोऽपि धर्मो नास्ति, यत उक्तम्–"जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा । पत्थितो अब्बंभं, बंभावि न रोयए मज्झं ॥१॥" तथा–"छट्ठट्ठमदसमाई, तवमाणावि हु अईवउग्गतवं । अक्खलियसीलधवला, जयंमि विरला महामुणिणो ॥१॥ जं लोएवि सुणिज्जइ, नियतव-माहप्परंजियजयावि । दीवायणविसामित्तपमुहरिसिणोवि पब्भट्ठा

——— સંબોધોપનિષદ્ ———

ગુણ છે, તે બ્રહ્મચારી = બ્રહ્મચર્યનો પાલક. સર્વ ધર્મોમાં બ્રહ્મચર્ય જેવો દુષ્કર ધર્મ બીજો કોઈ નથી. કારણ કે ઉપદેશમાલામાં કહ્યું છે કે જો કોઇ સ્થાની હોય, જો મૌની હોય, જો માથે મુંડન કરાવનાર હોય, જો વલ્કલના વસ્ત્રો પહેરનાર હોય કે પછી તપસ્વી હોય. પણ જો તે અબ્રહ્મની અભિલાષા કરતો હોય તો તેવો બ્રહ્મા પણ મને રુચતો નથી. (ઉ.મા.૬૩, સંબોધપ્રકરણ ૫૭૮, શીલોપદેશમાલા ૯૭) ॥૧॥ તથા જેઓ છટ્ઠ, અટ્ઠમ, દસમ વગેરે અત્યંત ઉગ્ર તપ તપતા હોય, તેઓ હજી કદાચ સુલભ છે. પણ જેઓ અસ્ખલિત શીલથી ઉજ્જવળ છે, તેવા મહામુનિઓ જગતમાં વિરલા છે. (શીલોપદેશમાલા ૭) ॥૧॥ કારણ કે લોકમાં પણ સંભળાય છે કે જેમણે પોતાના તપના માહાત્મ્યથી જગતને રંજિત કર્યું હતું, તેવા દ્વીપાયન, વિશ્વામિત્ર વગેરે ઋષિઓ પણ અબ્રહ્મની અભિલાષાથી ભ્રષ્ટ થયા છે. (શીલોપદેશમાલા ૮) ॥૨॥

॥२॥" यदुक्तं ग्रन्थान्तरेऽपि-"न हु किंचि अणुन्नायं, पडिसिद्धं वावि जिणवरिंदेहिं । मुत्तुं मेहुणभावं, ण तं विणा रागदोसेहिं ॥१॥" 'जिनवरेन्द्रैः' तीर्थकरैर्न च 'किमप्यनुज्ञातं' सावद्यरूपम्, न च तदेव 'प्रतिषिद्धं वापि' असंस्तरणादौ सावद्यस्याप्यङ्गीकरणात्, उत्सर्गापवादभेदाभ्यामुभयमपि सर्वव्रतेषु संमतं निवारितं चेत्यर्थः, यदुक्तं पूज्यश्री**जिनवल्लभसूरि**पादैः-"संथरणंमि-असुद्धं, दोण्हवि गिण्हंतदिंतियाणऽहियं । आउरदिट्ठं-तेणं, तं

संबोधोपनिषद्

બીજા ગ્રંથમાં પણ કહ્યું છે કે - જિનવરેન્દ્રોએ કોઈ વસ્તુની એકાંતે અનુજ્ઞા નથી આપી કે એકાંતે નિષેધ નથી કર્યો. તેમાં અપવાદ છે અબ્રહ્મ. તેનો ભગવાને એકાંત નિષેધ કર્યો છે, કારણ કે તે રાગ-દ્વેષ વિના થઈ શકતું નથી. (શીલોપદેશમાલા ૨૭)

વ્યાખ્યા - જિનવરેન્દ્રોએ = તીર્થંકરોએ, સાવદ્યરૂપ કોઈ વસ્તુની અનુજ્ઞા પણ નથી આપી. અને તે જ કોઈ વસ્તુનો પ્રતિષેધ પણ નથી કર્યો. કારણ કે જ્યારે નિર્વાહ ન થતો હોય, ત્યારે સાવદ્યનો પણ અંગીકાર કરાય છે.

ઉત્સર્ગ - અપવાદના ભેદથી બંને પણ સર્વ વ્રતોમાં સંમત પણ છે અને નિષિદ્ધ પણ છે એવો અહીં અર્થ છે - કારણ કે પૂજ્ય શ્રી જિનવલ્લભસૂરિજીએ કહ્યું છે - જ્યારે

चेव हियं असंथरणे ॥१॥" परं 'मैथुनभावं मुक्त्वा' चतुर्थव्रतभङ्गं परित्यज्य, यतस्तत्रोत्सर्गापवादौ न स्तः, तद्धि रागद्वेषाभ्यां विना न सम्भवति, तावेव च संसारमूलारम्भस्तम्भौ, यदुक्तम्-"को दुक्खं पाविज्जा ? कस्स व सुक्खे हि विम्हओ हुज्जा ? । को व न लहिज्ज मुक्खं ? रागद्दोसा जइ न

——— સંબોધોપનિષદ્ ———

બીજી રીતે નિર્વાહ થતો હોય ત્યારે અશુદ્ધ વસ્તુ દાયક અને ગ્રાહક (સાધુ) બંનેનું અહિત કરનારી છે. અને તે જ અશુદ્ધ વસ્તુ જ્યારે નિર્વાહ થતો ન હોય, ત્યારે દાયક-ગ્રાહક બંનેનું હિત કરનારી થાય છે. ॥૧॥ (જીવાનુશાસન ૧૪, શ્રાવક-દિનકૃત્ય ૧૭૫, પિંડવિશુદ્ધિ ૨૧, ગાથાસહસ્રી ૧૮૬, દર્શનશુદ્ધિ ૧૨૮) પણ આ નિયમ મૈથુનભાવને છોડીને છે = ચતુર્થવ્રતભંગ સિવાય આ નિયમ સમજવાનો છે. કારણ કે તેમાં ઉત્સર્ગાપવાદ બંને નથી. કારણ કે મૈથુનવિરમણવ્રતમાં અપવાદ સંભવતો નથી. કારણ કે મૈથુન રાગ-દ્વેષ વિના સંભવતું નથી. અહિંસાવ્રતાદિમાં અપવાદ જણાવ્યો છે. તેના સેવનમાં પણ રાગ-દ્વેષનો તો નિષેધ જ છે. રાગ-દ્વેષ ન કરવા જોઈએ એ પ્રભુની એકાંત આજ્ઞા છે. કારણ કે રાગ-દ્વેષ જ સંસારના મૂળ આરંભસ્તંભરૂપ છે. કારણ કે કહ્યું છે કે - કોણ દુઃખ પામે ? કોને સુખથી વિસ્મય ન થાય ? અને કોણ મોક્ષ ન પામે ? કે જો રાગ-દ્વેષ ન હોય. (ઉપદેશમાલા - ૧૨૯)

होज्ज़ा ॥१॥" ततो ब्रह्मचर्यवानित्युक्तम् । एतद्व्रताराधकश्च नासत्यं ब्रूते, न चाऽदत्तं गृह्णीत इति द्वितीयतृतीयमहाव्रत आक्षेपगम्ये । दुःशीलश्चासत्यमेव भाषते, यतः-"नो कामीणं सच्चं" इत्यादि । तथा अदत्तं तीर्थकराद्यवितीर्णमेव स

संबोधोपनिषद्

અન્ય વ્રતોના અપવાદ સેવન સમયે પણ રાગ-દ્વેષનો પરિહાર સંભવિત છે. પણ ચતુર્થવ્રતનો ભંગ તો રાગ-દ્વેષ વિના શક્ય જ નથી. માટે આ વ્રત નિરપવાદ છે. માટે **બ્રહ્મચર્યવાન્** એવું કહ્યું. જે બ્રહ્મચર્ય વ્રતની આરાધના કરે છે, તે અસત્ય નથી બોલતો, અને અદત્તગ્રહણ નથી કરતો, માટે બીજું-ત્રીજું મહાવ્રત આક્ષેપથી ગમ્ય છે.

જે દુઃશીલ છે, તે અસત્ય જ બોલે છે. કારણ કે કહ્યું છે કે - કામીનું સત્યવ્રત હોતું નથી. (શીલોપદેશમાલા ૨૪) પોતાના કામની પૂર્તિ / ગોપન માટે તેને અસત્ય બોલવું જ પડે છે. વળી કામી અદત્ત પણ લે છે. કારણ કે તીર્થંકર અને ગુરુ વડે નહીં અનુજ્ઞાત એવું મૈથુન તે સ્વીકારે છે. વળી તે દુઃશીલ પરસ્ત્રીગમનાદિ કરે ત્યારે તેના પતિની મંજૂરી ન હોવાથી સ્વામિઅદત્ત પણ સેવે છે. અને લાખ પૃથક્ત્વ ગર્ભજ પંચેન્દ્રિય જીવો, અસંખ્ય સમ્મૂર્ચ્છિમ જીવો વગેરેની વિરાધના મૈથુનથી થાય છે. માટે કથંચિત્ જીવ અદત્તનું ગ્રહણ કરવાનો દોષ પણ લાગે છે.

આ રીતે દુઃશીલ જીવ ત્રીજા વ્રતનો પણ ભંગ કરે છે.

स्वीकुरुते । पुनः किंभूतः ? 'आरम्भपरिग्गहाविरओ' इति, आरम्भणमारम्भो जीवस्य उपद्रवणमित्यर्थः । इदं च संरम्भसमारम्भयोरुपलक्षणम्, तदुक्तम्-"संकप्पो संरम्भो, परियावकरो भवे समारम्भो । आरम्भो उवद्दओ, सुद्धनयाणं तु सव्वेसिं ॥१॥" परिग्रहो धनधान्यादिस्वीकारस्ताभ्यां विरतो निवृत्तः, दीर्घत्वं प्राकृतत्वात् । समाहारद्वन्द्वे च क्रियमाणे

संबोधोपनिषद्

માટે ગુરુને બ્રહ્મચારી કહ્યા, તેના દ્વારા તેઓ સર્વવ્રતોમાં સ્થિર હોય છે, એવું સૂચિત કર્યું છે.

એવા ગુરુનું અન્ય વિશેષણ કહે છે - **આરંભ-પરિગ્રહવિરત.** આરંભણ = આરંભ = જીવોને ઉપદ્રવ કરવો. આરંભ કહ્યો, તે સંરંભ અને સમારંભનું ઉપલક્ષણ છે. કારણ કે કહ્યું છે કે - સંકલ્પ એ સંરંભ છે અને જીવોને પરિતાપ કરે એ સમારંભ છે, આરંભ કરે એ સમારંભ છે, આરંભ ઉપદ્રવ છે, એવો સર્વ શુદ્ધ નયોનો મત છે. ॥૧॥ (સંગ્રહશતક ૯૪, પ્રવચન સારોદ્ધાર ૧૦૬૦, સંબોધપ્રકરણ ૧૧૨૨) પરિગ્રહ = ધનધાન્યાદિનો સ્વીકાર. તેનાથી વિરત = નિવૃત્ત. અહીં પરિગ્ગહા આવું જે દીર્ઘત્વ છે, તે પ્રાકૃત હોવાને કારણે થયું છે. માટે **અ**વિરત આવો વિગ્રહ ન કરવો. અને જો સમાહાર દ્વંદ્વ સમાસ કરીએ તો આરંભ અને પરિગ્રહ = આરંભપરિગ્રહ તેનાથી, એવો અર્થ થશે. આ રીતે સંગતિ થઈ જવાથી પ્રાકૃત હોવાના કારણે

आरम्भश्च परिग्रहश्च आरम्भपरिग्रहं तसमादिति भवति, परं 'विप्रतिषिद्धं वानधिकरणवाचि' इति, अद्रव्यवाचिनां विप्रतिषिद्धार्थानां 'द्वन्द्व एकवद्वा' इतिभणनात्, कामक्रोधयोरिवैतयोरपि परस्परं विरोधाभावन्नैकवद्भावो घटते । एतावता प्रथमपञ्चमहाव्रतसूचा कृता, ततश्च पञ्चमहाव्रतधारी जगज्जन्तुनिस्तारी सुसाधुर्भवतीत्युक्तम् ॥३॥

—————— સંબોધોપનિષદ્ ——————

દીર્ઘત્વ છે એવુ નહીં માનવું પડે. પણ આમ સમાહાર દ્વંદ્વ સમાસ કરતાં વાંધો એ આવે કે અનુશાસનમાં કહ્યું છે - અથવા તો અનધિકરણવાચીમાં વિપ્રતિષિદ્ધ છે. (પાણિનીય વ્યાકરણ ૨-૪-૧૩)

એટલે કે જે અદ્રવ્યવાચી એવા વિપ્રતિષિદ્ધ = વિરુદ્ધ અર્થી હોય તેમનો દ્વંદ્વ વિકલ્પે એકવત્ (शीतोष्णे, शीतोष्णम्) સમાસ થાય છે. પણ જેમ કામ-ક્રોધમાં પરસ્પર વિરોધ નથી, તેમ આરંભ અને પરિગ્રહમાં પણ વિરોધ નથી. માટે તેમનો સમાહાર દ્વંદ્વ સમાસ ન કરી શકાય. માટે પ્રાકૃત હોવાથી દીર્ઘત્વ છે, એ જ વ્યાખ્યા ઉચિત છે.

આટલું કહેવા દ્વારા પંચમહાવ્રતનું સૂચન કર્યું છે. અને તેથી જે પંચમહાવ્રતોનું ધારણ કરે અને વિશ્વના જીવોનું નિસ્તારણ કરે, તે સુસાધુ છે, એવું કહ્યું છે. ॥૩॥

प्रागष्टादशदोषरहितो देवो भवतीत्युक्तम्, ते चामी अष्टादश दोषाः, तद्रहितं च देवं नमस्करोमीत्येतद् गाथाद्वयेनाह–

**अन्नाण १ कोह २ मय ३ माण ४**
**लोह ५ माया ६ रई अ ७ अरई अ ८ ।**
**निद्दा ९ सोय १० अलियवयण ११**
**चोरिया १२ मच्छर १३ भया १४ य ॥४॥**

**पाणिवह १५ पेम १६ कीलापसंग १७**
**हासा १८ य जस्स इय दोसा ।**
**अट्ठारसवि पणट्ठा, नमामि देवाहिदेवं[1] तं ॥५॥**

——— સંબોધોપનિષદ્ ———

પૂર્વે એવું કહ્યું કે જે અઢાર દોષથી રહિત હોય, તે દેવ છે. તે અઢાર દોષો આ પ્રમાણે છે, તેમનાથી રહિત એવા દેવને હું નમસ્કાર કરું છું, એવું બે ગાથાઓથી કહે છે -

**(૧) અજ્ઞાન (૨) ક્રોધ (૩) મદ (૪) માન (૫) લોભ (૬) માયા (૭) રતિ (૮) અરતિ (૯) નિદ્રા (૧૦) શોક (૧૧) મૃષાવચન (૧૨) ચોરી (૧૩) મત્સર (૧૪) ભય (૧૫) હિંસા (૧૬) પ્રેમ (૧૭) ક્રીડા પ્રસંગ (૧૮) હાસ્ય જેમના આ અઢારે દોષો અત્યંત નાશ પામ્યા છે, તે દેવાધિદેવને હું નમસ્કાર કરું છું. ॥૪,૫॥** (દર્શનશુદ્ધિ ૯,

१. क० ग० च० छ – देवत्तं ।

**व्याख्या**-'अज्ञानं' संशयानध्यवसायविपर्ययात्मकं मौढ्यम्, 'क्रोधः' कोपः, 'मदः' कुलबलैश्वर्यरूपविद्यादिभिरहङ्कार-करणम्, परप्रधर्षणनिबन्धनं वा, 'मानः' दुरभिनिवेशामोचनम्, युक्तोक्ताग्रहणं वा, 'लोभः' गृद्धिः, 'माया' दम्भः, 'रतिः' अभीष्टपदार्थामुपरि मनःप्रीतिः, 'अरतिः' अनिष्टसम्प्रयोग-

———— સંબોધોપનિષદ્ ————

પ્રવચનસારોદ્ધાર ૪૫૧, વિચારસાર ૪૬૨, સંબોધપ્રકરણ ૧૩, રત્નસંચય ૨૦૬)

(૧) **અજ્ઞાન** = સંશય, વિપર્યય, અન-ધ્યવસાયરૂપ મોહ. ઝાડ પર સફેદ ધજા હોય અને કોઈને શંકા થાય કે આ ધજા હશે કે બગલો હશે ? આને સંશય કહેવાય. કોઈ એવું વિચારે કે આ બગલો જ છે, તો એ વિપર્યય કહેવાય. કોઈને ચાલતા ઘાસનો સ્પર્શ થઈ જાય અને તેને એટલું સંવેદન થાય કે 'મને કાંઈક અડ્યું' તો તેને અનધ્યવસાય કહેવાય. આ ત્રણે અજ્ઞાનના પ્રકાર છે.

(૨) **ક્રોધ** = ગુસ્સો. (૩) **મદ** = કુળ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યા, જાતિ, લાભ, બળ, તપ આ આઠ કારણોથી અહંકાર કરવો. અથવા તો જેનાથી જીવ બીજાનો તિરસ્કાર કરે, તેને મદ કહેવાય. (૪) **માન** = કદાગ્રહ ન છોડવો અથવા તો યુક્તિયુક્ત વાત કહેવાતી હોય, તેનો સ્વીકાર ન કરવો. (૫) **લોભ** = આસક્તિ (૬) **માયા** = દંભ (૭) **રતિ** =

सम्भवं मनोदुःखम्, 'निद्रा' स्वापः, 'शोकः' चित्तवैधुर्यम्, 'अलीकवचनं' वितथभाषणम्, 'चोरिका' परद्रव्यापहारः, 'मत्सरः' परसम्पदसहिष्णुता 'भयं' प्रतिभयम्, 'प्राणिवधः' प्राण्युपमर्दः, 'प्रेम' स्नेहविशेषः, 'क्रीडाप्रसङ्गः' क्रीडाया-मासक्तिः, 'हासः' हास्यमिति यस्य दोषा अष्टादशापि प्रनष्टाः तं देवाधिदेवं 'नमामि' भक्तिप्रह्वो भवामि, तस्यैव सर्वदोषरहितत्वेन सर्वदेवविशिष्टत्वादिति ॥४॥५॥

संबोधोपनिषद्

અભીષ્ટ પદાર્થો પર મનની પ્રીતિ (૮) **અરતિ** = અનિષ્ટનો સંયોગ થવાથી થયેલું મનદુઃખ, (૯) **નિદ્રા** = ઊંઘ. (૧૦) **શોક** = ચિત્તવૈધુર્ય = વૈમનસ્ય (૧૧) **મૃષાવચન** = ખોટું બોલવું. (૧૨) **ચોરી**= બીજાના ધનનું અપહરણ કરવું. (૧૩) **મત્સર** = બીજાની સંપત્તિને સહન ન કરવી. (૧૪) **ભય** = ડર (૧૫) **પ્રાણિવધ** = હિંસા. (૧૬) **પ્રેમ** = સ્નેહવિશેષ (૧૭) **ક્રીડાપ્રસંગ** = ક્રીડામાં આસક્તિ (૧૮) **હાસ્ય** = હસવું.

**જેમના આ અઢારે દોષો પ્રકર્ષથી નાશ પામ્યા છે, તે દેવાધિદેવને હું નમસ્કાર કરું છું** = તેમના પ્રત્યે ઉલ્લસિત થયેલા ભક્તિભાવથી વિનીત બનું છું. કારણ કે તેઓ જ સર્વદોષરહિત હોવાથી સર્વદેવોથી વિશિષ્ટ છે. ॥૪,૫॥

एवंविधेन देवाधिदेवेन सुरासुरनरतिरश्चां पुरोऽहिंसारूपो धर्मः प्ररूपितः, अतस्तामेव वर्णयन्नाह-

**सव्वाओवि नईओ, कमेण जइ सायरंमि निवडंति।**
**तह भगवइं[1] [2]अहिंसं, सव्वे धम्मा [3]समल्लिंति ॥६॥**

**व्याख्या**-'सर्वाः' समस्ता अपि 'नद्यः' सरितो गङ्गासिन्धुप्रभृतयो यथा 'सागरे' समुद्रे लवणादौ 'क्रमेण' पारम्पर्येण 'निपतन्ति' प्रविशन्ति, तथा 'भगवतीं' पूज्यां

——— સંબોધોપનિષદ્ ———

આવા પ્રકારના દેવાધિદેવે સુર, અસુર, નર અને તિર્યંચોની સમક્ષ અહિંસારૂપ ધર્મનું પ્રતિપાદન કર્યું છે. માટે અહિંસાનું જ વર્ણન કરતા કહે છે -

**જેમ સર્વે ય નદીઓ ક્રમશઃ સાગરમાં મળે છે, તેમ સર્વ ધર્મો ભગવતી અહિંસાનો આશ્રય કરે છે. ॥૬॥**

(નાનાચિત્તપ્રકરણ ૭૮)

**સર્વ** - સમસ્ત **પણ નદીઓ** = ગંગા - સિંધુ વગેરે સરિતાઓ, જેમ **સાગરમાં** = લવણસમુદ્ર વગેરે દરિયામાં, **ક્રમથી** = પરંપરાથી, **નિપતન કરે છે** = પ્રવેશ કરે છે. **તેમ ભગવતી** = પૂજ્ય એવી **અહિંસા** = દયા પ્રત્યે **સર્વ ધર્મો**

---

१. क. ख. ग. छ - वई । घ - वइ । २. क. ख. ग. घ. छ-अहिंसा।
३. क. ग. छ - सम्मिल्लंति । ख. घ. - समुल्लंति । च - समुल्लिंति ।

'अहिंसां' दयां प्रति 'सर्वे धर्माः' षड्दर्शनाभिमतव्रतविशेषाः 'समल्लिति' समाश्रिता भवन्ति । षड्दर्शनान्यपि दयां मन्यन्त एवेत्यर्थः ॥६॥

अहिंसाया आराधकाश्च साधव एव स्युरिति तानेव गाथाद्वयेन शरणीकुर्वन्नाह-

**[१]ससरीरेवि निरीहा, बज्झब्भिंतरपरिग्गहविमुक्का ।**
**धम्मोवगर[२]णमित्तं, धरंति चारित्तरक्खट्ठा ॥७॥**
**पंचिंदिय[३]दमणपरा, जिणुत्तसिद्धं[४]तगहियपरमत्था ।**
**पंचसमिया तिगुत्ता, सरणं [५]मह एरिसा गुरुणो ॥८॥**

——— સંબોધોપનિષદ્ ———

= છ યે દર્શનોને માન્ય એવા વ્રતવિશેષો **સંલયન કરે છે** = સમાશ્રાય કરે છે. છ યે દર્શનો પણ દયાને માને જ છે, એવો અહીં અર્થ છે. ॥૬॥

અને અહિંસાના આરાધકો સાધુઓ જ હોઈ શકે, માટે બે ગાથાઓથી સાધુઓનું જ શરણ લેતા કહે છે -

**જેઓ પોતાના શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહ છે, જેઓ બાહ્ય-આભ્યંતર પરિગ્રહથી વિમુક્ત છે, જેઓ ચારિત્રના રક્ષણ માટે માત્ર ધર્મોપકરણને ધારણ કરે છે,** (સંબોધ પ્રકરણ ૩૪૦) **જેઓ પંચેન્દ્રિયના દમનમાં તત્પર છે, જેઓએ**

---

१. क - सरीरेवि । ग - ससरेवि । २. घ. - रणनिमित्तं । ३. ग - गहणपरा । ४. छ - नगहियपरमन्ना । ५. छ - मोह ।

**व्याख्या**-एवंविधा गुरवो मम शरणं भवन्त्विति गम्यते । किंविशिष्टा गुरवः ? 'स्वशरीरेऽपि' स्वदेहेऽपि ये 'निरीहाः' निस्पृहाः-"मंसट्ठिरुहिरण्हारूवणद्धकलमलयमेयमज्जासु । पुण्णंमि चम्मकोसे, दुग्गंधे असुइबीभच्छे ॥१॥ संचारिमजंत-गलंतवच्चं मुत्तंतसयलपुण्णंमि । देहे होज्जा किं रागकारणं

———————— संबोधोपनिषद् ————————

**જિનોક્ત સિદ્ધાન્તથી પરમાર્થનું ગ્રહણ કર્યું છે, જેઓ પંચસમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત છે, એવા ગુરુઓ મને શરણ છે ॥૭,૮॥** (આરાધના પ્રકરણ ૪૦)

**આવા ગુરુઓ મને શરણ** 'થાઓ' એવું અહીં જણાય છે ('ભવંતુ' એવું નથી કહ્યું છતાં પણ અધ્યાહારથી તેનો ખ્યાલ આવે છે.) કેવા ગુરુઓ ? તે કહે છે - જેઓને **પોતાના દેહ પ્રત્યે પણ** કોઈ **સ્પૃહા નથી.** કારણ કે તેઓ આ શાસ્ત્રવચનોનું પરિભાવન કરે છે - માંસ, અસ્થિ, લોહી, બંધાયેલા સ્નાયુઓ, બીભત્સમેદ તથા મજ્જાથી પૂર્ણ, દુર્ગંધી, અશુચિથી બીભત્સ એવા ચર્મકોષમાં...॥૧॥

જેમાંથી વિષ્ટા ગળી રહી છે એવા જંગમ યંત્રરૂપ, મૂત્ર કરતું તેવું, સકલ અશુચિથી પૂર્ણ, અથવા તો સર્વ પવિત્ર વસ્તુઓને પણ જુગુપ્સનીયરૂપમાં રૂપાંતર કરીને મૂત્રસદશ જેવું કરીને બહાર કાઢતા એવા અશુચિના કારણભૂત એવા દેહમાં રાગનું કારણ શું હોય ? ॥૨॥

असुइहेउम्मि ॥२॥" पुनः **श्रीआचाराङ्गे**ऽपि-"भेउरधम्मं विद्धंसणधम्मं अधुवं अणितयं असासयं चयावचयइयं विपरिणामधम्मं" इत्यादि । तथा-"दीप्तोभयाग्रवा[१]तारिदारू-दरगकीटवत् । जन्ममृत्युभयाश्लिष्टे, शरीरे बत ! सीदसि ॥१॥" इत्येवं भावयन्तो ये शरीररक्षामपि न कुर्वते, आस्तां परिजनरक्षायै प्रवर्तनमित्यपिशब्दार्थः । पुनः किम्भूताः ? 'बाह्याभ्यन्तरपरिग्रहविमुक्ताः' तत्र द्वन्द्वान्तश्रूयमाणः परिग्रहशब्द



વળી આચારાંગમાં પણ કહ્યું છે કે, શરીર એ ભેદાવાના સ્વભાવવાળું છે, વિધ્વંસ પામવાના સ્વભાવવાળું છે, અધ્રુવ છે, અનિત્ય છે, અશાશ્વત છે, ચય-અપચય થવાના સ્વભાવવાળું છે, વિપરીત પરિણામ પામવાના સ્વભાવવાળું છે. - વગેરે (આ૦ ૧-૫-૨/૧૬૦). તથા અન્યત્ર પણ કહ્યું છે કે - જેની બંને બાજુ અગ્નિ સળગી રહ્યો છે, એવા [૧]વાતારિ ઝાડના લાકડાની મધ્યમાં રહેલા કીડાની જેમ જન્મ-મૃત્યુના ભયથી આશ્લિષ્ટ એવા શરીરમાં તું સીદાઇ રહ્યો છે.

આ રીતે પરિભાવન કરતાં જેઓ પોતાના શરીરની પણ રક્ષા નથી કરતા. પરિજનની રક્ષા માટેની પ્રવૃત્તિ તો રહેવા જ દો, એવો અહીં 'પણ' શબ્દનો અર્થ છે.

તે મુનિઓનું બીજું વિશેષણ કહે છે - **જેઓ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી મુક્ત છે.** તેમાં દ્વંદ્વ સમાસના અંતે

૧. वातरोगस्य अरिः એરંડાનું ઝાડ, વાવડીંગ વગેરે.

उभयत्रापि योज्यते, बाह्यपरिग्रह आभ्यन्तरपरिग्रहश्च । तत्र बाह्यपरिग्रहो धनधान्यक्षेत्रवास्तुरूप्यसुवर्णचतुष्पदद्विपदकुप्यभेदेन नवधा । आभ्यन्तरपरिग्रहो मिथ्यात्ववेदत्रिकहास्यादिषट्क-कषायचतुष्कभेदतश्चतुर्दशविधः, यदुक्तम्-"मिच्छत्तं वेयतिगं, हासाई छक्कगं च बोधव्वं । कोहाईण चउक्कं, चउदस अब्भितरा गंठी ॥१॥" इति । ततो विमुक्तास्तद्रहिताः । बाह्ये परिग्रहे ह्यवश्यंभाविनः प्राणिवधादयः, तथाहि-खरोष्ट्रादिषु

संबोधोपनिषद्

શ્રૂયમાણ પરિગ્રહ શબ્દ બંને જગ્યાએ જોડવામાં આવે છે. બાહ્ય પરિગ્રહ અને આંતર પરિગ્રહ. તેમાં બાહ્ય પરિગ્રહ નવ પ્રકારનો છે - (૧) ધન (૨) ધાન્ય (૩) ક્ષેત્ર (૪) વાસ્તુ (મકાનાદિ) (૫) રૂપ્ય (ચાંદી) (૬) સુવર્ણ (સોનુ) (૭) ચતુષ્પદ (ગાય, ઘોડા વગેરે) (૮) દ્વિપદ (દાસ વગેરે) (૯) કુપ્ય (સોના-રૂપા સિવાયની તાંબા વગેરે ધાતુ).

આભ્યંતર પરિગ્રહ ચૌદ પ્રકારનો છે - (૧) મિથ્યાત્વ (૨-૪) વેદત્રિક (૫-૧૦) હાસ્યાદિ ષટ્ક (૧૧-૧૪) ચાર કષાય. **(ગાથા સહસ્રી ૨૩૧, આરાધનાપતાકા ૬૪૭, રત્નસંચય ૩૪૯, સંબોધપ્રકરણ ૬૩૪, પ્રવચનસારોદ્ધાર ૭૨૧)** (અહીં ગાથાર્થ પણ આ મુજબ જ છે.) તેનાથી જે વિમુક્ત = રહિત છે. કારણ કે જો બાહ્યપરિગ્રહ રાખે તો જીવહિંસા વગેરે અવશ્ય થઈ શકે છે, તે આ મુજબ - ગધેડો, ઊંટ વગેરે હોય તો

सत्सु तज्जनितो जीवोपमर्दः, तथेर्ष्यादिभिर्वितथश्लाघनान्मृषा, शुल्कादिभङ्गाददत्तम्, गवादिषु सण्डादिप्रक्षेपणान्मैथुनम्, स्वकायेनापि हि ब्रह्मचर्यं दुष्परिपालनम्, तदपि कथंचित्पालयन् को हि न परानब्रह्मणि प्रवर्तयतीति परिग्रहात्सर्वव्रतातिचारसम्भवः। तथा-"सयलाणत्थनिमित्तं, आयासकिलेसकारणमसारं । नाऊण धणं धीमं, न हु लुब्भइ तंमि तणुयंपि ॥१॥" तथा- "अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे । आये दुःखं व्यये



તેનાથી જીવહિંસા થાય. વળી બીજાની ઈર્ષ્યાથી પોતાની ખોટી પ્રશંસા કરે. તેનાથી મૃષાવાદસેવન થાય. કરવેરો વગેરે ન ભરે તેનાથી અદત્તાદાન થાય. ગાય વગેરે સાથે આખલા વગેરેનો સંયોગ કરાવે તેનાથી મૈથુનનો દોષ લાગે. બ્રહ્મચર્યનું તો પોતાના શરીરથી પાલન કરવું પણ દુષ્કર હોય છે. આવા દુષ્કર બ્રહ્મચર્યનું કોઈ રીતે પાલન કરનાર કયો ડાહ્યો માણસ બીજાને અબ્રહ્મમાં પ્રવર્તાવે? માટે પરિગ્રહથી સર્વ વ્રતોમાં અતિચારનો સંભવ છે.

(મૂળમાં को हि न એવો જે પાઠ છે તેમાં 'न' લેખક ક્ષતિ આદિ કોઈ કારણથી હોય એવું લાગે છે.)

તથા કહ્યું પણ છે કે - જે સર્વ અનર્થોનું નિમિત્ત છે, આયાસથી થતા ક્લેશનું કારણ છે. જે અસાર છે, એવા ધનને જાણીને બુદ્ધિશાળી વ્યક્તિ તેમાં જરા પણ લોભ પામતો નથી. (ધર્મરત્ન ૬૨) અન્યત્ર પણ કહ્યું છે કે - ધનના

दुःखं, धिगर्थं दुःखसाधनम् ॥१॥" तथा-"राजा रोक्ष्यति किन्तु मे हुतवहो दग्धा किमेतद्धनं ?, किं चामी प्रभविष्णवः कृतनिभं लास्यन्त्यदो गोत्रिकाः ? । मोषिष्यन्ति च दस्यवः किमु तथा नंष्टा निखातं भुवि ?, ध्यायन्नेवमहर्निशं धनयुतोऽप्यास्तेतरां दुःखितः ॥१॥" तथा-"अर्थार्थं नक्र-चक्राकुलजलनिलये केचिदुच्चैस्तरन्ति, प्रोद्यच्छस्त्राभिघातो-

संबोधोपनिषद्

ઉપાર્જનમાં દુઃખ થાય છે, અને ઉપાર્જિત ધનના રક્ષણમાં પણ દુઃખ થાય છે. કમાણીમાં ય દુઃખ થાય છે અને વ્યયમાં પણ દુઃખ થાય છે. માટે દુઃખના જ સાધન સમાન એવા ધનને ધિક્કાર થાઓ.

અન્યત્ર પણ કહ્યું છે કે રાજા આ ધન પડાવી લેવા માટે મને કારાવાસમાં પૂરી દેશે, અથવા તો રાજા મારા આ ધનને પોતાના ભંડારમાં રુંધી દેશે, શું મારા આ ધનને અગ્નિ બાળી નાખશે ? શું કૃતનિભ = સરખે-સરખા વહેંચાયેલા એવા આ ધનને આ બળિયા સગા-સંબંધીઓ લઈ લશે ? શું આ ધનને ચોરો ચોરી લેશે ? તથા શું આ જમીનમાં દાટેલું ધન નષ્ટ થઈ જશે ? આ રીતે દિવસ-રાત ચિંતા કરતો ધનવાન માણસ પણ અત્યંત દુઃખી જ રહે છે. ॥૧॥

તથા-કેટલાક જીવો ધન માટે નક્ર નામના હિંસક જળચર પ્રાણીઓથી ભરેલા સમુદ્રને તરી જાય છે. કેટલાંક તો સમુદ્યત

त्थितशिखिकणकं जन्यमन्ये विशन्ति । शीतोष्णाम्भःसमीरग्लपिततनुलताः क्षेत्रिकां कुर्वतेऽन्ये, शिल्पं चाऽनल्पभेदं विदधति च परे नाटकाद्यं च केचित् ॥१॥" तथा-"व्याधीन्नो निरुणद्धि मृत्युजननज्यानिक्षये न क्षमं, नेष्टानिष्टवियोगयोगहृतिकृत्सध्र्यङ् न वा प्रेत्य च । चिन्ताबन्धुविरोधबन्धनवधत्रासास्पदं प्रायशो, वित्तं चित्तविचक्षणः क्षणमपि क्षेमावहं नेक्षते ॥१॥" तथा-"अत्थत्थिणो पाणिणो सेवंति रायाणं, दंसंति विणयं, भासंति



થતા શસ્ત્રોના અભિઘાતથી જ્યાં અગ્નિના તણખા ઝરી રહ્યા છે, એવા યુદ્ધમાં પ્રવેશ કરે છે. અન્ય જીવો તો ઠંડી, ગરમી, વરસાદ, પવન વગેરેથી પોતાની દેહલતાને ગ્લાનિ પમાડતા ખેતી કરે છે. તો કેટલાક ઘણા પ્રકારના શિલ્પો (સુથારકામ આદિ) કરે છે. ॥૧॥

ધન રોગોને અટકાવતું નથી, ધન જન્મ-મરણ-જરાનો ક્ષય કરવા સમર્થ નથી. ધન ઈષ્ટના વિયોગ અને અનિષ્ટના યોગને દૂર કરતું નથી. પરલોકમાં પણ ધન કાંઈ શુભ કરતું નથી. ઉલ્ટુ પ્રાયઃ કરીને ધન ચિંતા, બાંધવવિરોધ, બંધન, વધ અને ભયનું કારણ બને છે. માટે જે ચિત્તથી વિચક્ષણ છે, તે એક ક્ષણ માટે પણ ધનમાં કલ્યાણકારિતાના દર્શન કરતો નથી. ॥૧॥

તથા-જે પ્રાણીઓ ધનના અભિલાષુક છે, તેઓ

सप्पणयं वयणं, धावंति पुरओ राइंदिवं, मद्दंति तेसि चलणे, खालिंति असुइट्ठाणाई, कुव्वंति तव्वयणाओ सव्वाहमकम्माइं। अहवा पवट्टंति वाणिज्जे, वंचंति मुद्धवीसंभियजणं, जंति देसंतरेसु, सहंति सीयतावावेयणं, खमंति छुहापिवासाओ किलिस्संति मूलनासेण। किं बहुणा-तं नत्थि जं न पत्थिति नेय सेवंति जं न पणमंति। किं किं न कुणंति नरा ?, नडिया आसापिसाईए ॥१॥" आभ्यन्तरस्तु परिग्रहो दोषरूप एव, मिथ्यात्वादीनामनन्तभवभ्रमणहेतुत्वादिति। एवं परिग्रहस्य



રાજાઓની સેવા કરે છે. વિનયનું પ્રદર્શન કરે છે. પ્રેમસહિત વચન બોલે છે. રાત-દિવસ તેમની આગળ દોડે છે. તેમના પગ દબાવે છે, તેમના અશુચિસ્થાનોને સાફ કરે છે. તેમના વચનથી સર્વ અધમ કામો કરે છે.

અથવા તો વાણિજ્યમાં પ્રવૃત્તિ કરે છે. મુગ્ધ વિશ્વસ્ત વ્યક્તિને છેતરે છે. વિદેશોમાં જાય છે. ઠંડી-ગરમીની વેદનાને સહન કરે છે. ક્ષુધા-પિપાસાઓને સહન કરે છે. મૂડીનો નાશ થવાથી ક્લેશ પામે છે. વધારે કહેવાથી શું ? તેવું કાંઈ નથી કે જેની પ્રાર્થના નથી કરતાં, જેનું સેવન નથી કરતાં, જેને પ્રણામ નથી કરતાં. ખરેખર આશારૂપી પિશાચીથી બાધિત થયેલા મનુષ્યો શું શું નથી કરતાં ? ॥૧॥

આભ્યન્તર પરિગ્રહ તો દોષરૂપ છે, કારણ કે મિથ્યાત્વ

सकलानर्थनिबन्धनतामाकलय्य ये सर्वथा खलसङ्गतिवत् तत्परित्यागं कृतवन्त इत्यर्थः । तथा ये 'चारित्ररक्षार्थं' संयम पालनार्थं 'धर्मोपकरणमात्रं' मात्रशब्दो ब्राह्मणमात्रमानयेतिवदन्य-निवृत्त्यर्थः, ततो धर्मोपकरणमेव 'धरन्ति' धारयन्ति । तत्र जिनकल्पिकानामयमुपधिः-"पत्तं पत्ताबन्धो, पायट्ठवणं च पायकेसरिया । पडलाइँ रयत्ताणं, गोच्छओ पायनिज्जोगो ॥१॥



વગેરે અનંત ભવભ્રમણના હેતુ છે. આ રીતે પરિગ્રહ સર્વ અનર્થનું કારણ છે એમ સમજીને જેઓએ દુર્જનસંસર્ગની જેમ તેનો સર્વથા પરિત્યાગ કર્યો છે. એવો બાહ્યાભ્યંતર-પરિગ્રહવિમુક્ત આ પદનો અર્થ છે.

તથા જેઓ **ચારિત્રની રક્ષા માટે** = સંયમપાલન કરવા માટે, **ધર્મોપકરણ માત્રને ધારણ કરે છે.** અહીં 'માત્ર' શબ્દ બીજી વસ્તુના ધારણની નિવૃત્તિ કરે છે. જેમ કે 'બ્રાહ્મણમાત્રને લાવ' આ વાક્યમાં રહેલો માત્ર શબ્દ ક્ષત્રિયાદિની નિવૃત્તિ કરે છે. માટે પ્રસ્તુતમાં એવો અર્થ થશે કે ધર્મોપકરણ જ ધારણ કરે છે. તેમાં જિનકલ્પિકોની ઉપધિ આ પ્રમાણે છે - પાત્ર, પાત્તબંધ (ઝોળી) પાત્રાસન, પલ્લા, રજસ્ત્રાણ અને ગુચ્છો આ પાત્રસંબંધી ઉપધિ છે. ॥૧॥ **(ઓઘનિર્યુક્તિ ૬૬૯, ૬૭૫, પંચવસ્તુક ૭૭૨, ૭૮૦, પ્રવચનસારોદ્ધાર ૪૯૧, રત્નસંચય ૩૮૧, સપ્તતિશતકસ્થાન ૨૭૮, યતિદિનચર્યા ૫૩)** ત્રણ જ કપડા, રજોહરણ, મુહપત્તિ આ જિનકલ્પિકોની બાર પ્રકારની ઉપધિ

तिन्नेव य पच्छागा, रयहरणं चेव होइ मुहपत्ती । एसो दुवालसविहो, उवही जिणकप्पियाणं तु ॥२॥" उपक्रियते व्रती अनेनेत्युपकरणम्, उपात्मनः समीपे संयमोपष्टम्भार्थं वस्तुनो ग्रहणमुपग्रहः, स प्रयोजनमस्येत्यौपग्रहिकः, कारणे आपन्ने संयमयात्रार्थं यो गृह्यते न पुनर्नित्यमेव स औपग्रहिक इत्यर्थः। तत्र औघिक उपधिर्द्विविधः-गणनाप्रमाणेन प्रमाणप्रमाणेन च । तत्र गणनाप्रमाणमेकद्वित्र्यादिरूपम् । प्रमाणप्रमाणं तु दीर्घपृथुत्वादिरूपम् । एवमौपग्रहिकोपधेरपि भेदद्वयं भणनीयम्। तत्र औघिकोपधिर्गणनाप्रमाणतो जिनकल्पिकानामिह प्रतिपाद्यते।

संबोधोपनिषद्

છે. ॥२॥ (સંબોધ પ્રકરણ ૫૨૫, રત્નસંચય ૩૮૨, વિચારસાર ૧૯૮) જેનાથી વ્રતી ઉપકૃત થાય, તેનું નામ ઉપકરણ. ઉપ=આત્માની સમીપમાં, સંયમની પુષ્ટિ માટે વસ્તુનું ગ્રહણ = ઉપગ્રહ. તે જેનું પ્રયોજન છે, તેને ઔપગ્રહિક કહેવાય. એટલે કે વિશિષ્ટ કારણ આવી પડે ત્યારે સંયમયાત્રાનો નિર્વાહ કરવા માટે જેનું ગ્રહણ કરાય, પણ જેનું નિત્ય ગ્રહણ ન કરાય, તે ઔપગ્રહિક છે.

તેમાં ઔઘિક ઉપધિ બે પ્રકારની છે (૧) ગણનાપ્રમાણથી (૨) પ્રમાણપ્રમાણથી. તેમાં ગણનાપ્રમાણ એક, બે, ત્રણ વગેરેરૂપ છે. પ્રમાણપ્રમાણ લાંબા-પહોળાપણું વગેરે રૂપ છે. આ રીતે ઔપગ્રહિક ઉપધિના પણ બે પ્રકાર સમજી લેવા. તેમાં જિનકલ્પિકોની જે ઔઘિક ઉપધિ છે, તેનું અહીં ગણના

तत्र पात्रं पतद्ग्रहः । पात्रबन्धो येन पात्रं धार्यते वस्त्रखण्डेन चतुरस्रेण । पात्रस्थापनं कम्बलमयं यत्र पात्रकाणि स्थाप्यन्ते। पात्रकेसरिका पात्रप्रत्युपेक्षणिका या चिलिमिलिकेति प्रसिद्धा। पटलानि यानि भिक्षां भ्रमद्भिः पात्रोपरि दीयन्ते । रजस्त्राणानि पात्रवेष्टनकानि, प्राकृतत्वात्सूत्र एकवचननिर्देशः । गोच्छकः कम्बलखण्डमयो यः पात्रकोपरि दीयते । अयं सप्तविधः पात्रनिर्योगः पात्रपरिकर इत्यर्थः । तथा त्रय एव प्रच्छादकाः प्रावरणरूपाः कल्पा इत्यर्थः, द्वौ सूत्रमयावेक ऊर्णामयः,

संબोधोपनिषद्

પ્રમાણથી પ્રતિપાદન કરાય છે. તેમાં **પાત્ર** = ભાજન, **પાત્રબંધ** = જેનાથી પાત્રને ધારણ કરાય તે ચોરસ કપડાનો ટુકડો = ઝોળી, **પાત્રસ્થાપન** = કામળીના ટુકડાથી બનેલ પાત્રાસન, જેના ઉપર પાત્રા રાખવામાં આવે છે. **પાત્રકેશરિકા** = પાત્રાનું પડિલેહણ કરવાનું સાધન, જે ચિલિમિલિકા (પૂંજણી) તરીકે પ્રસિદ્ધ છે. **પલ્લા** = જે ગોચરી જતી વખતે પાત્રા ઉપર રખાય છે. **રજસ્ત્રાણો** = જેમાં પાત્રાઓને વીંટવામાં આવે તેવા કપડાના ટુકડાઓ. પ્રાકૃત હોવાથી સૂત્રમાં એક વચનથી નિર્દેશ કર્યો છે. **ગુચ્છો** = જે કામળીના ટુકડારૂપ હોય, જેને પાત્રાની ઉપર રાખવામાં આવે. આ સાત પ્રકારનો **પાત્રનિર્યોગ** = પાત્રાનો પરિવાર છે.

તથા ત્રણ જ પ્રચ્છાદક = પ્રાવરણ = કપડા હોય છે. તેમાં બે કપડાં સૂતરના અને એક ઊનનો કપડો (કામળી)

रजोहरणं चैव भवति मुखपोतिका, एष उत्कर्षतो द्वादशविध उपधिर्जिनकल्पिकानां भवति । स्थविरकल्पिकानां पुनश्चतुर्दश-विध उपधिर्भवति, स चायम्-"एए चेव दुवालस, मत्तग अइरेग चोलपट्टो उ । एसो चउदसरूवो, उवहीपुण थेरकप्पंमि ॥१॥" एत एवानन्तरोदिता जिनकल्पिकसम्बन्धिनः पात्रकाद्या मुखवस्त्रिकापर्यन्ता द्वादश उपधिभेदा अतिरिक्तं मात्रकं चोलपट्टकश्च, एष चतुर्दशविध उपधिः पुनः स्थविरकल्पे



હોય છે.

તથા ઓઘો અને મુહપત્તિ હોય છે. આ ઉત્કૃષ્ટથી બાર પ્રકારની જિનકલ્પિકોની ઉપધિ હોય છે.

સ્થવિરકલ્પિકોની ઉપધિ ચૌદ પ્રકારની હોય છે. તે આ પ્રમાણે છે - આ જ બાર પ્રકારની ઉપધિ તથા માત્રક (પ્યાલો) અને ચોલપટ્ટો આ ચૌદ પ્રકારની ઉપધિ સ્થવિર કલ્પમાં છે. ॥૧॥ **(ઓઘનિર્યુક્તિ ૬૭૧, પંચવસ્તુક ૭૭૯, પ્રવચનસારોદ્ધાર ૪૯૯, વિચારસાર ૧૯૯, ગાથાસહસ્રી ૧૩, ૫૩૪)**

આ જ હમણા કહેલા જિનકલ્પિકસંબંધી પાત્રા વગેરે મુહપત્તિ સુધીના બાર ઉપધિના ભેદો + માત્રક અને ચોલપટ્ટો આ ચૌદ પ્રકારની ઉપધિ સ્થવિરકલ્પના વિષયમાં ગણના પ્રમાણથી હોય છે.

स्थविरकल्पविषये भवति गणनाप्रमाणेनेति । कारणमन्तरेणातिरिक्तोपकरणग्रहणे पार्श्वस्थताऽऽपद्यते, यदुक्त**मुपदेशमालायां** श्रीधर्मदासगणिक्षमाश्रमणै**:**-"धम्मकहा उ अहिज्जइ, घराघरिं भमइ परिकहंतो य । गणणाइ पमाणेण य, अइरित्तं वहइ उवगरणं ॥१॥" धर्मकथा आजीविकार्थमधीते, अत एव "घराघरिं' इति, गृहे गृहे भ्रमति परिकथयंश्च ता इति । गणनया-"जिणा बारसरूवाइं, थेरा चोद्दसरूविणो । अज्जाणं पन्नवीसं तु, अओ उड्ढं उवग्गहो ॥१॥" इत्यनया । प्रमाणेन

— संबोधोपनिषद् —

કોઈ કારણ વિના વધારે ઉપકરણનું ગ્રહણ કરે તો તે પાર્શ્વસ્થપણું પામે. કારણ કે શ્રીધર્મદાસગણિ ક્ષમાશ્રમણે ઉપદેશમાલામાં કહ્યું છે - ધર્મકથાઓ શીખે અને ઘરે-ઘરે તેને કહેતો ફરે, ગણનાથી અને પ્રમાણથી અતિરિક્ત ઉપકરણ રાખે. (ઉ.મા.૩૭૪, સંબોધપ્રકરણ ૪૮૧) તે આજીવિકા માટે ધર્મકથાઓને શીખે, માટે જ તે ઘરે ઘરે તેને કહેતો ફરે છે. (ઉપદેશમાલામાં પાર્શ્વસ્થાદિના લક્ષણો બતાવ્યા છે, આ તેમાંની એક ગાથા છે.)

ગણનાથી ઉપકરણનું પ્રમાણ આ મુજબ છે - જિનકલ્પિકોની ૧૨, સ્થવિરકલ્પિકોની ૧૪, સાધ્વીઓની ૨૫, આની ઉપર ઉપધિ ઉપગ્રહ છે. ॥૧॥ **(ઓઘનિર્યુક્તિ ૬૭૨ વિચારસાર ૧૯૬, ગાથાસહસ્રી ૫૩૦, પંચવસ્તુક ૭૭૧)**

च-"कप्पा आयपमाणा, अड्ढाइज्जाउ आयया हत्था ॥" इत्यादिनाऽतिरिक्तमुक्तात्समर्गलं वहत्युपकरणमिति । पुनः किम्भूतास्ते ? 'पंचिंदियदमणपरा' इति, तत्रेन्द्रियमिति 'इदि परमैश्वर्ये' इन्दनादिन्द्रः सर्वोपलब्धिभोगपरमैश्वर्यसम्बन्धाज्जीवः तस्य लिङ्गं तेन दृष्टं स्पृष्टं चेत्यादि । 'इन्द्रियमिन्द्रियलिङ्गं' इत्यादिना सूत्रेण निपातनात्सिद्धम्, तच्च द्विधा-द्रव्येन्द्रियं

संबोधोपनिषद्

પ્રમાણથી ઉપકરણનું પ્રમાણ આ પ્રમાણે છે - કપડા પોતાના શરીરના પ્રમાણ જેટલા લાંબા હોય છે અને અઢી હાથ જેટલા પહોળા હોય છે. (ઓઘનિર્યુક્તિ ૭૦૬, પંચવસ્તુક ૮૧૨, પ્રવચનસારોદ્ધાર ૫૦૭, વિચારસાર ૨૦૭, ગાથાસહસ્રી ૫૪૬) ઈત્યાદિથી પ્રમાણપ્રમાણ બતાવ્યું છે. આ રીતે તે મુનિઓ શાસ્ત્રવિહિત ઉપકરણથી અતિરિક્ત નહીં એવું મર્યાદિત ઉપકરણ ધારણ કરે છે.

તે મુનિઓનું અન્ય વિશેષણ કહે છે - **પંચેન્દ્રિયદમનપર,** ઈદિ નામનો ધાતુ છે, જેનો અર્થ છે - પરમ ઐશ્વર્ય. જે ઈન્દન ક્રિયા કરે તે ઈન્દ્ર. સર્વવિષયક જ્ઞાનના ભોગરૂપ પરમ ઐશ્વર્યના સંબંધથી આત્મા ઈન્દ્ર છે. તેનું લિંગ - તેના દ્વારા જોવાયેલ - તેના દ્વારા સ્પર્શાયેલ વગેરે રીતે ઈન્દ્રિયપદનો નિપાત થાય છે. એક સૂત્ર છે - 'ઈન્દ્રિયમિન્દ્રિય(ન્દ્ર ?)લિંગં' (સિદ્ધહેમશબ્દાનુશાસન ૭-૧-૧૭૪, પાણિનિ વ્યા. ૫-૨-૯૩) ઈત્યાદિ,

भावेन्द्रियं च । तत्र निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम्, लब्ध्युपयोगौ भावेन्द्रियमिति । पञ्चसङ्ख्यानि यानीन्द्रियाणि स्पर्शादीनि तेषां दमनपराः स्वस्वविषयेष्वनादिभवाभ्यासादुच्छृङ्खलं प्रवर्तमानानामात्मवशकारिणः । तानि चादान्तान्यनर्थहेतवः, यत उक्तम्-"तव-कुलछायाभंसो, पंडिच्चप्फंसणा अणिट्ठपहो । वसणाणि रणमुहाणि य, इंदियवसगा अणुहवंति ॥१॥" तथा- "आत्मभूपतिरयं चिरन्तनः, पीतमोहमदिराविमोहितः । किङ्करस्य



તેનાથી નિપાત કરવાથી ઈન્દ્રિયપદ સિદ્ધ થાય છે. તે બે પ્રકારે છે, દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય.

તેમાં નિર્વૃત્તિ અને ઉપકરણ એ દ્રવ્યેન્દ્રિય છે. લબ્ધિ અને ઉપયોગ એ ભાવેન્દ્રિય છે. (તત્ત્વાર્થ ૨-૧૭/૧૮) સ્પર્શ વગેરે જે ૫ ઈન્દ્રિયો છે, તેમનું દમન કરવામાં તત્પર = પોતપોતાના વિષયોમાં અનાદિકાલીન ભવાભ્યાસથી ઉચ્છૃંખલ પ્રવૃત્તિ કરતી ઈન્દ્રિયોને પોતાને વશ કરનારા. કારણ કે ઈન્દ્રિયઓને વશ ન કરી હોય તો તે અનર્થની હેતુ થાય છે. કારણ કે કહ્યું છે કે -

તપ, કુલ, કાન્તિથી ભ્રંશ, પાંડિત્યથી પતન, અનિષ્ટ માર્ગ, આપત્તિઓ અને યુદ્ધો. આ બધા દુઃખોને ઈન્દ્રિયાધીન જીવો અનુભવે છે. ॥૧॥ (ઉપદેશમાલા ૩૨૭)

તથા અન્યત્ર પણ કહ્યું છે કે આત્મા એ પ્રાચીન રાજા

मनसोऽपि किङ्करैरिन्द्रियैरहह ! किङ्करीकृतः ॥१॥" अन्यच्च-
"जयो यद्बाहुबलिनि, दशवक्रे निपातनम् । जिताजितानि राजेन्द्र!, हृषीकाण्यत्र कारणम् ॥१॥" तत्थ सोइंदिए उदाहरणम् - वसंतउरे नगरे पुप्फसालो नामं गंधव्विओ । सो अइसुस्सरो विरूवो य तेण जणो हयहियओ कओ । तंमि य नगरे सत्थवाहो दिसायत्तं गएल्लओ, भद्दा य से भारिया । तीए केणवि कारणेण दासीओ पयट्टियाओ, ताओ सुणेंतीओ अच्छंति

———— સંબોધોપનિષદ્ ————

છે. તે મોહમદિરા પીવાથી વિમોહિત થયો છે. તે પોતાના કિંકર એવા મનની પણ કિંકર એવી ઇન્દ્રિયો વડે કિંકર કરાયો છે, રે, શું કહેવું ? (આત્મા પોતાના દાસના દાસોનો પણ દાસ બની ગયો છે.)

વળી - જે બાહુબલિનો વિજય થયો અને રાવણનું પતન થયું, તેમાં હે રાજેન્દ્ર ! વશીકૃત અને અવશીકૃત એવી ઇન્દ્રિયો જ કારણભૂત હતી.

તેમાં શ્રોત્રેન્દ્રિયમાં ઉદાહરણ આ પ્રમાણે છે. વસંતપુર નગરમાં પુષ્પશાલ નામનો ગાંધર્વિક હતો. તે અતિ સુંદર સ્વરવાળો અને કદરૂપો હતો. તેણે લોકોનું મન હરી લીધું. તે જ નગરમાં સાર્થવાહ દિગ્યાત્રા પર ગયો હતો. તેની પત્નીનું નામ ભદ્દા હતું. તેણે કોઈ પણ કારણથી દાસીઓને મોકલી હતી. તે દાસીઓ તે ગાયકને સાંભળતી રહે છે અને

कालं न याणंति । चिरेण आगयाओ अंबाडियाओ भणंति मा भट्टिणीओ रूसह, जं अज्ज अम्हाहि सुयं तं पसूणंवि लोभणिज्जं किमंग पुण सकण्णाणं ? । कहिंति ? ताहिं से कहियं । सा हियएण चिंतेइ, कहमहं पिच्छिस्सामि ? । अन्नया तत्थ नगरे देवयाए जत्ता जाया । सव्वं च नगरं गयं। सोवि गओ। लोगोवि पणमिऊण पडिएइ । पभायदेसकालो य वट्टइ । सोवि गाइऊण परिस्संतो परिसरे सुत्तो । सावि सत्थवाही दासीहिं समं आगया पणवइत्ता देउलं पयाहिणी करेइ, चेडीहि

संबोधोपनिषद्

સમયનું ભાન રાખતી નથી. દાસીઓ મોડી આવી, તેથી ભટ્ટાએ તેમને ઠપકો આપ્યો. ત્યારે દાસીઓ કહે છે, ‘સ્વામિની! આપ ગુસ્સે ન થાઓ, કારણ કે આજે જે અમે સાંભળ્યું છે, એ તો પશુઓને પણ લોભાવે તેવું હતું. તો પછી બુદ્ધિશાળીઓની તો શું વાત કરવી ?’ શેઠાણીએ પૂછ્યું, ‘ક્યાં એવું સાંભળ્યું ?’ ત્યારે દાસીઓએ તેની વાત કરી.

શેઠાણી હૃદયથી વિચારે છે, કે ‘હું તેને કેવી રીતે જોઈશ?’ અન્ય કાળે તે નગરમાં દેવતાની યાત્રા થઈ. આખું નગર ગયું. તે પણ ગયો. લોકો દેવતાને નમસ્કાર કરીને પાછા ફરે છે. સવારનો સમય છે, તે ગાયક પણ ગાઈને પરિશ્રાન્ત થઈને પરિસરમાં સૂતો હતો, તે સાર્થવાહી પણ દાસીઓની સાથે ત્યાં આવી. દેવકુલને નમસ્કાર કરીને પ્રદક્ષિણા આપે છે. દાસીઓએ તે ગાયકને બતાવતા કહ્યું કે

दाइओ एस सोत्ति । सा संभंता तओ गया । पच्छा विरूवं दंतुरं भणइ दिट्ठं से रूवेण चेव गेयं । तीए निच्छूढं, वेइयं च णेण कुसीलएहिं कहियं, तस्स अमरिसो जाओ । तीसे घरमूले पच्चूसकालसमए गाइउमारद्धो । [1]पउत्थवइयानिबद्धं, जहा आपुच्छइ, जहा तत्थ चिंतेइ, जह लोए विसज्जेइ, जह आगओ घरं पविसइ, सा चिंतेइ, सब्भूयं वट्टइ, ता एयं

संबोधोपनिषद्

"આ તે ગાયક છે". તે સંભ્રાન્ત થઈને ત્યાં ગઈ. પછી તે કદરૂપો અને મોટા દાંતવાળો છે, એવું જોઈને કહ્યું કે, "મેં તેના રૂપથી જ તેનું ગીત પણ જોઈ લીધું." એમ કહીને તે સાર્થવાહી થૂંકી. આ વાત તે ગાયકને દુઃશીલ પુરુષોએ કહી, તેથી તેણે પણ આ વાત જાણી. તેને ગુસ્સો આવ્યો. તે તેના ઘર પાસે સવારના સમયે પ્રસ્થિતપતિકા નિબદ્ધ ગીત (જેનો પતિ પરદેશ ગયો છે, તેવી સ્ત્રીને આશ્રીને બનાવેલ ગીત) ગાવા લાગ્યો. અર્થાત્ જે સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય, તે સ્ત્રીના સંબંધી ગીત ગાવા લાગ્યો. જેમ કે પતિ પરદેશ જવા માટે પત્નીની રજા માંગે છે, જેવી રીતે પરદેશમાં ધનાર્જન સંબંધી વિચાર કરે છે. (પ્રવૃત્તિ કરે છે.) જેવી રીતે લોકોને વિસર્જિત કરે છે. જેવી રીતે આવીને ઘરમાં પ્રવેશ કરે છે.

આ ગીત સાંભળતા સાર્થવાહીને એવું જ લાગે છે કે

१. - प्रोषितपतिका ।

अब्भुट्ठेमि त्ति आगासतलाओ अप्पा मुक्को । एसा मया ॥

एवं सोइंदियं दुक्खाय भवइ । एवं चक्खिदियं जमित्थीणं वयणनयणदसणाहरपओहरोरुमाइपलोयणेण छणससंकपंकय-कुंदकलियापवालकणयकलसरंभाथंभाइउवमाहिं रसमंसवसारु-हिरन्हारुचम्मट्ठिपत्थुयवत्थुसरूवावणयणेण असब्भावणाए वट्टइ



જાણે સાક્ષાત્ એવું બની રહ્યું છે. અને મારો પતિ જાણે હમણા ઘરમાં પ્રવેશે છે. તો હું તેનું સ્વાગત કરું, એમ વિચારી અગાશીમાંથી કૂદકો લગાવ્યો અને મરી ગઈ.

આ રીતે શ્રોત્રેન્દ્રિય દુઃખનું કારણ બને છે. તે જ રીતે ચક્ષુઇન્દ્રિય પણ સ્ત્રીઓના વદન, નયન, દાંત, હોઠ, પયોધર, ઉરુ વગેરેને જોવાથી પૂનમનો ચંદ્ર, કમળ, મોગરાની કળી, પ્રવાલરત્ન, સુવર્ણકુંભ, કેળનું થડ વગેરેની ઉપમાઓથી રસ, માંસ, ચરબી, લોહી, સ્નાયુ, ચર્મ, અસ્થિથી પ્રસ્તુત એવા વસ્તુસ્વરૂપની ઉપેક્ષા કરીને અસદ્ભાવનામાં વર્તે છે. આશય એ છે કે ચક્ષુઇન્દ્રિયને આધીન જીવ સ્ત્રીનું મુખ જોઈને 'આ તો પૂનમનો ચંદ્ર છે' એવું માને છે, પણ તેના વદનમાં રહેલ દુર્ગંધી શ્વાસોશ્વાસ, શ્લેષ્મ, હાડકા વગેરેને જોતો નથી. જે છે એનું અપનયન કરે છે - તે તેથી એવું સમજે છે. અને જે નથી, તે પૂનમના ચંદ્રની કલ્પના કરે છે.

કહ્યું પણ છે - જે અજ્ઞ જીવ વિલાસ અને હાસ્યથી

त्ति, तदुक्तम्-"रूवनिवेसियनयणो, रमणीण विलासहासरमणीण। बज्झइ अयाणुयजणो, दीवसिहाए पयंगो व्व ॥१॥" निवृत्तिस्तु-"न शक्यं रूपमद्रष्टुं, चक्षुर्गोचरमागतम् । रागद्वेषौ तु यौ तत्र, तौ बुधः परिवर्जयेत् ॥१॥" घाणिंदियंपि जं सुब्भिगंधदुब्भिगंधपच्चयं रागद्दोसेहिं अप्पणो कम्मबंधणं, तहाहि-"असुहेसु मा विरज्जह, मा सज्जह सुरभिगंधदव्वेसु । गंधाभिसंगओ

**સંબોધોપનિષદ્**

રમણીય એવી રમણીઓના રૂપમાં પોતાનું મન પરોવે છે, તે (મરણાદિ) બંધનને પામે છે. જેમ કે દીપકની જ્યોતિમાં આસક્ત બનેલ પતંગિયું મોતને ભેટે છે. ॥૧॥

માટે રૂપની આસક્તિથી નિવૃત્ત થવું જોઈએ. નિવૃત્તિનો ઉપદેશ આ મુજબ આપ્યો છે - ચક્ષુનો વિષય બન્યું હોય એવા રૂપને ન જોવું તે શક્ય નથી, પણ તેમાં જે રાગ-દ્વેષ છે તેનો જ્ઞાનીએ ત્યાગ કરવો જોઈએ. ॥૧॥

જે ઘ્રાણેન્દ્રિય પણ 'આ સુગંધ છે અને આ દુર્ગંધ છે' એવી પ્રતીતિ કરે છે, તે પણ પોતાના કર્મબંધનું કારણ છે. માટે જ કહ્યું છે કે - અશુભમાં વિરાગ ન કરો = દ્વેષ ન કરો, અને સુગંધી દ્રવ્યોમાં આસક્તિ = રાગ ન કરો. કારણ કે ગંધના રાગથી ભમરા અને સર્પો મૃત્યુ પામ્યા છે. ॥૧॥

ભમરો હાથીના મદજળની સુગંધમાં આસક્ત થાય છે, તો હાથીના કાનના આઘાતથી કચરાઈને મૃત્યુ પામે છે. સાપને ગંધની આસક્તિ હોય છે. તેથી તેને પકડનારા માણસો

भिंगपन्नगा नणु गया निहणं ॥१॥" जिब्भिदियंपि जमिट्ठाणिट्ठाहारेसु रागद्दोसा य भवंति, जओ-"महुरन्नपाणमंसाइरसविसेसेहिं मोहिया मुद्धा । गलजंतपासबद्धा, मीण व्व विणासमुवइंति ॥१॥" फासिंदियंपि असुहज्झवसायहेउत्तेण दोग्गइकारणं, यतः-"ण्हाणविलेवणसयणासणाण सीमंतिणीण अंगाण । फासेसु गढियहियया, बज्झंति गय व्व धीरावि ॥१॥" एवमेक्केक्का-

——— સંબોધોપનિષદ્ ———

તેના રાફડા પાસે સુગંધી દ્રવ્યો રાખે છે. તેની સુગંધથી સાપ બહાર નીકળે છે. તે માણસો તેને પકડી લે છે અને પછી તેની બંધ-વધ વગેરેથી કદર્થના કરે છે.

રસનેન્દ્રિય પણ દુઃખનું કારણ થાય છે, કારણ કે તેનાથી ઈષ્ટ આહારમાં રાગ થાય છે અને અનિષ્ટ આહારમાં દ્વેષ થાય છે. રાગ-દ્વેષ દુઃખનું કારણ થાય છે, કારણ કે કહ્યું છે કે - મધુર અન્ન, પાન, માંસ વગેરે રસ વિશેષથી મોહિત થયેલા મુગ્ધ જીવો ગલયંત્રના પાશથી બંધાયેલા માછલાની જેમ વિનાશ પામે છે. ॥૧॥

સ્પર્શનેન્દ્રિય પણ અશુભ અધ્યવસાયનું હેતુ હોવાથી દુર્ગતિનું કારણ છે. કારણ કે - જેઓ સ્નાન-વિલેપન-શયન-આસનના સ્ત્રીઓના અંગોના સ્પર્શમાં આસક્ત હૃદયવાળા છે, તેવા ધીર પુરુષો પણ હાથીની જેમ બંધન પામે છે. ॥૧॥

હાથીને પકડવા માટે હાથિણીનું આબેહુબ ચિત્ર રાખવામાં

ओवि इंदियत्थाओ अणत्थो, जो पुण पाणी पंचहि वि पयट्टेज्जा सो सुदीहं संसारे जरामरणाइं पाविही, जहा सो कुम्मो । तथाहि -

अत्थि गंगाए महानईए कूले गंगद्दहो । तत्थ णं बहवे मगरमच्छकच्छवाइया जलजंतुणो वसंति । दुवे य कुम्मया थलविहारी कीडयमंडुक्कियाइआमिसत्थिणो । तस्स हरयस्स य परिपेरंतेसु परियडंता दिट्ठा चंडसद्दखुद्दपावसियालेहिं ।



આવે છે. તેના સ્પર્શની આસક્તિથી હાથી દોડે છે અને 'મોટા ખાડા' વગેરેના છાટકાથી પકડાઈ જાય છે. તથા બંધનાદિ દુઃખોને સહન કરે છે.

આ રીતે એક-એક ઈન્દ્રિયથી પણ અનર્થ થાય છે. તો જે જીવ પાંચે ઈન્દ્રિયોમાં પ્રવૃત્તિ કરે છે, તે દીર્ઘકાળ સુધી સંસારમાં જરા-મરણ પામે છે. જેમ કે તે કાચબો. તેની કથા આ પ્રમાણે છે -

ગંગા મહાનદીના કિનારે ગંગાદ્રહ છે. તેમાં ઘણા મગર, માછલા, કાચબા વગેરે જળચર પ્રાણીઓ વસે છે. તેમાં બે કાચબા કિનારાની ભૂમિ પર ફરે છે. તેમને કીડા, દેડકી વગેરેના માંસની સ્પૃહા છે. તે દ્રહની ચારે બાજુ ભટકતા તેઓને ઉગ્ર શબ્દવાળા પાપી શિયાળોએ જોયા, અને તેઓ કાચબાઓ તરફ આવવા લાગ્યાં. તેમને જોઈને તે કાચબાઓ

अभिमुहमागच्छमाणे य ते दट्ठूण सीसपंचमे चउरो वि पाए संगोविऊण निच्चिट्ठा निष्फंदा निज्जीव व्व ट्ठिया । सिगाला वि आगंतूण इओ तओ लोलंति चालंति विच्छब्भंति उप्पाडिंति निवाडिंति जाव न किंचि काउं पारिंति ताव गया जंबुया नाइदूरे नियच्छंति य । पच्छाहुत्तं तेसिं च कुम्मा णं नाऊण एगेण ते दूरगए पसारिया पाया उद्धीकया गीवा ताव तेहिं चडत्ति आगंतूण मिगधुत्तेण मुहेण पडिगाहिओ कओ य खंडाखंडी । बीओ उण संकोइयंगो चेव ठिओ जाव संता

संबोधोपनिषद्

ચાર પગ અને માથાનું સંગોપન કરીને નિશ્ચલ, નિસ્પન્દ થઈને જાણે નિર્જીવ હોય તેવા થઈને રહ્યા. શિયાળો પણ ત્યાં આવીને તેમને આમ તેમ હલાવે છે, ચલાવે છે - વિક્ષોભ પમાડે છે - ઉપાડે છે - નીચે પાડે છે. પણ જ્યારે કાંઈ કરવા સમર્થ નથી થતા ત્યારે તે શિયાળો જતા રહે છે અને બહુ દૂર નહીં, એવી જગ્યાએથી તેમને જુએ છે.

કાચબાઓ તેમની પરાઙ્મુખતા જાણે છે. તેમાંથી એકે પોતાના પગોને ફેલાવ્યા અને ડોક ઉંચી કરી, ત્યાં તો તે શિયાળો ધડાક્ કરતા આવી ગયા અને એક શિયાળે તેને મોઢાથી પકડ્યો, અને તેના ટુકડે ટુકડા કરી નાખ્યા. બીજો તો અંગોને સંકુચિત કરીને જ રહ્યો. તે ત્યાં સુધી કે જ્યાં સુધી તે પગ અને માથુ પ્રસારે તેની રાહ જોવામાં શ્રાન્ત-

परिसंता गता जंबुया । खणंतरेण य पक्खपंजराओ पढमं एगं पायं कड्ढइ तओ बीयं जाव सीसं । एवं सो अप्पणो सुहेण विहरिउ त्ति ॥

दिट्ठंतस्स उवणओ इंदिएसु गुत्तागुत्ताणं गुणदोसेहिं भाणियव्वो त्ति । तथा जिनोक्तसिद्धान्तानां अङ्गप्रविष्टानङ्गप्रविष्ट-भेदभिन्नतीर्थकृत्प्रणीतागमानां गृहीतो योगवहनपूर्वकं स्वीकृतः सद्गुरुमुखकमलात्परमार्थो रहस्यं यैस्ते जिनोक्तसिद्धान्त-



પરિશ્રાન્ત થઈને (થાકી-કંટાળીને) શિયાળો ગયા. પછી તે કાચબો પક્ષપિંજર (કોચલા)માંથી પહેલા એક પગ કાઢે છે, પછી બીજો પગ કાઢે છે. એમ કરતાં છેલ્લે માથું બહાર કાઢે છે. આ રીતે તે પોતાના સુખ સહિત વિચરે છે.

આ દૃષ્ટાન્તથી એવો ઉપનય સમજવાનો છે, કે જે ઇન્દ્રિયોને સંગોપિત રાખે છે - સ્વચ્છંદપણે વિષયપ્રવૃત્તિ કરતા અટકાવે છે, તે ગુણ (લાભ) પામે છે અને જે ઇન્દ્રિયોને સંગોપિત નથી રાખતો તે દોષ (મરણાદિ નુકશાન) પામે છે.

હવે તે મુનિઓનું અન્ય વિશેષણ કહે છે - જેમણે **જિનોક્ત સિદ્ધાન્તોનો** = અંગપ્રવિષ્ટ-અનંગપ્રવિષ્ટ આ બે ભેદથી ભિન્ન એવા તીર્થંકર વડે પ્રણીત આગમોના **પરમાર્થનું** યોગોદ્વહનપૂર્વક સદ્ગુરુના મુખકમળથી રહસ્યનું **ગ્રહણ કર્યું** છે તેવા = **જિનોક્તસિદ્ધાન્તગૃહીતપરમાર્થ,** કારણ કે યોગ-

गृहीतपरमार्थाः । योगवहनं विना सिद्धान्तपठनस्यागमे निषेधात्, यदुक्तं **श्रीस्थानाङ्गे**-"तओ अवायणेज्जा पण्णत्ता, तंजहा- अविणीते १, विगतीपडिबद्धे २, अविओसवियपाहुडे ३ ।" तओ इत्यादिसूत्रं सुगमम् । न वाचनीयाः सूत्रमपाठनीयाः, अत एवार्थमप्यश्रावणीयाः सूत्रादर्थस्य गुरुत्वात् । तत्राविनीतः सूत्रार्थदातुर्वन्दनादिविनयरहितस्तद्वाचने च दोषः, यत उक्तम्- "इयरहवि ताव थब्भइ, अविणीओ लंभिओ किमु सुएणं । माणड्ढो नासिहई खए व खारोवसेगाओ ॥१॥ गोजूहस्स पडागा,

———————— संबोधोपनिषद् ————————

વહન વિના સિદ્ધાન્ત ભણવાનો આગમમાં નિષેધ કર્યો છે. જેથી શ્રીઠાણાંગસૂત્રમાં કહ્યું છે- ત્રણ પ્રકારના શિષ્યો અવાચનીય છે. તે આ પ્રમાણે- (૧) અવિનીત (૨) વિકૃતિપ્રતિબદ્ધ (૩) અનુપશાંતક્રોધ. (સૂ૦ ૨૧૭)

વ્યાખ્યા - ત્રણ ઇત્યાદિ સૂત્ર સુગમ છે. વાચનીય નથી એટલે તેમને સૂત્ર ભણાવવા જેવું નથી. એ જ કારણથી તેમને અર્થ પણ ન સંભળાવાય, કારણ કે અર્થ તો સૂત્ર કરતા પણ મહાન છે. તેમાં **અવિનીત** = જે સૂત્રાર્થદાતાને વંદન કરવા વગેરે રૂપ વિનય ન કરે. તેને વાચના આપવામાં દોષ છે. કારણ કે કહ્યું છે કે - જે અવિનીત છે, તેણે શ્રુત ન મેળવ્યું હોય, તો ય અક્કડ રહે છે, તો પછી તે શ્રુત મેળવી લે પછી તો શું વાત કરવી ? શ્રુત મેળવ્યા પછી તો જેમ ઘા ઉપર મીઠું ભભરાવાથી વિનાશ થાય, તેમ તે

सयं पलायस्स वड्डए वेगं । दोसोदए य समणं, न होइ न नियाणतुल्लं व ॥२॥" निदानतुल्यमेव भवतीत्यर्थः, "विणया-हीया विज्जा, देइ फलं इह परे य लोगंमि । न फलंति विणयरहिया, सस्सा इव तोयहीणाइं ॥३॥" तथा विकृति-प्रतिबद्धो घृतादिरसविशेषगृद्धोऽनुपधानकारीति भावः। इहापि

——— સંબોધોપનિષદ્ ———

અભિમાનની વૃદ્ધિથી વિનાશ પામે છે. ॥૧॥ (શ્રી સ્થાનાંગસૂત્ર ૨૧૭ વૃત્તિમાં ઉદ્ધૃત). જેમ બળદોના જૂથને ધજાથી 'રેડ સિગ્નલ' આપવામાં આવે તો તે પલાયન કરતું હોય, એમાં ઉલ્ટો વેગ વધારે છે. જ્યારે પિત્તાદિ દોષનો અભિનવ ઉદય થયો હોય, તે સમયે શમનીય ઔષધ પણ દોષના કારણભૂત જ થાય છે. ॥૨॥ (શ્રી સ્થાનાંગસૂત્ર ૨૧૭ વૃત્તિમાં ઉદ્ધૃત). (શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે આ જ વાત તૃતીય પ્રકારના અવાચનીય શિષ્યને લઈને કહી છે - अप्रशान्तमतौ शास्त्र-सद्भावप्रति-पादनम् । दोषायाभिनवोदीर्णे शमनीयमिव ज्वरे ॥१८॥ (અર્થ માટે જુઓ વૃત્તિ શિક્ષોપનિષદ્).

જો વિદ્યા વિનયથી ભણવામાં આવે તો એ આ લોકમાં અને પરલોકમાં ફળદાયક થાય છે. જેમ પાણી વગર ધાન્ય ફળે નહીં, તેમ વિનયરહિત વિદ્યા ફળતી નથી. ॥૩॥ (દ્વિતીયાંગસૂત્ર ૨૧૭ વૃત્તિમાં ઉદ્ધૃત). તથા **વિગઈપ્રતિબદ્ધ** = ઘી વગેરે રસવિશેષમાં ગૃદ્ધ હોવાથી જેણે ઉપધાન (યોગોદ્વહન)

दोष एव-"अतवो न होइ जोगो, न य फलए इच्छियं फलं विज्जा । अवि फलति विउलमगुणं, साहणहीणा जहा विज्जा ॥१॥" अव्यवसितमनुपशान्तं प्राभृतमिव प्राभृतं नरकपालकौशलिकं परमक्रोधो यस्य सोऽव्यवसितप्राभृतकः । तथा-"तओ कप्पंति वातेत्तए विणीए अविगतीपडिबद्धे विउसवियपाहुडे॥"

——— સંબોધોપનિષદ્ ———

નથી કર્યું તેવો. અહીં પણ દોષ જ છે. તે આ પ્રમાણે - તપ વિના યોગ ન થાય, વિદ્યા ઈચ્છિત ફળ ન આપે, ઉલ્ટુ જેમ સાધવાની વિધિ બરાબર ન કરવાથી જેમ વિદ્યા વિપુલ દોષ રૂપી ફળ આપે છે, તેમ યોગોદ્વહન વિના ભણેલી વિદ્યા પણ દોષકારક થાય છે. ॥૧॥ (દ્વિતીયાંગ સૂત્ર ૨૧૭ વૃત્તિમાં ઉદ્ધૃત)

**અવ્યવસિત** = ઉપશાંત નહીં તેવું, જે પ્રાભૃત જેવું છે તે પ્રાભૃત. (જેમ કે કોઈ માણસ રાજા જેવો હોય તો તેને 'રાજા' કહેવાય છે). પ્રસ્તુતમાં પ્રાભૃત એટલે નરકપાલ = પરમાધામીનું ભેટણું = પરમ ક્રોધ. પરમ ક્રોધ સાથે પરમાધામી પાસે જવાય. (કષાયાવિષ્ટ જીવ નરકમાં જઈ શકે, માટે પરમ ક્રોધને પરમાધામીને મળતી વખતે સાથે રાખવાનું ભેટણું કહ્યું છે.)

યોગોદ્વહન કરે તેને જ ભણાવાય, એ પ્રસ્તુત વિષયમાં અન્ય પાઠ આ મુજબ છે - ત્રણ પ્રકારના શિષ્યોને ભણાવવું કલ્પે છે - (૧) વિનીત (૨) અવિગઈપ્રતિબદ્ધ (૩)

तथा सिद्धान्तपठनाद्गतेरपि विशेषः सम्पद्यते । यतश्चतुर्दश-पूर्वधरस्य लान्तके जघन्यत उपपात उक्तः, यतः-"लंतंमि चउदपुव्विस्स" इतिवचनात् । अनधीतसिद्धान्ताश्च देवत्वमुपगता अपि शोचन्ति, यदुक्तं **श्रीस्थानाङ्गे**-"तिहिं ठाणेहिं देवा परितप्पेज्जा, तंजहा-अहो ! णं मए संते बले संते वीरिए संते पुरिसक्कारपरिक्कमे खेमंसि सुभिक्खंसि आयरियउवज्झाएहिं विज्जमाणेहिं कल्लसरीरेणं नो बहुए सुए अहीए १। अहो ! णं मए इहलोगपडिबद्धेणं परलोगपरंमुहेणं विसयतिसिएणं नो



ઉપશાંતક્રોધ. (સ્થાનાંગસૂત્ર અધ્ય.૩ સૂત્ર ૨૧૭)

શાસ્ત્રાભ્યાસ કરવાથી ગતિમાં પણ વૈશિષ્ટ્ય પ્રાપ્ત થાય છે. કારણ કે ચૌદપૂર્વીનો જઘન્યથી ઉપપાત લાંતકમાં થાય છે. કારણ કે એવું વચન છે - ચૌદપૂર્વીનો લાંતકમાં (બૃહત્સંગ્રહણી ૧૫૬). અને જેમણે આગમોનો અભ્યાસ નથી કર્યો, તેઓ દેવપણું પામવા છતાં પણ શોક કરે છે. કારણ કે ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે કે, "ત્રણ (કારણરૂપ) સ્થાનોથી દેવ પશ્ચાત્તાપ કરે, તે આ પ્રમાણે - (૧) અહો ! બળ હોવા છતાં, વીર્ય હોવા છતાં, પુરુષાર્થ-પરાક્રમ હોવા છતાં, ક્ષેમ અને સુભિક્ષ હોવા છતાં પણ, આચાર્ય-ઉપાધ્યાય હોવા છતાં પણ, નીરોગી શરીર હોવા છતાં પણ તેનો ઉપયોગ કરીને હું ઘણું શ્રુત ન ભણ્યો. (૨) અહો ! માત્ર આલોકમાં

दीहे सामन्नपरियाए अणुपालिए २ । अहो ! णं मए इड्डिरससायगरुएणं भोगासंसगिद्धेणं नो विसुद्धे चरित्ते फासिए ३ इच्चेहिं तिहिं ठाणेहिं देवा परितप्पेज्जा ॥" अतस्तपोवहन-पूर्वकं गृहीतसिद्धान्तसारा इत्यर्थः । तथा पञ्चभिरीर्याभाषैषणा-दाननिक्षेप-(पारिष्ठापनिका)रूपाभिः समितिभिः सम्यगिता यथोक्तगमनादिकृत्यप्रवृत्ताः । तथा गोपनं गुप्तिः, 'स्त्रियां क्तिन्' आगन्तुककर्मकचवरनिरोध इति हृदयम् । तिसृभिर्मनोवाक्काय-



પ્રતિબદ્ધ પરલોકપરાङ्मुખ વિષયપિપાસુ એવા મેં દીર્ઘ શ્રામણ્યપર્યાય ન પાળ્યો. (૩) અહો ! ઋદ્ધિ-રસ-શાતા ગારવથી યુક્ત, ભોગાશંસાથી ગૃદ્ધ એવા મેં વિશુદ્ધ ચારિત્રનો સ્પર્શ ન કર્યો, આ ત્રણ સ્થાનોથી દેવ પરિતાપ પામે છે. **(સ્થાનાંગસૂત્ર અધ્ય. ૩)**

માટે તપોવહનપૂર્વક = યોગોદ્વહન કરીને જેમણે શાસ્ત્રોના સારનું ગ્રહણ કર્યું છે એવો અહીં અર્થ કર્યો છે.

તથા - જેઓ ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપ-પારિષ્ઠા-પનિકારૂપ **પાંચ સમિતિથી સમ્યક્ ઈત છે** = યથાકથિત ગમનાદિકૃત્યમાં પ્રવૃત્ત છે, તેવા.

તથા ગોપન = ગુપ્તિ, સ્ત્રીલિંગમાં અહીં 'ક્તિન્' પ્રત્યય લાગ્યો છે. ગુપ્તિ એટલે કે આત્મામાં પેસતા કર્મરૂપી કચરાનો નિરોધ કરવો તે. મન-વચન-કાયારૂપ તથા અકુશલનિવૃત્તિ-

रूपाभिर्गुप्तिभिरकुशलनिवृत्तिकुशलप्रवृत्तिरूपाभिर्गुप्ताः, यदुक्तम्- "मणगुत्तिमाइयाओ, गुत्तीओ तिन्नि हुंति नायव्वा । अकुसलनिवित्तिरूवा, कुसलपवित्तिस्सरूवा य ॥१॥" मनो-गुप्त्यादयो मनोगुप्तिवाग्गुप्तिकायगुप्तिलक्षणा गुप्तयस्तिस्रो भवन्ति ज्ञातव्याः, तासां स्वरूपमाह-अकुशलनिवृत्तिरूपा अकुशलानामशोभनानां मनोवचनकायानां निवृत्तिर्निरोधस्तद्रूपाः, कुशलप्रवृत्तिस्वरूपाश्च कुशलानां मनोवचनकायानां प्रवृत्तिर्व्यापारणं तत्स्वरूपास्ता इति । अयमभिप्रायः-इह मनोगुप्तिस्त्रिधा-आर्त-

**સંબોધોપનિષદ્**

કુશલપ્રવૃત્તિરૂપ એવી **ત્રણ ગુપ્તિઓથી જેઓ ગુપ્ત છે** તેવા કારણ કે કહ્યું છે કે- મનોગુપ્તિ વગેરે ત્રણ ગુપ્તિઓ જાણવી, કે જે અકુશલથી નિવૃત્તિરૂપ અને કુશલમાં પ્રવૃત્તિરૂપ છે. ॥૧॥ (**ગાથાસહસ્રી ૩૭૪, ઉપદેશપદ ૬૦૪, પ્રવચનસારોદ્ધાર ૫૯૫, વિચારસાર ૩૧૩**). મનોગુપ્તિ વગેરે = મનોગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિરૂપ ત્રણ ગુપ્તિઓ સમજવી. તેમનું સ્વરૂપ કહે છે - અકુશલનિવૃત્તિરૂપ = અકુશલ-અસુંદર એવા મન-વચન-કાયાની નિવૃત્તિ=નિરોધ, તે રૂપ છે. તથા કુશળ પ્રવૃત્તિરૂપ છે. એટલે કે કુશળ એવા મન-વચન-કાયાની પ્રવૃત્તિ = વ્યાપારણ, તે સ્વરૂપની તે ગુપ્તિઓ છે.

અહીં અભિપ્રાય આવો છે કે - અહીં જિનશાસનમાં ત્રણ પ્રકારે મનોગુપ્તિ કહી છે - (૧) આર્તરૌદ્રધ્યાનાનુબંધી એવી

रौद्रध्यानानुबन्धिकल्पनानिचयवियोगः प्रथमा, शास्त्रानुसारिणी परलोकसाधिका धर्मध्यानानुबन्धिनी माध्यस्थ्यपरिणतिर्द्वितीया, कुशलाकुशलमनोवृत्तिनिरोधेन योगनिरोधावस्थाभाविनी स्वात्मारा-मता तृतीयेति । वाग्गुप्तिर्द्विभेदा-मुखनयनभ्रूविकाराङ्गुल्याच्छोट-नोर्द्धीभावकाशितहुङ्कृतलोष्ठक्षेपणादीनामर्थसूचिकानां चेष्टानां परिहारेणाद्य मया न वक्तव्यमित्यभिग्रहकरणमेका वाग्गुप्तिः ।



કલ્પનાઓના સમૂહના વિયોગ, એટલે કે મનનું દુર્ધ્યાનરહિતપણું એ પહેલી મનોગુપ્તિ છે. (૨) શાસ્ત્રાનુ-સારિણી, પરલોકમાં હિત કરનારી, ધર્મધ્યાનના અનુબંધવાળી માધ્યસ્થ્યની પરિણતિ એ બીજી મનોગુપ્તિ છે. (૩) કુશળ અને અકુશળ એવી મનોવૃત્તિના નિરોધથી યોગનિરોધની અવસ્થાના સમયે થનારી સ્વાત્મારામતા એ ત્રીજા પ્રકારની મનોગુપ્તિ છે.

વચનગુપ્તિ બે પ્રકારની છે - (૧) કોઇ પણ જાતની અર્થ-સૂચક ચેષ્ટાઓ જેમ કે મુખ, નયન, ભમરના વિકારો, ચપટી વગાડવી, આંગળી ઊંચી કરવી, ઉધરસ ખાવી, હુંકારો કરવો, માટીનું ઢેફું ફેંકવું... વગેરેના પરિહારથી આજે મારે ન બોલવું, એવો અભિગ્રહ કરવો તે પહેલા પ્રકારની વચનગુપ્તિ છે.

**પ્રશ્ન** - બોલીએ નહીં એટલે મૌનનું પાલન તો થઇ જ ગયું છે. પછી ઇશારા વગેરેનો પરિહાર શા માટે કરવાનો ?

**ઉત્તર** - કારણ કે જે વ્યક્તિ ચેષ્ટાવિશેષથી પોતાના

चेष्टाविशेषेण हि निजप्रयोजनानि सूचयतो मौनकरणाभिग्रहो निष्फल एवेति । तथा वाचनप्रच्छनपरपृष्टार्थव्याकरणादिषु लोकागमाविरोधेन मुखपोत्तिकाच्छादितमुखकमलस्य भाषमाण-



પ્રયોજનોની સૂચના કરે છે, તેનો મૌન કરવાનો અભિગ્રહ નિષ્ફળ જ છે. બીજી રીતે જોઈએ તો બોલવાનું અને ઈશારાનું ફળ તુલ્ય હોવાથી = બંને દ્વારા સમાન કાર્ય થવાથી, ઈશારો અને વચન બંને સમાનરૂપ જ બને છે. માટે મૌનમાં ઈશારા આદિનો પણ ત્યાગ કરવો જોઈએ.

**પ્રશ્ન** - આ તો તમે યુક્તિથી તમારી વાત સિદ્ધ કરી. પણ દુનિયામાં તો એવું જ મનાય છે કે બોલવું નહીં એનું નામ મૌન. તમે કહેલી વાત શાસ્ત્રમાં આવે છે ખરી ?

**ઉત્તર** - હા, યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞએ કહ્યું છે -

सञ्ज्ञादिपरिहारेण यन्मौनस्यावलम्बनम् ।
वाग्वृत्तेः संवृतिर्वा या, सा वाग्गुप्तिरिहोच्यते ॥

(યો.શા.૧-૪૨)

આ રીતે ઈશારા આદિના ત્યાગપૂર્વકનું મૌન વચનગુપ્તિ કહેવાય, એવું શાસ્ત્રવિહિત પણ છે.

(૨) વાચના, પૃચ્છના, બીજાએ પૂછેલી વસ્તુનો જવાબ આપવો વગેરે ક્રિયામાં મુહપત્તિથી મુખકમળને ઢાંકીને બોલે, તેનું પણ વચનવૃત્તિનું જે નિયંત્રણ તે દ્વિતીય પ્રકારની

स्यापि वाग्वृत्तेर्नियन्त्रणं द्वितीया वाग्गुप्तिः । आभ्यां भेदाभ्यां वाग्गुप्तेः सर्वथा वाग्निरोधः सम्यग्भाषणरूपं च प्रतिपादितं भवति । भाषासमितौ तु सम्यग्वाक्प्रवृत्तिरेवेति वाग्गुप्तिभाषा-समित्योर्भेदः, यदाहुः-"समिओ नियमा गुत्तो, गुत्तो समियत्तणंमि भयणिज्जो । कुसलवयमुदीरंतो, जं वयगुत्तो वि समिओ वि ॥१॥" कायगुप्तिर्द्वेधा-चेष्टानिवृत्तिलक्षणा यथाऽऽगमं चेष्टा-



વચનગુપ્તિ છે.

આ બે ભેદોથી વચનગુપ્તિના બે સ્વરૂપોનું પ્રતિપાદન થાય છે - (૧) સર્વથા વચનનિરોધ (૨) સમ્યક્ભાષણ.

**પ્રશ્ન** - વચનગુપ્તિ અને ભાષાસમિતિમાં શું ભેદ છે ?

**ઉત્તર** - વચનગુપ્તિમાં ઉપરોક્ત બે પ્રકારનો સમાવેશ થાય છે, જ્યારે ભાષાસમિતિમાં તો માત્ર સમ્યક્વચનપ્રવૃત્તિ જ આવે. આ વચનગુપ્તિ અને ભાષાસમિતિનો ભેદ છે. કારણ કે પૂર્વાચાર્યોએ કહ્યું પણ છે કે - જે સમિતિયુક્ત છે, તે અવશ્ય ગુપ્તિયુક્ત છે. પણ જે ગુપ્તિયુક્ત છે, તે સમિતિયુક્ત હોઈ પણ શકે અને ન પણ હોઈ શકે. કારણ કે જે સમ્યક્વચનનું ઉચ્ચારણ કરે છે, તે વચનગુપ્તિથી પણ યુક્ત છે અને ભાષાસમિતિથી પણ યુક્ત છે.

કાયગુપ્તિ બે પ્રકારની છે. (૧) ચેષ્ટાનિવૃત્તિરૂપ (૨)

नियमलक्षणा च । तत्र दिव्यमानुषाद्युपसर्गसद्भावे क्षुत्पिपासादिपरीषहादिसम्भवेऽपि च यत्कायोत्सर्गकरणादिना कायस्य निश्चलताकरणम्, सर्वयोगनिरोधावस्थायां च सर्वथा यत्कायचेष्टानिरोधनं सा प्रथमा कायगुप्तिः । तथा गुरुप्रच्छन-शरीरसंस्तारकभूम्यादिप्रतिलेखनप्रमार्जनादिसमयोक्तक्रियाकलाप-पुरस्सरं शयनादि साधुना विधेयम्, ततः शयनासननिक्षेपादानादिषु स्वच्छन्दचेष्टापरिहारेण नियता या कायचेष्टा सा द्वितीया कायगुप्तिरिति ॥८॥

——————— સંબોધોપનિષદ્ ———————

શાસ્ત્રાનુસારે ચેષ્ટાના નિયંત્રણરૂપ.

તેમાં દિવ્ય, માનુષ વગેરે ઉપસર્ગોની હાજરીમાં કાયચેષ્ટાનો રોધ તે પ્રથમ કાયગુપ્તિ છે. તથા ગુરુને પૃચ્છા કરવી, શરીર-સંથારો-ભૂમિ વગેરેનું પડિલેહણ કરવું, પ્રમાર્જન કરવું, વગેરે શાસ્ત્રકથિત ક્રિયાકલાપપૂર્વક સાધુએ શયન આદિ કરવું જોઈએ. માટે શયન, આસન, નિક્ષેપ, દાન વગેરેમાં સ્વચ્છંદ ચેષ્ટાના પરિહારથી નિયંત્રિત એવી જે કાયચેષ્ટા તે બીજા પ્રકારની કાયગુપ્તિ છે. ॥૮॥

एवंविधगुरुगुणविकलाश्च पार्श्वस्थादयो भवन्ति । तानेवा-वन्द्यत्वेनाह-

**पासत्थो ओसन्नो, होइ कुसीलो तहेव संसत्तो ।**
**अहछंदो वि य एए, अवंदणिज्जा जिणमयंमि[१] ॥९॥**

**व्याख्या**-तत्र 'पार्श्वस्थः' दर्शनादीनां पार्श्वे तिष्ठतीति पार्श्वस्थः, अथवा मिथ्यात्वादयो बन्धहेतवः पाशाः पाशेषु तिष्ठतीति पाशस्थः-"सो पासत्थो दुविहो, सव्वे देसे य होइ णायव्वो । सव्वंमि नाणदंसणचरणाणं जो उ पासंमि ॥१॥

———— સંબોધોપનિષદ્ ————

આવા પ્રકારના ગુરુગુણોથી જેઓ રહિત છે. તેઓ પાર્શ્વસ્થ વગેરે છે. માટે તેમને જ અવંદનીયરૂપે કહે છે -

**પાર્શ્વસ્થ, અવસન્ન કે કુશીલ હોય, તેમ જ સંસક્ત કે યથાછંદ પણ હોય, તેઓ જિનશાસનમાં અવંદનીય છે. ॥૯॥**
**(પ્રવચનસારોદ્ધાર ૧૦૩, રત્નસચ્ચય ૧૦૮, વિચારસાર ૭૩૨)**

તેમાં જે દર્શન-જ્ઞાન-ચારિત્રની પાસે રહે છે - તે ગુણોથી પોતાને ભાવિત કરતો નથી તે **પાર્શ્વસ્થ.** અથવા તો મિથ્યાત્વ વગેરે જે કર્મબંધના કારણો છે, તે **પાશ** = બંધન છે. જે તે બંધનોમાં રહે છે તે **પાશસ્થ** છે. "તે પાર્શ્વસ્થ બે પ્રકારનો જાણવો - (૧) દેશપાર્શ્વસ્થ (૨) સર્વપાર્શ્વસ્થ. તેમાં સર્વપાર્શ્વસ્થ તે છે કે જે જ્ઞાન-દર્શન-ચારિત્રની પાસે રહે છે. ॥૧॥ દેશપાર્શ્વસ્થ તે છે, કે જે નિષ્કારણ જ શય્યાતરપિંડ,

---

१. ख - ०मयंति ।

देसंमि य पासत्थो, सिज्जायरभिहडणिययपिंडं च । णीयं च अग्गपिंडं, भुंजति णिक्कारणेणेव ॥२॥ कुलणिस्साए विहरति, ठवणकुलाणि य अकारणे विसति । संखडिपलोयणाए, गच्छइ तह संथवं कुणइ" ॥३॥ 'अवसन्नः' सामाचार्यासेवने अवसन्नवदवसन्नः-"ओसन्नो वि य दुविहो, सव्वे देसे य तत्थ सव्वंमि । उउबद्धपीढफलगो, ठवियगभोई य णायव्वो ॥१॥"

देशावसन्नस्तु-"आवस्सगसज्झाए, पडिलेहणझाणभिक्ख-

संबोधोपनिषद्

અભ્યાહૃતપિંડ, નિયતપિંડ, નિત્યપિંડ અને અગ્રપિંડ વાપરે છે. ॥૨॥ (પ્રવચન સારોદ્ધાર ૧૦૪-૧૦૫) જે શ્રાદ્ધકુળોમાં જ ભિક્ષાટન કરે છે. નિષ્કારણ સ્થાપના કુળોમાં પ્રવેશ કરે છે. ક્યાં જમણવાર છે ? તે શોધવા જાય છે અને ગૃહસ્થનો પરિચય કરે છે." ॥૩॥

**અવસન્ન** - સામાચારીના આચરણમાં શિથિલ. "અવસન્ન પણ બે પ્રકારનો છે. (૧) સર્વઅવસન્ન (૨) દેશઅવસન્ન. તેમાં સર્વઅવસન્ન તે સમજવો કે જે શેષકાળમાં પાટ-પાટલાનો ઉપયોગ કરે. સ્થાપનાદોષવાળી ગોચરી વાપરે." ॥૧॥

**(પ્રવચનસારોદ્ધાર ૧૦૬)**

દેશઅવસન્નનું લક્ષણ આ મુજબ છે- આવશ્યક = પ્રતિક્રમણમાં, સ્વાધ્યાયમાં, પડિલેહણમાં, ધ્યાનમાં,

भत्तट्ठे आगमणे निग्गमणे, ठाणे य णिसीयणतुयट्टे ॥१॥ आवस्सयादी, ण करे अहवा वि हीणमधियाइं । गुरुवयणबलाइ तधा, भणिओ एसो य ओसन्नो ॥२॥ गोणो जहा वलंतो, भंजइ समिलं तु सोवि एमेव । गुरुवयणं अकरंतो, वलाइ कुणतीव उस्सोढुं ॥३॥" भवति 'कुशीलः' कुत्सितं शीलमस्येति कुशीलः-"तिविहो होइ कुसीलो, नाणे तह दंसणे चरित्ते य । एसो अवंदणिज्जो, पण्णत्तो वीयरागेहिं ॥१॥

— સંબોધોપનિષદ્ —

ભિક્ષાટનમાં, ગોચરી વાપરવામાં, આગમન, નિર્ગમનમાં, ઊભા રહેવામાં, બેસવામાં, આડા પડવામાં...॥૧॥

જે આવશ્યક વગેરેને ન કરે, અથવા તો શાસ્ત્રોક્ત વિધિથી ઓછા કે વધારે કરે, અથવા તો ગુરુના વચનના અભિયોગથી કરે, તે અવસન્ન છે, એવું તીર્થંકરાદિએ કહ્યું છે. ॥૨॥ (પ્રવચનસારોદ્ધાર ૧૦૭,૧૦૮) જેમ વળાંક લેતો બળદ સમિલા(ધૂંસરી)ને ભાંગે છે, તે જ રીતે અવસન્ન પણ ગુરુ વચનનું પાલન નથી કરતો અને વળતી વખતે વળ આપવા વડે જાણે તે ધૂંસરી છોડી દેવા ઈચ્છતો હોય તેવું કરે છે (?) ॥૩॥

જેનું શીલ કુત્સિત = ખરાબ છે, તે **કુશીલ** છે. કુશીલ ત્રણ પ્રકારના છે- (૧) જ્ઞાનમાં (૨) દર્શનમાં (૩) ચારિત્રમાં. તે અવંદનીય છે, એવું વીતરાગોએ કહ્યું છે. ॥૧॥

णाणे णाणायारं, जों उ विराधेति कालमाईयं । दंसणि दंसणयारं, चरणकुसीलो इमो होइ ॥२॥ कोउयभूईकम्मे, पसिणापसिणे णिमित्तमाजीवे । कक्ककुरुए य लक्खण, उवजीवइ विज्जमंतादी ॥३॥ सोभग्गादिणिमित्तं, परेसि न्हवणाइ कोउयं भणितं । जरियादिभूतिदाणं, भूमी(ई) कम्मं विणिद्दिट्ठं ॥४॥ सुविणगविज्जाकथितं, आइंखणिघंटियाइकथितं वा । जं सीसइ अन्नेसिं, पसिणापसिणं हवति एयं ॥५॥ तीतादिभावकधणं, होइ णिमित्तं इमं तु आजीवं । जाइकुल-सिप्पकम्मे,



(ગુરુતત્ત્વવિનિશ્ચય ૩/૮૭, પ્રવચનસારોદ્ધાર ૧૦૯) જ્ઞાન કુશીલ તે છે કે જે 'યોગ્ય કાળે સ્વાધ્યાય કરવો' ઈત્યાદિરૂપ જ્ઞાનાચારની વિરાધના કરે છે. જે દર્શનાચારની વિરાધના કરે, તે દર્શનકુશીલ છે. ચારિત્રકુશીલ આ છે, ॥૨॥ (પ્રવચન-સારોદ્ધાર ૧૧૦) કે જે કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્ન-અપ્રશ્ન, નિમિત્ત, આજીવ, માયા, લક્ષણ, વિદ્યા, મંત્ર વગેરેનું ઉપજીવન કરે. ॥૩॥ કૌતુક = સૌભાગ્યાદિ માટે બીજાનું સ્નાન કરાવવું, ભૂતિકર્મ = જરિકાદિ = તાવ આદિના દર્દીને અભિમન્ત્રિત રાખનું (?) દાન કરવું ॥૪॥ પ્રશ્નાપ્રશ્ન = સ્વપ્નવિદ્યામાં કહેલુ કે આઈંખણિઘંટિકાદિમાં કહેલું જે બીજાને કહેવાય તે. ॥૫॥ (પ્રવચનસારોદ્ધાર ૧૧૧-૧૧૨-૧૧૩) નિમિત્ત = ભૂતકાળ વગેરેના ભાવોને કહેવા તે. આજીવ આ પ્રમાણે છે - (૧)

तवगुणसुत्ताइसत्तविधं ॥६॥ कक्ककुरुगा य माया, णियडी एडं भणंति जं भणितं । थीलक्खणादिलक्खणविज्जामंतादिया पयडा" ॥७॥ 'तथैव संसक्तः' इति, यथा पार्श्वस्था-दयोऽवन्द्यास्तथाऽयमपि संसक्तवत्संसक्तः, तं पार्श्वस्थादिकं तपस्विनं वा आसाद्य सन्निहितदोषगुण इत्यर्थः । आह च- "संसत्तो य इदाणिं, सो पुण गोभत्तलंदए चेव । उव्विट्ठमणुव्विट्ठं, जं किंची बुज्झती सव्वं ॥१॥ एमेव य मूलुत्तरदोसा य गुणा

संबोधोपनिषद्

જાતિ (૨) કુલ (૩) શિલ્પ (૪) કર્મ (૫) તપ (૬) ગુણ (૭) સૂત્ર. વગેરે પર આજીવિકા ચલાવે તે. ॥૬॥ (પ્રવચનસારોદ્ધાર ૧૧૪) કક્કકુરુગ = માયા = નિકૃતિ, માયા વડે જે બીજાને ઠગવું તે કક્કકુરુકા કહેવાય સ્ત્રીલક્ષણાદિ લક્ષણ, વિદ્યા, મંત્ર વગેરે પ્રકટ છે. (પ્રવચનસારોદ્ધાર ૧૧૫) ॥૭॥ **તેમ જ સંસક્ત**, જેમ પાર્શ્વસ્થ વગેરે અવંદનીય છે. તેમ આ પણ અવંદનીય છે તે સંસક્તની જેવો હોવાથી સંસક્ત છે. અર્થાત્ જે પાર્શ્વસ્થ વગેરેને પામીને તેમના સાન્નિધ્યથી તેમાના દોષોને અપનાવે અને તપસ્વી = સુવિહિત સાધુને પામીને તેમના સાન્નિધ્યથી તેમના ગુણોને અપનાવે, તેવા યતિઃ કહ્યું પણ છે કે - હવે સંસક્તનું સ્વરૂપ કહીએ છીએ - ગુણ અને દોષો જેમાં મિશ્ર હોય તે સંસક્ત. ગાય આદિ ને ખાવાના ભાજનમાં એંઠું-જુટ્ઠુ, ચોક્ખુ ખોળ-કપાસ

य जत्तिया केइ। ते तम्मि सन्निहिया, संसत्तो भणणती तम्हा ॥२॥ रायविदूसगमादी, अथवा वि णडो जधा तु बहुरूवो । अथवा वि मेलगोऊ, हलिद्दरागादि बहुवण्णो ॥१॥ एमेव जारिसेणं, सुद्धमसुद्धेण वावि संमिलइ । तारिसओ च्चिय होती, संसत्तो भणणती तम्हा ॥२॥ सो दुविकप्पो भणितो, जिणेहि जितरागदोसमोहेहिं । एगो तु संकिलट्ठो, असंकिलट्ठो तहा अण्णो ॥१॥ पंचासवप्पवत्तो, जो खलु तिहि गारवेहि



વિગેરે જે કંઇ નંખાય અને ગાય તે બધુ ખાઈ જાય ॥૧॥, તેમ સંસક્ત પણ ગુણ-દોષનો વિવેક કર્યા વગર જેટલા પણ મૂલ-ઉત્તર દોષો અને ગુણો હોય, તે તેમાં સન્નિહિત થાય છે, માટે તેને સંસક્ત કહેવાય છે. ॥૨॥

(પ્રવચનસારોદ્ધાર ૧૧૬, ૧૧૭)

જેમ રાજાનો વિદૂષક વગેરે અથવા તો જેમ બહુરૂપી નટ અથવા તો જેમ હળદરના રંગ વગેરે ઘણા વર્ણોવાળું મેળવણ, ॥૧॥ એ જ રીતે શુદ્ધ કે અશુદ્ધ પણ જેવા સાથે મળે, તે તેવો જ થાય છે, માટે તેને સંસક્ત કહેવાય છે. ॥૨॥ રાગ-દ્વેષ-મોહને જીતનારા જિનેશ્વરોએ સંસક્તના બે પ્રકારો કહ્યા છે - (૧) સંક્લિષ્ટ (૨) અસંક્લિષ્ટ ॥૧॥ જે સંસક્ત પંચાશ્રવ (હિંસાદિ) માં પ્રવૃત્ત છે, ત્રણ ગારવ (ઋદ્ધિ-રસ-શાતા)થી જે પ્રતિબદ્ધ છે, જે સ્ત્રી અને ગૃહસ્થ સંબંધી

पड़िबद्धो। इत्थिगिहिसंकिलट्ठो, संसत्तो संकिलट्ठो उ ॥२॥ पासत्थाईएसुं, संविग्गेसुं च जत्थ मिलतीओ । तहि तारिसओ भवती, पियधम्मो अहव इयरो उ ॥३॥" एषोऽसंक्लिष्टः । 'यथाच्छन्दोऽपि च' यथाच्छन्दो यथेच्छयैवागमनिरपेक्षं प्रवर्तते यः स यथाच्छन्दोऽभिधीयते, उक्तं च-"उस्सुत्तमायरंतो, उस्सुत्तं चेव पन्नवेमाणो । एसो उ अहाच्छंदो, इच्छाछंदो त्ति एगट्ठा ॥१॥ उस्सुत्तमणुवदिट्ठं, सच्छंदविगप्पियं अणणुवाति । परतत्ति पवत्तेतिं, ति णेय इणमो अहाछंदो ॥२॥ सच्छंदमतिविगप्पिय,

———————— સંબોધોપનિષદ્ ————————

સંક્લેશોથી યુક્ત છે, તે સંસક્તસંક્લિષ્ટ છે. ॥૨॥ જે સંસક્ત, પાર્શ્વસ્થ વગેરેમાં અને સંવિગ્ન વગેરેમાં જ્યાં મળે, ત્યાં તેમના જેવો થાય અથવા તો જે ધર્મપ્રિય હોય = જેને ધર્મ પ્રત્યે પક્ષપાત હોય તે અસંક્લિષ્ટ છે. ॥૩॥ (પ્રવચનસારોદ્ધાર ૧૧૮, ૧૧૯, ૧૨૦) જે સ્વેચ્છાથી જ આગમ-નિરપેક્ષ પ્રવૃત્તિ કરે, તે **યથાછંદ** કહેવાય છે. કહ્યું છે કે - જે ઉત્સૂત્રનું આચરણ કરે અને ઉત્સૂત્રની જ પ્રજ્ઞાપના કરે, તે યથાછંદ છે. ઈચ્છા અને છંદ - આ બંને સમાનાર્થી શબ્દો છે. ॥૧॥ ઉત્સૂત્ર, અનુપદિષ્ટ (શાસ્ત્રથી અવિહિત), સ્વેચ્છાથી વિકલ્પિત, સુવિહત પંરપરાને નહીં અનુસરતા એવા આચારને જે પરતપ્તિકારક (પારકી પંચાત કરનાર) પ્રવર્તાવે તે યથાછંદ

किंची सुहसायविगतिपडिबद्धो । तिहि गारवेहि मज्जति, तं जाणाही अहाच्छंदं" ॥३॥ 'एते' पार्श्वस्थादयोऽवन्दनीयाः, क्व? जिनमते न तु लोके । इति गाथार्थः ॥९॥

अथ पार्श्वस्थादीन् वन्दमानस्य को दोषः ? इत्युच्यते -

संबोधोपनिषद्

જાણવો. ॥૨॥ (આ સ્થાને પ્રવચનસારોદ્ધારમાં - परतत्तिपवत्ती तिंतिणो य इणमो अहाच्छंदो- એવો પાઠ ઉપલબ્ધ થાય છે. જેનો અર્થ છે - પરપ્રવૃત્તિમાં તત્પર અને અસહનશીલ એ યથાછંદ છે.) જે સ્વચ્છંદમતિથી વિકલ્પિત આચરણ કરે, જે કંઈક સુખ-શાતા-વિગઈઓમાં પ્રતિબદ્ધ હોય, જે ત્રણે ગારવોમાં ગરકાવ થાય, તેને યથાછંદ તરીકે જાણ. ॥૩॥ (પ્ર.સા.૧૨૧,૧૨૨,૧૨૩, ગુરુતત્ત્વવિનિશ્ચય ૩-૯૯, ૧૦૦, ૧૦૧, શ્રાવકધર્મ વિધિ ૨૩,૨૪,૨૫) **આ પાર્શ્વસ્થ વગેરે અવંદનીય છે, ક્યાં ? જિનશાસનમાં,** લોકમાં નહીં. લોક તો વેષાદિ બાહ્યાડંબરને જોઈને વંદન કરતો હોવાથી તેમને વંદન કરે છે. આ પ્રમાણે ગાથાર્થ છે. ॥૯॥

હવે પાર્શ્વસ્થ વગેરેને વંદન કરે, તેને કયો દોષ લાગે ? એ કહેવાય છે -

**पासत्थादी वंदमाणस्स नेव कित्ती न निज्जरा होइ ।**
**जायइ कायकिलेसो, बंधो कम्मस्स आणाई ॥१०॥**[1]

**व्याख्या**-'पार्श्वस्थादीन्' उक्तलक्षणान् 'वन्दमानस्य' नमस्कुर्वतो नैव कीर्तिर्न निर्जरा भवति । तत्र कीर्तिः-अहो !

——— સંબોધોપનિષદ્ ———

**જે પાર્શ્વસ્થ વગેરેને વંદન કરે છે, તેની કીર્તિ નથી જ થતી, નિર્જરા નથી થતી. કાયક્લેશ થાય છે, કર્મબંધ થાય છે. અને આજ્ઞાદિ (દોષો લાગે છે.) ॥૧૦॥** (ગુરુતત્ત્વવિનિશ્ચય ૩-૧૨૧, સન્દેહદોલાવલી ૩૨, ગુરુવંદન ભાષ્ય ૧૪)

જેમના લક્ષણો કહ્યા, **તે પાર્શ્વસ્થ વગેરેને વંદન કરનારને કીર્તિ નથી જ** થતી. **નિર્જરા** પણ **નથી થતી.** તેમાં 'અહો !

---

१. घ-प्रतौ-इत्यधिकम्- जह(जे)बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं ।
ते हुंति टुंटमुंटा, बोहि सुदुल्लहा तेसिं ॥
(आवश्यकनिर्युक्तौ ११०९)
सप्पो इक्कं मरणं, कुगुरु अणंताइं दिंति मरणाईं ।
ता वरं सप्पं गहियं, मा कुगुरुसेवणं भद्द ! ॥
दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहियो, दंसणरहिआ न सिज्झंति ॥
तित्थयरसम्मसूरी, सम्मं जो जिणमयं पयासेई ।
आणाइ-अइक्कंतो, सो कापुरिसो न सप्पुरिसो ॥

अयं पुण्यभाक्, इत्येवंलक्षणा, सा न भवति, अपि त्वकीर्ति-र्भवति-नूनमयमप्येवंस्वरूपो येनैषां वन्दनं करोति । तथा निर्जरणं निर्जरा कर्मक्षयलक्षणा, सा न भवति, तीर्थकराज्ञाविराधनद्वारेण निर्गुणत्वात्तेषामिति । चीयत इति कायः देहस्तस्य क्लेश अवनामादिलक्षणः कायक्लेशः, स 'जायते' उत्पद्यते, वन्दनस्य तदविनाभूतत्वात् । तथा क्रियते इति कर्म ज्ञानावरणीयादिलक्षणं तस्य, 'बन्धः' विशिष्टरचनया आत्मनि स्थापनम्, तेन वा

संबोधोपनिषद्

આ પુણ્યશાળી છે' આવા લક્ષણવાળી કીર્તિ નથી થતી. ઉલ્ટુ અપયશ થાય છે કે, "નક્કી આ પણ તેમના જેવો જ હશે, કે જેથી એ તેમને વંદન કરે છે."

તથા નિર્જરણ = **નિર્જરા** = કર્મક્ષય. તે પણ નથી થતી. કારણ કે તે જેમને વંદન કરે છે, તેઓ તીર્થંકરની આજ્ઞાના વિરાધક હોવાથી નિર્ગુણ છે. અને નિર્જરા તો ગુણવાન આત્માઓને વંદન કરવાથી જ થાય છે.

જે ઉપચિત થાય તે કાય = દેહ, તેનો ક્લેશ = નીચે નમવા વગેરે રૂપ કષ્ટ = **કાયક્લેશ**, તે **થાય છે**. કારણ કે તથાવિધ કાયક્લેશ વિના વંદન જ ન થઈ શકે.

જેને કરાય છે તે **કર્મ** જ્ઞાનાવરણીયાદિરૂપ. તેનો **બંધ** = વિશિષ્ટ રચનાથી આત્મામાં તેને સ્થાપિત કરવું. અથવા તો તેનાથી આત્માનો **બંધ** = સ્વસ્વરૂપને આવૃત કરવારૂપ

आत्मनो बन्धः स्वस्वरूपतिरस्करण-लक्षणः कर्मबन्धः स जायते । तथा 'आणाई' इति आज्ञाभङ्गा-दींश्च दोषानवाप्नुते । कथम् ? भगवत्प्रतिक्रुष्टवन्दने आज्ञाभङ्गः, तं दृष्ट्वाऽन्येऽपि वन्दन्ते इत्यनवस्था, तान् वन्दमानान् दृष्ट्वाऽन्येषां मिथ्यात्वम्, कायक्लेशतो देवताभ्यो वाऽऽत्म-विराधना, तद्वन्दनेन तत्कृतासंयमानुमोदनात्संयमविराधना । इति गाथार्थः ॥१०॥

——— સંબોધોપનિષદ્ ———

તિરસ્કરણ. તે કર્મબંધ થાય છે. તથા **આજ્ઞાદિ** = આજ્ઞાભંગાદિ દોષોને પામે છે. આ દોષો શી રીતે લાગે ? તે કહે છે - ભગવાને જેનો વંદનીય તરીકે નિષેધ કર્યો છે, તેને વંદન કરવાથી આજ્ઞાભંગ દોષ. તેને વંદન કરતા જોઈને બીજા પણ જીવો પાર્શ્વસ્થ વગેરેને વંદન કરે, માટે અનવસ્થા દોષ. આટલા જીવો શિથિલાચારીને વંદન કરે એ જોઈને જોનારાઓ મિથ્યાત્વ પામે, કે 'આવા શિથિલાચારની જ પ્રરૂપણા તેમના ભગવાને કરી હશે. અન્યથા આવા આચારવાળો વંદનીય શી રીતે થઈ શકે ?' વંદન કરતાં કાયક્લેશ થાય અથવા તો કોઈ દેવતા ઉપસર્ગાદિ કરે, તેનાથી આત્મવિરાધના થાય. અને પાર્શ્વસ્થાદિને વંદન કરવાથી તેના વડે કરાતા અસંયમની અનુમોદના કરવાનું પાપ લાગે, માટે સંયમવિરાધનાનો દોષ લાગે આ મુજબ ગાથાર્થ છે. ॥૧૦॥

पार्श्वस्थादिश्च निश्शूकतया सारम्भ एव भवति, अतः स भावसारं गुणवद्वन्दनामास्वादयन् स्वस्य तथा निष्कारणं नमस्कुर्वतामपरेषां च यत्फलं जनयति तद्दृष्टान्तद्वारेणाह-

**जह लोहसिला अप्पंपि बोलए तह विलग्गपुरिसंपि ।**
**इय सारंभो य गुरू, परमप्पाणंपि बोलेइ ॥११॥**

**व्याख्या** - 'यथा' इति औपम्ये, 'लोहशिला' अयःशिला आत्मानमपि समुद्रान्तर्ब्रोडयति तथा 'विलग्नपुरुषमपि' तदारूढनरमपि ब्रोडयति । अत्र पाषाणमय्यपि शिला गुरुत्वात्

संबोधोपनिषद्

પાર્શ્વસ્થ વગેરે તો નિઃશૂક હોવાથી આરંભસહિત જ હોય છે. માટે તેઓ ભક્તિભાવથી ગુણવાન વ્યક્તિ દ્વારા કરાતા વંદનનો આસ્વાદ લેતા એવા પોતાને અને વંદન કરતા એવા બીજાને જે ફળ આપે છે, તે દૃષ્ટાંત દ્વારા કહે છે -

**જેમ લોહશિલા પોતાને તથા પોતાને વળગેલા પુરુષને પણ ડુબાડે છે. તેમ સારંભ ગુરુ પણ બીજાને અને પોતાને ડુબાડે છે. ॥૧॥** (સમ્બોધપ્રકરણ ૩૩૬)

**યથા** - શબ્દ ઉપમા અર્થમાં છે. **જેમ લોહશિલા** = લોખંડની શિલા પોતાને પણ સમુદ્રની અંદર ડુબાડે છે, તથા **પોતાને વળગેલા** = પોતાના પર આરુઢ થયેલા **પુરુષને પણ ડુબાડે છે.** અહીં પાષાણમય એવી પણ શિલા વજનદાર

स्वपरब्रोडने समर्था, तत्स्वभावत्वात्, यदुक्तम्-"ये मज्जन्ति निमज्जयन्ति च परांस्ते प्रस्तरा दुस्तरे, वार्धौ वीर ! तरन्ति वानरभटान्, सन्तारयन्तेऽपि च । नैते ग्रावगुणा न वारिधिगुणा नो वानराणां गुणाः, श्रीमद्दाशरथेः प्रतापमहिमा, सोऽयं समुज्जृम्भते ॥१॥" किं पुनर्लोहशिला, अस्यास्ततोऽपि गुरुतरत्वात् । 'एवं' अमुना प्रकारेण 'सारम्भः' पृथिव्याद्युपमर्दकरः, चशब्दाद् ब्रह्मचर्यपरिभ्रष्टो गुरुः 'परं' वन्दितारं आत्मानमपि 'ब्रोडयति' संसारसागरान्तर्निमज्जयति, यदुक्तं



હોવાથી, પોતાને અને બીજાને ડુબાડવા સમર્થ છે, કારણ કે તેવો તેનો સ્વભાવ છે. જેમ કે કહ્યું છે- હે વીર ! જેઓ પોતે ડુબે છે અને બીજાને પણ ડુબાડે છે, તેવા પથ્થરો દુસ્તર દરિયામાં પોતે તરે છે, અને વાનરોને પણ તારે છે. તેમાં પથ્થરના ગુણો નથી, દરિયાના ગુણો નથી અને વાનરોના પણ ગુણો નથી. આ તો શ્રીરામના પ્રતાપનો મહિમા પ્રગટ થાય છે. તો પછી લોખંડની શિલાની તો શું વાત કરવી, કારણ કે એ તો પાષાણમય શિલા કરતા પણ વધુ વજનદાર હોય છે.

**આ રીતે સારંભ** = પૃથ્વીકાયાદિ જીવોને ઉપમર્દ કરનાર, 'ચ'શબ્દથી બ્રહ્મચર્યથી પરિભ્રષ્ટ એવા ગુરુ, **પોતાને વંદન કરનારા જીવને તથા પોતાને પણ** સંસાર સાગરમાં ડુબાડે છે.

**श्रीआवश्यकनिर्युक्तौ**-"जे बंभचेरभट्ठा, पाए उड्डुंति बंभचारीणं। ते होंति कुंटमंटा, बोही य सुदुल्लहा तेसिं ॥१॥" ये पार्श्वस्थादयो भ्रष्टब्रह्मचर्या अपगतब्रह्मचर्या इत्यर्थः । 'पादे उड्डुंति बंभचारीणं' पादा-वभिमानतो व्यवस्थापयन्ति ब्रह्मचारिणां वन्दमानानामिति तद्वन्दननिषेधं न कुर्वन्तीत्यर्थः । ते तदुपात्तकर्मजं नारकत्वादि-लक्षणं विपाकमासाद्य यदा कथंचित्कृच्छ्रेण मानुषत्वमासादयन्ति तदाऽपि भवन्ति कौण्टमण्टाः, बोधिश्च जिनशासनावबोधलक्षणा सकल-दुःखविरेकभूता सुदुर्लभा तेषाम्, सकृत्प्राप्तौ सत्यामप्यनन्त-

संबोधोपनिषद्

કારણ કે શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે - જેઓ સ્વયં બ્રહ્મચર્યથી ભ્રષ્ટ છે અને પોતાને વંદન કરતાં બ્રહ્મચારીઓની આગળ ગર્વથી પગ ધરે છે, તેઓ લૂલા-લંગડા થાય છે. અને તેમને બોધિ અત્યંત દુર્લભ થાય છે. ॥૧॥ (આ.નિ. ૧૧૦૯) જે = પાર્શ્વસ્થ વગેરે, ભ્રષ્ટ બ્રહ્મચર્ય = જેમનું બ્રહ્મચર્ય વ્રત ખંડિત થયું છે તેવાં, વંદન કરતા બ્રહ્મચારીઓની આગળ અભિમાનથી પોતાના પગોને વ્યવસ્થાપિત કરે છે. એટલે કે 'મને વન્દન ન કરો' એમ પોતાને વંદન કરવાનો નિષેધ તેમને કરતા નથી. તેઓ તેનાથી ઉપાર્જિત કર્મથી નારકપણું વગેરે ફળ પામીને જ્યારે કોઈ રીતે મનુષ્યપણું પામે છે, ત્યારે પણ તેઓ લૂલા-લંગડા = વિકલાંગ થાય છે. અને જે સર્વ દુઃખોને દૂર કરનારી છે એવી જિનશાસનના અવબોધરૂપી બોધિ તેમને ખૂબ દુર્લભ થાય છે. કારણ કે એક વાર બોધિ પામ્યા પછી

संसारित्वादिति । तथा-"सुट्ठुतरं नासंती, अप्पाणं जे चरित्त-पब्भट्ठा । गुरुजण वंदाविंती, सुस्समण जहुत्तकारिं च ॥१॥" 'सुट्ठुतरं' इति, सुतरां नाशयन्त्यात्मानं सन्मार्गात्, के ? ये चारित्रात् प्राग्निरूपितशब्दार्थात् प्रकर्षेण भ्रष्टा अपेताः सन्तः गुरुजनं गुणस्थसाधुवर्गं वन्दयन्ति कृतिकर्म कारयन्ति । किंभूतं गुरुजनम् ? शोभनाः श्रमणा यस्मिन् स सुश्रमणस्तम् । अनुस्वारलोपोऽत्र द्रष्टव्यः । तथा यथोक्तं क्रियाकलापं कर्तुं शीलमस्येति यथोक्तकारी, तं यथोक्तकारिणं चेति । एवं



પણ તેઓ અનંતકાળ સુધી સંસારમાં ભટકે છે.

તથા - ચારિત્રપ્રભ્રષ્ટ જે જીવો યથોક્તકારી સુશ્રમણ એવા ગુરુજનને વંદન કરાવે છે, તેઓ પોતાના આત્માને અત્યંત નષ્ટ કરી દે છે. ॥૧॥ (ગુરુતત્ત્વવિનિશ્ચય ૩-૧૨૩) સુષ્ઠુતર = સુતરાં પોતાના આત્માને સન્માર્ગથી નષ્ટ = ચ્યુત કરી દે છે. કે જેઓ પૂર્વે જેનો શબ્દાર્થ કહ્યો છે, તેવા ચારિત્રથી અત્યંત ભ્રષ્ટ છે, અને ગુરુજન = ગુણસ્થ = ગુણોમાં સુસ્થિત એવા સાધુવર્ગને વંદન કરાવે છે. કેવા ગુરુજનોને ? તે કહે છે - જેઓમાં સુંદર (સારા) શ્રમણો છે તેવા = **સુશ્રમણ.** આ સ્થાને ગાથામાં અનુસ્વારલોપ થયો છે. એમ સમજવું. તથા યથોક્ત શાસ્ત્રકથિત ક્રિયાકલાપ કરવાનો જેમનો સ્વભાવ છે, તેવા.

वन्दकवन्द्यदोषसम्भवात्पार्श्वस्थादयो न वन्दनीयाः, तथा गुणवन्तोऽपि ये तैः सार्धं संसर्गं कुर्वन्ति तेऽपि न वन्दनीया इति, ग्रन्थान्तराद्दर्श्यते-"असुइट्ठाणे पडिया, चंपगमाला न कीरई सीसे । पासत्थाईठाणेसु वट्टमाणा तह अपुज्जा ॥१॥" यथा अशुचिस्थाने विट्प्रधानस्थाने पतिता चम्पकमाला स्वरूपतः शोभनाऽपि सती अशुचिस्थानसंसर्गान्न क्रियते शिरसि, पार्श्वस्थादिस्थानेषु वर्तमानाः साधवस्तथा अपूज्या अवन्दनीयाः। पार्श्वस्थादीनां स्थानानि वसतिनिर्गमभूम्यादीनि परिगृह्यन्ते । अन्ये तु शय्यातरपिण्डाद्युपभोगलक्षणानि व्याचक्षते, यत्संसर्गा-

संबोधोपनिषद्

આ રીતે વંદનકર્તા અને વંદનીય બંને દોષપાત્ર થાય છે, માટે પાર્શ્વસ્થાને વંદન ન કરવા. તથા જેઓ સ્વયં ગુણવાન છે, પણ તેમની સાથે સંસર્ગ કરે છે, તેમને પણ વંદન ન કરવા.

બીજા ગ્રંથથી પ્રસ્તુત પદાર્થનું દર્શન કરાવાય છે - જેમ અશુચિસ્થાનમાં પડેલી ચંપક ફૂલની માળા માથે પહેરાતી નથી. તેમ પાર્શ્વસ્થાદિ સ્થાનોમાં વર્તતા સાધુઓ અપૂજનીય છે. (ગુરુતત્ત્વવિનશ્ચય ૩-૧૨૬) પાર્શ્વસ્થાદિના સ્થાનો = વસતિ, સ્થંડિલભૂમિ વગેરે. અન્ય આચાર્યો તો શય્યાતરપિંડ વગેરેનો ઉપભોગ વગેરે સ્વરૂપ પાર્શ્વસ્થાદિ સ્થાનો કહે છે, કે જેના સંસર્ગથી પાર્શ્વસ્થપણુ વગેરે પ્રાપ્ત થાય છે. પણ આ સ્થાનો

त्पार्श्वस्थादयो भवन्ति, न चैतानि सुष्ठु घटन्ते, तेषामपि तद्-भावापत्तेः, चम्पकमालोदाहरणोपनयस्य च सम्यगघटमान-त्वादिति । अत्र कथानकम् -

एको चंपकप्पिओ कुमारो चंपकमालाए सिरे कयाए आसगओ वच्चति । आसेण उद्धूतस्स सा चंपगमाला अमेज्झे पडिता । गिण्हामि त्ति अमेज्झं दट्ठूण मुक्का । सो चंपएहि विणा धितिं न लभति, तहावि ट्ठाणदोसेण मुक्का । एवं चंपगमालाथाणीया साहू, अमेज्झथाणीया पासत्थादओ । जो

——— સંબોધોપનિષદ્ ———

બરાબર ઘટતા નથી, કારણ કે આ રીતે માનતા તો જેઓ પાર્શ્વસ્થાદિ સ્થાનોમાં વર્તમાન છે = રહેલા છે, તેઓ પણ પાર્શ્વસ્થ બની જવાની આપત્તિ આવે. કારણ કે જેઓ શય્યાતરપિંડ ઉપભોગ વગેરે કરે તેઓ તો પાર્શ્વસ્થ જ થઇ જવાની આપત્તિ આવે. તથા ચંપકમાળાના ઉદા-હરણનો ઉપનય સમ્યક્ ઘટે નહીં. આ ઉદાહરણના સંબંધમાં આ કથાનક છે - એક કુમારને ચંપકના ફૂલ પ્રિય હતા. તે માથે ચંપકમાળા પહેરીને ઘોડા પર બેસીને જાય છે. ઘોડાના આંચકાથી કુમાર ઉછળ્યો અને તે ચંપકમાળા અશુચિમાં પડી 'હું તેને લઇ લઉં' એમ વિચાર્યું, પણ અશુચિને જોઈને છોડી દીધી. આમ તો તેને ચંપકના ફૂલ વિના ગમતું નથી, તો પણ તે સ્થાનના દોષથી છોડી દીધી. આ રીતે સાધુઓ ચંપકમાળાના સ્થાને છે. અને પાર્શ્વસ્થ વગેરે અશુચિના સ્થાને

विसुद्धो तेहिं समं मिलति संवसति वा सोवि परिहरणिज्जो ॥

अधिकृतार्थप्रसाधनायैव दृष्टान्तान्तरमाह-"पक्कणकुले वसंतो, सउणीपारोवि गरहिओ होइ । इय गरहिया सुविहिया, मज्झे वसंता कुसीलाणं ॥१॥" पक्कणकुलं-गर्हितकुलं तस्मिन्कुले वसन् सन्, पारं गतवानिति पारगः, शकुन्याः पारगः शकुनीपारगः, असावपि गर्हितो भवति निन्द्यो भवति।

—————— સંબોધોપનિષદ્ ——————

છે. જે વિશુદ્ધ સાધુ પણ તેમની સાથે મળે કે તેમની સાથે રહે, તેનો ય પરિહાર કરવો જોઈએ.

પ્રસ્તુતમાં જે ઉપનય છે, તે દ્વિતીય વ્યાખ્યામાં ન ઘટે કારણ કે તેમાં તો ચંપકમાળા તરીકે પાર્શ્વસ્થો જ લેવા પડે. અશુચિસ્થાન તરીકે શય્યાતરપિંડ - ઉપભોગ વગેરે દોષો લેવા પડે. માટે દુઃશીલના સંસર્ગથી સુશીલ પણ અપૂજનીય બને, એવું ઉપનયનું તાત્પર્ય ઘટે નહીં.

આ જ અર્થની સિદ્ધિ માટે બીજું દૃષ્ટાંત આપે છે - જે ગર્હિત કુળમાં વસે છે, તેવો શકુની-પારગામી પણ ગર્હિત બને છે. આ જ રીતે કુશીલોની વચ્ચે વસતા સુવિહિતો ગર્હિત છે. (ગુરુતત્ત્વવિનશ્ચય ૧-૧૧૨, ૩-૧૨૭, સંબોધ પ્રકરણ ૩૫૮) **પક્કણકુલ** = ગર્હિતકુળ. તેવા કુળમાં રહેનાર શકુનીનો પારગામી પણ **ગર્હિત** = નિંદનીય થાય છે. **શકુની** = ૧૪ વિદ્યાસ્થાનો. જે આ મુજબ છે - અંગો, ચાર વેદો, મીમાંસા,

शकुनीशब्देन चतुर्दशविद्यास्थानानि परिगृह्यन्ते-"अङ्गानि चतुरो वेदाः, मीमांसा न्यायविस्तरः । पुराणं धर्मशास्त्रं च, स्थानान्याहुश्चतुर्दश ॥१॥" तत्राङ्गानि षट्, तद्यथा-"शिक्षा कल्पो व्याकरणं छन्दोज्योतिर्निरुक्तयः ।" इति । 'इय' एवं गर्हिताः सुविहिताः साधवो मध्ये वसन्तः कुशीलानां पार्श्वस्थादीनाम् । अत्र कथानकम् -

एगस्स धिज्जातियस्य पंच पुत्ता सउणीपारगा । तत्थेगो मरुगो एगाए दासीए संपलग्गो । सा मज्जं पिबति, इमो न पिबति । तीए भण्णइ जइ तुमं पिबसि तो णे सोभणा रती होज्जा, इतरधा विसरिसो संजोगु त्ति । एवं सो बहुसो भणंतीए

संबोधोपनिषद्

ન્યાયવિસ્તર, પુરાણ અને ધર્મશાસ્ત્ર આ ચૌદ સ્થાનો છે. (નારાયણપૂર્વતાપિનીયોપ-નિષદ્ ૫-૪) તેમાં છ અંગો આ મુજબ છે - શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ તથા નિરુક્તિ.

આ રીતે કુશીલ = પાર્શ્વસ્થોની વચ્ચે વસતા સુવિહિત સાધુઓ પણ નિંદિત બને છે. અહીં કથાનક આ મુજબ છે- એક બ્રાહ્મણના પાંચ પુત્રો શકુનીના પારગામી હતા. તેમાંથી એક બ્રાહ્મણ એક દાસીમાં આસક્ત થયો. તે દાસી મદિરાપાન કરતી હતી. તે બ્રાહ્મણપુત્ર મદિરા પીતો ન હતો. દાસીએ કહ્યું કે જો તું પીવે, તો આપણો પ્રેમ સારો થાય, નહીં તો આપણો અનનુરૂપ સંયોગ છે. આ રીતે તે દાસીએ અનેકવાર

पाइतो सो । पढमं पच्छण्णं पिबति । पच्छा पायडंपि पिबितुमाढत्तो । पच्छा अइपसंगेण मंसासी जातो । पक्कणेहि सह लोढ्ढेतुमाढत्तो । तेहिं चेव सह पिबति खाति संवसति य । पच्छा सो पितुणा सयणेण य सव्वबज्झो अप्पवेसो कओ । अण्णता सो पडिलग्गो, बितिओ से भाया सिणेहेण तं कुडिं पविसितूण पुच्छति, देति य से किंचि । सो पितुणा उवलभितूण णिच्छूढो । ततिओ बाहिरपाडए ठितो पुच्छति



કહેવા દ્વારા તે બ્રાહ્મણપુત્રને મદિરા પીવડાવી. તે પહેલા ગુપ્ત રીતે પીતો હતો, પછી પ્રગટ પણ પીવા લાગ્યો. પછી તો અતિપ્રસંગથી માંસભક્ષી થયો અને ગર્હિતોની સાથે નિવાસ (?) કરવા લાગ્યો. તે તેમની જ સાથે પીવે છે, ખાય છે અને રહે છે. પછી તેના પિતાએ અને સ્વજને તેને સર્વબાહ્ય કર્યો, સમાજાદિમાંથી બહિષ્કૃત કર્યો અને તેને ઘર વગેરેમાં પ્રવેશવા માટે અનધિકારી ઠેરવ્યો.

અન્ય સમયે તે સ્વજનો પ્રત્યે અભિમુખ થયો. તેનો બીજો ભાઈ પ્રેમથી તેની ઝૂંપડીમાં જઈને તેને કુશળ પૂછે છે અને તેને કાંઈક (આહારાદિ) આપે છે. તેના પિતાએ તેનું સ્વરૂપ જાણ્યું અને તેને પણ કાઢી મુક્યો. ત્રીજો પુત્ર બહારની પોળમાં ઊભો રહીને તેને કુશળ સમાચાર પૂછે છે. અને તેને કાંઈક (આહારાદિ) આપે છે. પિતાએ તેને પણ કાઢી મુક્યો.

विसज्जेति य से किंचि, सोवि णिच्छूढो । चउत्थो परंपरएण दवावेति, सोवि णिच्छूढो । पंचमो गंधंपि ण इच्छति । तेण मरुगेण करणं चडिऊण सव्वस्स घरस्स सो सामी कतो । इतरे चत्तारि वि बाहिरा कता, लोगगरहिता य जाता ॥

एस दिट्ठंतो, उवणओ से इमो, जारिसा पक्कणा तारिसा पासत्थादी । जारिसो धिज्जातिओ तारिसो आयरिओ । जारिसा पुत्ता तारिसा साहू । जधा ते णिच्छूढा एवं णिच्छुज्झंति कुसीलसंसग्गिं करिंता, गरहिता य पवयणे भवंति । जो पुण परिहरइ सो पुज्जो, सातीअपज्जवसतिं च णेव्वाणं पावति ।

संબોધોપનિષદ્

ચોથો પુત્ર પરંપરાથી આપે છે, તેને પણ કાઢી મુક્યો. પાંચમો તેની ગંધ પણ ઈચ્છતો નથી. તે બ્રાહ્મણે ન્યાયાલયમાં જઈને તેને આખા ઘરનો માલિક કર્યો. બાકીના ચારેને બહિષ્કૃત કર્યા અને તેઓ લોકગર્હિત થયાં.

આ દૃષ્ટાંત છે, તેનો ઉપનય આ પ્રમાણે છે - જેવા ગર્હિત લોકો છે, તેવા પાર્શ્વસ્થ વગેરે છે. જેવો બ્રાહ્મણ છે, તેવા આચાર્ય ભગવંત છે. જેવા પુત્રો છે, તેવા સાધુઓ છે. જેમ તે પુત્રોને કાઢી મુક્યા, તેમ કુશીલોનો સંસર્ગ કરતા સાધુઓને કાઢી મુકાય છે અને તેઓ જિનશાસનમાં ગર્હિત બને છે. જે કુશીલોનો પરિત્યાગ કરે છે, તે પૂજ્ય બને છે અને તે સાદિ અનંત એવા નિર્વાણપદને પામે છે. તથા જેઓ

एवं संसग्गीविणासिया कुसीलेहिं । उक्तं च - "जो जारिसेण मित्तिं, करेति अचिरेण तारिसो होइ । कुसुमेहिं सह वसंता, तिलावि तग्गंधिया होंति ॥१॥" ॥११॥

पुनस्तेषामेव वन्दनादिनिषेधं सहेतुकं दर्शयन्नाह-

**किइकम्मं च पसंसा, सुहसीलजणम्मि कम्मबंधाय ।**
**जे जे पमायठाणा, ते ते उववूहिया हुंति ॥१२॥**

**व्याख्या**-सुखशीलः शातालम्पटो यो जनः पार्श्वस्थादि-लोकस्तस्मिन्, 'कृतिकर्म' वन्दनकर्म, 'डुकृञ् करणे' अस्य

संबोधोपनिषद्

કુશીલોનો સંસર્ગ કરે છે, તેઓ વિનાશ પામે છે. કહ્યું પણ છે કે, જે જેવા સાથે મૈત્રી કરે, તે જલ્દીથી તેના જેવો થાય છે. પુષ્પોની સાથે રહેતા તલ પણ તેના જેવી ગંધવાળા થાય છે. ॥૧॥ (સંબોધ પ્રકરણ ૪૩૯, પંચવસ્તુક ૭૩૧) ॥૧૧॥

ફરીથી પાર્શ્વસ્થાદિને વંદન ન કરવું જોઈએ તે કારણ સહિત દર્શાવતા કહે છે -

**સુખશીલજનને વંદન તથા તેની પ્રશંસા કર્મબંધ માટે થાય છે. (કારણ કે તેનાથી) જે જે પ્રમાદસ્થાનો છે, તે તે ઉપબૃંહિત થાય છે. ॥૧૨॥** (સંબોધ પ્રકરણ ૫૦૧)

**સુખશીલ** = શાતા લંપટ એવો જે **જન** = પાર્શ્વસ્થાદિ વ્યક્તિ, તેના વિષયમાં કરેલું **વંદનકર્મ**, 'डुकृञ्' આ રીતે

क्तिन्प्रत्ययान्तस्य करणं कृतिः, अवनामादिकरणमित्यर्थः, क्रियतेऽसाविति वा कृतिः-मोक्षायाऽवनामादिचेष्टैव, सैव कर्म तस्या वा कर्म, अनेकार्थश्चायं क्वचित् कारकवाचकः, 'कर्तुरीप्सिततमं कर्म' इतिवचनात्, क्वचिद् ज्ञानावरणीयादि-वाचकः 'कृत्स्नकर्मक्षयान्मोक्षः' इतिवचनात्, क्वचित् क्रिया-वाचकः 'गन्धर्वा रञ्जिताः सर्वे सङ्ग्रामे भीमकर्मणा इतिवचनात्, इह क्रियावचनः परिगृह्यते, ततश्च कृतिकर्म इति।

——————— સંબોધોપનિષદ્ ———————

ધાતુપાઠમાં આપેલા 'કૃ' ધાતુમાં 'ક્તિન્' પ્રત્યય લગાડતા 'કૃતિ' શબ્દ બને છે. પ્રસ્તુતમાં કૃતિ = નીચે નમવું વગેરે ક્રિયા કરવી. અથવા તો જે કરાય છે, તે કૃતિ = મોક્ષ માટે નીચે નમવું વગેરે ચેષ્ટા. તે જ કર્મ = કૃતિ એજ કર્મ. અથવા તો તેનું કર્મ = કૃતિનું કર્મ. આ 'કર્મ' શબ્દ અનેક અર્થવાળો છે. ક્વચિત્ કારકવાચક છે. કારણ કે એવું વચન છે કે - જે કર્તાનું ઇષ્ટતમ હોય તે કર્મ છે. (પાણિની ૧-૪-૪૯) ક્વચિત્ જ્ઞાનાવરણીયાદિ વાચક છે. કારણ કે એવું વચન છે કે - સર્વ કર્મોના ક્ષયથી મોક્ષ થાય છે. (તત્ત્વાર્થસૂત્રે ૧૦-૧) ક્વચિત્ ક્રિયાવાચક છે, કારણ કે એવું વચન પણ મળે છે - ભયંકર ક્રિયાવાળા તેણે સંગ્રામમાં સર્વ ગંધર્વોને રંજિત કર્યા. પ્રસ્તુતમાં કર્મ = ક્રિયા એવો અર્થ લેવાય છે. આ રીતે કૃતિકર્મ એવા મૂલસ્થ શબ્દની વ્યાખ્યા કરી. અહીં

इह च पुनः क्रियाभिधानं विशिष्टावनामादिक्रियाप्रतिपादनार्थमदुष्टमेवेति । तथा 'प्रशंसा च' बहुश्रुतो विनीतो वाऽयमित्यादिलक्षणा 'कर्मबन्धाय' ज्ञानावरणीयाद्यष्टविधकर्मविशिष्टरचनायै, कथम्? यतस्ते पूज्या एव वयमिति निरपेक्षतरा भवन्ति । पुनस्तेषां कृतकर्मप्रशंसाकरणे यो दोषपोषः स्यात्तमाह, यद्वा कर्मबन्धस्यैव कारणमाह-'जे जे पमायठाणा' इति,

संबोधोपनिषद्

ફરીથી ક્રિયાનો ઉલ્લેખ કર્યો છે, તે વિશિષ્ટ નીચે નમવા આદિ ક્રિયાનું પ્રતિપાદન કરવા માટે છે, માટે તે નિર્દોષ જ છે. **તથા પ્રશંસા** કે 'આ બહુશ્રુત કે વિનીત છે,' વગેરે. તે **કર્મબંધ** = જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મની વિશિષ્ટ રચના, **તેના માટે થાય છે** = કર્મબંધનું કારણ થાય છે. કારણ કે તેનાથી તે સુખશીલજન 'અમે પૂજ્ય જ છીએ' એમ માનીને વધુ નિરપેક્ષ થાય છે = સંયમાદિ પ્રત્યે સાપેક્ષભાવ રાખતા નથી.

વળી તેમને વંદન કરવામાં તથા તેમની પ્રશંસા કરવામાં બીજા જે દોષનો પોષ થાય છે, તે કહે છે, અથવા તો કર્મબંધનું જ કારણ કહે છે - **જે જે પ્રમાદસ્થાનો** છે, અહીં પ્રાકૃત હોવાથી પુરુષત્વ નિર્દેશ છે=સ્થાન શબ્દ નપુંસકલિંગનો હોવા છતાં પણ અહીં 'ठाणा' એમ પુંલિંગમાં નિર્દેશ કર્યો છે. કારણ કે એવું અનુશાસન છે કે - लिङ्गं व्यभिचार्यपि પ્રાકૃતમાં લિંગ વ્યભિચારી પણ થાય છે = શબ્દ જે લિંગમાં

प्राकृतत्वात्पुंस्त्वनिर्देशः, यानि यानि तेषां पार्श्वस्थादीनां प्रमादस्थानानि येषु विषीदन्ति पार्श्वस्थादयः, तानि तानि 'उपबृंहितानि भवन्ति' समर्थितानि भवन्ति-अनुमतानि भवन्ति, तत्प्रशंसने तेषां प्रमादप्रवृत्तयः सर्वा अपि वर्णिता भवन्तीत्यर्थः, पापानुमोदनाजन्यश्च दोषो महानिति । अत्र च पार्श्वस्थं सर्वथैवाचारित्रिणं केचिन्मन्यन्ते, तच्च न युक्तियुक्तं प्रतिभासते सहृदयानाम्, यतो यद्येकान्तेनैव पार्श्वस्थोऽचारित्री भवेत्तर्हि सर्वतो

——— સંબોધોપનિષદ્ ———

હોય, તેનાથી અન્ય લિંગમાં પણ આવી શકે છે.

તે પાર્શ્વસ્થો વગેરેના જે જે પ્રમાદસ્થાનો હોય, કે જેમાં તે પાર્શ્વસ્થ વગેરે વિષાદ પામતા હોય = સંયમશૈથિલ્યને સ્વીકારતા હોય, **તે તે** સ્થાનો **ઉપબૃંહિત થાય છે** = સમર્થિત થાય છે = વંદનાદિકર્તા દ્વારા અનુમત થાય છે. અર્થાત્ તેમની પ્રશંસા કરવાથી તેમની બધી પ્રમાદ પ્રવૃત્તિઓની પણ પ્રશંસા થાય છે. અને આ પાપની અનુમોદનાનો દોષ મોટો છે.

કેટલાક એવું માને છે કે જિનશાસનમાં પાર્શ્વસ્થ એ સર્વથા અચારિત્રી જ છે. પણ આ માન્યતા વિદ્વાનોને યુક્તિ યુક્ત લાગતી નથી. કારણ કે જો પાર્શ્વસ્થ એકાંતે જ અચારિત્રી હોય, તો સર્વથી પાર્શ્વસ્થ, અને દેશથી પાર્શ્વસ્થ, એમ જે બે

देशतश्च पार्श्वस्थ इति विकल्पद्वयकल्पनमसङ्गतं भवेत्, चारित्राभावस्योभयत्रापि तुल्यत्वात् । तस्मादस्मादेव भेदद्वय-कल्पनाद् ज्ञायते सातिचार-चारित्रसत्ताऽपि पार्श्वस्थस्य, न चेदं स्वमनीषिकयोच्यते, यतो निशीथचूर्णावप्येवं दृश्यते-"पासत्थो अच्छइ । सुत्तपोरिसिं, अत्थपोरिसिं वा न करेइ, दंसणाइयारेसु वट्टइ, चारित्तेसु न वट्टइ, अइयारे वा न वज्जेइ । एवं सत्थो अच्छइ पासत्थो त्ति ॥" अनेन ग्रन्थेन सर्वथाऽस्य पार्श्वस्थस्य न चारित्राभावोऽ-वसीयते किन्तु शबलित-चारित्रयुक्ततापीति ॥१२॥



વિકલ્પોની કલ્પના કરી છે, તે અસંગત થઈ જાય, કારણ કે ચારિત્રનો અભાવ તો બંને વિકલ્પોમાં સરખો જ છે. માટે આ બે ભેદોની કલ્પનાથી જ જણાય છે, કે પાર્શ્વસ્થને સાતિચાર ચારિત્ર હોય પણ છે. આ વાત પોતાની બુદ્ધિથી જ કહેવાય છે, તેવું નથી કારણ કે નિશીથસૂત્રની ચૂર્ણિમાં પણ એવા અક્ષરો જોવા મળે છે કે - જે પ્રકર્ષથી અત્યંત સ્વસ્થ રહે તે પ્રાસ્વસ્થ. અર્થાત્ સૂત્રપોરિસી કે અર્થપોરિસી ન કરે, દર્શનાદિના અતિચારોમાં વર્તે, ચારિત્રોમાં ન વર્તે, અથવા તો અતિચારોનું વર્જન ન કરે આ રીતે સ્વસ્થ રહે તે પ્રાસ્વસ્થ.

આ ગ્રંથથી જણાય છે કે આ પાર્શ્વસ્થને ચારિત્રનો સર્વથા અભાવ નથી હોતો, પણ તેને શબલ ચારિત્ર = અતિચારોથી ખરડાયેલું ચારિત્ર હોય પણ છે ॥૧૨॥

तत्सद्भावे चाऽवश्यं सम्यक्त्वयुक्ततेति सम्यक्त्वस्वरूप-माह–

**अरिहं देवो गुरुणो, सुसाहुणो जिणमयं मह पमाणं।**
**इच्चाइ सुहो भावो, सम्मत्तं बिंति जगगुरुणो ॥१३॥**

**व्याख्या**–वन्दारुवृन्दारकवृन्दविरचिताशोकाद्यष्टमहाप्रातिहार्य–रूपां पूजामर्हतीत्यर्हन्, यदाह–"अरहंति वंदणनमंसणाणि अरहंति पूयसक्कारं । सिद्धिगमणं च अरहा, अरहंता तेण

संबोधोपनिषद्

ચારિત્ર વિદ્યમાન હોય તો અવશ્ય સમ્યક્ત્વ સહિતપણું હોય છે. માટે સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે -

**અરિહંત દેવ છે, સુસાધુઓ ગુરુઓ છે, જિનમત મને પ્રમાણ છે. ઈત્યાદિ શુભ ભાવ સમ્યક્ત્વ છે, એવું જગગુરુઓ કહે છે. ॥૧૩॥** (સંબોધ પ્રકરણ ૮૯૨, વિચાર સાર ૩૯૧, ક્ષપકસ્યાલોચનાન્તે ભાવના ૧૦, યતિદિનચર્યા ૧૫૧, પુષ્પમાલા ૯૦)

જેઓ વંદન કરનારા દેવોના વૃંદ દ્વારા રચાયેલા અશોક વૃક્ષ વગેરે અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને અર્હ = યોગ્ય છે તે અરિહંત. કારણ કે કહ્યું છે કે - જેઓ વંદન-નમસ્કારોને અર્હ છે, જેઓ પૂજા-સત્કારને અર્હ છે અને જેઓ સિદ્ધિગમનને અર્હ છે, તેથી તેઓ અરિહંત કહેવાય છે. ॥૧॥ (દંસણસુદ્ધિપયરણ ૧૩, ચેઈયવંદણમહાભાસ ૨૭૯)

वुच्चंति ॥१॥" अथवाऽविद्यमानं रह एकान्तो यस्य कटकुट्याद्यप्रतिघातिकेवलज्ञानावलोकिताशेषजगद्भावत्वात् स अरहाः, यद्वाऽविद्यमानो रथः सकलपरिग्रहोपलक्षणभूतो यस्य सोऽरथः, अरहन् वा क्वापि स्वजनादौ सङ्गमगच्छन्, अथवा 'रह त्यागे' अस्य धातोः प्रयोगो नञ्पूर्वकः, रागादिहेतुभूतमनोज्ञेतरविषयसम्पर्केऽपि वीतरागत्वादि स्वं स्वभावमत्यजन् अरहन् वीतरागो देवः । तथा 'गुरवः' सुसाधवो मोक्षमार्गसाधकाः, तथा

——————— સંબોધોપનિષદ્ ———————

અથવા તો જેમના માટે કાંઇ જ રહસ્ય= એકાંત = ગુપ્ત નથી. કારણ કે ચટ્ટાઇ, ઝૂંપડી વગેરેથી જેનો પ્રતિઘાત ન થાય, એવા કેવળજ્ઞાનથી તેમણે સમગ્ર વિશ્વમાં રહેલા ભાવોને જોયેલા છે. આ રીતે તેઓ રહસ્યરહિત = **અરહા** છે.

અથવા તો જેમની પાસે રથ નથી તે **અરથ**. અહીં રથ એ સર્વ પરિગ્રહનું ઉપલક્ષણ છે. માટે અરથ = નિષ્પરિગ્રહ. અથવા તો **અરહન્** = સ્વજનાદિ કોઇપણ વ્યક્તિ કે વસ્તુમાં જેઓ અભિષ્વંગ પામતા નથી તેવા. અથવા તો 'રહ ત્યાગે' આ ત્યાગ અર્થના રહ ધાતુનો નકાર સાથેનો આ પ્રયોગ છે. જેઓ રાગાદિના હેતુભૂત એવા સુંદર અસુંદર વિષયોનો સંપર્ક થવા છતાં પણ વીતરાગપણું વગેરે પોતાનો સ્વભાવ નથી છોડતા તેવા = **અરહન્** = વીતરાગ **દેવ** છે.

તથા **સુસાધુઓ** = મોક્ષમાર્ગના સાધકો **ગુરુઓ** છે. તથા

'जिनमतं' भगवत्प्रणीत आगमः, 'मम' जिनाज्ञाराधनसावधानस्य 'प्रमाणं' तत्त्वरूपम्, 'इत्यादिः' प्राकृतत्वाद्विभक्तिलोपः, आदिशब्दादुपशमसंवेगादिरूपः 'शुभः' मिथ्यात्वादिकलङ्कपङ्का-नङ्कितो 'भावः' तत्त्वाध्यवसायः सम्यक्त्वमितीति गम्यते, 'जगद्गुरवः' त्रिभुवनाचार्यास्तीर्थकृतो 'ब्रुवते' आचक्षते ॥१३॥

अथ सम्यक्त्वस्य दुर्लभतां प्रकटयन्नाह-

**लब्भइ सुरसामित्तं, लब्भइ य पहुत्तणं न संदेहो ।**
**एगं नवरि न लब्भइ, दुल्लहरयणं व सम्मत्तं ॥१४॥**

संबोधोपनिषद्

**જિનમત** = ભગવાન દ્વારા પ્રણીત એવો આગમ તે જિનાજ્ઞાની આરાધનામાં સાવધાન એવા **મને પ્રમાણ** છે = મારા મતે જિનાગમ જ તત્ત્વસ્વરૂપ છે. '**ઈત્યાદિ** = વગેરે. અહીં પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે. આદિશબ્દથી ઉપશમ - સંવેગ વગેરે રૂપ. **શુભ** = મિથ્યાત્વ વગેરે કલંકપંકથી અકલંકિત એવો **ભાવ** = તાત્ત્વિક અધ્યવસાય **સમ્યક્ત્વ** છે. એવુ **જગદ્ગુરુઓ** = ત્રણ ભુવનના આચાર્યો એવા તીર્થંકરો **કહે** છે. અહીં 'એવું' એમ ગાથામાં કહ્યું નથી, પણ અધ્યાહારથી જણાય છે. ॥૧૩॥

હવે સમ્યક્ત્વની દુર્લભતાને પ્રગટ કરતા કહે છે -

**દેવોનું સ્વામિત્વ મેળવાય છે, પ્રભુત્વ પણ મેળવાય છે, તેમાં કોઈ સંદેહ નથી. પણ એક સમ્યક્ત્વ જ દુર્લભ રત્નની**

**व्याख्या** - 'लभ्यते' प्राप्यते पुण्यानुभावात्, सुरा अमरास्तेषां स्वामित्वमीश्वरत्वमिन्द्रत्वमित्यर्थः । यदुक्तम्-''मणिरयणकिरीडधरो, चिंचइओ चवलकुंडलाहरणो । सक्को हिओवएसा, एरावणवाहणो जाओ ॥१॥'' तथा चशब्दः पुनरर्थः, पुनः 'प्रभुत्वं' स्वामित्वं अर्थात्पृथिव्या नरनाथत्वमित्यर्थः, लभ्यते नात्र 'सन्देहो' द्वापरः । 'नवरं' इति विशेषः, 'एगं' इति, देशसर्वविरतिविरहितं एकं केवलं 'सम्यक्त्वं' तत्त्वश्रद्धानम्,



**જેમ મેળવી શકાતું નથી ॥૧૪॥** (સમ્બોધ પ્રકરણ ૯૫૯, રત્નસંચય ૫૦૩)

**સુરો** = દેવો, તેમનું **સ્વામિપણું** = ઇન્દ્રપણું, **મેળવાય છે** = પુણ્યના પ્રભાવથી પામી શકાય છે. કારણ કે કહ્યું છે કે - મણિ અને રત્નોના બનેલા મુગટને ધારણ કરતા, બાજુ-બંધાદિથી શોભતા, ચપળ એવા કુંડલના આભરણને ધારણ કરતા એવા શક્ર હિતોપદેશના પાલનથી થયેલા પુણ્યના પ્રભાવે ઐરાવત હાથી જેમનું વાહન છે એવા ઇન્દ્ર થયાં. (ઉપદેશમાલા ૪૫૦) અહીં **'ચ'** શબ્દ ફરીથી એવા અર્થમાં છે. વળી **પ્રભુત્વ** = પૃથ્વીનું સ્વામિપણુ = રાજાપણું, એ પણ **મેળવાય છે.** તેમાં કોઇ **સંદેહ નથી. માત્ર** અહીં એટલો જ વિશેષ છે કે **એક** = દેશવિરતિ કે સર્વવિરતિથી રહિત એવું કેવળ **સમ્યક્ત્વ** = તત્ત્વશ્રદ્ધાન

आस्तां तद्युक्तम्, 'दुर्लभरत्नवत्' चिन्तामणिवन्न लभ्यते । यथा लोके भाग्यविहीनानां चिन्तामणिर्दुष्प्रापस्तथा सम्यक्त्वमल्पपुण्यैर्न प्राप्यत इति । ग्रन्थान्तरेऽप्युक्तम्-

"लब्भंति अमरनरसंपयाओ सोहग्गरूवकलियाओ ।
न य लब्भइ संमत्तं, तरंडयं भवसमुद्दस्स ॥१॥" ॥१४॥

अथ सम्यक्त्वस्यैव सुरगतिगमनरूपं गुणान्तरमाह-

संबोधोपनिषद्

પણ દુર્લભ છે. અર્થાત્ દેશવિરતિ વગેરેથી યુક્ત એવા સમ્યક્ત્વની વાત તો જવા જ દો, એકલું સમ્યક્ત્વ પણ દુર્લભ છે. શેની જેમ ? **દુર્લભ રત્નની જેમ**= ચિંતામણિની જેમ, **નથી મળતું.** જેમ લોકમાં નિર્ભાગ્ય જીવોને ચિંતામણિ દુષ્પ્રાપ્ય છે, તેમ અલ્પ પુણ્યવાળા જીવો સમ્યક્ત્વને પામી શકતા નથી.

અન્ય ગ્રંથમાં પણ કહ્યું છે કે -

સૌભાગ્ય અને રૂપથી યુક્ત એવી દેવ અને મનુષ્યની સંપત્તિઓ મળે છે, પણ ભવસાગરના તરંડકસમાન સમ્યક્ત્વ મળતું નથી. ॥૧॥ **(પુષ્પમાલા ૧૦૫, આરાહણાપડાગા ૫૮૧)** ॥૧૪॥

હવે સમ્યક્ત્વનો એક બીજો લાભ - દેવગતિગમન છે, તે કહે છે -

**सम्मत्तंमि उ लद्धे, विमाणवज्जं[1] न बंधए आउं ।**
**जइ[2] य न सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ॥१५॥**

व्याख्या-इह सम्यग्दृष्टिरुत्कृष्टतस्तेनैव भवेन सिद्ध्यति। योऽपि सम्पूर्णकालादिसामग्र्यभावान्न निर्वाति सोऽपि जन्तुः 'तु' पुनः सम्यक्त्वे लब्धे 'विमानवर्जं' सौधर्मादिदेवलोकवर्जं 'आयुः' जीवितं न बध्नाति, किन्तु नारकतिर्यङ्मनुजभवनपतिव्यन्तरज्योतिष्कगतीर्निरुध्य वैमानिकेष्वेव यातीत्यर्थः ।

સંબોધોપનિષદ્

**સમ્યક્ત્વ પ્રાપ્ત થતા વૈમાનિક સિવાયનું આયુષ્ય ન બાંધે, જો સમ્યક્ત્વનો ત્યાગ ન કર્યો હોય અને અથવા તો પૂર્વે આયુષ્ય બાંધ્યું ન હોય. ॥૧૫॥**

અહીં સમ્યગ્દષ્ટિ ઉત્કૃષ્ટથી તે જ ભવમાં સિદ્ધ થાય છે. જે પણ કાળ વગેરે સંપૂર્ણ સામગ્રીના અભાવે મોક્ષે ન જાય તે જીવ પણ **સમ્યક્ત્વ પામે એટલે વૈમાનિક સિવાયનું** = સૌધર્મ વગેરે દેવલોક સિવાયનું **આયુષ્ય** = જીવિત **નથી બાંધતો,** પણ નારક, તિર્યંચ, મનુષ્ય, ભવનપતિ, વ્યંતર જ્યોતિષ આ બધી ગતિઓને બંધ કરીને વૈમાનિક દેવલોકોમાં જ જાય છે.

**પ્રશ્ન** - જો સમ્યક્ત્વી જીવને ઉપરોક્ત નારકાદિ ગતિ

१. ख - विमाणवासं । २. घ - वि ।

अतिप्रसङ्गनिरोधमाह-यदि चाऽन्त्यसमये 'न सम्मत्तजडो' त्यक्तदर्शनो न भवति-मिथ्यात्वं न याति, उपलक्षणत्वाद्यदि वैरादिभिः कलुषितसम्यक्त्वोऽपि न स्यात् । 'अथवा' श्रेणिकादिवन्निश्चलसम्यक्त्वोऽपि यदि पूर्वं बद्धायुर्न स्यात् । एते ह्यनियमेन चतसृष्वपि गतिषूत्पद्यन्ते । सुरनारकाश्च



બંધ થઈ ગઈ હોય તો શ્રેણિક રાજા, કૃષ્ણ વાસુદેવ, સત્યકી વગેરે નરકમાં કેમ ગયા ? શાસ્ત્રોમાં શ્રાવક અને સાધુઓની પણ તિર્યંચગતિ-નરકગતિ થઈ હોય, એવા દૃષ્ટાંતો આવે છે, તે શી રીતે ઘટે ?

**ઉત્તર** - તમે કહેલા આ સમ્યક્ત્વીની દુર્ગતિરૂપ અતિ-પ્રસંગના વિષયમાં નિરોધ કરવા માટે = ઉક્ત આપત્તિનું નિરાકરણ કરવા માટે જ ગ્રંથકારે આગળ કહ્યું છે કે **જો** અન્ત્ય સમયે તે જીવે **સમ્યક્ત્વનો ત્યાગ ન કર્યો હોય** = તે જીવ મિથ્યાત્વ ન પામ્યો હોય. આના ઉપલક્ષણથી એ પણ સમજવાનું છે, કે તે જીવ વેર વગેરેને કારણે કલુષિત થયેલા સમ્યક્ત્વવાળો પણ ન હોય. **અથવા** તો નિશ્ચલ સમ્યક્ત્વ-વાળો હોવા છતાં પણ શ્રેણિક રાજાની જેમ પૂર્વે તેણે **આયુષ્ય બાંધ્યું ન હોય.** કારણ કે ત્યક્ત સમ્યક્ત્વ, કલુષિત સમ્યક્ત્વ અને પૂર્વબદ્ધાયુષ્ક સમકિતી, આ ત્રણ પ્રકારના જીવો કોઈ નિયમ વિના ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે. દેવો અને નારકો

सम्यग्दृष्टयोऽपि मनुष्येष्वेवोत्पद्यन्ते, तेषां देवगतिनिषेधादिति मन्तव्यम् । 'क्तेनाफुण्णादयः' इति (सि० ८-४-२५८) अफुण्णादयः शब्दा आक्रमिप्रभृतीनां धातूनां स्थाने क्तेन सह निपात्यन्ते जढं त्यक्तमिति ॥१५॥

अथ सम्यक्त्ववता श्रावकेण यथाऽवकाशं सामायिकं ग्राह्यम् । यदुक्तमावश्यकचूर्णौ - "जाहे खणिओ ताहे सामाइयं कुज्जा" इति । अतस्तदाधिक्यमेव दर्शयन्नाह-

સંબોધોપનિષદ્

સમ્યક્ત્વી હોય તેઓ પણ મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે, કારણ કે તેમને દેવગતિ પ્રાપ્ત ન થઈ શકે. એ પણ પ્રસ્તુતમાં સમજવું જોઈએ.

ગાથામાં 'जढ' એવો જે શબ્દ છે, તેની સિદ્ધિ આ મુજબ છે - क्तेनाफुण्णादयः (સિદ્ધહેમવ્યાકરણ ૮-૪-૨૫૮) अफुण्ण વગેરે શબ્દોનો आक्रमि વગેરે ધાતુઓના સ્થાને 'क्त' સાથે નિપાત થવાથી 'जढ' શબ્દ બને છે. જેનો અર્થ છે ત્યક્ત. ॥૧૫॥

હવે સમ્યક્ત્વવાળા શ્રાવકે અવકાશને અનુસારે સામાયિકનું ગ્રહણ કરવું જોઈએ. કારણ કે આવશ્યકચૂર્ણિમાં કહ્યું છે કે જ્યારે ક્ષણિક હોય (નવરો પડે) ત્યારે સામાયિક કરવું જોઈએ. માટે સામાયિકની મહત્તા બતાવતા કહે છે -

**दिवसे दिवसे लक्खं, देइ सुवण्णस्स खंडियं एगो ।**
**एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥१६॥**[१]

**व्याख्या**-'सामायिकम्' इति, समानां ज्ञानदर्शनचारित्राणां आयो लाभः समायः समाय एव सामायिकम्, विनयादिपाठात् स्वार्थे ठक् । आह समयशब्दस्तत्र पठ्यते तत्कथं समाये प्रत्ययः ?, उच्यते-"एकदेशविकृतमनन्यवद् भवति" इति

संबोधोपनिषद्

**કોઈ દિવસે દિવસે લાખ સોનામહોરોની ખાંડીનું દાન કરે અને કોઈ સામાયિક કરે, તો તે દાતા સામાયિક કરનારથી અધિક થતો નથી. ॥૧૬॥** (રત્નસંચય ૨૦૧, સંબોધ પ્રકરણ ૧૨૨૯)

**સમ** એવા દર્શનજ્ઞાન-ચારિત્રનો **આય** = લાભ તે **સમાય.** જે સમાય તે જ **સામાયિક**. અહીં વિનયાદિ પાઠથી સ્વાર્થમાં ઠક્ પ્રત્યય લાગ્યો છે. (પાણિની ૫-૪-૩૪)

**પ્રશ્ન** - વિનયાદિ પાઠમાં તો 'સમય' શબ્દ આવે છે, તો પછી તેનાથી 'સમાય' શી રીતે સમજી શકાય ?

**ઉત્તર** - એવો ન્યાય છે કે જે એક દેશથી વિકૃત = ફેરફારવાળું હોય તે અવિકૃતના સમાન જ ગણાય છે. (સિદ્ધાંત કૌમુદી ૭-૨-૭૮, પરિભાષા ન્યાયસઙ્ગ્રહ ૧-૭, પરિભાષા પાઠ-૩૭)

१. घ - प्रतौ - इत्यधिकम् - सामाइयसामग्गी, अमरा चिंतिंति हिययमज्झंमि । जइ हुज्ज पहरमिक्कं ता अह्न (अम्ह/अन्न ?) देवत्तणं सुलहं ॥

न्यायात्, यद्वा समस्य रागद्वेषविरहितस्य जीवस्यायो लाभः समायः । समो हि प्रतिक्षणमपूर्वैर्ज्ञानदर्शनचारित्रपर्यायैरधःकृत-चिन्तामणिकल्पद्रुमादिप्रभावैर्निरुपमसुखहेतुभिर्युज्यते । समायः प्रयोजनमस्य क्रियानुष्ठानस्येति सामायिकम्, सावद्यपरित्याग-निरवद्यासेवनरूपो व्रतविशेष इत्यर्थः । इदं च सर्वारम्भाप्रवृत्तेन गृहिणा गृहवासमहानीरधेर्निरन्तरोच्छलितातुच्छप्रचुरव्यापारवीची-चयावर्तजनिताकुलत्वविच्छेदकमतिप्रचण्डमोहनरपतिबलतिर-



માટે 'સમય' શબ્દથી 'સમાય'નું પણ ગ્રહણ થઈ શકે.

અથવા તો સમ = રાગદ્વેષથી રહિત એવા જીવનો જે આય = લાભ તે સમાય. જે સમ છે, તે પ્રત્યેક ક્ષણે એવા જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોથી જોડાય છે, કે જેમનો પ્રભાવ ચિન્તામણિ અને કલ્પવૃક્ષ વગેરે કરતા પણ વધારે છે અને જેઓ નિરુપમ સુખના કારણ છે. જે ક્રિયાનુષ્ઠાનનું પ્રયોજન સમાય છે, તેનું નામ સામાયિક, એ ક્રિયાનુષ્ઠાન એટલે સાવદ્ય વ્યાપારના ત્યાગ અને નિરવદ્ય વ્યાપારના સેવનરૂપ વ્રતવિશેષ.

ગૃહસ્થાવાસ એ મોટા દરિયા જેવો છે. તેમાં મોટા અને ઘણા વ્યાપારો રૂપી મોજાઓના સમૂહો નિરંતર ઉછળી રહ્યા છે. તેમાં પાણીની ભમરીરૂપ આવર્ત છે. આ બધાથી આકુળતા થાય છે. સામાયિક આ આકુળતાનો વિચ્છેદ કરનારું છે. અતિ પ્રચંડ એવા મોહરાજાના સૈન્યનો પરાભવ કરનારા મહાન

स्करणमहायोधकल्पं प्रतिदिवसमन्तरान्तरा यत्नेन कर्त्तव्यम्, यत उक्तं परममुनिभिः-"सावज्जजोगं परिवज्जणट्ठा, सामाइयं केवलियं पसत्थं । गिहत्थधम्मा परमंति नच्चा, कुज्जा बुहो आयहियं परत्थं ॥१॥ सामाइयंमि उ कए, समणो इव सावओ हवइ जम्हा । एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥२॥" तत्र 'एकः' कश्चिद्दानशौण्डो 'दिवसे दिवसे' प्रतिदिवसम्, 'खंडियं' इति, खण्डिः लोकप्रसिद्धः परिमाणभेदः, ततः

संबोधोपनिषद्

યોદ્ધા જેવું છે. માટે પ્રતિદિન વચ્ચે વચ્ચે (સમય મળતા) યત્નપૂર્વક કરવું જોઈએ. કારણ કે પરમમુનિઓએ કહ્યું છે કે - સાવદ્ય યોગના પરિત્યાગ માટે એક સામાયિક એ પ્રશસ્ત યોગ છે. તે જ ગૃહસ્થ ધર્મ કરતાં શ્રેષ્ઠ છે. અથવા તો ગૃહસ્થનો શ્રેષ્ઠ ધર્મ સામાયિક છે, એવું જાણીને ડાહ્યા માણસે પરમ પ્રયોજનરૂપ આ આત્મહિતનું કાર્ય કરવું જોઈએ. ॥૧॥ **(શ્રાદ્ધદિનકૃત્ય ૨૩૪, સંગ્રહશતક ૮૯, પંચાશક ૪૫૬, સંબોધપ્રકરણ ૧૨૨૭, શ્રાવકપ્રજ્ઞપ્તિ ૨૯૯, રત્નસંચય ૨૦૨)** જેથી સામાયિક કરવાથી શ્રાવક શ્રમણ જેવો થાય છે, આ કારણથી અનેક વાર સામાયિક કરવી જોઈએ. ॥૨॥ **(પ્રવચન પરીક્ષા ૫૭૦)**

તેમાં **એક** = કોઈ દાનવીર, **દિવસે દિવસે** = પ્રતિદિન, **ખાંડી** એ લોકપ્રસિદ્ધ એક જાતનું પ્રમાણ છે. માટે જે ખાંડીમાં હોય તે ખાંડિક, અહીં 'અધ્યાત્મ' આદિ શબ્દોમાં લાગતો

खण्डिषु भवं खाण्डिकम्, 'अध्यात्मादेष्ठञ्' इष्यते, खण्डिभिर्निर्वृत्तं वा, 'सुवर्णस्य' हेम्नः 'खाण्डिकं लक्षं' सुवर्णस्य लक्षप्रमाणाः खण्डीरित्यर्थः, 'ददाति' प्रयच्छति याचकलोकेभ्य इति गम्यते । क्वचित्-"देइ सुवण्णस्स खंडिउं एगो" इति पाठः । तत्र 'सुवर्णस्य' हेम्नः कर्षस्य लक्षं 'खण्डयित्वा' खण्डीकृत्य बृहत्कनकराशेरिति गम्यते, ददाति। सुवर्णमानमुच्यतेऽदः-"माषो दशार्धगुञ्जः, षोडशमाषो निगद्यते कर्षः । स सुवर्णस्य सुवर्णस्तैरेव पलं चतुर्भिश्च ॥१॥" इति। 'पुनः' विशेषे, तद्दानाशक्तः कश्चिदेको विशेषेण सामायिका-

संबोधोपनिषद्

'ठञ्' પ્રત્યય ઈષ્ટ છે. અથવા તો જે ખાંડીઓથી બનેલું - તે ખાંડિક. **સુવર્ણની** = સોનાની **લાખ** સોનામહોરો પ્રમાણ ખાંડી, **આપે છે**, અહીં 'યાચક લોકોને' એવું અધ્યાહારથી જણાય છે. ક્યાંક - 'કોઈ સુવર્ણનું ખાંડીને આપે છે' એવો પાઠ છે. તેમાં સોનામહોરોને (સોનાના કર્ષોને) મોટા સુવર્ણરાશિમાંથી ખંડીકરણ કરીને = ભાગ કરીને આપે છે, એવો અર્થ થશે. સુવર્ણ એટલે સોનામહોર આવું સ્થૂળથી કહ્યું છે. વાસ્તવમાં તો સુવર્ણ એ એક જાતનું માપ છે. જે આ મુજબ છે - ૫ ગુંજાફળ = ૧ માષ. ૧૬ માષ = કર્ષ કહેવાય, સોનાનો એક કર્ષ=સુવર્ણ, ૪ સુવર્ણ=૧ પલ ॥૧॥

**પુનઃ** = વિશેષ. ઉપરોક્ત દાન કરતા પણ વિશિષ્ટ

तीचारपरिहारेण सामायिकं 'करोति' विधत्ते 'तस्य' सामायिककर्त्तुः स इत्याकृष्यते स सुवर्णलक्षखाण्डिकदाता 'न पहुप्पए' इति, न प्रभुर्भवति न समर्थो भवति नाधिको भवतीति यावत् । सुवर्णलक्षखण्डिदानात्सामायिकविधानं बहुफलमित्यर्थः । 'प्रभौ हुप्पो वा' इति (सि० ८-४-६३) प्रभुकर्तृकस्य भुवो हुप्प इत्यादेशो वा भवति । प्रभुत्वं च प्रपूर्वस्यैवार्थः ॥१६॥

— સંબોધોપનિષદ્ —

અનુષ્ઠાન હવે બતાવે છે, તે દાન આપવામાં અસમર્થ એવું કોઈ **એક** વિશેષથી સામાયિકના અતિચારોના પરિહારપૂર્વક **સામાયિક કરે છે.** તેનો સામાયિકકર્તાનો ઉપરોક્ત સુવર્ણ લક્ષણવાળી ખાંડીનો દાતા **પ્રભુ થતો નથી** = સમર્થ થતો નથી. સામાયિક કરનાર કરતા તે દાનવીર અધિક થતો નથી. અર્થાત્ સુવર્ણ લક્ષની ખાંડીના દાન કરતા પણ સામાયિકનું વિધાન ઘણા ફળવાળું છે.

ગાથામાં पहुप्पए એવો પ્રયોગ છે, प्रभौ हुप्पो वा (સિદ્ધહેમ. ૮-૪-૬૩) આ સૂત્રથી પ્રભુકર્તૃક એવા ભૂ ધાતુનો વિકલ્પે हुप्प આદેશ થાય છે, એ પ્રયોગની સિદ્ધિ આ સૂત્રથી થાય છે. પ્ર પૂર્વક એવા જ ભૂ ધાતુનો અર્થ પ્રભુત્વ છે (?) ॥૧૬॥

अथैतत् सामायिककर्तुः फलं कुतः ? इत्यत आह, यद्वा सामायिककर्त्तुर्विशेषणद्वारेण करणीयस्वरूपमेवाह-

**निंदपसंसासु[1] समो, समो य माणावमाणकारीसु ।**
**समसयणपरियणमणो, सामाइयसंगओ[2] जीवो ॥१७॥**

**व्याख्या** - एवंविधः 'सामायिकसङ्गतः' सामायिकव्रतान्वितो 'जीवः' प्राणी भवति । किम्भूतः ? निन्दा परकृतस्वदोषोद्घट्टनम्, प्रशंसा च स्वगुणोत्कीर्त्तनम्, तयोः 'समः' समानः, निन्दया न रुष्यति प्रशंसया च न तुष्यतीति भावः ।

— સંબોધોપનિષદ્ —

હવે સામાયિક કરનારને આટલું બધું ફળ કેમ ? તે કહે છે - અથવા તો જે સામાયિક કરે છે, તેના વિશેષણો દ્વારા સામાયિકમાં જે કરવાનું છે, તેનું સ્વરૂપ કહે છે -

**સામાયિકસંગત જીવ નિંદા અને પ્રશંસામાં સમ હોય છે, માન અને અપમાન કરનારાઓમાં સમ હોય છે, સ્વજન અને પરિજનમાં સમમનસ્ક હોય છે. ॥૧૭॥**

સામાયિક વ્રતથી સહિત એવો જીવ આવા પ્રકારનો હોય છે. કેવો ? તે કહે છે - **નિંદા** = બીજા વડે કરાતું પોતાના દોષોનું પ્રાગટ્ય. **પ્રશંસા** = પોતાના ગુણોનું યશોગાન. તે બંનેમાં **સમ**ભાવવાળો. એટલે કે નિંદાથી ગુસ્સે ન થાય અને પ્રશંસાથી ખુશ ન થાય.

१. क - नंद० । २. ग - साईय० ।

'निंदपसंसासु' इति-"बहुवयणे दुव्वयणं, छट्ठविभत्तीइ भण्णइ चउत्थी । जह हत्था तह पाया, नमामि देवाहिदेवाणं ॥१॥" इतिवचनात् द्विवचने बहुवचनम् । तथा 'च' पुनः मानः सत्कारः, अपमानोऽवगणनम्, तौ कुर्वन्तीत्येवंशीलः मानापमान-कारिणस्तेषु समस्तुल्यः । केचित् सत्कुर्वन्ति केचिन्न्यत्कुर्वन्ति च, परं तेषु रागद्वेषाकरणात्समचेतोवृत्तिर्भवति । तथा समं स्वजनपरजनयोर्मनश्चेतो यस्य स समस्वजनपरजनमनाः, सामा-यिकोपगतः स्वजनं परजनं चैकया दृशा पश्यतीत्यर्थः ॥१७॥

संબોધોપનિષદ્

**પ્રશ્ન** - નિંદા-પ્રશંસા આ બે માટે બહુવચન કેમ લગાડ્યું?

**ઉત્તર** - એવું અનુશાસન છે કે પ્રાકૃતમાં (૧) બહુવચનથી દ્વિવચન કહેવાય છે (૨) છટ્ઠી વિભક્તિથી ચોથી વિભક્તિ કહેવાય છે. દાખલા તરીકે (૧) જેવા હાથો (બે હાથ) તેવા પગો (બે પગ) (૨) દેવાધિદેવોને (देवाधिदेवेभ्यः) નમસ્કાર થાઓ. (ચૈત્યવંદન માહભાષ્ય ૨૯૮) આ વચનથી પ્રસ્તુતમાં દ્વિવચનના અર્થમાં બહુવચન થયું છે. વળી **માન** = સત્કાર, **અપમાન**=અવગણના, તે **કરવાના સ્વભાવવાળા**=માનાપમાન કરનારાઓ. તેઓમાં **સમ** = તુલ્ય ભાવવાળો. કેટલાક લોકો સત્કાર કરે છે અને કેટલાક લોકો તિરસ્કાર કરે છે. પણ તે તેઓ પ્રત્યે રાગદ્વેષ ન કરવાથી સમચિત્ત થાય છે. તથા જેને સ્વજન અને પરજન બંને પર સમ ચિત્ત છે તેવો = **સમસ્વજનપરજનમનસ્ક**. અર્થાત્ **સામાયિકમાં રહેલો જીવ** સ્વજન અને પરજનને એક દૃષ્ટિથી જુએ છે. ॥૧૭॥

अथ सामायिकं यत्कर्मणा विफलं भवति तदाह -

**सामाइयं तु काउं, गिहकम्मं जो य[1] चिंतए सड्ढो।**
**अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामइयं ॥१८॥**

**व्याख्या** - 'तुः' अवधारणे, स चाग्रे योक्ष्यते । यश्च श्राद्धः 'सामायिकं' नवमव्रतरूपं कृत्वैव आर्तस्य ध्यानविशेषस्य यो वशः पारतन्त्र्यं तेन ऋतः पीडित आर्तवशार्तः, निर्देशस्य भावप्रधानत्वात् आर्तवशार्ततामुपगतः प्राप्तः सन् 'गृहकर्म' गृहसम्बन्धिव्यापारम्-"अज्ज घरे नत्थि घयं, हिंगुं लोणं च

संबोधोपनिषद्

હવે જે કાર્ય કરવાથી સામાયિક નિષ્ફળ થાય છે, તે કહે છે -

**જે શ્રાવક સામાયિક કરીને ઘરના કામનો વિચાર કરે છે અને આર્તધ્યાનના વશથી દુઃખી થાય છે તેનું સામાયિક નિરર્થક છે. ॥૧૮॥** (સંબોધ પ્રકરણ ૧૨૨૫)

તુ = 'જ' કાર અર્થમાં છે, તેને આગળ જોડવામાં આવશે. જે **શ્રાવક** નવમાં વ્રતરૂપ **સામાયિક કરીને** જ આર્તધ્યાન નામના ધ્યાનવિશેષને આધીન થવાથી પીડિત થાય છે = **આર્તવશાર્ત.** અહીં ભાવપ્રધાન નિર્દેશ હોવાથી આર્તવશાર્તતાને પામેલો છતો, એવો અર્થ સમજવો. **ગૃહકર્મ** = ઘર સંબંધી કામકાજનો **વિચાર કરે,** જેમ કે - આજે ઘેર ઘી નથી, હિંગ, મીઠું અને ઇંધણ નથી. આજે તો કાકડી

१. घ - पउंजए सड्ढो ।

इंधणं नत्थि । जाया य अज्ज तउणी, कल्ले कह होहि य कुडुंबं ॥१॥" गावस्तृषिताः सन्ति-"अड्डोया महघरणी, समागया पाहुणा अज्ज ।" इत्यादिरूपं 'चिन्तयति' पर्यालोचयति, एतावता मनोदुष्प्रणिधानं अनाभोगादिना सावद्यचिन्तादिषु प्रवर्तनं सामायिकातीचार उक्तो भवति । तच्चिन्तनफलमाह-'तस्य' आर्तध्यानवशगस्य सामायिकं 'निरर्थकं' निष्फलम्, साफल्यं च सामायिकस्य धर्मध्यानप्रवृत्तेरेवेति बोद्धव्यम् ॥१८॥

तत्र सामायिककरणविधिः पूर्वग्रन्थेष्वेवं दृश्यते, तथाहि **आवश्यकबृहद्वृत्तौ** - "इह सावगो दुविधो, इड्ढीपत्तो

संबोधोपनिषद्

થઈ ગઈ (કાકડીનું શાક કરી લીધું) (અથવા તો આજે પત્ની બીમાર છે.) પણ કાલે કુટુંબનું શું થશે ? ॥૧॥ (ભવભાવના ૩૦૨)

ગાયો તરસી છે - પત્ની કહ્યાગરી નથી, આજે ઘણા મહેમાનો આવ્યા છે. **(ભવ ભાવના ૩૦૪)** વગેરે...આવું કહેવા દ્વારા મનનું દુષ્પ્રણિધાન = અનાભોગ વગેરેથી સાવદ્યના વિચારમાં પ્રવૃત્તિરૂપ સામાયિકનો અતિચાર કહ્યો છે. તે ચિંતનનું ફળ કહે છે - **તેનું** = આર્ત્તધ્યાનને આધીન થનારનું **સામાયિક નિરર્થક** = નિષ્ફળ છે. સામાયિકનું સાફલ્ય તો ધર્મધ્યાનની પ્રવૃત્તિથી જ થાય છે એમ સમજવું. ॥૧૮॥

તેમાં સામાયિક કરવાની વિધિ પૂર્વગ્રંથોમાં આ પ્રમાણે દેખાય છે, તે આ પ્રકારે બૃહદ્ આવશ્યકવૃત્તિમાં કહી છે -

अणिड्ढीपत्तो य ।" इत्याद्यारभ्य "एताए विहीए गंता तिविधेण णमिऊण साधुणो पच्छा सामाइयं करेति, करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविहं तिविहेणं जाव साहू पज्जुवासामित्ति काऊण पच्छा इरियावहीयाए पडिक्कमति पच्छा आलोएत्ता वंदति आयरियादी ॥" तथा **पञ्चाशकवृत्तौ**- "अनेन विधिना गत्वा त्रिविधेन साधून् नत्वा, सामायिकं करोति,-"करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि जाव साहू पज्जुवासामि दुविहं तिविहेणं इत्युच्चारणतः, तत ईर्यापथिकायाः प्रतिक्रमति पश्चादालोच्य वन्दत आचार्यादीन् ॥"

**સંબોધોપનિષદ્**

અહીં શ્રાવક બે પ્રકારનો છે - (૧) સમૃદ્ધ (૨) અસમૃદ્ધ... ત્યાંથી માંડીને... આ વિધિથી જઈને સાધુઓને ત્રિવિધ - મન-વચન-કાયાથી નમન કરીને, પછી સામાયિક કરે છે.

હે ભગવંત ! હું સામાયિક કરું છું, સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરું છું, દ્વિવિધ-ત્રિવિધથી, જ્યાં સુધી સાધુઓની પર્યુપાસના કરું - એમ કરીને પછી ઈરિયાવહીથી પ્રતિક્રમણ કરે છે. પછી આલોવીને આચાર્ય વગેરેને વંદન કરે છે. તથા પંચાશકવૃત્તિમાં પણ કહ્યું છે કે - આ વિધિથી જઈને સાધુઓને ત્રિવિધથી નમન કરીને સામાયિક કરે છે - કરેમિ૦ ઈત્યાદિ ઉચ્ચારણથી. પછી ઈરિયાવહીથી પ્રતિક્રમણ કરે છે. પછી આલોવીને આચાર્ય વગેરને વંદન કરે છે.

तथा **नवपदविवरणे**–"आगतश्च त्रिविधेन साधून्नमस्कृत्य तत्साक्षिकं सामायिकं पुनः करोति 'करेमि भन्ते' इत्यादि 'जाव साहू पज्जुवासामि' इत्यादिसूत्रमुच्चार्य तत ईर्यापथिकीं प्रतिक्रमति आगमनं चालोचयति ॥" तथा **पञ्चाशकचूर्णा**वपि **श्रीयशोदेव**सूरय ऊचुः–"अणेण विहिणा गंतूण तिविहेण साहुणो नमिऊण सामाइयं च करेइ, करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि जाव साहुणो पज्जुवासामि दुविहं तिविहेणं, एवमाई उच्चरिऊण, ततो इरियाहवहियाए पडिक्कमइ ॥" इत्यादि । एवं बहुषु ग्रन्थेषु सामायिकोच्चारा–



તથા નવપદ વિવરણમાં પણ કહ્યું છે કે - ઉપાશ્રયમાં આવેલો શ્રાવક સાધુઓને ત્રિવિધથી નમસ્કાર કરીને તેમની સાક્ષીએ ફરીથી સામાયિક કરે છે. કરેમિ૦ ઇત્યાદિ સૂત્ર ઉચ્ચારીને પછી ઇરિયાવહી પડિકમે છે અને આગમનની આલોચના કરે છે.

તથા શ્રીયશોદેવસૂરિજીએ પંચાશકની ચૂર્ણિમાં પણ કહ્યું છે કે - આ વિધિથી જઇને સાધુઓને ત્રિવિધથી નમસ્કાર કરીને સામાયિક કરે છે. કરેમિ૦ ઇત્યાદિ ઉચ્ચારીને પછી ઇરિયાવહીથી પ્રતિક્રમણ કરે છે - ઇત્યાદિ.

આ રીતે ઘણા ગ્રંથોમાં એવું જ જણાવાયું છે કે પહેલા સામાયિક ઉચ્ચરવું અને પછી ઇરિયાવહી પડિકમવી. તો જેઓ

दूर्ध्वमीर्यापथिकीप्रतिक्रमण-त्वबोधकेषु जाग्रत्सु ये ततः पूर्वमीर्या प्रतिक्रामयन्ति ते सुहृद्भावेन प्रष्टव्या यूयं कस्य ग्रन्थस्याभिप्रायेणैवं कारयथेति, न च दृश्यते तथात्वावबोधकं किमपि शास्त्रमिति । एतद्विशेषार्थिना त्वस्मद्गुरुश्रीजयसोमोपाध्याय-सन्दृब्धस्वोपज्ञेर्यापथिका-षट्त्रिंशिकाविवरणं विलोकनीयम् । [ईर्यापथिकीप्रतिक्रमणस्य सामायिकोच्चारात्प्राक्तनत्वं स्वीकुर्वतामयमभिसन्धिः-ईर्यापथिकी-प्रतिक्रमणस्य सामायिकोच्चारपश्चाद्-भाविता-सूचकत्वेन ये पाठा ग्रन्थकृता उपन्यस्ता यद्यपि तेषामापाततः स एवार्थः स्थूलदृशां प्रतिभाति परन्तु सूक्ष्मेक्षिकया

——— સંબોધોપનિષદ્ ———

તેની પૂર્વે ઇરિયાવહી પડિકમાવે છે, તેઓને મિત્રભાવે પ્રશ્ન કરવો જોઇએ, કે તમે કયા ગ્રંથના અભિપ્રાયથી આવું કરાવો છો ? કારણ કે સામાયિક ઉચ્ચરતા પહેલા ઇરિયાવહી પડિકમવી એવું જણાવનાર કોઇ શાસ્ત્ર દેખાતું નથી. આ વિષયમાં વિશેષ જિજ્ઞાસુઓએ અમારા ગુરુ શ્રીજયસોમ ઉપાધ્યાય કૃત સ્વોપજ્ઞ ‘ઇર્યાપથિકા ષટ્ત્રિંશિકા’નું વિવરણ જોવું.

[જેઓ- સામાયિકના ઉચ્ચારણની પૂર્વે ઇર્યાવહી પડિકમવી - એવું માને છે, તેમનો આશય આ મુજબ છે - ઇરિયાવહી પડિકમવાની વિધિ સામાયિક ઉચરવાની પછી કરવી જોઇએ, એવા અર્થના સૂચક રૂપે ગ્રંથકારશ્રીએ જે પાઠોનો ઉપન્યાસ કર્યો છે, તે પાઠોનો ભલે ઉપલી નજરે સ્થૂલદષ્ટિવાળા જીવોને

तात्पर्यगवेषणायां तु तद्विपरीतार्थ-कत्वमेव, तद्यथा-ननु किमिदं पाठविहितमीर्यापथिकी-प्रतिक्रमणमालोचनाङ्गं वा वन्दनाङ्गं वा सामायिकाङ्गं वा ?, न तावदाद्यं पक्षद्वयम्, प्रस्तुतपाठानां भवत्पक्षापोषकत्वात्, प्रतिलेखनारम्भस्येवालोचनावन्दनादेरपीर्या-पथिकीप्रतिक्रमणं विनाऽभावात्, उभयेषामपि तत्रैकमत्यात्, अत एव च प्रतिक्रमणो-क्तावप्यालोचनाविधानोपदेश आचार्यवन्दनोप-देशश्च तत्र तत्र साधु सङ्गच्छते । न च पश्चात्पदं भवत्पक्ष-

संबोधोपनिषद्

તે જ અર્થ લાગે. પણ સૂક્ષ્મદૃષ્ટિથી તે તે શાસ્ત્રવચનોનું તાત્પર્ય શોધીએ તો તેમનો અર્થ તેનાથી વિપરીત જ જણાય છે. તે આ પ્રમાણે - તમે આ પાઠથી કહેલી ઇરિયાવહી પડિકમવાની વિધિને શું માનો છો ? (૧) આલોચનાનું અંગ, (૨) વંદનનું અંગ, કે (૩) સામાયિકનું અંગ ? આમાંથી પ્રથમ બે વિકલ્પો તો તમને માન્ય ન હોઇ શકે, કારણ કે તેનાથી તમારા પક્ષની પુષ્ટિ થતી નથી. કારણ કે જેમ ઇરિયાવહી પડિકમ્યા વિના પડિલેહણ ન થઇ શકે, તેમ આલોચના, વંદન વગેરે પણ ઇરિયાવહી પડિકમ્યા વિના ન થઇ શકે. કારણ કે આ વિષયમાં તો વાદી-પ્રતિવાદી બંને એકમત છે. માટે જ પ્રતિક્રમણની વાત કરી હોવા છતાં પણ આલોચના કરવાનો ઉપદેશ અને આચાર્યને વંદન કરવાનો ઉદ્દેશ તે તે સ્થાને = તમે બતાવેલા શાસ્ત્રપાઠોમાં સમ્યક્ રૂપે સંગત થાય છે.

साधकम्, एकविधान-समाप्त्यनन्तरं हि विधानान्तरप्रदर्शनावसरे पश्चात्पदप्रयोगस्य ग्रन्थकारलेखनशैलीसम्मतत्वात् । न च तृतीयोऽपि पक्षः क्षेमङ्करः, यतोऽत्र सामायिकविधिः पूर्ण आहोस्विदपूर्ण इति, प्रथमे मुखवस्त्रिकाप्रतिलेखनसन्देश-स्थापनस्वाध्यायादेरा-देशानामप्रतिपादनेन कल्पितत्वं स्पष्ट-मापतेत्, अन्यथा विधावेव कोऽभिनिवेशः ? न च तर्हि

——— સંબોધોપનિષદ્ ———

અહીં પશ્ચાત્ = પછી એવું પદ કહ્યું છે, એનાથી તમારા પક્ષની સિદ્ધિ નથી થતી, કારણ કે એક વિધાન સમાપ્ત થયા પછી બીજા વિધાનના પ્રદર્શનના અવસરે 'પશ્ચાત્' એવા પદનો પ્રયોગ કરવો, એ ગ્રંથકારની લેખન શૈલીને સંમત છે. વળી ત્રીજો વિકલ્પ પણ તમારા પક્ષનું રક્ષણ નથી કરતો, કારણ કે તેમાં પણ સામાયિક વિધિ (૧) પૂર્ણ છે ? કે (૨) અપૂર્ણ છે ? (૧) જો પૂર્ણ છે, તો - મુહપત્તિનું પડિલેહણ, સામાયિક સંદિસાહુ - સામાયિક ઠાઉં, સજ્ઝાયના આદેશો - આ બધું તેમાં ન કહ્યું હોવાથી, આ બધું કલ્પિત છે એવું માનવાની આપત્તિ સ્પષ્ટ જ છે. જો આ બધી ક્રિયાને કલ્પિત ન માનો, તો પછી તમારા વડે બતાવેલા શાસ્ત્રપાઠોનો તમે આગ્રહ ન રાખી શકો.

**પ્રશ્ન** - તો પછી પૂર્વાચાર્યોએ તે સ્થાને કરેમિ ભંતે ઇત્યાદિ પાઠ કેમ કહ્યો ?

'करेमि भंते' इत्यादिपाठः किमिति सूरिभिरभाणीति वाच्यम्, सर्वसामायिकभेदोपदर्शन-तात्पर्यकत्वात्तत्पाठस्य, अन्यथा तावन्मात्रसामायिकसूत्रपाठापत्तेः, अत एव च नात्र 'जाव' इत्यादिनाऽतिदेशः । श्रीमदभयदेव-सूरिशिष्याः श्रीमन्तः परमानन्दसूरयोऽपि स्वकृतसामाचार्यामीर्यापथिकीप्रतिक्रमणस्य सामायिकोच्चारणप्राग्भावित्वं प्रतिपादित-वन्तः । किञ्चोभय-प्रतिपन्नैः श्रीमद्भिर्वादिवेतालशान्तिसूरिभिरपि श्रीउत्तराध्ययन-बृहद्वृत्तौ तथैव प्रतिपादितम् । तथा च तत्पाठौ-

———————— સંબોધોપનિષદ્ ————————

**ઉત્તર** -- એ પાઠનું તાત્પર્ય સામાયિકના સર્વ પ્રકારો બતાવવાનું છે.

જો એવો આશય ન હોય તો તે તે શાસ્ત્ર પાઠોમાં કહેલો છે તેટલો જ સામાયિક સૂત્રનો પાઠ છે, એવું માનવાની આપત્તિ આવે. એટલે કે જો ઈર્યાવહી પહેલા કરેમિ ભંતે બોલવું આવું જ કહેવાનો આશય હોત, તો તે સ્થાને આખું કરેમિ ભંતે૦ સૂત્ર જ મુક્ત, પણ તેવો આશય ન હોવાથી જ અહીં જાવ૦ વગેરેથી અતિદેશ કર્યો નથી.

(૧) શ્રી અભયદેવસૂરિજીના શિષ્ય શ્રી પરમાનંદ સૂરિજીએ પણ સ્વકૃત સામાચારીમાં કહ્યું છે કે સામાયિક ઉચ્ચરવાની પૂર્વે ઈરિયાવહી પડિકમવી જોઈએ. (૨) વળી વાદી-પ્રતિવાદી બંને પક્ષને સંમત એવા શ્રી વાદિવેતાલ શાંતિસૂરિજીએ પણ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની બૃહદ્વૃત્તિમાં તે

"अङ्गीकृतसामायिकेन चोभयसन्ध्यं सामायिकं ग्राह्यम्, तस्य चायं विधिः-पोसहसालाए साहुसमीवे गिहेगदेसे वा इरियावहियं पडिक्कमिय खमासमणपुव्वं मुहपत्तिं पडिलेहिय पढमखमासमणे सामाइयं संदिसावेमि बीयखमासमणे सामाइए ठामि त्ति भणिऊण अद्धावणओ नमोक्कारपुव्वं 'करेमि भंते सामाइयं' इच्चाइ दंडगं भणिऊण" इत्याद्यः पाठः ।

"सामायिकं च प्रतिपत्तुकामेन तत्प्रणेतारः स्तोतव्याः" इत्युत्तराध्ययनस्यैकोनत्रिंशदध्ययनवृत्तिगतो द्वितीयः पाठः ।



જ પ્રમાણે કહ્યું છે. આ બંને ગ્રંથોના પાઠો આ પ્રમાણે છે -

(૧) 'જેણે સામાયિક વ્રતનો સ્વીકાર કર્યો છે તેણે સવાર-સાંજ સામાયિક લેવું જોઈએ. તેનો વિધિ આ મુજબ છે - પૌષધશાળામાં સાધુ પાસે કે ઘરના એક ભાગમાં ઈરિયાવહી પડિકમીને ખમાસમણ દઈને મુહપત્તિનું પડિલેહણ કરીને પહેલા ખમાસમણમાં સામાયિક સંદિસાહું, બીજા ખમાસમણે સામાયિક ઠાઉં એમ કહીને અડધા નમીને નવકારપૂર્વક કરેમિ ભંતે સામાઈયં ઈત્યાદિ આલાવો બોલીને' - ઈત્યાદિ પાઠ છે.

(૨) જેને સામાયિક લેવી છે તેણે સામાયિકના પ્રણેતાઓ (તીર્થંકરો)ની (લોગસ્સ દ્વારા) સ્તુતિ કરવી. આ ઉત્તરાધ્યયન-સૂત્રના ૨૯મા અધ્યયનની વૃત્તિનો બીજો પાઠ છે.

द्वितीये तु चर्चैव त्यज्यतां सामायिकविधेरेवात्राप्रतिपादनात्, ईर्यापथिकीप्रतिक्रमणस्यापि प्रागेवानुष्ठेयत्वेन स्वीकर्त्तुमुचितत्वात् ।]

——— સંબોધોપનિષદ્ ———

હવે જો બીજો વિકલ્પ લો કે એમાં બતાવેલો સામાયિક વિધિ અપૂર્ણ છે, તો તો ચર્ચા જ છોડી દો. કારણ કે સામાયિક વિધિનું અહીં પ્રતિપાદન જ નથી કર્યું. આનુષંગિક સામાયિકની થોડી (અપૂર્ણ) વાત જ કરી છે. બાકી જો આ શાસ્ત્રપાઠો સામાયિકની વિધિ જ બતાવતા હોય તો પૂર્ણ પ્રતિપાદન જ યોગ્ય હતું. અને તેમાં પૂર્વોક્ત ન્યાયથી ઇરિયાવહી પડિકમવાની વિધિ પણ પહેલા કરવી જોઈએ, એવું સ્વીકારવું ઉચિત હતું.

વળી દશવૈકાલિકવૃત્તિમાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ કહ્યું છે કે - ઇરિયાવહી પડિકમ્યા વિના કોઈ ક્રિયા ન કરવી. કારણ કે તેનાથી તે ક્રિયા અશુદ્ધ બની જાય છે. ઠાણાંગવૃત્તિમાં પણ આ અર્થનું પ્રતિપાદન છે. આ રીતે અનેક શાસ્ત્રોના સંદર્ભોનો અને તેના તાત્પર્યોનો વિચાર કરીને શુદ્ધ સામાયિક વિધિનો મધ્યસ્થતાપૂર્વક વિચાર કરવો જોઈએ.]

सामायिकोपदेष्टा च सूरिः, स च गुणवान् भवतीति तद्गुणानाह-

**पडिरूवाई चउदस, खंतीमाईय दसविहो धम्मो ।**
**बारस य भावणाओ, सूरिगुणा हुंति छत्तीसं ॥१९॥**

**व्याख्या** - एते सूरिगुणाः षट्त्रिंशद् भवन्ति । तथाहि प्रतिरूपादयश्चतुर्दश गुणाः प्राकृतत्वादेकवचननिर्देशः । तत्र- "पडिरूवो तेयस्सी, जुगप्पहाणागमो महुरवक्को । गंभीरो धीमंतो, उवएसपरो य आयरिओ ॥१॥ अप्परिसावी सोमो,

संबोधोपनिषद्

સામાયિકના ઉપદેશક આચાર્ય હોય છે. ~~અને~~ તેઓ ગુણવાન હોય છે. માટે તેમના ગુણો કહે છે -

**પ્રતિરૂપ વગેરે ચૌદ, ક્ષાન્તિ વગેરે દશવિધ ધર્મ, અને બાર ભાવનાઓ આમ છત્રીસ આચાર્યના ગુણો છે. ॥૧૯॥**
(ગાથા સહસ્રી ૧, સંબોધ પ્રકરણ ૫૯૬, વિચાર સાર ૨૩૧)

આ **આચાર્યના છત્રીસ ગુણો છે.** તે આ પ્રમાણે છે - **પ્રતિરૂપ વગેરે ૧૪ ગુણો છે.** અહીં પ્રાકૃત હોવાથી એકવચન નિર્દેશ કર્યો છે. તેમાં ૧૪ ગુણ આ પ્રમાણે છે -

(૧) પ્રતિરૂપ (૨) તેજસ્વી (૩) યુગપ્રધાનાગમ (૪) મધુરવાક્ય (૫) ગંભીર (૬) ધૃતિમાન્ (૭) ઉપદેશતત્પર

संगहसीलो अभिग्गहई य । अविकत्थणो अचवलो, पसंतहियओ गुरू होइ ॥२॥" प्रतिनियतं विशिष्टावयवरचनया रूपं यस्य स प्रतिरूपः प्रतिविभक्ताङ्गः, अनेन शरीरसम्पदमाह-प्रधानगुण-योगितया वा तद्गोचरबुद्धिजनकत्वात्तीर्थकरादीनां प्रतिरूपः प्रतिबिम्बाकारः १ । तेजस्वी दीप्तिमान् २ । युगं वर्तमानकालः तस्मिन् प्रधानः शेषजनापेक्षयोत्कृष्टो बहुत्वादागमः श्रुतं यस्यासौ

संबोधोपनिषद्

(૮) અપરિસ્રાવી (૯) સૌમ્ય (૧૦) સંગ્રહશીલ (૧૧) અભિગ્રહમતિ (૧૨) અલ્પભાષી (૧૩) સ્થિરસ્વભાવી (૧૪) પ્રશાંતહૃદયી- એવા ગુરુ - આચાર્ય હોય છે. ॥૧,૨॥

(ઉપદેશમાલા ૧૦,૧૧)

(૧) વિશિષ્ટ અવયવોની રચનાથી જેમનું રૂપ પ્રતિનિયત છે, તે **પ્રતિરૂપ** = સમ્યક્ વિભાગીકરણ પામેલ શરીરવાળા હોય. આના દ્વારા આચાર્યની શરીરસંપત્તિ કહી છે.

અથવા તો જેમનામાં તીર્થંકરોનો મુખ્ય ગુણ હોવાથી જેમનાથી તીર્થંકરોની સ્મૃતિ થઇ આવે તે તીર્થંકર વગેરેને પ્રતિરૂપ = પ્રતિબિંબભૂત આકારવાળા હોય.

(૨) **તેજસ્વી** = કાન્તિમાન્.

(૩) **યુગ** = વર્તમાનકાળ, તેમાં **પ્રધાન** = શેષ લોકોની અપેક્ષાએ ઘણુ હોવાથી ઉત્કૃષ્ટ છે **આગમ** = શ્રુત જેમનું તે **યુગપ્રધાનાગમ**.

युगप्रधानागमः ३ । मधुरवाक्यः पेशलवचनः ४ । गम्भीरोऽतुच्छः परैरलब्धमध्य इत्यर्थः ५ । धृतिमान् निष्प्रकम्पचित्तः ६ । उपदेशपरः सद्वचनैर्मार्गप्रवर्तकः ७ । चशब्दः समुच्चये, आचार्यो भवतीति क्रिया । तथा अप्रतिश्रावी निश्छिद्रशैलभाजनवत् परकथितात्मगुह्यजलाप्रतिश्रवणशीलः ८ । सौम्यः मूर्तिमात्रेणैवाह्लादसम्पादकः ९ । सङ्ग्रहशीलः तत्तद्गुणानपेक्ष्य शिष्यवस्त्रपात्राद्यादानतत्परः; तथाविधगुणस्य गणवृद्धिहेतुत्वात्

संबोधोपनिषद्

(૪) **મધુરવાક્ય** = મીઠા વચન બોલનારા. (૫) **ગંભીર** = અતુચ્છ. જેના આશયને બીજા ઓળખી ન શકે તેવા. (૬) **ધૃતિમાન્** = નિશ્ચલ મનવાળા. (૭) **ઉપદેશતત્પર** = સમ્યક્ વચનો કહેવા દ્વારા મોક્ષ-માર્ગના પ્રવર્તક. 'ચ' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. આવા આચાર્ય 'હોય' એવું અહીં ક્રિયાપદ સમજવું. તથા (૮) **અપ્રતિસ્રાવી** = જેમ છિદ્રરહિત પથ્થરના ભાજનમાં રહેલું પ્રવાહી બહાર સ્રવે નહીં, તેમ બીજાએ કહેલી પોતાની ગુપ્ત વાતરૂપ જળ જેમાંથી સ્રવે નહીં, તેવા સ્વભાવવાળા. (૯) **સૌમ્ય** = શરીરથી જ - પોતાના અસ્તિત્વથી જ આહ્લાદ કરાવનારા. (૧૦) **સંગ્રહશીલ** = તે તે ગુણોને અપેક્ષાથી શિષ્ય, વસ્ત્ર, પાત્ર વગેરેનું ગ્રહણ કરવામાં તત્પર. કારણ કે તેવા પ્રકારનો ગુણ

१० । अभिग्रहा द्रव्यादिषु नानारूपा नियमाः, तेषु स्वपरविषये मतिः तद्ग्रहणग्राहणपरिणामो यस्यासौ अभिग्रहमतिकः ११ । अविकत्थनः अबहुभाषी, अनात्मश्लाघापरो वा १२ । अचपलः स्थिरस्वभावः १३ । प्रशान्तहृदयः क्रोधाद्यस्पृष्टचित्तः १४ । एवंभूतो गुरुर्गुणैः सारो भवत्याचार्य इति वर्तते । तथा मकारोऽलाक्षणिकः, क्षान्त्यादिको दशविधो धर्मः, तथाहि- "खंती य मद्दवज्जव, मुत्ती तव संजमे य बोधव्वे । सच्चं

संबोधोपनिषद्

ગચ્છની વૃદ્ધિનું કારણ છે. (૧૧) **અભિગ્રહો** = દ્રવ્યાદિ વિષયના અનેક પ્રકારના નિયમો, તેમાં સ્વ-પરવિષયમાં **મતિ** = અભિગ્રહનું ગ્રહણ કરવાનો - કરાવવાનો પરિણામ જેમને છે તે **અભિગ્રહમતિ.** (૧૨) **અવિકત્થન** = અલ્પ બોલનારા અથવા પોતાની પ્રશંસા નહી કરનારા. (૧૩) **અચપળ** = સ્થિરસ્વભાવી. (૧૪) **પ્રશાંતહૃદયી** = જેના ચિત્તમાં ક્રોધ વગેરેનો સ્પર્શ થયો નથી, તેવા. આવા સ્વરૂપવાળા ગુરુ = ગુણોથી સારભૂત એવા આચાર્ય હોય છે.

તથા 'મ'કાર અલાક્ષણિક છે. **ક્ષાન્તિ વગેરે દશ પ્રકારનો ધર્મ છે.** તે આ પ્રમાણે છે-ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મ આ દશ પ્રકારનો યતિધર્મ છે. **(દર્શનશુદ્ધિ પ્રકરણ ૬૪, વિચારસાર ૨૮૨, નવતત્ત્વ ૭૮, પંચાશક ૫૧૩, વિંશતિવિંશતિકા ૨૦૨, નવતત્ત્વભાષ્ય ૮૩, તિત્થોગાલિપઈન્નય ૧૨૦૭, પ્રવચન સારોદ્ધાર ૫૫૩, ચરણકરણ મૂલોત્તરગુણ ૫)**

सोयं आकिंचणं च बभं च जइ धम्मो ॥१॥" क्षान्तिः क्षमा शक्तस्याशक्तस्य वा सहनपरिणामः, सर्वथा क्रोधविवेक इत्यर्थः १ । मृदुः अस्तब्धस्तस्य भावः कर्म वा मार्दवम्, नीचैर्वृत्तिरनुत्सेकश्च २ । ऋजुरवक्रमनोवाक्कायकर्मा तस्य भावः कर्म वा आर्जवम्, मनोवाक्कायविक्रियाविरहो मायारहितत्वमिति यावत् ३ । मोचनं मुक्तिः, बाह्याभ्यन्तरवस्तुतृष्णाविच्छेदः लोभपरित्याग इत्यर्थः ४ । तप्यन्ते रसादिधातवः कर्माणि वाऽनेनेति तपः, तच्च द्वादशविधमनशनादि ५ । संयम आश्रवविरतिलक्षणः ६ । सत्यं मृषावादविरतिः ७ । शौचं

संबोधोपनिषद्

(१) **क्षान्ति** = क्षमा = समर्थनो के असमर्थनो सहन करवानो परिणाम, अर्थात् सर्वथा क्रोधत्याग. (२) **मृदु** = अस्तब्ध = अक्कड नहीं तेवो, तेनो भाव के कर्म = मार्दव. तथा नम्र वृत्ति अने निरभिमानता ए मार्दव छे.

(३) **ऋजु** = जेनी मन-वचन-कायानी प्रवृत्ति सरळ छे, तेवो. तेनो भाव के कर्म = आर्जव = मन-वचन-कायाना विकारोनो अभाव = मायारहितपणुं.

(४) **मुक्ति** = छोडवुं = बाह्य-अभ्यंतर वस्तुओनी तृष्णानो विच्छेद = लोभ परित्याग. (५) जेनाथी रस वगेरे धातुओ के कर्मो तपे छे, ते **तपः** ते अनशन वगेरे बार प्रकारनो छे. (६) **संयम** = आश्रवविरति. (७) **सत्य** = मृषावादविरति. (८) **शौच** = संयमनी बाबतमां निर्मळता

संयमं प्रति निरुपलेपता, निरतिचारतेत्यर्थः ८ । नास्य किञ्चन द्रव्यमस्तीत्यकिञ्चनस्तस्य भाव आकिञ्चन्यम्, उपलक्षणं चैतत् तेन शरीरधर्मोपकरणादिष्वपि निर्ममत्वमाकिञ्चन्यम् ९ । नवब्रह्मचर्यगुप्तिसनाथ उपसंयमो ब्रह्म १० । एष दशप्रकारो यतिधर्मः । अन्ये त्वेवं पठन्ति - "खंती मुत्ती मद्दव, अज्जव तह लाघवे तवे चेव । संजम चियागऽकिंचण, बोधव्वे बंभचेरे य ॥१॥" तत्र लाघवं द्रव्यतोऽल्पोपधिता भावतो गौरवपरिहारः । त्यागः सर्वसङ्गानां विमोचनं संयतेभ्यो



= નિરતિચારતા. (૯) જેનું કોઈ દ્રવ્ય (ધનાદિ) નથી તે **અકિંચન.** તેનો ભાવ = અકિંચનતા. આ ઉપલક્ષણ છે, તેથી શરીર, ધર્મોપકરણ વગેરેમાં પણ નિર્મમપણું તે અકિંચનતા છે.

(૧૦) નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિઓથી યુક્ત એવો જે ઉપસંયમ, તે **બ્રહ્મ** છે. આ દશ પ્રકારનો યતિધર્મ છે.

અન્યો તો આ રીતે પાઠ કરે છે-ક્ષાન્તિ, મુક્તિ, માર્દવ, આર્જવ તથા લાઘવ અને તપ, સંયમ, ત્યાગ, અકિંચન અને બ્રહ્મચર્ય, આ રીતે દશવિધ યતિધર્મ સમજવો. ॥૧॥

તેમાં **લાઘવ** = દ્રવ્યથી અલ્પ ઉપધિપણું અને ભાવથી ગારવોનો ત્યાગ.

वस्त्रादिदानं वा । शेषं प्राग्वत् । तथा द्वादश च भावनाः, ताश्चेमाः-"पढममणिच्चमसरणं, संसारो एगया य अन्नत्तं । असुइत्तं आसव संवरो य तह निज्जरा नवमी ॥१॥ लोगसहावो बोहीदुलहा धम्मस्स साहगो अरहा । एयाइं होंति बारस, जहक्कमं भावणीयाओ ॥२॥" तत्र प्रथममनित्यभावना, द्वितीयाऽशरणभावना, तृतीया संसारभावना, चतुर्थी एकत्वभावना, पञ्चमी अन्यत्वभावना, षष्ठी अशुचित्वभावना, सप्तमी आस्रवभावना, अष्टमी संवरभावना, तथा नवमी निर्जराभावना, दशमी लोकस्वभावभावना, एकादशी बोधिदुर्लभभावना, द्वादशी धर्मकथकोऽर्हन्निति । एतास्तु भावना द्वादश भवन्ति, यथाक्रमं भणितक्रमेण भावनीया अहर्निशमभ्यसनीयाः । तासां च स्वरूपं

संबोधोपनिषद्

**ત્યાગ** = સર્વસંગોનો પરિહાર અથવા તો સંયમીઓને વસ્ત્રાદિનું દાન, બાકીનું પૂર્વની જેમ સમજવું.

તથા **બાર ભાવનાઓ** છે, જે આ મુજબ છે - (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિત્વ (૭) આશ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોકસ્વભાવ (૧૧) બોધિદુર્લભ (૧૨) અરિહંત ધર્મપ્રવક્તા છે. યથાક્રમ આ બાર ભાવનાઓનું પરિભાવન કરવું જોઈએ. **(પર્યંત આરાધના ૨૪૬, પ્રવચનસારોદ્ધાર ૫૭૨-૫૭૩, નવતત્ત્વ ૩૦-૩૧)**

किञ्चिन्निरूपयामः-तत्र संसारे सर्वपदार्थानामनित्यताचिन्तनमनित्यभावना १ । देहिनां मरणादिभये संसारे शरणं किमपि नास्तीत्यादिचिन्तनमशरणभावना २ । जीवानां चतुरशीतिलक्षयोनिपरिभ्रमणचिन्तनं संसारभावना ३ । एकाक्येव जीव उत्पद्यते कर्माणि उपार्जयति भुङ्क्ते चेत्यादिचिन्तनमेकत्वभावना ४ । जीवानां देहात्पृथक्त्वे सति पुत्रकलत्रधनादिपदार्थेभ्योऽत्यन्तभेदः, अतस्तत्त्ववृत्त्या लोके कस्यापि सम्बन्धो नास्तीत्यादिचिन्तनमन्यत्वभावना ५ । देहस्य सप्तधातुमयस्य नव स्त्रोतांसि निरन्तरं

संबोधोपनिषद्

આ બારભાવનાઓનું થોડું સ્વરૂપ કહીએ છીએ -

(૧) તેમાં સંસારમાં સર્વ પદાર્થોની અનિત્યતાનો વિચાર કરવો એ **અનિત્યભાવના** છે. (૨) જીવોના મરણ વગેરેના ભયમાં સંસારમાં કાંઈ શરણ નથી, ઈત્યાદિ ચિંતન **અશરણભાવના** છે. (૩) જીવો ચોર્યાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરે છે, તેનું ચિંતન **સંસારભાવના** છે. (૪) જીવ એકલો જ ઉત્પન્ન થાય છે, કર્મોનું ઉપાર્જન કરે છે અને તે કર્મોનું ફળ ભોગવે છે, ઈત્યાદિ ચિંતન **એકત્વભાવના** છે. (૫) જીવો શરીરથી ભિન્ન છે માટે પુત્ર, પત્ની, ધન વગેરે પદાર્થોથી તો જીવો અત્યંત ભિન્ન છે. માટે વાસ્તવિક રીતે વિશ્વમાં કોઈનો પણ સંબંધ નથી, ઈત્યાદિ ચિંતન **અન્યત્વભાવના** છે. (૬) શરીર સાત ધાતુઓનું બનેલું છે. તેમાં નિરંતર નવ ગટરો

स्रवन्ति, मलमूत्रश्लेष्मादिवस्तूनि बीभत्सानि सहचारीणि सन्ति, अतः शुचित्वं कुतः स्यात् ? इत्यादिचिन्तनमशौचभावना ६। संसारमध्यस्थितसमस्तजीवानां मिथ्यात्वकषायाविरतिप्रमादा-र्तरौद्रध्यानादिहेतुभिर्निरन्तरं कर्माणि बध्यमानानि सन्तीत्यादि-चिन्तनमास्रवभावना ७ । मिथ्यात्वादीनां बन्धहेतूनां संवरणोपायाः सम्यक्त्वादयस्तेषां चिन्तनं संवरभावना ८ । निर्जरा द्वेधा, सकामा अकामा च, तत्र सकामा साधूनाम्, अकामा अज्ञानिजीवानाम्, तत्र सकामा द्वादशप्रकारतपोविहितकर्मक्षय-रूपा, अकामा पुनस्तिर्यगादीनां जीवानां तृषाबुभुक्षाच्छेदन-

संबोधोपनिषद्

વહી રહી છે. તેમાં મળ, મૂત્ર, શ્લેષ્મ વગેરે બીભત્સ સહચારી વસ્તુઓ રહેલી છે. માટે આવા શરીરમાં શુચિત્વ શી રીતે થાય ? ઇત્યાદિ ચિંતન **અશુચિભાવના** છે. (૭) સંસારમાં રહેલા સર્વ જીવો મિથ્યાત્વ, કષાય, અવિરતિ, પ્રમાદ, આર્ત્ત-રૌદ્રધ્યાન વગેરે હેતુઓથી નિરંતર કર્મબંધ કરે છે, ઇત્યાદિ ચિંતન **આશ્રવભાવના** છે. (૮) કર્મબંધના હેતુભૂત એવા મિથ્યાત્વ વગેરેના સંવરણના ઉપાયો સમ્યક્ત્વ વગેરે છે. તેમનું ચિંતન કરવું એ **સંવરભાવના** છે. (૯) નિર્જરા બે પ્રકારની છે - સકામ અને અકામ. તેમાં સકામ નિર્જરા સાધુની છે. અકામ નિર્જરા અજ્ઞાની જીવોની છે. તેમાં સકામ નિર્જરા = બાર પ્રકારના તપથી થતો કર્મક્ષય, અકામનિર્જરા = તિર્યંચ વગેરે જીવોને તરસ, ભૂખ, છેદન,

भारोद्वहनाद्यकामकष्टसहने यः कर्मक्षयस्तद्रूपा ज्ञातव्या, एवंविधा निर्जराभावना ९ । चतुर्दशरज्ज्वात्मकलोकस्य कटिस्थापित-करतिर्यक्प्रसारितपादपुरुषाकारस्य धर्मास्तिकायादिषट्द्रव्यैः परि-पूर्णस्य चिन्तनं लोकस्वभावभावना १० । अनन्तकालदुर्लभ-मनुष्यभावादिसामग्रीयोगेऽपि दुष्प्रापं प्रायो बोधिबीजं जीवानामि-त्यादिचिन्तनं बोधिदुर्लभभावना ११ । अथ धर्मकथकोऽर्हन्निति द्वादशी भावना-"अर्हन्तः केवलालोकालोकितालोकलोककाः। यथार्थं धर्ममाख्यातुं, पटिष्ठाः न पुनः परे ॥१॥ वीतरागा हि

संबोधोपनिषद्

ભાર ઉપાડવો વગેરે અનિચ્છાએ કષ્ટ સહન કરવાથી જે કર્મક્ષય થાય છે તે. આવા પ્રકારની **નિર્જરાભાવના** છે.

(૧૦) કોઈ પુરુષે પોતાના હાથ કમર પર રાખ્યા હોય અને બંને પગને પહોળા કર્યા હોય, એવા આકારનો ચૌદ રાજલોક છે. જે ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યોથી પરિપૂર્ણ છે. તેમનું ચિંતન એ **લોકસ્વભાવભાવના** છે.

(૧૧) અનંત કાળે ય દુર્લભ એવું મનુષ્યપણું વગેરે સામગ્રીનો યોગ થાય, તો પણ જીવોને બોધિબીજ પ્રાયઃ દુષ્પ્રાપ્ય છે, ઈત્યાદિ ચિંતન **બોધિદુર્લભભાવના** છે.

(૧૨) હવે અરિહંત ધર્મ કહેનારા છે, એ બારમી ભાવના થોડા વિસ્તારથી કહેવાય છે - જેમણે કેવળજ્ઞાનના પ્રકાશથી લોકાલોકને જોયા છે, તેવા અરિહંતો જ યથાર્થ ધર્મ કહેવા

सर्वत्र, परार्थकरणोद्यताः । न कुत्राप्यनृतं ब्रूयुस्ततस्तद्धर्मसत्यता ॥२॥ क्षान्त्यादिभेदैर्धर्मं च, दशधा जगदुर्जिनाः । यं कुर्वन् विधिना जन्तुर्भवाब्धौ न निमज्जति ॥३॥ पूर्वापरविरुद्धानि, हिंसादेः कारकाणि च । वचांसि चित्ररूपाणि, व्याकुर्वद्-भिर्निजेच्छया ॥४॥ कुतीर्थिकैः प्रणीतस्य, सद्गतिप्रतिपन्थिनः । धर्मस्य सकलस्यापि, कथं स्वाख्याततता भवेत् ? ॥५॥ यच्च तत्समये क्वापि, दयासत्यादिपोषणम् । दृश्यते तद्वचोमात्रं,

——————— સંબોધોપનિષદ્ ———————

માટે અત્યંત નિપુણ છે, બીજા નહીં. ॥૧॥ વીતરાગો સર્વત્ર પરાર્થ કરવામાં ઉદ્યત હોય છે. તેથી તેઓ ક્યાંય કોઇ વિષયમાં ખોટું બોલતા નથી, માટે તેમણે કહેલો ધર્મ સત્ય છે. ॥૨॥ જિનેશ્વરોએ ક્ષમા વગેરે ભેદોથી દશ પ્રકારનો ધર્મ કહ્યો છે, જેને વિધિપૂર્વક આરાધનારો જીવ સંસારસાગરમાં ડુબતો નથી. ॥૩॥ જેઓ પોતાની ઇચ્છાથી પૂર્વાપર વિરુદ્ધ, હિંસાદિકારક એવા જાતજાતના વચનો કહે છે, તેવા કુતીર્થિકો દ્વારા પ્રણીત અને સદ્ગતિનો પ્રતિપન્થી એવો ધર્મ કલાસહિત હોય, તો ય સ્વાખ્યાત ક્યાંથી બને ? અર્થાત્ એવો ધર્મ સમ્યક્ કથિત ન હોઇ શકે. ॥૪,૫॥ કુતીર્થિકોના સિદ્ધાન્તમાં ક્યાંક જે દયા, સત્ય વગેરેનું પોષણ દેખાય છે, તેને પ્રબુદ્ધ જનોએ વચનમાત્ર સમજવું, પણ વાસ્તવિક ન સમજવું. (આ વિષયમાં વિશેષ જાણવા માટે જુઓ અષ્ટક પ્રકરણમાં **અષ્ટક નં. ૧૫-૧૬, અધ્યાત્મસારમાં અધિકાર નં. ૧૨, નાનાચિત્તપ્રકરણ**

बुधैर्ज्ञेयं न तत्त्वतः ॥६॥ यत्प्रोद्दाममदान्धसिन्धुरघटासाम्राज्य-मासाद्यते, यन्निश्शेषजनप्रमोदजनकं सम्पद्यते वैभवम् । यत्पूर्णेन्दुसमद्युतिर्गुणगणः सम्प्राप्यते यत्परं, सौभाग्यं च विजृम्भते तदखिलं धर्मस्य लीलायितम् ॥७॥ यन्नाप्लावयति क्षितिं जलनिधिः कल्लोलमालाकुलो, यत्पृथ्वीमखिलां धिनोति सलिलासारेण धाराधरः । यच्चन्द्रोष्णरुची जगत्युदयतः सर्वान्धकारच्छिदे, तन्निश्शेषमपि ध्रुवं विजयते धर्मस्य विस्फूर्जितम् ॥८॥ अबन्धूनां बन्धुः सुहृदसुहृदां सम्यगगदो,



વગેરે) ॥૬॥

જે ઉદ્‌ભટ મદથી ઉન્મત્ત બનેલા હાથીઓની શ્રેણિવાળું સામ્રાજ્ય પ્રાપ્ત કરાય છે, જે સર્વ લોકોને પ્રમોદ કરનારો વૈભવ મળે છે, જે પૂર્ણચંદ્રની જેવી કાન્તિવાળા ગુણોનો ગણ પ્રાપ્ત થાય છે, જે પરમ સૌભાગ્ય પ્રગટ થાય છે, તે બધી ધર્મની લીલા છે. ॥૭॥ (દ્વાદશભાવના ૧૨૩ થી ૧૨૯)

જે મોજાઓની હારમાળાથી આકુળ એવો દરિયો પૃથ્વીને ડુબાડી દેતો નથી, જે વાદળ સમગ્ર પૃથ્વીને પાણી રૂપી અત્યંત સારભૂત વસ્તુથી કે નદી રૂપી સારથી ટકાવી રાખે છે, જે સર્વ અંધકારોના છેદન માટે ચંદ્ર અને સૂર્ય જગતમાં ઉગે છે, તે સર્વ નક્કી ધર્મનો વિલાસ જ જય પામે છે. ॥૮॥ (દ્વાદશભાવના ૧૩૦)

જે બાંધવરહિત જીવોનો બાંધવ છે, જે મિત્રરહિત જીવોનો

गदार्तिक्लान्तानां धनमधनभावार्तमनसाम् । अनाथानां नाथो गुणविरहितानां गुणनिधिर्जयत्येको धर्मः परमिह हितव्रातजनकः ॥९॥ अर्हता कथितो धर्मः, सत्योऽयमिति भावयन् । सर्व-सम्पत्करे धर्मे, धीमान् दृढतरो भवेत् ॥१०॥ एकामप्यमलामि-मासु सततं यो भावयेद्भावनां, भव्यः सोऽपि निहन्त्यशेषकलुषं दत्ताऽसुखं देहिनाम् । यस्त्वभ्यस्तसमस्तजैनसमयस्ता द्वादशाप्या-दरादभ्यस्येल्लभते स सौख्यमतुलं किं तत्र कौतूहलम्" ॥११॥१९॥



મિત્ર છે, જે રોગપીડાથી દુઃખી જીવો માટે ઔષધ છે, જે નિર્ધનતાથી દુઃખી જીવો માટે ધન બરાબર છે, જે અનાથોનો નાથ છે, અને ગુણરહિત જીવો માટે ગુણોના નિધાનસમાન છે, જે આલોક અને પરલોકમાં કલ્યાણોની શૃંખલાઓનું સર્જન કરે છે, તે એક ધર્મ જય પામે છે. ॥૯॥ (દ્વાદશભાવના ૧૩૧) જે બુદ્ધિશાળી એવી ભાવના ભાવે છે કે 'અરિહંતે કહેલો આ ધર્મ સત્ય છે' તે સર્વસંપત્તિકારક એવા ધર્મમાં અધિક દૃઢ થાય છે. ॥૧૦॥ (દ્વાદશભાવના ૧૩૨) જે ભવ્ય જીવ આ બાર ભાવનાઓમાંથી એક પણ શુદ્ધ ભાવનાનું સતત પરિભાવન કરે છે, તે પણ જીવોને દુઃખ આપનારા એવા સર્વ પાપને હણી નાખે છે. તો પછી જેણે સમગ્ર જૈન સિદ્ધાન્તનો અભ્યાસ કર્યો છે, તે આદરથી બારે ભાવનાઓનું વારંવાર પરિભાવન કરીને અતુલ્ય સુખ પામે છે, તેમાં શું કુતુહલપણુ છે ? અર્થાત્ તેમાં કોઈ આશ્ચર્ય નથી. ॥૧૧॥ (દ્વાદશભાવના ૧૩૩) ॥૧૯॥

सूरयः सगुणसाधुभिः परिकरिता एव शोभन्ते इति साधुगुण-कथनपुरस्सरं तद्वन्द्यत्वमाख्यायते-

**छव्वय छकायरक्खा, पंचिंदियलोहनिग्गहो खंती ।**
**भावविसुद्धी पडिलेहणाइकरणे[1] विसुद्धी य ॥२०॥**

**संजमजोए [2]जुत्तय, अकुसलमणवयणकायसंरोहो ।**
**सीयाइपीडसहणं, मरणं उवसग्गसहणं च ॥२१॥**

**सत्तावीसगुणेहिं, एएहिं जो विभूसिओ साहू ।**
**[3]सो पणमिज्जइ भत्तिब्भरेण हियएण रे जीव ! ॥२२॥**

——— સંબોધોપનિષદ્ ———

આચાર્યો ગુણવાન સાધુઓથી પરિવારિત હોય, તો જ તેઓ શોભે છે. માટે સાધુઓના ગુણો કહેવા સાથે તેમની વંદનીયતા કહે છે -

**છ વ્રત, ષટ્કાયરક્ષા, પાંચ ઈન્દ્રિયો લોભનિગ્રહ, ક્ષાન્તિ, ભાવવિશુદ્ધિ તથા પડિલેહણ વગેરે કરવામાં વિશુદ્ધિ. ॥૨૦॥**

**સંયમયોગમાં યુક્તપણું, અકુશલ મન, વચન, કાયાનો સંરોધ, ઠંડી વગેરેની પીડા સહન કરવી, અને મરણાંત ઉપસર્ગ સહન કરવો. ॥૨૧॥**

**રે જીવ ! જે સાધુ આ ૨૭ ગુણોથી વિભૂષિત છે, તેમને ભક્તિથી ભરેલા હૃદયથી પ્રણામ કરાય છે. ॥૨૨॥**

---

१. छ - णाय करणे विसुद्धि यं सम्मं । २. क.ख.ग.घ.च.छ - जुत्तो ।
३. क. घ. च. - तं पणमिज्जइ । ख-तं पणमिज्जसु । ग-तं पणमिज्ज ।

**व्याख्या** - 'एभिः' प्रागुक्तैः सप्तविंशतिसङ्ख्यैर्गुणैः सप्तविंशतिगुणैः, यः 'साधुः' यतिः 'विभूषितः' अलङ्कृतो भवति 'सः' साधुः भक्तेरादरकरणस्य भरोऽतिशयो यत्र एवंविधेन 'हृदयेन' मनसा 'रे जीव !' आत्मन् ! 'प्रणम्यते' नमस्क्रियते । गुणवते पात्राय भावसारं नमस्कारः कृतो गुणाय भवतीति ध्वनितम् । अथ साधुगुणान् गणयन्नाह-'छव्वय' इत्यादि, षड्व्रतानि प्राणातिपातविरत्यादिलक्षणानि रात्रिभोजन-विरतिपर्यवसानानि, प्राकृतत्वाद्विभक्तिलोपः । तथा षण्णां



(सम्बोध प्रકરણ ૭૦૫, ૭૦૬, ૭૦૭, સંગ્રહશતક ૬૧, ૬૨, પ્રવચનસારોદ્ધાર ૧૩૫૪, ૧૩૫૫, ગાથાસહસ્રી ૨, ૩,~~૪, રત્ન~~સંચય ૪૨૫)

**આ** = પૂર્વોક્ત, **સત્યાવીશ** સંખ્યાના **ગુણોથી** = સત્યાવીશ ગુણોથી, **જે સાધુ** = સંયમી, **વિભૂષિત** = અલંકૃત હોય, **તે** સાધુ **ભક્તિનો** = આદરકરણનો, **ભર** = અતિશય છે જેમાં તેવા **હૃદયથી** = મનથી, **રે જીવ !** = આત્મન્ ! **નમસ્કાર કરાય છે.** આના દ્વારા એવું જણાવ્યું છે કે ગુણવન પાત્રને અત્યંત ભાવથી કરેલો નમસ્કાર ગુણ માટે થાય છે.

હવે સાધુઓના ગુણોને ગણતા કહે છે - **છ વ્રત** = પ્રાણાતિપાત વિરમણથી રાત્રિભોજનવિરમણ સુધીના મૂળ ગુણો અહીં પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે. તથા પૃથ્વી

कायानां पृथिव्यादीनां रक्षा सम्यगनुपालनम् । तथा 'पञ्चेन्द्रियलोभनिग्रहः' निग्रहशब्दस्योभयत्रापि सम्बन्धः, तेन पञ्चानामिन्द्रियाणां श्रोत्रादीनां निग्रहः, इष्टेतरेषु शब्दादिषु रागद्वेषाकरणमित्यर्थः, तथा लोभनिग्रहो विरागता । 'क्षान्तिः' क्षमा क्रोधनिग्रहः । 'भावविशुद्धिः' अन्तःशुद्धिः । तथा 'प्रतिलेखनादिकरणे' प्रत्युपेक्षणादिव्यापारे विशुद्धिः, प्रति-लेखनादिक्रियां यथोक्तां सम्यगुपयुक्तः कुरुत इत्यर्थः । 'चः' समुच्चये । तथा 'संयमयोगे' संयमयोगविषये 'युक्तता' आत्मनो योजनम् । अकुशलानां मनोवाक्कायानामकरणे संरोधो निरोधः,

——— સંબોધોપનિષદ્ ———

વગેરે **છ કાયની રક્ષા** = સમ્યક્ અનુપાલન. તથા **પંચેન્દ્રિય-લોભનિગ્રહ,** અહીં નિગ્રહ શબ્દનો બંનેમાં અન્વય કરવો, તેથી પાંચ ઇન્દ્રિયોનો = શ્રોત્રેન્દ્રિય વગેરેનો નિગ્રહ, અર્થાત્ ઇષ્ટ-અનિષ્ટ શબ્દ વગેરેમાં રાગ-દ્વેષ ન કરવા, એવો અર્થ છે, તથા **લોભનિગ્રહ** = વૈરાગ્ય. **ક્ષાન્તિ** = ક્ષમા = ક્રોધ-નિગ્રહ. **ભાવવિશુદ્ધિ** = હૃદયશુદ્ધિ. તથા **પડિલેહણ**-પ્રમાર્જન **વગેરે કરવામાં વિશુદ્ધિ.** અર્થાત્ શાસ્ત્રકથિત એવી પડિલેહણ આદિ ક્રિયાને સમ્યક્ ઉપયુક્તપણે કરે છે. 'ચ' સમુચ્ચય અર્થમાં છે. તથા **સંયમયોગ**ના વિષયમાં **યુક્તપણું** = આત્માને જોડવું. **અકુશળ** એવા **મન-વચન-કાયા**ને ન કરવામાં સંરોધ =અનુરોધ = પ્રયત્ન એ **નિરોધ** છે. તથા કુશળ મન-વચન-

कुशलानामनिरोधश्च । तथा शीतादिपीडासहनम् । तथा 'मारणान्तिकोपसर्गसहनं च' कल्याणमित्रबुद्ध्या मारणान्तिकाभि-सहना चेत्यर्थः, एतेऽनगारगुणाः । इति गाथात्रयार्थः ॥२०॥ ॥२१॥ ॥२२॥

उक्ता अनगारगुणाः, अथ श्रावकगुणान् गाथात्रयेणाह-

**धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो रूववं पगइसोमो ।**
**लोगप्पिओ अकूरो, भीरू असढो सुदक्खिण्णो ॥२३॥**
**लज्जालुओ दयालू, मज्झत्थो सोमदिट्ठि गुणरागी ।**
**[1]सक्कह सुपक्खजुत्तो, सुदीहदंसी विसेसन्नू ॥२४॥**

संबोधोपनिषद्

કાયાનો અનિરોધ. તથા **ઠંડી વગેરેની પીડા સહન કરવી.** તથા **મારણાન્તિક ઉપસર્ગ સહન કરવો** = ઉપસર્ગ કરનાર તો મારો કલ્યાણમિત્ર છે, એવું માનીને મારણાંતિક ઉપસર્ગ પણ ખેદાદિ વિના સહન કરવો. આ અણગાર ગુણો છે. એ પ્રમાણે ત્રણ ગાથાઓનો અર્થ છે. ॥૨૦,૨૧,૨૨॥

અણગારના ગુણો કહ્યા. હવે શ્રાવકના ગુણો ત્રણ ગાથાથી કહે છે -

**અક્ષુદ્ર, રૂપવાન, પ્રકૃતિસૌમ્ય, લોકપ્રિય, અક્રૂર, ભીરુ, અશઠ, સુદાક્ષિણ્ય, લજ્જાળુ, દયાળુ, મધ્યસ્થ, સૌમ્ય-**

१. क - सुकह सपक्ख ।

**वुड्ढाणुगो विणीओ, कयण्णुओ परहियत्थकारी य।**
**तह चेव लद्धलक्खो इगवीसगुणेहि[1] संपन्नो ॥२५॥**

**व्याख्या** - धर्माणां मध्ये यो रत्नमिव वर्तते जिनप्रणीतो देशविरतिरूपो धर्मस्तद् 'धर्मरत्नं' तस्य, 'योग्यः' उचितो भवतीत्यध्याहारः, एकविंशत्या गुणैः सम्पन्न इति तृतीयगाथान्ते सम्बन्धः । तानेव गुणान् गुणगुणिनोः कथञ्चिदभेद इतिदर्शनाय

संबोधोपनिषद्

**દષ્ટિવાન્, ગુણરાગી, સત્કથ, સુપક્ષયુક્, સુદીર્ઘદર્શી, વિશેષજ્ઞ, વૃદ્ધાનુસારી, વિનીત, કૃતજ્ઞ, પરહિતાર્થકારી અને લબ્ધલક્ષ્ય આ એકવીશ ગુણોથી સંપન્ન એવો જીવ ધર્મરત્નને યોગ્ય છે. ॥૨૩,૨૪,૨૫॥** (રત્નસંચય ૬૯,૭૦,૭૧, વિચારસાર ૩૮૭, ૩૮૮, ૩૮૯, ગાથા સહસ્રી ૫,૬,૭, સમ્બોધપ્રકરણ ૯૬૬, ૯૬૭, ૯૬૮, પ્રવચન સારોદ્ધાર ૧૩૫૬, ૧૩૫૭, ૧૩૫૮, દર્શનશુદ્ધિ પ્રકરણ ૬૬, ૬૭, ૬૮, ધર્મરત્નપ્રકરણ ૫, ૬, ૭)

ધર્મોમાં જે રત્નની જેમ રહેલો છે, તે જિનપ્રણીત દેશવિરતિરૂપ ધર્મ= **ધર્મરત્ન**, તેને, **યોગ્ય** = ઉચિત, 'થાય છે' એવો અહીં અધ્યાહાર છે. આનો ત્રીજી ગાથાના અંતે 'એકવીશ ગુણોથી સંપન્ન' આની સાથે સંબંધ છે. ગુણ અને ગુણીનો કથંચિત્ અભેદ હોય છે, એ બતાવવા માટે ગુણીનું

१. क.ख.ग.घ.च. - ०गुणो हवइ सड्ढो ।

गुणिप्रतिपादनद्वारेणाह-'अक्खुद्दो' इत्यादि । तत्र 'अक्षुद्रः' अनुत्तानमतिः १ । 'रूपवान्' प्रशस्तरूपः स्पष्टपञ्चेन्द्रिय इत्यर्थः, मतोः प्रशंसावाचित्वात्, रूपमात्राभिधाने पुनरिन्नेव, यथा-'रूपिणः पुद्गलाः प्रोक्ताः' इति २ । 'प्रकृतिसोमः' स्वभावतोऽपापकर्मा ३ । 'लोकप्रियः' सदा सदाचारचारी ४। 'अक्रूरः' अक्लिष्टचित्तः, मत्सरादिदूषितपरिणामो न भवति ५ । 'भीरुः' ऐहिकामुष्मिकापायभीलुकः ६ । 'अशठः' परावञ्चकः ७। 'सुदाक्षिण्यः' प्रार्थनाभङ्गभीरुरिति ८ ॥२३॥

संबोधोपनिषद्

પ્રતિપાદન કરવા દ્વારા ગુણોનું પ્રતિપાદન કરે છે - અક્ષુદ્ર ઇત્યાદિ. તેમાં (૧) **અક્ષુદ્ર**=ગંભીર મતિવાળો. (૨) **રૂપવાન** = પ્રશસ્ત રૂપ ધારક, અર્થાત્ જેની પાંચે ઇન્દ્રિયો સ્પષ્ટ છે, તેવો, કારણ કે અહી मतुब् - પ્રત્યય પ્રશંસા અર્થમાં છે. જો રૂપમાત્ર જ કહેવું હોય, વિશિષ્ટ રૂપની વિવક્ષા ન હોય, તો इन् - પ્રત્યય જ લાગે, જેમ કે પુદ્ગલો રૂપી કહ્યા છે. (તત્ત્વાર્થસૂત્ર ૫/૪) (૩) **પ્રકૃતિસૌમ્ય** = સ્વભાવથી પાપકર્મ-રહિત. (૪) **લોકપ્રિય** = હંમેશા સદાચારનું આચરણ કરનાર. (૫) **અક્રૂર** = જેનું ચિત્ત ક્લિષ્ટ નથી તેવો. તેના પરિણામ મત્સર વગેરે દોષોથી દૂષિત ન હોય. (૬) **ભીરુ** - જે આલોક અને પરલોકના અપાયોથી ડરતો હોય. (૭) **અશઠ** = જે બીજાને છેતરે નહીં. (૮) **સુદાક્ષિણ્ય** = બીજાની પ્રાર્થનાના ભંગથી ડરનાર. એટલે કે કોઇ તેની પાસે કાંઇ

'लज्जालुः' अकार्यवर्जकः ९ । 'दयालुः' सत्त्वानुकम्पकः १० । 'मध्यस्थः' रागद्वेषरहितोऽत एवासौ सोमदृष्टिः, यथावस्थितधर्मविचारवत्त्वाद् दूरं दोषत्यागी, 'सोमदृष्टिः' इत्यत्र विभक्तिलोपः प्राकृतत्वात्, इह पदद्वयेनाप्येक एव गुणः ११। 'गुणरागी' गुणपक्षपाती १२ । सती धर्मकथाऽभीष्टा यस्य स सत्कथः १३ । 'सुपक्षयुक्तः' सुशीलानुकूलपरिवारोपेतः १४। 'सुदीर्घदर्शी' सुपर्यालोचितपरिणामसुन्दरकार्यकारी १५ । 'विशेषज्ञः' अपक्षपातित्वेन गुणदोषविशेषवा(वे?)दीति १६



યાચના કરે, તો તે એને ન કહી શકે. (૯) **લજ્જાળુ** = અકાર્ય (ન કરવા જેવા કામ)નો પરિહાર કરનાર. (૧૦) **દયાળુ** = જીવો પર અનુકંપા કરનાર.

(૧૧) **મધ્યસ્થ** = રાગદ્વેષથી રહિત. માટે જ **સૌમ્યદષ્ટિ-વાળો** = યથાવસ્થિત ધર્મના વિચારવાળો હોવાથી દોષોનો દૂરથી જ ત્યાગ કરનાર. 'સોમદષ્ટિ' અહીં ગાથામાં વિભક્તિનો લોપ પ્રાકૃતપણાથી થયો છે. અહીં બે પદથી પણ એક જ ગુણ કહ્યો છે. (૧૨) **ગુણરાગી** = જેને ગુણનો પક્ષપાત હોય. (૧૩) **સત્કથ** જેને સારી કથા = ધર્મકથા પ્રિય હોય. (૧૪) **સુપક્ષયુક્ત** - જે સુશીલ અને અનુકૂળ એવો પરિવાર ધરાવતો હોય. (૧૫) **સુદીર્ઘદર્શી** = સારી રીતે વિચારેલું એવું અને જેનું પરિણામ સુંદર છે, તેવું કાર્ય

॥२४॥ 'वृद्धानुगः' परिणतमतिपुरुषसेवकः १७ । 'विनीतः' गुणाधिकेषु गौरवकृत् १८ । 'कृतज्ञः' परोपकाराविस्मारकः १९ । 'परहितार्थकारी' निरीहः सन् परार्थकृत्, सुदाक्षिण्यो ह्यभ्यर्थित एव परोपकारं करोति, अयं पुनः स्वत एव परहितरतिरिति तस्माद्विभेदः २० । 'तह चेव' इति तथाशब्दः प्रकारार्थः, 'चः' समुच्चये, 'एवः' अवधारणे, ततश्च यथैते

——————— સંબોધોપનિષદ્ ———————

કરનાર. (૧૬) **વિશેષજ્ઞ** = જે પક્ષપાતી ન હોવાથી ગુણ-દોષના વિશેષનો જાણકાર હોય. (૧૭) **વૃદ્ધાનુસારી** = જે પરિણત મતિવાળા પુરુષનો સેવક હોય. (૧૮) **વિનીત** = જે ગુણાધિકોનું ગૌરવ કરનાર હોય. (૧૯) **કૃતજ્ઞ** = જે બીજાએ કરેલા ઉપાકરને ભૂલી ન જાય. (૨૦) **પરહિતાર્થકારી** - જે કોઇ સ્પૃહા વિના પરાર્થ કરે.

**પ્રશ્ન** - આ ગુણી તો સુદાક્ષિણ્યમાં જ અંતર્ભૂત થઇ ગયો છે. તો તેને ફરીથી કેમ કહ્યો ?

**ઉત્તર** - જે સુદાક્ષિણ્ય છે, એ કોઇ પ્રાર્થના કરે, તો જ પરોપકાર કરે છે. જ્યારે આ તો સ્વયં જ બીજાનું હિત કરવામાં રતિ ધરાવે છે, માટે સુદાક્ષિણ્યથી પરહિતાર્થકારી વિભિન્ન છે. માટે અહીં પુનરુક્તિ નથી.

**'તથા'** શબ્દ પ્રકાર અર્થમાં છે. **'ચ'** સમુચ્ચય અર્થમાં છે, **'એવ'** અવધારણ અર્થમાં છે. અને તેથી એવો પદયોગ

विंशतिस्तथैव तेन प्रकारेण लब्धलक्ष्यश्च धर्माधिकारीति पदयोगः, पदार्थस्तु लब्ध इव प्राप्त इव लक्ष्यो लक्षणीयो धर्मानुष्ठानव्यवहारो येन स लब्धलक्ष्यः सुशिक्षणीयः २१ । इत्येकविंशत्या गुणैर्धर्मरत्नयोग्य इति । क्वचित् 'इगवीसगुणो हवइ सड्ढो' इति पाठः, तत्रैकविंशतिर्गुणा यस्यासावेकविंशतिगुणः श्राद्धो भवतीति ॥२५॥

साधुभिः श्राद्धैश्च परमसंवेगजनकः श्रीजिनागमः श्रवणीय



થશે, કે જેમ આ વીશ ધર્માધિકારી છે, તેમ જ તે રીતે લબ્ધલક્ષ્ય ધર્માધિકારી છે. (૨૧) **લબ્ધલક્ષ્ય**=જેણે લક્ષ્ય = જાણવા યોગ્ય ધર્માનુષ્ઠાનનો વ્યવહાર જાણે લબ્ધ = પ્રાપ્ત કરી લીધો છે તેવો. અર્થાત્ જે ધર્માચાર શીખવાનો બાકી છે, તે પણ ક્ષયોપશમવિશેષથી જેણે જાણે શીખી લીધો છે, તેવો. માટે તેને તે તે ધર્માચાર શીખવવો ખૂબ સરળ હોય છે. આ રીતે લબ્ધલક્ષ્ય = સુશિક્ષણીય એવો અર્થ થશે. જે આ **૨૧ ગુણોથી સંપન્ન છે,** તે ધર્મરત્નને યોગ્ય છે.

ક્યાંક 'એકવીશ ગુણોવાળો શ્રાવક હોય છે એવો પાઠ મળે છે. તેમાં જેના ૨૧ ગુણો છે, તે એકવીશગુણવાળો શ્રાવક હોય છે, એમ અર્થ છે. ॥૨૫॥

સાધુઓએ અને શ્રાવકોએ પરમ સંવેગને ઉત્પન્ન કરનાર શ્રીજિનાગમનું શ્રાવણ કરવું જોઈએ માટે જિનાગમનું માહાત્મ્ય

इति तन्माहात्म्यं प्रकटयन्नाह-

**कत्थ अम्हारिसा [१]पाणी, दूसमादोसदूसिया ।**
**हा! [२]अणाहा कहं हुंता, न हुंतो [३]जइणागमो ॥२६॥**

**श्लोकः ।**

व्याख्या - 'अस्मादृशाः' अस्मत्सदृक्षाः पापोपचयवन्तः 'प्राणिनः' असुमन्तः, कुत्र किंभूताः ? दुःषमादोषेण एकविंशतिसहस्रप्रमाणपञ्चमारकदोषेण दूषिताः कलङ्किताः, पञ्चमारकानुभावाच्च सर्वेऽपि शुभभावा ह्रासमासादयन्ति, यदुक्तम्-"आयुर्वित्तं च स्वास्थ्यं च, विद्या विभव एव च ।



પ્રગટ કરતાં કહે છે -

**દુઃષમાના દોષથી દૂષિત એવા અમારા જેવા જીવો કેવા અનાથ હોત ? કે જો જૈનાગમ ન હોત. ॥૨૬॥**

**(સંબોધ પ્રકરણ ૮૦૨, સંગ્રહ શતક ૩૨)**

**અમારા જેવા** પાપનો ઉપચયવાળા **પ્રાણી ક્યાં ?** કેવા ? તે કહે છે - **દુઃષમાના દોષથી** = ૨૧ હજાર વર્ષ પ્રમાણ એવા પાંચમા આરાના દોષથી, **દૂષિત** = કલંકિત. પાંચમા આરાના પ્રભાવે સર્વે શુભ ભાવો હ્રાસ પામે છે. કારણ કે કહ્યું છે કે - આયુષ્ય, ધન, સ્વાસ્થ્ય, વિદ્યા અને વૈભવ આ

१. ख - पाणा ॥ २. छ - वणाहा कहूं हुति ॥ ३. क. घ - जिणागमो । ख. ग. च. छ - जइजिणागमो ।

पञ्चानां मारकत्वेन, पञ्चमारक उच्यते ॥१॥" अत्र च दुःषमसुषमारकसम्भूता हि भव्यप्राणिनः साक्षाज्जिनवदन-सुधाकरप्रसूतप्रभूतवचनामृतपायिनः कुत्रेत्येवंरूपभावगर्भितं वृत्तमुद्धृतैतद्वृत्तात्पूर्वं तद्ग्रन्थे सम्भाव्यते, तेन कुत्रेति पदेनार्थ-



પાંચનો મારક હોવાથી પંચમારક (પાંચમો આરો) કહેવાય છે.

આ શ્લોક જે ગ્રંથમાંથી ઉદ્ધૃત કર્યો હોય, તે ગ્રંથમાં આ શ્લોકની પૂર્વે એવા ભાવથી ગર્ભિત શ્લોક હોય કે - દુ:ષમસુષમ (ચોથા) આરામાં થયેલા ભવ્ય જીવો સાક્ષાત્ જિનેશ્વરના મુખચંદ્રથી ઉદ્ભૂત એવા ઘણા વચનામૃતને પીવે છે, તેઓની તો **ક્યાં** વાત કરવી ? આ રીતે અહીં પ્રસ્તુત શ્લોકના પ્રથમ પદ 'કુત્ર' ના અર્થની સંગતિ થાય છે.

(कट्ठं આવા પાઠમાં આ ગાથા અન્યત્ર ઉપલબ્ધ થતી હોવાથી हा कष्टम् એ રીતે સંગતિ થઈ જાય છે. પ્રસ્તુતમાં कत्थ એવો પાઠ લહિયા આદિના અનાભોગથી થયો હોય એવું સંભવે છે. અથવા તો 'અમે ક્યાં ? = નરકાદિમાં કેવા ? = મહાદુ:ખી અવસ્થાવાળા હોત,' એ રીતે પણ સંગતિ થઈ જાય છે. માટે ટીકાકારે કરેલી કલ્પના સંગત લાગતી નથી. આવું માનવામાં બીજું એક કારણ એ છે કે આવી રીતે શ્લોકના આદ્ય પદને પૂર્વ શ્લોક સાથે જોડવું તે

सङ्गतिः । 'हा' इति खेदे, 'अनाथाः' अस्वामिनोऽस्मादृशाः कथमभविष्यन् यदीत्यध्याह्रियते यदि 'जैनागमः' अर्हत्सिद्धान्तो नाभविष्यत्, कलिकाले किल जिनागम एवाधारतया वर्तत इत्यर्थः ॥२६॥

अथागमस्यैव प्राधान्यं प्रकटयन्नाह-

**आगमं आयरंतेणं, [१]अत्तणो हियकंखिणा[२] ।**
**तित्थनाहो गुरू धम्मो, सव्वे ते बहुमन्निया ॥२७॥**



કાવ્યાનુશાસનની દૃષ્ટિએ એક વિશિષ્ટ દોષ છે. વળી આપણા પ્રાચીન સાહિત્યમાં આવો પ્રયોગ પ્રાયઃ જોવા મળતો નથી. માટે પૂર્વાચાર્યોએ એવા સ્વરૂપે શ્લોકોની રચના કરી હોય, એવો સંભવ ઓછો છે.)

**હા** એ 'ખેદ' અર્થનો શબ્દ છે. **અનાથ** = સ્વામિરહિત એવા અમારા જેવાનું **શું થાત** ? કે જો **જૈનાગમ** = અરિહંતપ્રણીત સિદ્ધાન્ત **ન હોત**. અર્થાત્ કળિકાળમાં જિનાગમ જ આધારરૂપે વર્તે છે. ॥૨૬॥

હવે આગમનું જ પ્રાધાન્ય પ્રગટ કરતાં કહે છે -

**જે આત્માનો હિતકાંક્ષી આગમને સ્વીકારે છે, તે તીર્થનાથ, ગુરુ, ધર્મ આ બધાનું બહુમાન કરે છે. ॥૨૭॥**

(મૂલશુદ્ધિ ૫૨, આગમઅષ્ટોત્તરી ૭)

१. ख. च - अत्तणा । २. क. ख. घ - कंखिणो ।

**व्याख्या** – 'आत्मनः' स्वस्य 'हितकाङ्क्षिणा' हितकामिना 'आगमं' अर्हत्प्रणीतसिद्धान्तोक्तमाचारं 'आचरता' अभ्युपगच्छता जनेन 'तीर्थनाथः' अर्हन् 'गुरुः' धर्माचार्यः धर्मश्च, ते सर्वे 'बहुमानिताः' गौरविताः । अयं भावः- आत्महितैषिणा येन श्रीसिद्धान्तो बहुमानितस्तदुक्तं सर्वमप्यङ्गी-कृतमित्यर्थः, न तु जमाल्यादिवत्सिद्धान्तैकदेशोऽप्यप्रमाणितो-ऽस्तीति तेनार्हद्गुरुर्धर्मा बहुमानिता एव । यश्चागमपदमेकमपि नाङ्गीकरोति स निह्नवपङ्क्तौ सम्यक्त्वविकलो गण्यते-"पयमवि

संबोधोपनिषद्

**પોતાનું હિત ઈચ્છનાર** એવી જે વ્યક્તિ **આગમને** = અરિહંત પ્રણીત સિદ્ધાન્તમાં કહેલા આચારને **આચરે છે** = સ્વીકારે છે, તે **તીર્થનાથ** = અરિહંત, **ગુરુ** = ધર્માચાર્ય, અને **ધર્મ તે બધાનું બહુમાન** = ગૌરવ **કરે છે.**

આશય એ છે કે આત્માના હિતને ઈચ્છનાર એવા જે વ્યક્તિએ શ્રીસિદ્ધાન્તનું બહુમાન કર્યું છે, તેણે સિદ્ધાન્તમાં કહેલ સર્વનો સ્વીકાર કર્યો છે. કારણ કે જેમ જમાલિ વગેરેએ સિદ્ધાન્તનો એકદેશ અપ્રમાણિત કર્યો છે, તેમ તેણે સિદ્ધાન્તના એકદેશને પણ અપ્રમાણિત કર્યો નથી. માટે જે સિદ્ધાન્તને સ્વીકારે છે, તે સિદ્ધાન્તકથિત બધું જ સ્વીકારે છે.

જે આગમના એક પણ પદને સ્વીકારતો નથી, તે સમ્યક્ત્વ રહિત છે અને તેની ગણના નિહ્નવોની શ્રેણિમાં થાય છે.

असद्दहंतो, सुत्तुतं मिच्छदिट्ठीओ" इतिवचनात् ॥२७॥

आगमश्च श्रीसङ्घ एव प्रतिष्ठां लभते, एवंविधाश्च न सङ्घव्यपदेशभाज इत्याह-

**सुहसीलाओ सच्छंदचारिणो वेरिणो सिवपंहस्स[१] ।**
**आणाभट्ठाओ बहुजणाओ मा भणउ संघुत्ति ॥२८॥**

**व्याख्या** - एतान् 'बहुजनानपि' प्रचुरलोकानपि, अपिशब्दोऽध्याह्रियते, सङ्घ इति 'मा भणतु' मा कथयतु, कान् ? इत्याह-'सुखशीलान्' सातालम्पटान्, तथा स्वच्छन्दं



કારણ કે એવું વચન છે કે - જે સૂત્રકથિત એક પદને પણ ન માને, તે મિથ્યાદૃષ્ટિ છે. ॥૨૭॥

આગમ તો શ્રીસંઘમાં જ પ્રતિષ્ઠા પામે છે, પણ આવા પ્રકારના જીવો 'સંઘ' એવા વ્યપદેશને યોગ્ય નથી, તે કહે છે-

**જેઓ સુખશીલ, સ્વચ્છંદચારી, શિવમાર્ગના વેરી તથા આજ્ઞાભ્રષ્ટ છે તેવા ઘણા લોકો હોય તો ય તેમને 'સંઘ' એમ ન કહેવું. ॥૨૮॥** (સંબોધપ્રકરણ ૪૫૪, સંઘસ્વરૂપકુલક-૨)

આવા **બહુજનોને** = ઘણા લોકોને પણ, અહીં 'પણ' શબ્દનો અધ્યાહાર કરાય છે. **'સંઘ' એમ ન કહેવું.** કેવા બહુજન ? એ કહે છે - **સુખશીલ** = શાતાલંપટ, તથા જેઓ

१. क - पहाणस्स ।

स्वेच्छया चरन्तीत्येवंशीलाः 'स्वच्छन्दचारिणः' स्वच्छन्दगामिनो गुर्वाज्ञयाऽप्रवर्तमाना इत्यर्थः, तथाविधान्, तथा 'शिवपथस्य' मोक्षमार्गस्य 'वैरिणः' प्रतिपक्षभूतान्, कुत इत्येवम् ? इत्याह- आज्ञा भगवदादेशस्तस्माद्भ्रष्टाश्चुक्कास्तान् । सर्वमप्याज्ञयैव विधीयमानं सफलम्, आज्ञाविरहितं च निष्फलमेव, यदुक्तम्- "आज्ञाऽऽराद्धा विराद्धा च शिवाय च भवाय च ।" इति ॥२८॥

अथाज्ञाभ्रष्टानां प्रचुरलोकानामपि सङ्घत्वं न व्यपदिश्यते, आज्ञाभृतश्चाल्पस्यापि सङ्घत्वमित्याह-

—— સંબોધોપનિષદ્ ——

સ્વચ્છંદતાથી = સ્વેચ્છાથી આચરણ કરે છે તેઓ **સ્વચ્છંદચારી** = પોતાની ઇચ્છાથી ફરનારા = ગુર્વાજ્ઞાથી પ્રવૃત્તિ નહીં કરનારા એવા, તેવા પ્રકારના, તથા **શિવપથ** = મોક્ષમાર્ગના **વેરીઓ** = શત્રુઓ, કેમ એવા ? તે કહે છે - કારણ કે **આજ્ઞા** = ભગવાનનો આદેશ, તેનાથી **ભ્રષ્ટ** = ચૂકેલા છે.

કોઈ પણ અનુષ્ઠાન જિનાજ્ઞાથી કરાય તો જ સફળ છે. અને જે જિનાજ્ઞાથી વિરહિત છે, તે નિષ્ફળ જ છે. કારણ કે તેનાથી મોક્ષરૂપી ફળ મળતું નથી. કારણ કે કહ્યું પણ છે કે- આજ્ઞાની આરાધના મોક્ષ આપે છે અને આજ્ઞાની વિરાધના સંસાર આપે છે. (વીતરાગ સ્તોત્ર ૧૯-૪) ॥૨૮॥

હવે આજ્ઞાથી ભ્રષ્ટ એવા ઘણા લોકોમાં પણ સંઘપણાનો વ્યપદેશ થતો નથી. અને આજ્ઞાધારક એવો અલ્પ જન પણ

**एगो साहू एगा य साहुणी सावओ य सड्ढी य ।**
**आणजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥२९॥**

**व्याख्या** - एकः 'साधुः' यतिः, एका च 'साधुनी' साध्वी, श्रावकश्चैकः, एका च श्राद्धी, एभिश्चतुर्भिर्मिलितः 'आज्ञायुक्तः' आज्ञाप्रधानः सङ्घः, 'शेषो' जिनाज्ञाविकलः पुनः प्रचुरोऽपि साध्वादिलोकः 'अस्थिसङ्घातः' हड्डसमूहः कथ्यते, तद्वदसारभूत इत्यर्थः । केचित्तु 'अत्थि संघाओ' इति पाठेन



સંઘ છે, તે કહે છે -

**એક સાધુ, એક સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આજ્ઞાયુક્ત હોય તે સંઘ છે, શેષ તો અસ્થિ સંઘાત છે. ॥૨૯॥**

**(સંગ્રહશતક ૩, સંઘસ્વરૂપ કુલક ૧૩, કાલસપ્તતિકા ૧૩, ગુરુતત્ત્વવિનિશ્ચય ૨/૧૨૯, સંબોધ પ્રકરણ ૭૯૪)**

**એક સાધુ** = શ્રમણ, અને **એક સાધ્વી** = શ્રમણી, એક **શ્રાવક** અને એક **શ્રાવિકા** આ ચારથી સહિત એવો **આજ્ઞાયુક્ત** = જેમને મન જિનાજ્ઞાનું જ પ્રાધાન્ય છે તેવો ગણ એ **સંઘ** છે. **શેષ** = જિનાજ્ઞારહિત ઘણા **પણ** સાધુ વગેરે લોકો **અસ્થિસંઘાત** = હાડકાનો સમૂહ કહેવાય છે, અર્થાત્ જેમ અસ્થિસંઘાત અસાર હોય છે, તેમ તેઓ પણ અસાર છે.

शेष आज्ञाबाह्यः सङ्घातोऽस्ति न तु सङ्घ इति व्याख्यानयन्ति तदुपेक्षणीयम्, सङ्घपट्टकवृहद्वृत्तौ वृत्तिकृता पूर्वपाठार्थस्यैव

——— સંબોધોપનિષદ્ ———

કેટલાક તો 'સંઘાત છે' એવા પાઠથી **શેષ** = આજ્ઞાબાહ્ય સમૂહ છે, પણ સંઘ નથી, આવી વ્યાખ્યા કરે છે. તે ઉપેક્ષણીય છે. કારણ કે સંઘપટ્ટકની બૃહદ્વૃત્તિમાં વૃત્તિકારે પૂર્વના પાઠનું જ સમર્થન કર્યું છે.

[આજ્ઞાયુક્ત = આજ્ઞાપ્રધાન, આ અર્થથી સમજવાનું છે કે જેનો પક્ષપાત જિનાજ્ઞા પ્રત્યે જ છે. તે સંઘનું અંગ છે. બાહ્ય પ્રવૃત્તિ તો દ્રવ્યાદિદોષથી ન છૂટકે જિનાજ્ઞાનુસારી ન પણ હોઈ શકે, પણ તેટલા માત્રથી તેને અસ્થિસંઘાત કહેવું એ શ્રીસંઘની મહા આશાતના છે. જ્યાં જિનાજ્ઞાનુસારી પ્રવૃત્તિનું શક્ય પાલન હોય, અને જે અશક્ય હોય, તેના પ્રત્યે પણ પક્ષપાત હોય, ત્યાં 'સંઘ' તરીકેનો વ્યપદેશ ઉચિત જ છે. વળી જેમ 'ગુરુગુણવાળા હોય તે ગુરુ' આ શાસ્ત્રીય વ્યાખ્યામાં બહુ મોટા મોટા ગુણો હોય એવી નહીં પણ મૂલગુણો હોય એવી અપેક્ષા રખાઈ છે. કાળાદિના દોષથી ગુરુ થોડા પ્રમાદી હોય, તો ય તેમનામાં ગૌતમસ્વામિના દર્શન કરવાના કહ્યાં છે. તેમ પ્રસ્તુતમાં પણ સમજવું જોઈએ.

ટૂંકમાં આ ગાથા અતિ ગંભીર અર્થવાળી છે. માત્ર શાબ્દિક અર્થ પકડીને સ્વાભિમતની પુષ્ટિ કરવા માટે તેનો

समर्थनात् ॥२९॥

पुनः सङ्घस्वरूपमेवाह-

**निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्तगुणवंतो ।**
**तित्थयराणाजुत्तो[१], वुच्चइ एयारिसो सङ्घो ॥३०॥**

**व्याख्या** - एतादृशः सङ्घ उच्यते, कीदृशः ? निर्मलज्ञानेन विशदसंवेदनेन प्रधानो मुख्यः, किल सर्वमप्यनुष्ठानं ज्ञानपूर्वकमेव कृतं फलवद् भवति, यदुक्तम्-"पढमं नाणं

સંબોધોપનિષદ્

ઉપયોગ કરવો કે અયોગ્ય-બાળજીવોને આ પદાર્થ કહેવો એ સ્વ-પરની સંસારવૃદ્ધિનું કારણ બને છે.] ॥૨૯॥

ફરીથી સંઘનું સ્વરૂપ જ કહે છે -

**નિર્મળજ્ઞાનપ્રધાન, દર્શનયુક્ત, ચારિત્રગુણવાન્, તીર્થંકરની આજ્ઞાથી યુક્ત એવો સંઘ કહેવાય છે. ॥૩૦॥**
**(સંઘસ્વરૂપ કુલક ૧૪, સંબોધ પ્રકરણ ૭૯૫)**

જે **આવો** હોય, તે **સંઘ કહેવાય.** કેવો ? જે **નિર્મળજ્ઞાન** = સ્પષ્ટ સંવેદનથી **પ્રધાન** છે = મુખ્ય છે. સર્વ અનુષ્ઠાન જ્ઞાનપૂર્વક કરો, તો જ સફળ થાય છે. કારણ કે કહ્યું છે કે - પહેલા જ્ઞાન, પછી દયા, આ રીતે સર્વસંયત પ્રતિષ્ઠિત થાય છે. અજ્ઞાની તો શું કરશે ? અથવા તો પુણ્ય-પાપને

१. क.ख.घ - ०राण य पुज्जो । ग - ०राण वि पुज्जो । च - ०राणं पुज्जो । छ - राण य जुत्तो ।

तओ दया एवं चिट्ठइ सव्वसंजए । अन्नाणी किं काही किं वा नाही छेय पावयं ॥१॥" प्रथममादौ ज्ञानं जीवस्वरूपसंरक्षणोपायफलविषयम्, ततस्तथाविधज्ञानसमनन्तरं दया संयमस्तदेकान्तोपादेयतया भावतस्तत्प्रवृत्तेः, एवमनेन प्रकारेण ज्ञानपूर्वकक्रियाप्रतिपत्तिरूपेण तिष्ठत्यास्ते सर्वसंयतः सर्वप्रव्रजितः। यः पुनरज्ञानी साध्योपायफलपरिज्ञानविकलः स किं करिष्यति? सर्वत्रान्धतुल्यत्वात् प्रवृत्तिनिमित्ताभावात् । किं वा कुर्वन्



કેમ જાણશે ? (દશવૈકાલિક ૪/૧૦, ધર્મસંગ્રહણી ૫૪૩)

વ્યાખ્યા - પહેલા = શરૂઆતમાં જીવના સ્વરૂપ, તેના સંરક્ષણનો ઉપાય અને તેનું ફળ, આ વિષયોમાં જ્ઞાન જરૂરી છે. પછી = તથાવિધ જ્ઞાનની પ્રાપ્તિ બાદ, દયા = સંયમ. કારણ કે જ્ઞાનીને મન સંયમ જ એકાંત ઉપાદેય હોય છે. આ રીતે તદેકાન્તોપાદેય એવો જ્ઞાની ભાવથી સંયમમાં પ્રવૃત્ત થાય છે. આમ આ પ્રકારથી = જ્ઞાનપૂર્વક ક્રિયાની પ્રતિપત્તિરૂપ પ્રકારથી, તે સર્વસંયત = પ્રવ્રજ્યાસર્વસ્વસંપન્ન થાય છે. પણ જે અજ્ઞાની છે = સાધ્યના ઉપાય અને તેના ફળના પરિજ્ઞાનથી રહિત છે, તે શું કરશે ? કારણ કે તે સર્વત્ર અંધ સમાન હોવાથી તેને પ્રવૃત્તિનું નિમિત્ત જ નથી. પ્રવૃત્તિ તો સાધ્ય-સાધનાદિના દર્શનથી જ સંભવે છે. અને અંધને તે દર્શન ન થવાથી તેને પ્રવૃત્તિનું કારણ જ નથી. અથવા તો અજ્ઞાની પ્રવૃત્તિ પણ કરે તો ય 'આ છેક છે = નિપુણ-

ज्ञास्यति च्छेकं निपुणं हितं कालोचितं पापकं वा, अतो विपरीतमिति । ततश्च तत्करणं भावतोऽकरणमेव समग्रनिमित्ताभावात्, अन्धप्रदीप्तपलायनघुणाक्षरकरणवत् । पुनः किंभूतः? 'दर्शनयुक्तः' सम्यक्त्वकलितः ज्ञानदर्शनयोरेकस्वामिकत्वेनाव्यवहितं विशेषणं दर्शनयुक्त इति, यदुक्तम्-"जत्थ नाणं तत्थ नियमा दंसणं, जत्थ दंसणं तत्थ नियमा नाणं" इति । तथा

संबोधोपनिषद्

હિતકારક-કાળોચિત છે, આ પાપ છે = અનિપુણ-અહિત-કારક-અકાળોચિત છે,' એવું શું જાણશે ? માટે અજ્ઞાની પ્રવૃત્તિ કરે, તો ય પરમાર્થથી તો તે અપ્રવૃત્તિ જ છે. કારણ કે પ્રવૃત્તિનું સમગ્ર નિમિત્ત હાજર નથી. જેમ કોઈ આંધળો બળતા ઘરમાંથી પલાયન કરવાનો પ્રયત્ન કરે અથવા તો કીડો યદૃચ્છાથી લાકડામાં કોતરકામ કરે, અને તેનાથી જોગાનુજોગ કોઈ અક્ષરો પડી જાય, તેના જેવી આ પ્રવૃત્તિ છે. માટે અજ્ઞાનીની ધર્મપ્રવૃત્તિ વાસ્તવમાં તો અપ્રવૃત્તિ જ છે. તેથી અહીં સંઘનું પ્રથમ વિશેષણ-નિર્મળજ્ઞાનપ્રધાન એવું કહ્યું છે.

હવે બીજું વિશેષણ કહે છે - **દર્શનયુક્ત** = સમ્યક્ત્વ-સહિત. જ્ઞાન અને દર્શન બંનેનો સ્વામિ એક જીવ હોય છે. માટે જ્ઞાનસહિતત્વપ્રતિપાદકવિશેષણ કહ્યા પછી વ્યવધાન વિના તરત જ દર્શન-સહિતત્વપ્રતિપાદક વિશેષણ કહ્યું છે. કારણ કે કહ્યું છે કે જ્યાં જ્ઞાન છે, ત્યાં અવશ્ય દર્શન છે અને જ્યાં દર્શન છે, ત્યાં અવશ્ય જ્ઞાન છે.

'चारित्रगुणवान्' संयमगुणयुतः, ज्ञानदर्शनसहितोऽपि यदि चारित्रपवित्रो न भवति तदा सद्गतिप्राप्तिर्न भवेत्, यदुक्तम्-
"जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सोग्गईए ॥१॥" इति । गुणत्रयविभ्राजिष्णुरपि यदि तीर्थकराज्ञावियुक्तो भवति तदा सर्वमपि निष्फलम्, अत एवाह-'तीर्थकराज्ञायुक्तः' भगवदुक्तयथोक्तकरणलक्षणया तीर्थकराज्ञया युक्तः, यदुक्तम्-

સંબોધોપનિષદ્

તથા **ચારિત્રગુણવાન** = સંયમગુણથી યુક્ત. કારણ કે જો જ્ઞાન-દર્શનથી સહિત એવો પણ જીવ જો ચારિત્રથી પવિત્ર ન હોય, તો તેને સદ્ગતિની પ્રાપ્તિ ન થાય, કારણ કે કહ્યું છે કે - જેમ ચંદનના ભારનો વાહક ગધેડો ભારનો જ ભાગી થાય છે, ચંદનના ઉપભોગનો નહીં, તે જ રીતે ચારિત્રરહિત જ્ઞાની પણ જ્ઞાનનો જ ભાગી થાય છે સદ્ગતિનો નહીં. (સંગ્રહશતક ૧૯, ઉપદેશમાલા ૪૨૬)

આ રીતે ત્રણ ગુણોથી શોભાયમાન હોવા છતાં પણ જો તીર્થંકરની આજ્ઞાથી વિયુક્ત હોય, તો તેનું બધું ય નિષ્ફળ છે. માટે જ કહે છે - તીર્થંકરની આજ્ઞાથી યુક્ત = ભગવાને જે કહ્યું છે, તે કહ્યા મુજબ જ કરવારૂપ **તીર્થંકરાજ્ઞાથી સહિત.**

"समइपवित्ती सव्वा, आणाबज्झत्ति भवफला चेव । तित्थयरुद्देसेणवि, न तत्तओ सा तदुद्देसा ॥१॥" स्वमति-प्रवृत्तिश्चैवंविधा दोषहेतुः, यथा-"शृङ्गैः प्रसूनसमये जलकेलिलीलामन्दोलं भगवदोकसि देवतानाम् । धर्मच्छलाल्ल-गुडरासमनल्पहासं, निर्मापयन्त्यहह ! संसृतिहेतुमज्ञाः ॥१॥" तथा-"यात्राः प्रतीत्य पितरौ भवताऽत्र चैत्ये, यद्वाऽत्र मासि विहिताधनिनाऽमुना तत् । कार्यस्त्वयाऽपि च तथेति कथं

——— સંબોધોપનિષદ્ ———

જે કહ્યું છે - સ્વમતિથી કરેલી સર્વ પ્રવૃત્તિ આજ્ઞાબાહ્ય હોવાથી સંસારરૂપી ફળ આપનારી જ છે. એવી પ્રવૃત્તિ તીર્થંકરના ઉદ્દેશથી કરી હોય, તો પણ તે વાસ્તવમાં તીર્થંકરના ઉદ્દેશથી નથી. (ચૈત્યવંદન મહાભાષ્ય ૧૧૦, પંચાશક ૩૫૭) આવા પ્રકારની સ્વમતિપ્રવૃત્તિ દોષની હેતુ છે. જેમ કે -

વસંતકાળે ભગવાનના મંદિરમાં શિંગડાઓથી દેવતાઓની જલક્રીડા તથા લીલાવાળા હીંચકાનું નિર્માપણ તથા ધર્મના બહાને ઘણા હાસ્યવાળા દાંડિયારાસનું નિર્માપણ અજ્ઞાની જીવો કરે છે. પણ એ ધર્મ નહીં, સંસારકારણ છે = પાપ છે. માટે તે અજ્ઞાની જીવો ધર્મના નામે વાસ્તવમાં પાપનું જ સર્જન કરે છે. ॥૧॥ તથા - માતા-પિતાના આત્માને શાંતિ મળે તે માટે તમારે આ ચૈત્યમાં જાત્રા કરાવવી' અથવા તો 'આ શ્રીમંતે આ મહિને જાત્રા કરાવી માટે તમારે પણ તેમ

गृहस्थैर्धर्मोऽयमित्यनुचितं रचयन्ति धूर्ताः ॥१॥ श्राद्धप्रपारवि-शशिग्रहमा(मे?)घमाला, सङ्क्रान्तिपूर्वपरतीर्थिकपर्वमाला । पापावहा विगलदुज्ज्वलयुक्तिजाला, जैनस्ववेश्मसु कथं रचयन्ति



કરવું.' આવી પ્રેરણા કરાય ત્યારે કદાચ ભક્તજનો એમ કહે કે 'અમે તો ઘરબાર લઈને બેઠા છીએ, આવી જાત્રા કરવા માટે જરૂરી સમય તથા સંપત્તિ અમારી પાસે નથી. તો તેઓ કહે કે 'આ તો ધર્મ છે. પરમ કર્તવ્ય છે. માટે કોઈપણ હિસાબે તેનું પાલન કરવું જ જોઈએ.' આ રીતે ધૂર્ત લોકો અનુચિત કામ કરે-કરાવે છે. ॥૧॥

શ્રાદ્ધ = પરલોકમાં ગયેલા પિતૃઓની ક્ષુધાશમન માટે અન્નદાન. પ્રપા = પરબ સૂર્ય-ચંદ્ર-ગ્રહ-વાદળાઓની શ્રેણિ જેમાં ન દેખાય તેવા દિવસે ગણાતું પર્વવિશેષ (?). સંક્રાન્તિ =મકર, ધન, મીન વગેરે રાશિમાં સૂર્યનો સંક્રમ થાય તે સમય, પહેલાના અને પછીના તીર્થિકોના જન્મ-મરણ વગેરેની તિથિ, વગેરે પર્વોની હારમાળાઓ પરમાર્થથી વિચાર કરતાં ઉજ્જવળ યુક્તિ સમૂહથી ભ્રષ્ટ છે = નિર્યુક્તિક છે, અને પાપનું કારણ છે. તો પછી બાળ જીવો જૈન એવા ઘરમંદિરમાં તેવી પર્વમાળાની રચના = સંક્રાન્તિમાં દાનકર્મ વગેરે તે તે પર્વની પરિકલ્પિત આરાધના કેમ કરે છે ? ॥૨॥

આશય એ છે કે તેવું પાપહેતુક કૃત્ય અન્યોએ પણ

बालाः ॥२॥" एतावता गुणत्रयजुषोऽप्याज्ञया प्रवर्तमानस्य सङ्घत्वमाख्यतुमुचितं नान्यस्येति ॥३०॥

अथाज्ञाया एव सकलधर्मकल्पतरोर्बीजत्वं व्यतिरेकद्वारेण दर्शयन्नाह-

**जह तुसखंडण [1]मयमंडणाइ[2] रुन्नाइ सुन्नरन्नंमि[3] ।**
**[4]विहलाइँ तहा जाणसु, आणारहियं अणुट्ठाणं ॥३१॥**

संबोधोपनिषद्

પોતાના મંદિર આદિમાં કરવા જેવું નથી તો પછી જિનાલયમાં તો તેવી ચેષ્ટા શી રીતે કરી શકાય ? અહીં જૈનસ્વવેશ્મ કહ્યું છે, તેનો અર્થ એ પણ થઈ શકે કે જૈનના પોતાના ઘરમાં તેવી પાપહેતુક મિથ્યાત્વિસંમત ક્રિયા કેમ થઈ શકે ? આવું કહેવા દ્વારા સૂચિત કર્યું છે કે જે જ્ઞાનાદિ ત્રણ ગુણોથી યુક્ત હોય, તે પણ આજ્ઞાથી પ્રવૃત્તિ કરે, તો તેને સંઘ કહી શકાય, જે જ્ઞાનાદિથી યુક્ત હોવા છતાં પણ જિનાજ્ઞાની અવજ્ઞાથી પ્રવૃત્તિ કરે તેને સંઘ કહેવો ઉચિત નથી. ॥૩૦॥

આજ્ઞા જ સર્વ ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ છે, એ વાત હવે વ્યતિરેકથી દર્શાવતા કહે છે -

**જેમ ફોતરા ખાંડવાની ક્રિયા, મડદાને શણગારવા વગેરેની**

---

१. क - मुइ० । ख. छ - मुय० । २. ग - णाय । ३. क - रन्नंपि ।
४. ख - भो भविया ।

**व्याख्या** - यथा तुषाणां धान्यत्वचां कण्डनानि उदूखले क्षिप्त्वा मुसलेन कुट्टनानि प्राकृतत्वाद्विभक्तिलोपः, कण्डनानि हि सतुषाणां धान्यानां घटते, तदत्र धान्यविहीनतुषाणां कण्डनानि यादृंशि, यथा वा 'मृतमण्डनानि' मृतशरीरस्य सौवर्णाद्याभरणैः प्रसाधनानि, तथा यथा 'शून्यारण्ये' निर्मानुषाटव्यां 'रुदितानि' दुःखितजनस्य रोदनानि 'विफलानि' निष्प्रयोजनानि । न च तुषकण्डने मृतमण्डने शून्यारण्ये रोदने च किमपि सिद्ध्यति,

——————— સંબોધોપનિષદ્ ———————

**ક્રિયા તથા શૂન્ય અરણ્યમાં રુદનાદિની ક્રિયા નિષ્ફળ છે, તેમ આજ્ઞારહિત અનુષ્ઠાન પણ સમજવું ॥૩૧॥** (સંબોધ પ્રકરણ ૬૬૨)

**જેમ ફોતરાઓને** = ધાન્યની છાલને **ખાંડવાની ક્રિયા** = ખાંડણિયામાં નાખીને મુસળથી કુટવાની ક્રિયા, અહીં પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે. ખાંડવાની ક્રિયા તો ફોતરા સહિત એવા ધાન્યસંબંધી જ ઘટે છે. તેથી અહીં ધાન્ય રહિત એવા ફોતરાઓનું ખંડન જેમ નિષ્ફળ છે, અથવા તો જેમ **મૃતમંડન** = મરી ગયેલ વ્યક્તિના શરીર = મડદાને સુવર્ણના - ચાંદીના વગેરે અલંકારોથી શણગારવું, એ જેમ નિષ્ફળ છે. તથા જેમ **શૂન્ય અરણ્યમાં** = મનુષ્યરહિત અટવીમાં **રુદિત** = દુ:ખી વ્યક્તિની રુદનની ક્રિયા, **નિષ્ફળ** છે = પ્રયોજનરહિત છે. કારણ કે ફોતરા ખાંડવામાં, મડદાને શણગારવામાં તથા રુદનમાં કાંઈ સિદ્ધ થતું નથી.

केवलं मोहविलसितमेव प्रयासमात्रफलत्वात् । तथा आज्ञा भगवदादेशस्तद्रहितं 'अनुष्ठानं' जिनपूजनावश्यककरणादिधर्म-कृत्यं 'विफलं' निष्फलं 'जानीहि' बुध्यस्व, यदुक्तम्-"जिण-आणाए धम्मो, आणारहियाण फुड अहम्मुत्ति । इय मुणिऊण य तत्तं, जिणआणाए कुणह धम्मं ॥१॥" पुनरप्युक्तम्-'जिणआणाभंगभयं, भवसयभीआण होइ जीवाणं । भवसय-अभीरुयाणं, जिणआणाभंजणं कीला ॥१॥" 'जिनाज्ञाभङ्गभयं' सर्वज्ञादेशभङ्गातङ्कः 'भवशतभीतानां' शतशब्दोऽत्रोपलक्षणं

—————— સંબોધોપનિષદ્ ——————

તેમાં માત્ર પ્રયત્ન અને તેનાથી થતો કાયક્લેશ એ જ ફળ છે, **તે જ રીતે આજ્ઞા** = ભગવાનનો આદેશ, તેનાથી **રહિત અનુષ્ઠાન** = જિનપૂજા, પ્રતિક્રમણ કરવું વગેરે ધર્મકાર્ય, વિફળ = નિષ્ફળ છે, એમ તું જાણ. કારણ કે કહ્યું છે કે - જિનાજ્ઞાથી ધર્મની આરાધના થઈ શકે જેઓ જિનાજ્ઞાથી રહિત છે, તેમને તો સ્પષ્ટપણે અધર્મ જ છે. આ તત્ત્વ જાણીને જિનાજ્ઞાથી ધર્મ કરો. ॥૧॥ (ષષ્ઠિશતક ૯૧) ફરી પણ કહ્યું છે કે - જેમને સેંકડો ભવોનો તથા ઉપલક્ષણથી અનંત ભવોનો ભય છે, તેવા ભવભીરુ જીવોને જિનાજ્ઞાભંગનો ભય હોય છે. કે 'જો અમે જિનાજ્ઞાનો ભંગ કરશું, તો અમારો સંસાર વધી જશે.' પણ જેઓ સેંકડો ભવોના તથા ઉપલક્ષણથી અનંત ભવોના ભ્રમણથી ડરતા નથી, તેમને મન તો જિનાજ્ઞાનો ભંગ કરવો એ જાણે રમત જ છે.

तेनानन्तजन्मभीरूणां 'भवति' जायते 'जीवानां' प्राणिनाम् । भवभीरवो हि-"जह नरवइणो आणं, अइक्कमंता पमायदोसेणं। पावंति बन्धवहरोहछिज्जमरणावसाणाणि ॥१॥ तह जिणवराण आणं, अइक्कमंता पमायदोसेणं । पावंति दुग्गइपहे, विणिवाय-सहस्सकोडीओ ॥२॥" इत्यादि ज्ञात्वा आज्ञाभङ्गाद् बिभ्यति। 'भवशताऽभीरूणां' भवाभिनन्दिनां पुनर्जिनाज्ञाभञ्जनं क्रीडेव, क्रीडा केलिरिति । यथा मल्लादीनां मुष्टिप्रहारादिकं दुःखदमपि

संबोधोपनिषद्

અર્થાત્ તેમને જિનાજ્ઞાભંગ કરવામાં કોઈ ક્ષોભ કે ભય થતો નથી. ॥૧॥ (ષષ્ઠિશતક ૫૯)

જેઓ ભવભીરુ છે, તેઓ જાણે છે કે - જેમ કોઈ પ્રમાદ દોષથી રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે, તો તેઓ બંધન, વધ, કારાવાસ, છેદન અને મરણ સુધીના દુઃખો પામે છે. ॥૧॥ તેમ જિનવરોની આજ્ઞાનું પણ જેઓ પ્રમાદદોષથી ઉલ્લંઘન કરે, તેઓ દુર્ગતિના માર્ગે હજારો કરોડો વિનિપાતોને પામે છે. ॥૨॥ (પુષ્પમાલા ૧૮૬/૭, રત્નસંચય ૨૧૦/૧૧)

આ રીતે જાણીને ભવભીરુ જીવો આજ્ઞાભંગથી ભય પામે છે. જેઓ સેંકડો ભવોથી ડરતા નથી તેવા = ભવાભિનંદી જીવોને મન તો જિનાજ્ઞાનો ભંગ કરવો એ જાણે રમત જ છે. જેમ મલ્લ વગેરેને મન મુષ્ટિપ્રહાર વગેરે દુઃખદાયક ક્રિયા પણ રમત છે, પણ જેમનું શરીર ખૂબ કોમળ છે,

क्रीडा भवति, सुकुमारशरीराणां तु पीडायै भवति । एवं भवाभीरूणां जिनाज्ञाभञ्जनं क्रीडा, परेषां च भयहेतुरित्यर्थः ॥३१॥

अथ तपआदीनामाज्ञया विहितानामेव प्रामाण्यमित्याह-

**आणाइ तवो आणाइ संजमो तह य दाणमाणाए ।**
**आणारहिओ धम्मो, पलालपूल व्व पडिहाइ ॥३२॥**

**व्याख्या**-'आज्ञया' सर्वं वाक्यं सावधारणमिति जिनाज्ञयैव

संबोधोपनिषद्

તેમને તેવી ક્રિયા દુઃખદાયક થાય છે. આ રીતે જેઓ ભવભીરુ નથી તેમને મન જિનાજ્ઞાનો ભંગ એ રમત વાત છે, અને ભવભીરુ જીવોને એ ભયહેતુ છે. ॥૩૧॥

તપ વગેરે આજ્ઞાથી કરાય, તો જ પ્રમાણ છે, તે કહે છે -

**આજ્ઞાથી તપ છે, આજ્ઞાથી સંયમ છે, અને તે રીતે દાન પણ આજ્ઞાથી છે. જે ધર્મ આજ્ઞારહિત છે, તે જાણે ઘાસના પૂળા જેવો લાગે છે. ॥૩૨॥** (સંબોધપ્રકરણ ૬૬૧)

એવો ન્યાય છે કે સર્વ વાક્ય જકાર સહિત હોય છે. માટે મૂળમાં જકાર ન કહ્યો હોય, તો પણ વ્યાખ્યામાં તે વાક્યમાં ઉચિત સ્થાને જકાર સમજી લેવો જોઈએ. પ્રસ્તુતમાં **આજ્ઞાથી**=જિનાજ્ઞાથી જ કરાતું તપ વગેરે પ્રશસ્ત છે, અન્યથા નહીં, એ રીતે 'જ'કારનો ઉચિત ન્યાસ સમજવાનો છે.

क्रियमाणं तप्यन्ते धातवोऽशुभकर्माणि वाऽनेनेति तपोऽनशनादि, यदुक्तम्-"मज्जाऽस्थिरुधिरपलरसमेदःशुक्राण्यनेन तप्यन्ते । कर्माणि वाऽशुभानीत्यतस्तपोनाम नैरुक्तम् ॥१॥" प्रमाणम्, तत्र तपसि जिनाज्ञेयम्-"सो हु तवो कायव्वो, जेण मणो मंगुलं न चिंतेइ । जेण न इंदियहाणी, जेण य जोगा न हायंति ॥१॥" तत्फलं चेदम्-"जं आमोसहिविप्पोसहिसंभिन्नसोयप-मुहाओ । लद्धीओ हुंति तवसा, सुदुल्लहा सुरवराणंपि ॥१॥ सुरसुंदरिकरचालिअचमरुप्पीलो सुहाइं सुरलोए । जं भुंजइ

—————— સંબોધોપનિષદ્ ——————

જેનાથી શરીરની ધાતુઓ કે અશુભ કર્મો તપ્ત થાય તે **તપ** = અનશન વગેરે. કારણ કે કહ્યું છે કે - મજ્જા, અસ્થિ, રુધિર, માંસ, રસ, ચરબી, વીર્ય જેનાથી તપે છે અથવા તો અશુભ કર્મો તપે છે, એના પરથી 'તપ' આ નામની વ્યુત્પત્તિ થઈ છે. આ તપ જિનાજ્ઞાથી જ કરાય, તે પ્રમાણ છે. તેમાં તપના વિષયમાં આ જિનાજ્ઞા છે - તે જ તપ કરવો જોઈએ, કે જેમાં મન દુર્ધ્યાન ન કરે, જેનાથી ઈન્દ્રિયોની હાનિ ન થાય, અને જેનાથી યોગોની હાનિ ન થાય. (પંચાશક ૨૧૪, ગાથાસહસ્રી ૫૦૯)

તેનું ફળ આ છે - જે આમર્શૌષધિ, વિપ્રુડૌષધિ, સંભિનસ્રોતસ્ વગેરે લબ્ધિઓ છે, કે જે ઉત્તમ દેવોને પણ ખૂબ દુર્લભ છે, તે તપથી થાય છે. ॥૧॥ સુરસુંદરીઓ પોતાના

सुरनाहो, कुसुममिणं जाण तवतरुणो ॥२॥ जं भरहमाइणो चक्किणोवि विप्फुरियनिम्मलपयावा । भुंजंति भरहवासं, तं जाण तवप्पभावेण ॥३॥" इति । आज्ञाविहीनं च तपो बहुभिस्तपस्विभिः क्रियते परं सर्वमपि तन्निष्फलमेव, यदुक्तम्- "सट्ठिं वाससहस्सा, तिसत्तखुत्तोदएण धोएण । अणुचिन्नं तामलिणा, अन्नाणतवुत्ति अप्पफलो ॥१॥" तथा आज्ञयैव 'संयमः' संयमनं संयमः, भावे अप्प्रत्ययः, अपूर्वकर्मक-

---

સંબોધોપનિષદ્

---

હાથથી ઇન્દ્રને ચામર વીંઝે છે, એવા અનેક સુખો દેવલોકમાં ઇન્દ્ર ભોગવે છે, એ તો તપરૂપી વૃક્ષનું પુષ્પ જ છે. ફળ તો મોક્ષનું નિરુપમ સુખ છે, એમ તું જાણ. ॥૨॥ જે ભરત વગેરે ચક્રવર્તીઓ પણ વિસ્ફુરિત નિર્મળ પ્રતાપથી શોભાયમાન બને છે અને ભરતક્ષેત્રને ભોગવે છે, તે તપના પ્રભાવથી છે, એવું તું જાણ. ॥૩॥ (પુષ્પમાલા ૭૨, ૭૩, ૭૪)

આજ્ઞારહિત તપ તો ઘણા તપસ્વીઓ કરે છે, પણ તે બધુ પણ નિષ્ફળ જ છે. જે કહ્યું પણ છે - તામલિએ ૨૧ વાર પાણીથી ધોયેલો નીરસ આહાર પારણામાં વાપરીને ૬૦ હજાર વર્ષ સુધી તપ કર્યો, પણ તે અજ્ઞાન તપ હોવાથી તેનું ફળ અલ્પ છે ॥૧॥ (ઉપદેશમાલા ૮૧)

તથા - **સંયમ** = નિયંત્રણ કરવું. તેમાં ભાવ અર્થમાં 'અપ્' પ્રત્યય છે. અપૂર્વ એવા કર્મરૂપી કચરાના આગમનનો

चवरागमनिरोधकरणप्रवणास्रवद्वारविरमणमित्यर्थः पालितः सन् प्रमाणम् । आज्ञाविकलानां हस्तितापसादीनामिव संयमोऽपि निष्फल एव । तथा 'च' पुनः आज्ञयैव 'दानं' पात्रेषु न्यायार्जितनिरवद्यवस्त्रपात्रादीनां वितरणं मोक्षाय । दानमधिकृत्य जिनाज्ञेयम्-"आसंसाइविरहिओ, सद्धारोमंचकंचुइज्जंतो । कम्मक्खयहेउं चिअ, दिज्जा दाणं सुपत्तेसु ॥१॥ आरंभनियत्ताणं,

संबोधोपनिषद्

નિરોધ કરવામાં કુશળ એવું આશ્રવદ્વારવિરમણ = સંયમ. એ **આજ્ઞાથી** પાળ્યું હોય, તો જ પ્રમાણ છે. જેઓ આજ્ઞારહિત છે તેવાઓનું સંયમ પણ હસ્તિતાપસ વગેરેના સંયમની જેમ નિષ્ફળ જ છે. હસ્તિતાપસો એક હાથીને મારીને ઘણા દિવસો સુધી તેના માંસ પર નિર્વાહ કરે છે. અને એવું માને છે કે 'અન્યથા ઘણા જીવોની હિંસા કરવી પડે, તેના કરતાં એક જીવની હિંસા કરવી, તેમાં ઓછું પાપ છે.' પણ પંચેન્દ્રિય જીવના વધમાં અનેકગણું પાપ છે. વળી માંસમાં નિગોદના અનંત જીવો ઉત્પન્ન થાય છે. આ હકીકત તેઓ જાણતા નથી માટે તેમના તપ-સંયમ નિષ્ફળ છે.

વળી **દાન** = પાત્રોમાં ન્યાયથી અર્જિત એવા નિરવદ્ય વસ્ત્ર-પાત્ર વગેરેનું વિતરણ. આવું દાન **આજ્ઞાથી** જ મોક્ષનું કારણ થાય છે. દાનના વિષયમાં આવી જિનાજ્ઞા છે - આશંસા વગેરેથી રહિત, શ્રદ્ધા અને રોમાંચથી કંચુકિત = પુલકિત થતો, કર્મક્ષય માટે જ સુપાત્રોમાં દાન આપે. ॥૧॥

अकरिंताणं अकारविंताणं । धम्मट्ठा दायव्वं, गिहीहिं धम्मे कयमयाणं ॥२॥ इय मुक्खहेउदाणं, दायव्वं सुत्तवन्निअविहीए। अणुकंपादाणं पुण, जिणेहि सव्वत्थ न निसिद्धं ॥३॥ केसिंचि होइ चित्तं, वित्तं अन्नेसि उभयमन्नेसिं । चित्तं वित्तं पत्तं, तिन्नि वि केसिंचि धन्नाणं ॥४॥" आज्ञां विना बहुतरमपि दत्तमफलमेव। अथ तद्वैकल्पे यद् भवति तदाह-'आज्ञारहितो धर्मः' तपःप्रमुखः 'पलालपूल व्व' इति, निष्कणशालिव्रीह्यादि-

संબોધોપનિષદ્

જેઓ આરંભથી નિવૃત્ત થયેલા છે. આરંભ કરતા પણ નથી અને કરાવતા પણ નથી, જેમનું મન ધર્મમાં તન્મય છે, તેવા પુણ્યાત્માઓને ગૃહસ્થોએ ધર્મ માટે આપવું જોઈએ. ॥૨॥ આ રીતે સૂત્રમાં કહેલી વિધિથી મોક્ષના હેતુભૂત એવું સુપાત્રદાન આપવું જોઈએ. વળી જે અનુકંપાદાન છે, તેનો જિનેશ્વરોએ સર્વત્ર નિષેધ કર્યો નથી. ॥૩॥ કેટલાકોને ભાવસભર ચિત્ત મળ્યું હોય છે, અન્યોને દાનની વિશિષ્ટ વસ્તુ માટે જરૂરી ધન મળ્યું હોય છે. કેટલાકોને ચિત્ત અને વિત્ત બંને મળ્યા હોય છે. જ્યારે કેટલાક ધન્ય આત્માઓને ચિત્ત, વિત્ત અને સુપાત્ર ત્રણેની પ્રાપ્તિ થઈ હોય છે. ॥૪॥ (પુષ્પમાલા ૪૬-૪૭-૪૮-૪૯)

આજ્ઞા વિના તો ઘણુ બહુ દાન કરાય, તો પણ તે નિષ્ફળ જ છે. આ વિકલ્પના સંબંધમાં જે થાય છે તે કહે છે - **આજ્ઞા રહિત ધર્મ** - તપ વગેરે **ઘાસના પૂળા જેવો** =

तृणप्रचयवत् 'प्रतिभाति' तत्सदृशो दृश्यत इत्यर्थः । यथा पलालप्रचयो धान्यरहितत्वान्निष्फलस्तथाऽऽज्ञात्यक्तो धर्मोऽपि निष्फल एवेति । 'अकणो व्रीह्यादिः पलालं' इत्युणादिवृत्तौ, पूलशब्दो लोकरूढ्या पूलकार्थः ॥३२॥

एतदेवाह-

**[1]आणाखंडणकारी, जहवि तिकालं महाविभूईए ।**
**पूएइ वीयरायं, सव्वंपि निरत्थयं तस्स ॥३३॥**

— संबोधोपनिषद् —

જેમાંથી શાલિ, ડાંગર, વગેરેના કણ નીકળી ગયા છે તેવા ઘાસના પૂંજના જેવો લાગે છે. જેમ ઘાસનો ઢગલો ધાન્યથી રહિત હોવાથી નિષ્ફળ છે, તેમ આજ્ઞારહિત ધર્મ પણ નિષ્ફળ જ છે, એવો અર્થ છે.

ઉણાદિવૃત્તિમાં કહ્યું છે કે કણ વિનાના વ્રીહિ વગેરે પલાલ છે. (ઉણા૦ ૨/૨૨૫) પૂલ શબ્દ લોકરૂઢિથી પૂળાના અર્થમાં છે. ॥૩૨॥

એ જ કહે છે -

**જે ત્રણે કાળ મોટી વિભૂતિથી વીતરાગને પૂજે, પણ જો તે આજ્ઞાનું ખંડન કરતો હોય, તો તેનું સર્વ પણ નિરર્થક છે. ॥૩૩॥** (રત્નસંચય ૨૧૩, સંબોધ પ્રકરણ ૬૬૩)

---

૧. छ - प्रतौ-अयं श्लोको न दृश्यते ।

**व्याख्या** - 'आज्ञाखण्डनकारी' आज्ञा जिनार्चायाम्- "तसाइजीवरहिए, भूमीभागे विसुद्धए । फासुएणं तु नीरेणं, इयरेणं गलिएण उ ॥१॥ काऊणं विहिणा ण्हाणं, सेयवत्थनियंसणो । मुहकोसं तु काऊणं, गिहबिंबाणि पमज्जए ॥२॥ गंधोदएण न्हावित्ता, जिणे तेल्लोक्कबंधवे । गोसीसचंदणाईहिं, विलिंपित्ता य पूयए ॥३॥" इत्यादिरूपा तस्याः खण्डनकारी, यद्वा सामान्यतः आज्ञाखण्डनकारी स्वमतिकल्पनाशिल्पोपजीवी सन् यद्यपि 'त्रिकालं' त्रिसन्ध्यं

संबोधोपनिषद्

જે **આજ્ઞાનું ખંડન કરનાર** છે. જિનપૂજાના વિષયમાં આ આજ્ઞા છે - જે ત્રસ વગેરે જીવોથી રહિત હોય એવા વિશુદ્ધ ભૂમિભાગમાં પ્રાસુક જળથી અથવા ગાળેલા એવા અપ્રાસુક જળથી ॥૧॥ વિધિથી સ્નાન કરીને શ્વેત વસ્ત્રોનું પરિધાન કરીને (ઉપલક્ષણથી અન્ય પણ શુભ વર્ણના વસ્ત્રનું પરિધાન કરીને), મુખકોષબાંધીને, ઘર દેરાસરની પ્રતિમાઓનું પ્રમાર્જન કરે, ગંધોદક = સુગંધી જળથી ત્રૈલોક્ય બાંધવ એવા જિનોને સ્નાન કરાવીને, ગોશીર્ષ ચંદનથી વિલેપન કરીને પૂજન કરે. ॥૩॥ **(શ્રાદ્ધદિનકૃત્ય ૨૩-૨૪-૨૫ ગાથાસહસ્રી ૨૧૫-૧૬)** ઈત્યાદિ રૂપ જિનપૂજા સંબંધી આજ્ઞા છે. તેનું જે ખંડન કરે, અથવા તો જે સામાન્યથી આજ્ઞાનું ખંડન કરનાર હોય, તે પોતાની બુદ્ધિરૂપ કલ્પના શિલ્પ પર ઉપજીવન કરનાર **ભલે ત્રિકાળ**

'महाविभूत्या' महासमृद्ध्या पूजोपकरणसामग्र्या चन्दनकर्पूर-मीनमदमृगमदादिरूपया 'वीतरागं' अर्हन्तं 'पूजयति' अर्चयति, तथाऽपि 'तस्य' आज्ञाखण्डनकर्तुः 'सर्वमपि' भगवदर्च्चार्थ-विधीयमानद्रव्यव्ययादि 'निरर्थकं' निष्प्रयोजनम् । आज्ञया विधीयमानं जिनपूजनमपि सफलम्, यदुक्तम्-''किच्चंपि धम्मकिच्चं, पूयापमुहं जिणंदआणाए । भूयमणुग्गहरहियं, आणाभंगाउ दुहदाई ॥१॥'' तथा श्रीजिनवल्लभसूरिभिरप्युक्तम्-''जिनगृहजिनबिम्बजिनपूजनजिनयात्रादि विधिकृतं दानतपोव्रतादि गुरुभक्तिश्रुतपठनादि चादृतं स्यादिह कुमतकुगुरुकुग्राहकुबोध-



= ત્રણે સંધ્યાના સમયે = સવાર-બપોર-સાંજ **મહાવિભૂતિથી** = મહાસમૃદ્ધિથી ચંદન-કપૂર-મીનમદ-કસ્તૂરી વગેરેરૂપ પૂજાના ઉપકરણોની સામગ્રીથી **વીતરાગને** = અરિહંતને, **પૂજે** = અર્ચે, તો પણ **તેનું** =આજ્ઞાખંડનકારીનું **બધું ય** = ભગવાનની પૂજા માટે કરાતો દ્રવ્ય-વ્યય વગેરે **નિરર્થક** = નિષ્પ્રયોજન છે. આજ્ઞાથી કરાતી જિનપૂજા વગેરે સફળ, કારણ કે કહ્યું છે કે - પૂજા વગેરે ધર્મકૃત્ય પણ જિનાજ્ઞાથી જ ધર્મકૃત્ય બને છે. પણ જે જીવદયાથી રહિત છે, તે આજ્ઞાભંગથી દુઃખદાયક છે. (ષષ્ઠિશતક ૪૫)

તથા શ્રી જિનવલ્લભસૂરિજીએ પણ કહ્યું છે - જિનાલય, જિનપ્રતિમા, જિનપૂજા, જિનયાત્રા વગેરે, દાન, તપ, વ્રત વગેરે અને ગુરુભક્તિ, શ્રુતપઠન વગેરે વિધિપૂર્વક આદરવું

कुदेशनान्तःस्फुटमनभिमतकारि वरभोजनमिव विषलवनिवेशतः" इति ॥३३॥

कुत एतत् ? इत्याह -

**रन्नो आणाभंगे, इक्कु च्चिय होइ निग्गहो लोए ।**
**सव्वन्नुआणभंगे, अणंतसो [1]निग्गहं [2]लहइ ॥३४॥**

**व्याख्या** - 'राज्ञः' नृपतेः 'आज्ञाभङ्गे'आदेशखण्डने 'एक एव' ऐहलौकिक एव 'निग्रहः' मरणदुःखं लोके भवति।



જોઈએ. અહીં કુમત, કુગુરુ, કુગ્રાહ, કુબોધ, કુદેશનાની અંતર્ભૂત એવા જિનાલયાદિ સ્પષ્ટ રીતે અનિષ્ટ ફળનું કારણ બને છે. જેમ કે થોડા વિષના પ્રવેશથી ઉત્તમ ભોજન (સંઘપટ્ટક ૨૦) ॥૩૩॥

આવું કેમ ? તે કહે છે -

**રાજાની આજ્ઞાના ભંગથી લોકમાં એક જ નિગ્રહ થાય છે, જ્યારે સર્વજ્ઞની આજ્ઞાના ભંગથી અનંત નિગ્રહ પામે છે. ॥૩૪॥** (સંબોધ પ્રકરણ ૩૭૯)

**રાજાની** = નરપતિની, **આજ્ઞાનો ભંગ થતા** = આદેશનું ખંડન થતા, **એક જ** - આલોકસંબંધી જ, **નિગ્રહ** = મરણદુઃખ **લોકમાં થાય છે,** રાજા પોતાની આજ્ઞાનું ખંડન

१. क. ख. ग - निग्गहो । २. ख - होइ ।

स हि खण्डिताज्ञं स्वसेवकं मारयतीति प्रतीतम्, यत उक्तम्- "आज्ञाभङ्गो नरेन्द्राणां, महतां मानखण्डम् । मर्मप्रकाशनं पुंसामशस्त्रवध उच्यते ॥१॥" इतिसुभाषितानुसारेणाज्ञा-विराधकानां कुतो जीवितम् ? 'सर्वज्ञस्य' सर्ववेदिनो देवाधिदेवस्य 'आज्ञाभङ्गे' 'अनन्तशः' अनन्तवारान् यावत् 'निग्रहं' मरणदुःखं 'लभते' प्राप्नोति । जिनाज्ञा ह्येवं यद् गीतार्थाचार्यपरम्परागतोऽर्थः स्वच्छेकबुद्ध्या नाप्रमाणयितव्यः, यदुक्तं **श्रीसूत्रकृताङ्गनिर्युक्तौ**-"आयरियपरंपरएण आगयं

સંબોધોપનિષદ્

કરનાર પોતાના સેવકને મારે છે એ પ્રતીત છે. કારણ કે કહ્યું છે કે - રાજાઓની આજ્ઞાનો ભંગ, મહાપુરુષોનું માનખંડન અને પુરુષોના મર્મનું પ્રકાશન એ શસ્ત્ર વિના કરેલો વધ કહેવાય છે. અર્થાત્ તેનાથી રાજાદિને વધ જેવા દુઃખનો અનુભવ થાય છે. અને તેથી રાજા તાદૃશવધકારકનો નિગ્રહ કરે છે. ॥૧॥

આ સુભાષિતના આધારે આજ્ઞાની વિરાધના કરનારાઓનું જીવિત ક્યાંથી ? તેથી **સર્વજ્ઞ** = સકલવેત્તા = દેવાધિદેવ, તેમની **આજ્ઞાનો ભંગ કરાતા અનંતવાર નિગ્રહ** = મરણદુઃખ **પામે છે.**

એવી જિનાજ્ઞા છે કે ગીતાર્થ આચાર્યોની પરંપરાથી આવેલો અર્થ પોતાની ચતુર બુદ્ધિથી અપ્રમાણ ન કરવો. જેથી

जो उ छेयबुद्धीए । कोवेइ छेयवाई, जमालिनासं स नासिहिई ॥१॥" यदि च च्छेकवादी कश्चित्तं न प्रमाणयति तदा तेन तीर्थकराज्ञा खण्डिता भवति, तत्खण्डनाच्चानन्तानि मरणानि प्राप्नोति । षष्ठिशतप्रकरणेऽप्युक्तम्-"इय राणठक्कुराणवि, आणाभंगेण होइ मरणदुहं । किं पुण तिलोयपहुणो, जिणिंददेवाहिदेवस्स ॥१॥" इति ॥३४॥

अथ जिनाज्ञाभङ्गपालनरूपाऽविधिविधिविहितधर्मस्य फलं सोपनयं कथयन्नाह-

સંબોધોપનિષદ્

શ્રીસૂત્રકૃતાંગનિર્યુક્તિમાં કહ્યું છે કે - જે ચતુરવાદી આચાર્યોની પરંપરાથી આવેલા અર્થને પોતાની ચતુર બુદ્ધિથી કોપિત કરે = તેનો અપલાપ કરે, તે જમાલિની જેમ નાશ પામે છે. ॥૧॥ (પર્યુષણા દશશતક ૫૬, જીવાનુશાસન ૨૮૯) જો કોઈ છેકવાદી તેને પ્રમાણિત ન કરે, તો તેણે તીર્થંકરની આજ્ઞાનું ખંડન કર્યું છે. અને તે તેનું ખંડન કરવાથી અનંત મરણો પામે છે.

ષષ્ઠિશતકપ્રકરણમાં પણ કહ્યું છે કે - આ રીતે રાજા-ઠાકોરોની આજ્ઞાનો ભંગ કરવાથી મરણ દુઃખ થાય છે, તો પછી ત્રૈલોક્યના સ્વામિ દેવાધિદેવ એવા જિનેન્દ્રની આજ્ઞાના ભંગના વિપાકની તો શું વાત કરવી ? ॥૧॥ (ષ.શ.૯૮) ॥૩૪॥

હવે જિનાજ્ઞાભંગરૂપ અવિધિ અને જિનાજ્ઞાના પાલનરૂપ વિધિથી કરેલા ધર્મનું ફળ ઉપનય સહિત કહે છે -

**जह भोयणमविहियकयं,**
**विणासए विहिकयं जियावेइ ।**
**तह [१]अविहिकओ धम्मो,**
**देइ [२]भवं विहिकओ मुक्खं ॥३५॥**

**व्याख्या** - 'यथा' इत्यौपम्ये, अविधिना रसगृद्ध्या जीवितव्यनिरपेक्ष्यत्वेन यत्किञ्चिद्भक्ष्यभक्षणान्निर्मर्यादया कृतं विहितं 'भोजनं' अशनं 'विनाशयति' जीवितव्याच्च्यावयति, अत एवोक्तं कैश्चित्-"जिह्वे ! प्रमाणं जानीहि, भोजने

संबोधोपनिषद्

**જેમ અવિધિકૃત ભોજન વિનાશ કરે છે અને વિધિકૃત જીવાડે છે, તેમ અવિધિકૃત ધર્મ સંસાર આપે છે, અને વિધિકૃત ધર્મ મોક્ષ આપે છે. ॥૩૫॥**

**'જેમ'** આ શબ્દ ઉપમાના અર્થમાં છે. **અવિધિથી** = રસગૃદ્ધિથી જીવનથી નિરપેક્ષપણે = આટલું બધું ખાવાથી કે સ્વાસ્થ્યને હાનિકારક દ્રવ્ય ખાવાથી મરણ થશે એવી ચિંતાથી રહિતપણે **કરેલું ભોજન વિનાશ કરે છે** = જીવનથી ભ્રષ્ટ કરે છે. માટે જ કેટલાકોએ કહ્યું છે કે - હે જીભ ! તું ભોજનમાં અને વચનમાં પ્રમાણને જાણી લે, કારણ કે અતિશય ભોજન કરવું અને અતિશય બોલવું આ બંને મોટા અનર્થનું

१. ग - अविहकउ । २. छ - भव ।

वचनेऽपि च । अतिभुक्तमतीवोक्तं, महाऽनर्थाय जायते ॥१॥" तदेव भोजनं विधिकृतं सत् 'जीवयति' भोक्तुर्जीवितव्यं वर्धयति। तथा 'अविधिकृतः' जिनाज्ञालोपरूपादविधेः कृतोऽविधिकृतो 'धर्मः' देशसर्वविरतिलक्षणः 'भवं' संसारं 'ददाति' संसारवृद्धिं कुरुत इत्यर्थः, यदुक्तम्-"जिनमतविमुखविहितमहिताय न मज्जनमेव, केवलं किन्तु तपश्चरित्रदानाद्यपि जनयति न खलु शिवफलम् । अविधिविधिक्रमाज्जिनाज्ञाऽपि ह्यशुभशुभाय जायते, किं पुनरिति विडम्बनैवाहितहेतुर्न प्रतायते ॥१॥" निष्कारणम-

संબોધોપનિષદ્

કારણ થાય છે. ॥૧॥ તે જ ભોજન **વિધિથી કરેલું** હોય, તો **જીવાડે છે** = ભોજન કરનારના જીવનની વૃદ્ધિ કરે છે = નિરાહારતારૂપી ઉપક્રમથી થતી આયુષ્યની હાનિને અટકાવે છે.

**તે રીતે અવિધિકૃત** = જિનાજ્ઞાના લોપરૂપ અવિધિથી કરેલો **ધર્મ** = દેશવિરતિ - સર્વવિરતિરૂપ **ભવ** = સંસાર **આપે છે** = સંસારની વૃદ્ધિ કરે છે. જે કહ્યું છે - જે જિનમતથી વિમુખપણે કર્યું હોય, તે અહિતનું કારણ થાય છે. માત્ર સ્નાન જ નહીં, પણ તપ, ચારિત્ર, દાન વગેરે પણ મોક્ષરૂપી ફળને ઉત્પન્ન કરતું નથી. જિનાજ્ઞા પણ અવિધિથી અશુભ ફળ આપે છે અને વિધિથી શુભ ફળ આપે છે. તો પછી શું અહિતના કારણભૂત એવી વિડંબના જ (અવિધિથી)નથી થતી ? ॥૧॥ આશય એ છે કે નિષ્કારણ

विधिर्न सेवनीय एवेतिभावः, निष्कारणाविधेराज्ञाभङ्गरूपत्वात्, तदुक्तं **निशीथचूर्णौ**-"निक्कारण अविहिपडिसेवा नियमा आणाभंगो अणवत्था मिच्छत्तं न जहावादी तहाकारित्ति ।" स एव धर्मो 'विधिकृतः' आगमोक्तप्रकारेण विहितो 'मोक्षं' मुक्तिं ददाति । विधिश्च ग्रन्थान्तरादवसेयः । यद्यपि सर्वोऽप्यागमोक्तो विधिरस्मत्सदृशैस्तपस्विभिर्विधातुमशक्यस्तथाऽपि विधिकृते यत्नो विधेयः, तत्करणाध्यवसायस्यापि मोक्षफलहेतुत्वात् । ये



અવિધિ ન સેવવી જોઈએ. કારણ કે નિષ્કારણ અવિધિ આજ્ઞાભંગરૂપ છે. તે નિશીથચૂર્ણિમાં પણ કહ્યું છે કે - નિષ્કારણ અવિધિપ્રતિસેવા એ અવશ્ય આજ્ઞાભંગરૂપ છે, અનવસ્થાનું અને મિથ્યાત્વનું કારણ છે. તેવું કરનારી વ્યક્તિ યથાવાદી તથાકારી નથી = જિનશાસનનો સ્વીકાર કરનારી વ્યક્તિ જો જિનાજ્ઞાનો ભંગ કરે, તો તે પોતે કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરતો નથી.

તે જ ધર્મ **વિધિકૃત** હોય = શાસ્ત્રકથિત પ્રકારથી કરાયેલો હોય, તો તે **મોક્ષ** = મુક્તિ આપે છે. વિધિ અન્ય ગ્રંથોથી જાણવો.

જો કે શાસ્ત્ર કથિત સર્વ વિધિ અમારા જેવા બિચારા = અલ્પ ધૃતિ-સંહનનવાળા જીવો કરી શકે એ શક્ય નથી, તો પણ વિધિકૃત ધર્મના વિષયમાં પ્રયત્ન કરવો જોઈએ. કારણ

चाविधिमात्रभीरवः-"जो जहवायं न कुणइ, मिच्छद्दिट्ठी तओ हु को अन्नो । वड्ढेइ य मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥१॥" तथा-"आणाइ च्चिय चरणं, तब्भंगे जाण किं न भग्गंति । आणं च अइक्कंतो, कस्साएसा कुणइ सेसं ॥१॥"



કે 'મારે વિધિ કરવી છે,' એવો જે અધ્યવસાય છે, તે પણ મોક્ષરૂપી ફળનું કારણ છે.

પણ જેઓ અવિધિમાત્રથી ભયભીત છે અને આ શાસ્ત્રવચનોનું પરિભાવન કરે છે - જે બોલ્યા મુજબ કરતો નથી = સર્વ સાવદ્ય નહીં કરું ઇત્યાદિ પ્રતિજ્ઞા કરીને તેનું પાલન કરતો નથી, તેનાથી અન્ય મિથ્યાદૃષ્ટિ બીજો કોણ છે? ધર્મીના વેષમાં પાપાચરણ/શિથિલાચરણ કરતો એવો તે બીજાને શંકા ઉપજાવે છે કે 'શું તેમના ભગવાને આવો જ ઉપદેશ આપ્યો હશે ?' આ રીતે તે મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે. ॥૧॥ **(ઉપદેશમાલા ૫૦૪, ગુરુતત્ત્વવિનિશ્ચય ૧-૧૩૧, દ્રવ્ય સપ્તતિકા ૩૬, પંચાશક ૫૪૦, પંચવસ્તુક ૧૬૬૬, સામાચારી ૨૮, આરાહણાપડગા ૨૩, ગાથાસહસ્રી ૫૫૮, જીવાનુ-શાસન ૨૩૨)**

તથા - આજ્ઞામાં જ ચારિત્ર છે. આજ્ઞાના ભંગમાં તો શું નથી ભાંગ્યું ? અર્થાત્ સર્વસ્વ ભાંગી ગયું છે, એ તું સમજ અને જે આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે બાકીનું કોના આદેશથી

इति च भावयन्तो जिनपूजनसामायिकप्रतिक्रमणादि सर्वथा न विदधति ते मूढा उत्सर्गापवादविदो न भवन्ति, यतः- "अविहिकया वरमकयं, असूयवयणं भणंति समयन्नू । पायच्छित्तं जम्हा, अकए गुरुअं कए लहुअं ॥१॥" इति, अयं भावः-संस्तरण उत्सर्गविधिरेवासेवनीयः, असंस्तरणे

——————— સંબોધોપનિષદ્ ———————

કરે છે ? અર્થાત્ જે ભગવાનની એક આજ્ઞાનો પણ સ્વરસથી ભંગ કરે છે, તે દેખીતી રીતે બીજી આજ્ઞાનું પાલન પણ કરતો હોય, તો ય વાસ્તવમાં તો તે સ્વેચ્છાચારનું જ પોષણ કરે છે. કારણ કે બાહ્ય રીતે આજ્ઞાપાલન દેખાતું હોવા છતાં પણ તેના મૂળમાં તો સ્વચ્છંદતા જ છે. જો સ્વચ્છંદતા ન હોત, તો તે એકાદ આજ્ઞાનો પણ ભંગ ન કરત. ॥૧॥

(ઉપદેશમાલા ૫૦૫, ગાથાસહસ્રી ૫૫૭)

જેઓ ઉપરોક્ત વચનોનો વિચાર કરીને જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ વગેરે સર્વથા નથી કરતા તેઓ મૂઢ છે. તેઓ ઉત્સર્ગ-અપવાદને જાણતા નથી. કારણ કે એવું શાસ્ત્રવચન છે કે - 'અવિધિથી કરવા કરતા ન કરવું સારું' આવું વચન ઉત્સૂત્ર છે, એમ સિદ્ધાન્તજ્ઞાતા કહે છે. કારણ કે ન કરવામાં મોટું પ્રાયશ્ચિત્ત છે, અને કરવામાં નાનું પ્રાયશ્ચિત્ત છે. ॥૧॥ **(ષટ્સ્થાનકમ્ ૮૨, જીવાનુશાસન ૬૧, વિચારસાર ૮૯૬, ગાથાસહસ્રી ૧૨૮)** આશય એ છે કે જ્યારે નિર્વાહ થતો હોય, ત્યારે ઉત્સર્ગવિધિનું જ આસેવન કરવું જોઈએ.

त्वपवादविधिरेव, यदुक्तं **श्रीविशेषकल्पचूर्णौ तद्भाष्ये** च- "इयाणिं जिणकप्पठिती मोत्तुं गाहा । जिणकप्पठितिग्रहणात् गच्छविणिग्गयसामायारिं मोत्तुं जं सेसं सा थेरकप्पट्ठिई, सा य दुपदसंजुत्ता, उस्सग्गजुत्ता अपवादजुत्ता य । पलंबाओ गाहा।" प्रलम्बसूत्रादारभ्य यावदिदं षड्विधकल्पस्थितिसूत्रम्-"उस्सग्गे अववायं करेमाणो अववादे य उसग्गं करेमाणो अरहंताणं आसायणाए वट्टइ, अरहंतपण्णत्तस्स धम्मस्स आसायणाए वट्टइ, आसायणाए वट्टमाणो दीहसंसारी हवइ, तम्हा पलंबसुत्तादि छव्विहकप्पट्ठिती अवसाणे उस्सग्गे पत्ते

संबोधोपनिषद्

પણ જ્યારે સંસ્તરણ ન થતું હોય (તથા ધૃતિ-સંહનનની હીનતા હોય), ત્યારે અપવાદવિધિનું જ આસેવન કરવું જોઈએ. જે શ્રીવિશેષકલ્પની ચૂર્ણિમાં તથા તેના ભાષ્યમાં કહ્યું છે કે - હવે જિનકલ્પસ્થિતિને છોડીને૦ ગાથા૦ અહીં જિનકલ્પની સ્થિતિનું ગ્રહણ કર્યું હોવાથી ગચ્છવિનિર્ગતની સામાચારીને છોડીને જે શેષ હોય, તે સ્થવિરકલ્પસ્થિતિ છે. તે સ્થિતિ બે પદથી સંયુક્ત છે. (૧) ઉત્સર્ગયુક્ત (૨) અપવાદયુક્ત. ઉત્સર્ગમાં અપવાદ આચરનાર અને અપવાદમાં ઉત્સર્ગ આચરનાર અરિહંતોની આશાતનામાં વર્તે છે, અરિહંતે કહેલા ધર્મની આશાતનામાં વર્તે છે, આશાતનમાં વર્તતો એવો તે દીર્ઘસંસારી થાય છે. માટે પ્રલંબસૂત્ર વગેરે છ પ્રકારના કલ્પની સ્થિતિના અંતે ઉત્સર્ગનો અવસર હોય,

उस्सग्गविही कायव्वो । अववादे य अववादे पत्ते अववादविधी जयणाए कायव्वो ॥" तथा **बृहत्कल्पे**ऽप्युक्तम्-"सट्ठाणे सट्ठाणे, सेया बलिणो य हुंति खलु एए । सट्ठाण परट्ठाण य, हुंति वत्थुतो निप्फन्ना ॥१॥" 'एते खलु' उत्सर्गापवादमार्गाश्च स्वस्थाने स्वस्थाने श्रेयांसो बलिनश्च भवन्ति, परस्थाने परस्थाने अश्रेयांसो दुर्बलाश्चेति । किं स्वस्थानम् ? किं वा परस्थानम्? इत्याह - 'वस्तुतः' पुरुषविशेषात् स्वस्थानपरस्थाने स्याताम्- "संथरओ सट्ठाणं, उस्सग्गो असहणो परट्ठाणं । इय सट्ठाण

संबोधोपनिषद्

ત્યારે ઉત્સર્ગવિધિ કરવો, અને અપવાદનો અવસર હોય ત્યારે અપવાદવિધિ જયણાથી કરવો.

તથા બૃહત્કલ્પમાં પણ કહ્યું છે કે - આ સ્વસ્થાને સ્વસ્થાને શ્રેયસ્કર તથા બળવાન હોય છે. સ્વસ્થાન અને પરસ્થાન વસ્તુતઃ નિષ્પન્ન થાય છે. ||૧|| (બૃહત્કલ્પ ૩૨૩, સંવેગરંગશાલા ૨૮૫૪) **વ્યાખ્યા** = આ ઉત્સર્ગમાર્ગો અને અપવાદમાર્ગો, પોતપોતાના સ્થાને શ્રેયસ્કર અને બળવાન હોય છે. પરસ્થાને પરસ્થાને અશ્રેયસ્કર અને દુર્બળ હોય છે. સ્વસ્થાન શું છે? અને પરસ્થાન શું છે ? તે કહે છે - વસ્તુતઃ = પુરુષવિશેષથી સ્વસ્થાન - પરસ્થાન થાય છે. જેમ કે સહનશીલ પુરુષની અપેક્ષાએ જે અવસરે ઉત્સર્ગનું સ્વસ્થાન હોય, તે જ અવસરે અસહનશીલ પુરુષની અપેક્ષાએ પરસ્થાન હોય. એ જ કહે છે- જેનો નિર્વાહ થાય છે, તેને ઉત્સર્ગ સ્વસ્થાન છે અને જે

परं वा, न होइ वत्थूं विणा किंचि ॥१॥" संस्तरत उत्सर्गः स्वस्थानम्, अपवादः परस्थानम् । 'असहनस्य' असमर्थस्यापवादः स्वस्थानम्, उत्सर्गः परस्थानम्, इति हेतुना वस्तु विना न किञ्चित् स्वस्थानं परस्थानं वा, इत्यलं विस्तरेण। प्रकृतं प्रस्तुमः ॥३५॥

——— સંબોધોપનિષદ્ ———

અસહનશીલ છે, તેને ઉત્સર્ગ પરસ્થાન છે. આ રીતે સ્વસ્થાન કે પરસ્થાન થાય છે, વસ્તુ વિના કાંઈ થતું નથી. ॥૧॥ (ઉપદેશરહસ્ય ૧૪૨) જેનું સંસ્તરણ થાય છે, તેના માટે ઉત્સર્ગ સ્વસ્થાન છે, અને અપવાદ પરસ્થાન છે. જે અસહનશીલ છે = અસમર્થ છે, તેના માટે અપવાદ સ્વસ્થાન છે, ઉત્સર્ગ પરસ્થાન છે. આ કારણથી વસ્તુ વિના કાંઈ સ્વસ્થાન કે પરસ્થાન નથી માટે વિસ્તારથી સર્યું. પ્રકૃતને પ્રસ્તુત કરીએ છીએ. [અહીં અવિધિથી ડરીને જેઓ ધર્માનુષ્ઠાન જ છોડી દે છે, તેમના માટે ઉત્સર્ગ-અપવાદની જે વાત કરી છે, તે વાત ઉત્સર્ગવિધિની આરાધના માટેની સામગ્રીનો અભાવ હોય, તે બાબતમાં સમજવાની છે. જેમ કે તથાવિધ શરીર ન હોવાથી નિત્ય એકાશણા ન કરી શકે, તેવા મુનિ ભગવંત નિત્ય બેસણા કરવા દ્વારા પણ તપાચારની આરાધના કરે. પણ જે અવિધિ અનાદરાદિથી થાય છે, તેમાં અપવાદનું સ્વસ્થાન ન ઘટી શકે.

વળી 'અવિધિકૃત કરતાં અકૃત વધુ સારું' આ ઉત્સૂત્ર-

द्रव्यस्तवभावस्तवौ हि क्रमेण श्राद्धसाधुधर्माविति तावेव विधिकृतौ यत्फलं जनयतस्तदाह-

**उक्कोसं दव्वत्थय, आराहिय [1]जाइ अच्चुयं जाव ।**
**भावत्थएण पावइ, अंतमुहुत्तेण निव्वाणं ॥३६॥**

संबोधोपनिषद्

વચન છે - એવી જે વાત કરી, તે વાત પણ અવિધિના સમર્થન માટે નથી, પણ વિધિમાં આદર અને યત્ન કરતા પણ જ્યારે અનાભોગાદિથી અવિધિ થઈ જાય, ત્યારે તેવી અવિધિથી કરેલું અનુષ્ઠાન, એ અનુષ્ઠાન ન કરવા કરતા સારું છે, એવો અહીં આશય છે. ટૂંકમાં, જ્યાં શારીરિક મર્યાદા છે ત્યાં સંસ્તરણાદિ - વિચારથી ઉત્સર્ગાદિના સ્વસ્થાનાદિની વિચારણા ઉચિત છે. અનાદરાદિ ઉન્માર્ગરૂપ હોવાથી અપવાદમાં અંતર્ભૂત બની શકે તેમ નથી. વિધિ-અવિધિ આદિના વિશદ વિવેચન માટે જુઓ મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજા કૃત યોગવિંશિકા વૃત્તિ.] ॥૩૫॥

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ ક્રમશઃ શ્રાદ્ધ અને સાધુના ધર્મો છે. માટે વિધિથી કરાયેલા તે બે ધર્મો જે ફળ આપે છે, તે કહે છે -

**ઉત્કર્ષથી દ્રવ્યસ્તવને આરાધીને અચ્યુત સુધી જાય છે. ભાવસ્તવથી અંતર્મુહૂર્તમાં મોક્ષ પામે છે. ॥૩૬॥** (સંબોધ

१. क. छ - जाव ।

**व्याख्या** - 'उक्कोसं' इति, प्राकृतत्वाद्विभक्तिपरिणामे उत्कर्षेण भावश्रावको 'द्रव्यस्तवं' पुष्पादिभिः समभ्यर्चनं 'आराध्य' विधिवदासेव्य 'अच्युतं' द्वादशं देवलोकं यावत् 'याति' गच्छति, प्राकृतत्वाद्विभक्तिलोपः, यदुक्तं **श्रीमहानिशीथे** तृतीयाध्ययने-"कंचणमणिसोवाणे, थंभसहस्सूसिए सुवन्नतले। जो कारवेज्ज जिणहरे, तओ वि तवसंजमो अणंतगुणो ॥१॥ इति । तवसंजमेण बहुभवसमज्जियं पावकम्ममललेवं ।



प्रકरण १११, दर्शनशुद्धिप्रकरण ८२, विचारसार ६२५)

प्राकृत होवाथी विभक्तिनो परिणाम थता 'उक्कोसं' अहीं त्रीजी विभक्ति समजवी, तेथी उत्कर्षथी एवो अर्थ थशे. **उत्कर्षथी** भावश्रावक **द्रव्यस्तव** = पुष्पादिथी सम्यक् जिनपूजा, तेने **आराधीने** = विधिपूर्वक तेनुं आसेवन करीने, **अच्युत** = बारमा देवलोक **सुधी जाय छे.** अहीं (दव्वत्थय) प्राकृत होवाथी विभक्तिनो लोप थयो छे. जे श्रीमहानिशीथसूत्रना त्रीजा अध्ययनमां कह्युं छे - सुवर्ण अने मणिना सोपानवाळा, हजार थांभलाओथी उच्छ्रित, सुवर्णना तळवाळा एवा जिनालयो जे करावे, तेना करता पण तप-संयम अनंतगुण फळ आपनारा छे. ॥१॥ (संबोधप्रकरण ५३३, १२४६, उपदेश माला ४९४) तप-संयमथी घणा भवमां समर्जित एवा पाप-

निट्ठाविऊण अइरा, अणंतसोक्खं वए मोक्खं ॥२॥ काउंपि जिणाययणेहिं मंडियं सव्वमेइणीवीढं । दाणाइचउक्केणं, सड्ढो गच्छिज्ज अच्चुयं ण परओ ॥३॥" इति । तथा 'भावस्तवेन' उग्रविहारादिरूपसर्वविरतिसंयमेन करणभूतेन 'अन्तर्मुहूर्तेन' दीक्षास्वीकरणानन्तरं घटिकाद्वयाभ्यन्तरमेव 'निर्वाणं' मोक्षं प्राप्नोति तावता मरणात् । 'उक्कोसं' इतिपदमत्रापि योज्यम्, स्नातकस्य जघन्यतोऽन्तर्मुहूर्तेनैव निर्वाणश्रवणात् । इह केचन षड्जीवनिकायवधरूपत्वेन द्रव्यस्तवं न बहुमन्यन्ते ते

संबोधोपनिषद्

કર્મરૂપી મળના લેપનો અંત કરીને જલ્દીથી અનંત-સુખવાળા મોક્ષમાં જાય છે. ॥૨॥

સર્વ પૃથ્વીપીઠને જિનાલયોથી વિભૂષિત કરીને પણ શ્રાવક દાન-શીલ-તપ-ભાવ વડે અચ્યુત સુધી જઇ શકે છે, તેનાથી આગળ જઇ શકતો નથી. ॥૩॥

તથા સાધકતમભૂત એવા **ભાવસ્તવથી** = ઉગ્રવિહાર વગેરે રૂપ સર્વવિરતિ સંયમથી **અંતર્મુહૂર્તથી** = દીક્ષાના સ્વીકાર બાદ બે ઘડીની અંદર જ તેટલા સમયમાં કાળ કરવાથી **નિર્વાણ**=મોક્ષ **પામે છે.** ઉત્કર્ષથી એમ અહીં પણ સમજવું. કારણ કે એવું શાસ્ત્રવચન છે કે સ્નાતક પ્રકારના નિર્ગ્રંથ જઘન્યથી અંતર્મુહૂર્તમાં જ નિર્વાણ પામે છે. અહીં કેટલાક જીવો દ્રવ્યસ્તવનું બહુમાન કરતા નથી, કારણ કે દ્રવ્યસ્તવ

तीर्थबाह्याः, यतो द्रौपद्यादिभिर्भगवत्पूजाया विहितत्वात्, तथाहि– “ततेणं सा दोवती रायवरकण्णा जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ उवागच्छइत्ता मज्जणघरं अणुविसइ अणुपविसइत्ता ण्हाया कयबलिकम्मा कयकोउयमंगलपायच्छित्ता सुद्धप्पवेसाइं मंगल्लाइं वत्थाइं परिहिया मज्जणघरातो पडिणिक्खमति पडिणिक्खमतित्ता जेणेव जिणहरे तेणेव उवागच्छइ उवागच्छइत्ता आलोए जिणपडिमाणं पणामं करेइ । लोमहत्थगं परामुसइ परामुसइत्ता एवं जहा सूरियाभो जिणपडिमातो अच्चेति तहेव



ષટ્કાયજીવોની હિંસારૂપ છે. (આવું તે દ્રવ્યસ્તવનું બહુમાન ન કરનારાઓનું મંતવ્ય છે.) તે જીવો તીર્થબાહ્ય છે. કારણ કે દ્રૌપદી વગેરેએ ભગવાનની પૂજા કરી હતી, એવું જ્ઞાતા-ધર્મકથા આદિ આગમોમાં સ્પષ્ટ જોવા મળે છે. તે પાઠ આ પ્રમાણે છે - પછી તે રાજવરકન્યા દ્રૌપદી જ્યાં સ્નાનાલય છે, ત્યાં આવે છે, આવીને સ્નાનાલયમાં પ્રવેશ કરે છે, પ્રવેશીને સ્નાન કરીને, જેણે બલિકર્મ કર્યું છે એવી, જેણે કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યા છે એવી, સભાપ્રવેશ સમયે પહેરવા યોગ્ય શુદ્ધ મંગલભૂત વસ્ત્રોને પહેરીને સ્નાનાલયમાંથી બહાર નીકળે છે. બહાર નીકળીને જ્યાં જિનાલય છે, ત્યાં આવે છે, આવીને જિનપ્રતિમાના દર્શન થતા પ્રણામ કરે છે. લોમહસ્તક (મોરપીંછી) લે છે, લઈને સૂર્યાભ દેવની જેમ

भाणियव्वं जाव धूवं डहइ डहइत्ता वामं जाणुं अंचेइ दाहिणं जाणुं धरणितलंसि णिवेसेति णिवेसित्ता ईसिं पच्चुण्णमति करयल जाव कट्टु एवं वयासी णमोत्थु णं अरहंताणं भगवंताणं जाव संपत्ताणं ।" इति **श्रीज्ञाताङ्गे** षोडशाध्ययने । न च विवाहादावैहिकफलाकाङ्क्षया द्रौपदी जिनपूजां व्यधादिति वाच्यम्, तत्र तया 'नमोत्थु णं' इत्यादिशक्रस्तवपाठेन

———————— સંબોધોપનિષદ્ ————————

જિનપ્રતિમાઓની પૂજા કરે છે. અહીં પણ રાજપ્રશ્નીય આગમમાં સૂર્યાભદેવનો જે અધિકાર છે, તેની જેમ જ પાઠ કરવો, યાવત્ ધૂપદહન કરે છે, કરીને ડાબા જાનુને ઊંચો કરે છે, જમણા જાનુને ભૂમિ પર સ્થાપિત કરીને થોડી નીચે નમે છે. પછી બે હાથથી યાવત્ અંજલિ કરીને આ મુજબ કહે છે - નમસ્કાર થાઓ અરિહંત ભગવંતોને યાવત્ સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલાને - આ રીતે જ્ઞાતાધર્મકથા નામના અંગસૂત્રમાં સોળમા અધ્યયનમાં કહ્યું છે.

**પ્રશ્ન** - એ સમયે દ્રૌપદીના વિવાહનો પ્રસંગ હતો. માટે વિવાહાદિમાં આલોકસંબંધી ફળને પ્રાપ્ત કરવા માટે દ્રૌપદીએ જિનપૂજા કરી હતી. માટે તેના પરથી દ્રવ્યસ્તવ ઉપાદેય શી રીતે થઈ શકે ?

**ઉત્તર** - જો દ્રૌપદીએ આલોકસંબંધી ફળ માટે જ જિનપૂજા કરી હોત, તો તે પૂજા પછી યાચના પણ તેવા ફળની જ કરત. પણ દ્રૌપદીએ તો નમોત્થુણં વગેરે શક્રસ્તવનો પાઠ

पारलौकिकनिर्जरारूपफलस्यैवाभ्यर्थितत्वात् । न च केवलैहिक-फलाकाङ्क्षिणा पारलौकिकं फलमिष्यते । न च द्रौपदी सम्यक्त्वविकलेति वाच्यम्, नारदागमे **श्रीज्ञाताङ्गे** षोडशाध्य-यने-"ततेणं सा दोवती कच्छुल्लणारयं अस्संजय-अविरय-अप्पडिहय-अप्पच्चक्खायपावकम्मे त्तिकट्टु नो आढाति नो परियाणइ नो अब्भुट्ठेइ नो पज्जुवासेति ।" इतिकथनात् सा

संबोधोपनिषद्

કહેવા દ્વારા પરલોકસંબંધી એવા નિર્જરારૂપ ફળ જ માંગ્યું હતું. જે માત્ર આલોકસંબંધી ફળની જ આકાંક્ષા કરતો હોય, તે પરલોક સંબંધી ફળને ઇચ્છતો નથી.

વળી દ્રૌપદી સમ્યક્ત્વ રહિત હતી, એવું પણ ન કહેવું જોઇએ. કારણ કે જ્યારે નારદનું આગમન થયું, ત્યારે દ્રૌપદીએ જે પ્રતિભાવ આપ્યો, તેના પરથી દ્રૌપદી સમ્યક્ત્વવતી હતી, એવો નિશ્ચય થાય છે. શ્રીજ્ઞાતાધર્મકથા અંગસૂત્રના સોળમાં અધ્યયનમાં એ પાઠ આ મુજબ છે -

'કચ્છુલ નારદ અસંયત, અવિરત, પાપકર્મનો પ્રતિઘાત તથા તેનું પ્રત્યાખ્યાન નહીં કરનાર છે, એમ ધ્યાનમાં રાખીને પછી દ્રૌપદી તેનો આદર કરતી નથી. તેને પૂજ્ય તરીકે જાણતી નથી, અભ્યુત્થાન કરતી નથી, પર્યુપાસના કરતી નથી.'

આ પાઠ પરથી એવું સંભવે છે કે દ્રૌપદીએ સમ્યક્ત્વમાં

सम्यक्त्वमालिन्याभिशङ्क्यैवासंयतत्वादिदोषोपेतं नारदं नादृतवतीति सम्भाव्यते । न च राजवरकन्यकात्वाभिधानेन सम्यक्त्वराहित्यं तस्याः सम्भावनीयम्, यतो मल्लिस्वामिनो राजीमत्याश्च निर्णीतसम्यक्त्वत्वेऽपि **ज्ञातोत्तराध्ययन**सिद्धान्तयोः 'राजवरकन्या' इति पदाभिधानात्, तथाहि-"तएणं कुंभए तेसिं संजत्तिगाणं जाव पडिच्छइ पडिच्छइत्ता मल्लिं विदेहरायवरकन्नं

संबोधोपनिषद्

મલિનતા થવાના ભયથી જ અસંયતપણું વગેરે દોષોથી યુક્ત એવા નારદનો આદર ન કર્યો.

**પ્રશ્ન** - દ્રૌપદીનો ઉલ્લેખ રાજવરકન્યા તરીકે કરવામાં આવ્યો છે. આગમમાં કરેલો આ ઉલ્લેખ જ બતાવી આપે છે કે દ્રૌપદી સમ્યક્ત્વવતી ન હતી, અન્યથા સમ્યગ્દષ્ટિ કે શ્રાદ્ધી એવો ઉલ્લેખ જ કેમ ન કર્યો ?

**ઉત્તર** - આવી દલીલ ઉચિત નથી. કારણ કે જેમના સમ્યક્ત્વનો નિર્ણય થઈ ચૂક્યો છે, જેઓ સમ્યક્ત્વી રૂપે તમને પણ માન્ય છે, એવા શ્રીમલ્લિનાથ અને રાજીમતી માટે પણ જ્ઞાતાસૂત્ર અને ઉત્તરાધ્યયનસૂત્રમાં 'રાજવરકન્યા' એવો પ્રયોગ કરાયો છે. તે આ પ્રમાણે - પછી કુંભ રાજા તે સાંયાત્રિકોના યાવત્ સ્વીકારે છે, સ્વીકારીને વિદેહરાજવરકન્યા મલ્લિને બોલાવે છે - આ પ્રમાણે શ્રીજ્ઞાતા-

सद्दावेति ॥" इति **श्रीज्ञाताङ्गे**। "अह सा रायवरकन्ना सुट्ठिया नियमव्वए" **इत्युत्तराध्ययनेषु**। अत एव श्री**प्रश्नव्याकरणे**- "सीयाए दोवईए" इति पाठव्याख्यासमये श्रीमदभयदेवसूरि-भिर्द्रौपद्या तु श्रमणोपासिकात्वेन मिथ्यादृष्टिमुनिरयमितिकृत्वा नाभ्युत्थितस्ततोऽसौ तां प्रति द्वेषमगमत्, इति भणनात् तस्यां सम्यक्त्ववत्त्वं परिकलयाम इति। अपि च पद्मनाभराजापहृतया तया आचामाम्लतपःकरणाच्च-"ततेणं सा दोवती देवी छट्ठं

———————— સંબોધોપનિષદ્ ————————

અંગમાં કહ્યું છે. (અધ્ય. ૧૬). હવે નિયમ-વ્રતમાં સુસ્થિર એવી તે રાજવરકન્યા - એમ ઉત્તરાધ્યયનોમાં કહ્યું છે. (ઉત્તરા. ૮૦૪)

માટે જ શ્રીપ્રશ્નવ્યાકરણસૂત્રમાં 'સીતાના દ્રૌપદીના - આ પાઠની વ્યાખ્યાના સમયે શ્રીઅભયદેવસૂરિજીએ કહ્યું છે કે - દ્રૌપદી શ્રાવિકા હતી. તેથી નારદ મિથ્યાદૃષ્ટિ મુનિ હોવાથી દ્રૌપદીએ તેના પ્રત્યે અભ્યુત્થાન ન કર્યું. માટે નારદને દ્રૌપદી પ્રત્યે દ્વેષ થયો. - વૃત્તિકારશ્રીના આ વચનથી દ્રૌપદી સમ્યક્ત્વવતી હતી એવું જણાય છે.

**શંકા** - દ્રૌપદીએ પૂર્વભવમાં નિદાન કર્યું હતું, માટે તે સમ્યક્ત્વવતી ન હોઇ શકે ?

**સમાધાન** - ના, કારણ કે 'નિદાનમાત્ર સમ્યક્ત્વાદિનું

छट्ठेणं अणिक्खित्तेणं आयंबिलपरिग्गहिएणं तवोकम्मेणं अप्पाणं भावेमाणी विहरति" इतिश्रुतेः परशासने चाचामाम्लतपसोऽनभिधानात् । न च पूर्वभवे निदानकरणात्सम्यक्त्ववैकल्यमस्याः सम्भाव्यम्, **दशाश्रुतो**क्तसम्यक्त्वादिविघातकनिदानेभ्योऽस्य भिन्नत्वात् । न चैतदसम्भाव्यम्, तस्यास्तद्भवे सर्वविरतिप्राप्तेरप्यागमे श्रवणात् । तथा भगवद्वर्धमानस्वामिवचननिर्णीतसम्यक्त्ववता सूर्याभेनापि **श्रीराजप्रश्नीयो**पाङ्गे जिनप्रति-

संबोधोपनिषद्

घातक છે' એવું નથી. જે નિદાનો સમ્યક્ત્વાદિના વિઘાતક છે, તે નિદાનોનું વર્ણન દશાશ્રુતસ્કંધમાં કરેલું છે. દ્રૌપદીનું નિદાન તે નિદાનોથી ભિન્ન હોવાથી સમ્યક્ત્વાદિનું વિઘાતક ન હતું.

**શંકા** - અરે, પણ નિદાન સમ્યક્ત્વાદિનું વિઘાતક ન બને, એ ક્યાંથી સંભવે ?

**સમાધાન** - એ અસંભવિત નથી. કારણ કે દ્રૌપદી તે જ ભવમાં સર્વવિરતિ પામે છે એવું પણ આગમમાં કહ્યું છે. જો નિદાન એકાંતે સમ્યક્ત્વાદિનું વિઘાતક જ હોય, તો દ્રૌપદી સર્વવિરતિ ક્યાંથી પામત ?

વળી શ્રી રાજપ્રશ્નીય ઉપાંગસૂત્રમાં સૂર્યાભદેવનો અધિકાર છે. ભગવાન વર્ધમાનસ્વામિના વચનથી સૂર્યાભદેવ સમ્યક્ત્વી છે, એવો નિર્ણય થાય છે. તેણે પણ જિનપ્રતિમાઓની સમક્ષ

मानां पुरतः पूजापुरस्सरं शक्रस्तवपाठस्य पठनात् । न च देवानां करणीयमिदमिति वाच्यम्, तेषां करणीयेऽपि संसारमोक्षहेतु-स्वरूपविशेषस्य तैरप्यङ्गीकारात् । तथाहि मिथ्यादृग्देवो मार्गस्थ-साधुमुल्लङ्घ्य याति, सम्यग्दृष्टिस्तु साधुं वन्दित्वा गच्छ-तीत्येवमुभयोः करणीयत्वसाम्येऽपि तयोः शिवभवहेतुत्वं स्पष्टमेव । न चागमे सम्यक्त्वविधुराः केऽपि

संबोधोपनिषद्

પૂજા કરીને શક્રસ્તવપાઠ કહ્યો હતો. આ રીતે સમ્યક્ત્વી દેવે પણ જિનપૂજાનું આચરણ કર્યું હોવાથી, જિનપૂજા ઉપાદેય જ છે.

**શંકા** - એ તો દેવોનું કર્તવ્ય છે, એટલા માત્રથી તેમના સમ્યક્ત્વનો નિશ્ચય ન થઈ શકે.

**સમાધાન** - ના, કારણ કે એ દેવોનું કર્તવ્ય હોવા છતાં પણ એક સંસારનું કારણ અને બીજું મોક્ષનું કારણ એવો સ્વરૂપવિશેષ તેમણે પણ સ્વીકાર્યો છે. તે આ પ્રમાણે- મિથ્યાદષ્ટિ દેવ માર્ગમાં રહેલા સાધુનું ઉલ્લંઘન કરીને જાય છે. જ્યારે સમ્યગ્દષ્ટિ દેવ સાધુને વંદન કરીને જાય છે. આ રીતે બંનેનું ગમનરૂપી કર્તવ્ય સમાન હોવા છતાં પણ એકનું ગમન સંસારનું કારણ બને છે. અને બીજાનું ગમન મોક્ષનું કારણ બને છે. આ રીતે બંનેની ક્રિયામાં ભેદ છે = વિશેષ છે, એ સ્પષ્ટ જ છે.

भावसारं श्रीजिनप्रतिमायाः पुरतः शक्रस्तवं पठितवन्त इति दृष्टचराः श्रुतचरा वा । न च 'देवा अहम्मिया' इतिभणनात् देवा अधर्मिणस्तेषां किं करणीयं प्रशंसनीयमिति वाच्यम्, तेषां चाधर्मित्वं विरतिधर्मापेक्षया न च सम्यक्त्वापेक्षया, तस्यापि धर्मपक्ष एव कक्षीकरणात् । न च तेनान्यदपि वस्तुजातमर्चितं

संबोधोपनिषद्

સમ્યક્ત્વ રહિત એવા કોઈ જીવોએ અત્યંત ભાવપૂર્વક જિનપ્રતિમાઓની સમક્ષ શક્રસ્તવપાઠ કર્યો હોય, એવું આગમમાં ક્યાંય દેખાયું કે સંભળાયું નથી.

**શંકા** --દેવો અધાર્મિક છે (**અર્થથી ભગવતી સૂત્ર શતક ૧૭ ઉદ્દેશ ૨**) એવું કહ્યું હોવાથી તેમનું કયું કૃત્ય પ્રશંસનીય છે ? અર્થાત્ તેમનું કોઈ કૃત્ય પ્રસંશનીય નથી. માટે તેમણે કરેલી પૂજા પણ અપ્રશંસનીય હોવાથી તેના દ્વારા દ્રવ્યસ્તવની ઉપાદેયતા સિદ્ધ ન થઈ શકે.

**સમાધાન** - દેવોને અધર્મી કહ્યા છે, તે વિરતિરૂપી ધર્મની અપેક્ષાએ છે, સમ્યક્ત્વની અપેક્ષાએ નથી. કારણ કે સમ્યક્ત્વને પણ ધર્મના પક્ષમાં જ માન્યું છે = સમ્યક્ત્વ પણ એક પ્રકારનો ધર્મ જ છે અને તેની અપેક્ષાએ તો દેવોને પણ ધાર્મિક જ માન્યા છે.

**શંકા** - સૂર્યાભ દેવે તો બારસાખની પૂતળીઓ વગેરેની પૂજા પણ કરી હતી. તો જેમ તેમની પૂજા કરી, તે જ રીતે

तथैतदपीति वाच्यम्, अन्यत्र शक्रस्तवाभणनात् । तथा जिनप्रतिमाजिनास्थिपूजने-"एवं खलु देवाणुप्पियाणं सूरियाभे विमाणे सिद्धाययणंसि जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमेत्ताणं अट्ठसयं संनिक्खित्तं चिट्ठति । तो सभाए णं सुहम्माए माणय(व ?)चेयए खंभे वयरामएसु गोलवट्टसमुग्गएसु बहूओ जिणस-



જિનપ્રતિમાઓની પણ પૂજા કરી હોઈ શકે. અર્થાત્ તેને તથાવિધ ભક્તિભાવ ન પણ હોય કે જે તેના સમ્યક્ત્વનું સૂચક બને. માટે જિનપ્રતિમાની પૂજાથી સૂર્યાભદેવનું સમ્યગ્દષ્ટિપણું સિદ્ધ ન થઈ શકે.

**સમાધાન** - જિનપ્રતિમા અને પૂતળી બંને પ્રત્યેના સૂર્યાભદેવના ભાવમાં જે તફાવત છે તે રાજપ્રશ્નીય આગમના વચનથી સિદ્ધ જ છે. કારણ કે સૂર્યાભદેવે પૂતળીઓ આદિની સમક્ષ શક્રસ્તવપાઠ નથી કર્યો. માત્ર જિનપ્રતિમાઓની સમક્ષ જ ભક્તિભાવપૂર્વક શક્રસ્તવપાઠ કર્યો છે. જે તેના સમ્યક્ત્વને સિદ્ધ કરે છે.

રાજપ્રશ્નીય સૂત્રમાં જિનપ્રતિમા અને જિન અસ્થિની પૂજા અંગેનો પાઠ આ પ્રમાણે છે- આ રીતે દેવાનુપ્રિયના સૂર્યાભવિમાનમાં સિદ્ધાયતનમાં જિનના ઉત્સેધ પ્રમાણની માત્રાવાળી ૧૦૮ જિનપ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. અને સુધર્માસભામાં માણવક ચૈત્ય સ્તંભમાં વજ્રમય ગોળ

कहाओ संनिक्खित्ताओ चिट्ठंति । ताओ णं देवाणुप्पियाणं अन्नेसिं च बहूणं वेमाणियाणं देवाण य देवीण य अच्चणिज्जाओ जाव पज्जुवासणिज्जाओ, तं एयण्णं देवाणुप्पियाणं पुव्विं करणिज्जं, तं एतण्णं देवाणुप्पियाणं पच्छा करणिज्जं, तं एयण्णं देवाणुप्पियाणं पुव्विं पच्छावि हियाए सुहाए खमाए णिस्सेयसाए आणुगामियत्ताए भविस्सइ" इति फलमभिहितम् । तथाऽन्यवस्तुपूजने एवंरूपफलानभिधानाच्च। एवमेव **श्रीविवाहप्रज्ञप्त्यां** सौधर्मेन्द्रेण तथा **जीवाभिगमे** विजयदेवेन च जिनप्रतिमानां पुरतो द्रव्यस्तवपुरस्सरमेव



દાબડાઓમાં ઘણા જિનઅસ્થિઓ રાખેલા છે.

આ જિનપ્રતિમાઓ અને જિનઅસ્થિઓ દેવાનુપ્રિયને તથા અન્ય ઘણા વૈમાનિક દેવોને અને દેવીઓને પૂજનીય છે, યાવત્ પર્યુપાસનાપાત્ર છે. તો આ દેવાનુપ્રિયને પૂર્વે કરવા યોગ્ય છે, તો આ દેવાનુપ્રિયને પછી કરવા યોગ્ય છે. તો આ દેવાનુપ્રિયને પૂર્વે, પછી પણ હિત માટે, સુખ માટે, સંગતપણા માટે, નિશ્ચિત કલ્યાણ માટે અને સાનુબંધહિત માટે થશે. (રાજપ્ર૦ ૪૧)

આ રીતે જિનપ્રતિમા અને જિન અસ્થિઓની પૂજાનું ફળ કહ્યું છે. તેવી રીતે અન્ય વસ્તુઓની પૂજાનું ફળ નથી કહ્યું. આ જ રીતે શ્રી ભગવતી સૂત્રમાં સૌધર્મેન્દ્રે અને શ્રી જીવાભિગમસૂત્રમાં વિજયદેવે જિનપ્રતિમાઓની સમક્ષ દ્રવ્ય-

शक्रस्तवः पठितो द्रष्टव्य इति । न च प्रतिमाया ज्ञानदर्शन-चारित्ररहितत्वादनाराध्यत्वमिति वाच्यम्, ऋषभादि-

संबोधोपनिषद्

સ્તવપૂર્વક જ શક્રસ્તવપાઠ કર્યો હતો, એવું જોવા યોગ્ય છે. (તે તે સૂત્રમાં આવું વર્ણન છે એ ધ્યાનમાં રાખવું જોઈએ.) આ રીતે દ્રવ્યસ્તવની ઉપાદેયતા સિદ્ધ થાય છે. (દેવોમાં પણ ધર્મ છે. આ વિષયમાં વિશેષ જિજ્ઞાસુઓએ મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાકૃત 'દેવધર્મપરીક્ષા' ગ્રંથ તથા નવનિર્મિત ગુર્જર ટીકા 'દેવધર્મોપનિષદ્'નું અવલોકન કરવા યોગ્ય છે.)

**શંકા** - પ્રતિમા જ્ઞાન, દર્શન, ચારિત્રથી રહિત હોવાથી અનારાધ્ય છે. માટે તેની આરાધના કેમ કરાય ?

**સમાધાન** - એમ તો શ્રીઋષભદેવ આદિનું નામ પણ વર્ણપંક્તિરૂપ કે ભાષાવર્ગણાના પુદ્ગલરૂપ હોવાથી જ્ઞાન-દર્શન-ચારિત્રથી રહિત છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર તો આત્માના પર્યાયરૂપ છે, માટે નામમાં જ્ઞાનાદિ સંભવિત નથી. તો જે કારણથી પ્રતિમાની આરાધાનો નિષેધ કરો છો, તે જ કારણથી નામની આરાધનાનો પણ નિષેધ થઈ જશે. તેથી શ્રી ઋષભદેવ આદિના નામોત્કીર્તિનમાં પણ સમાનરૂપે અનારાધ્યતાની આપત્તિ આવશે.

**પૂર્વપક્ષ** - ભલે આપત્તિ આવતી. અમે નામને પણ

नामोत्कीर्तनेऽपि साम्यमेव । न च नाम्नोऽप्यनाराध्यत्वमिति वाच्यम्, सिद्धान्ते-"तहारूवाणं अरहंताणं भगवंताणं नामगोत्त-सवणयाए महप्फलं, किमंग पुण अभिगमणवंदणणमंसण-पज्जुवासणाए ।" इतिभणनादनाराध्यत्वे नाम्नो महत्फलमिति नाकथयिष्यन्निति । अपि च ज्ञानादिरहितत्वेऽपि भवद्भिरपि गुरुपरिगृहीतकम्बलिकाद्युपकरणस्य पादघट्टने आशातनायाः



અનારાધ્ય માની લેશું. એટલે પ્રતિમા પણ અનારાધ્ય તરીકે જ સિદ્ધ થશે.

**ઉત્તરપક્ષ**- નામ જો અનારાધ્ય હોત, તો નામના શ્રવણથી મોટા ફળની પ્રાપ્તિ થાય છે, એવું આગમમાં ન કહ્યું હોત. આગમમાં કહ્યું છે કે - તેવા પ્રકારના અરિહંત ભગવંતોના નામગોત્રના શ્રવણથી પણ મોટું ફળ મળે છે, તો પછી અભિગમન, વંદન, નમસ્કાર અને પર્યુપાસનાની તો શું વાત કરવી ? (ભગવતીસૂત્ર શ. ૯, ઉ. ૩૩, ઔપપાતિક ૨૭) આ વચન પરથી નામની આરાધ્યતા સિદ્ધ થાય છે. માટે જેમાં જ્ઞાનાદિ ન હોય, તે આરાધ્ય નથી એવો નિયમ નથી. સ્વયં જ્ઞાનાદિ ન હોય, પણ જ્ઞાનાદિનું કારણ હોય, તે પણ આરાધ્ય છે. વળી જ્ઞાનાદિ રહિત એવા પણ ગુરુની કામળી વગેરે ઉપકરણને પગ લાગે, તો એમાં તમે 'આશાતના' માનો છો. જો તે ઉપકરણ આરાધ્ય ન હોય તો તેને પગ લાગવાથી 'આશાતના' ન ઘટી શકે. આરાધ્યનું અપમાન એ 'આશાતના'

स्वीक्रियमाणत्वात्, आराध्यस्यापमानने भवहेतुता चोच्यते । अपि च जङ्घाचारणविद्याचारणसाधुभिर्नन्दीश्वररुचकवरद्वीप-सुमेरुशिरोभूषणायमाननन्दनपण्डकवनादिस्थितश्रीजिनायतनेषु श्रीजिनप्रतिमानां वन्दनं भणितं श्रीजिनागमे । अनाराध्यत्वे च कथं ते तथा कुर्युः ? इति । न च वयं दृष्ट(ष्टि)रागिणः, सिद्धान्ते तथैव दृश्यमानत्वात् । न च स्थापनाया आराधनेऽ-भिलषितफलानवाप्तिरिति वाच्यम्, सुलसया नागगृहिण्या



રૂપ સંસારકારણ કહેવાય છે. માટે જ્ઞાનાદિરહિત વસ્તુ પણ આરાધ્ય છે, એવું તમે માન્યું હોવાથી પ્રતિમાની આરાધ્યતાનો તમે નિષેધ ન કરી શકો.

વળી જંઘાચારણ, વિદ્યાચારણ સાધુઓ નંદીશ્વર દ્વીપ, રુચકવર દ્વીપ, સુમેરુપર્વતના મસ્તકભૂષણ જેવા નંદનવન, પાંડકવન વગેરેમાં રહેલા શ્રી જિનાયતનોમાં શ્રી જિન-પ્રતિમાઓને વંદન કરે છે, એવું શ્રીજિનાગમમાં (ભગવતીસૂત્ર શ. ૨૦, ઉ. ૯, સૂ-૮૦૨) કહ્યું છે. જો જિનપ્રતિમાઓ અનારાધ્ય હોય તો તે સાધુઓ તેમને વંદન કેમ કરે ? અમે દૃષ્ટિરાગી નથી. કારણ કે સિદ્ધાંતમાં તે જ રૂપે અક્ષરો દેખાય છે.

**શંકા** - સ્થાપનાની આરાધનાથી અભિલષિત ફળની પ્રાપ્તિ નથી થતી. માટે તેની આરાધના શા માટે કરવી ?

**સમાધાન** - સ્થાપનાની આરાધનાથી ઈષ્ટ ફળ નથી

हरिणैगमेषिस्थापनायाः पूजाकरणात् षट्पुत्री प्राप्तेति श्रूयमाणत्वात् । अपि च यथा चित्रिता घटिता वा पाञ्चालिका सुरूपा सालङ्कारा दृष्टा सती रागवृद्धिं जनयति, अत एवोक्तम्- "चित्तभित्तिं न निज्झाए, नारिं वा सुअलंकियं । भक्खरंपि व दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥१॥" इति । तथा भगवन्मूर्तिर्नासाग्रन्यस्तदृष्टी रागद्वेषाङ्काकलुषिता निभालिता सती कथं न वैराग्यवृद्धिं जनयिष्यतीति, अत एव श्रीहरिभद्रसूरिभिरप्राप्तसम्यक्त्वैरपि प्राग् जिनप्रतिमामालोक्योक्तम्-"वपुरेव

संबोधोपनिषद्

મળતું, એવું નથી, કારણ કે નાગ શ્રાવકની પત્ની સુલસાએ હરિણૈગમેષી દેવની સ્થાપનાની પૂજા કરવા દ્વારા છ પુત્રો પ્રાપ્ત કર્યા હતા, એવું સંભળાય છે. વળી જેમ ચિત્રિત કે ઘડેલી પૂતળી હોય, તે સારા રૂપવાળી અને અલંકાર સહિત હોય, તો તેને જોવાથી રાગની વૃદ્ધિ થાય છે, માટે જ કહ્યું છે કે - ભીંત પર રહેલા ચિત્રને ન જોવું, અથવા તો સારી રીતે અલંકૃત એવી સ્ત્રીને ન જોવી. જો સહસા દેખાઈ જાય તો જાણે મધ્યાહ્નના સૂર્યને જોયો હોય, તેમ તરત જ દૃષ્ટિ પાછી ખેંચી લેવી. (દશવૈકાલિક ૮/૫૫, જીવાનુશાસન ૧૫૬, શીલોપદેશમાલા ૭૧) તે જ રીતે નાસિકાના અગ્ર ભાગ પર જેની દૃષ્ટિ છે એવી, રાગ-દ્વેષરૂપી કલંકથી અકલંકિત એવી ભગવાનની મૂર્તિનું દર્શન વૈરાગ્યની વૃદ્ધિ કેમ નહીં કરે ? માટે જ શ્રીહરિભદ્રસૂરિજીએ ગૃહસ્થાવસ્થામાં જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું ન હતું, ત્યારે પણ જિનપ્રતિમાને જોઈને કહ્યું હતું

तवाचष्टे, भगवन् ! वीतरागताम् । न हि कोटरसंस्थेऽग्नौ, तरुर्भवति शाद्वलः ॥१॥" इति । न चैकोनषष्टिसहस्राधिकलक्षं भगवच्छ्रावकाणामासीत्तत्समये, परं न केनाप्यर्हत्प्रतिमार्चा कृतेति वाच्यम् । पूर्वं त एव प्रष्टव्याः किं सर्वेषां तेषामभिधानानि भवन्तो जानन्ति ?, न च तेषां सर्वेषामप्यभिधानाभिधानं सिद्धान्तेऽपि श्रूयते । यच्च केषाञ्चिदानन्दकामदेवाम्बडादीनामभिधानानि श्रूयन्ते, तेषां च स्पष्टमेव-"अन्नउत्थिय-

**સંબોધોપનિષદ્**

કે- હે ભગવાન ! તારું શરીર જ તારી વીતરાગતાને જણાવી દે છે. બખોલમાં અગ્નિ હોય, તો વૃક્ષ લીલુંછમ ન હોઈ શકે. (સ્ત્રી-શસ્ત્ર વગેરેનો અભાવ અને પ્રશાંતમુદ્રા જ તારી વીતરાગતાનું પ્રમાણ છે.)

**પૂર્વપક્ષ** - તે સમયે પ્રભુ વીરના ૧ લાખ ૫૯ હજાર શ્રાવકો હતાં. પણ કોઈએ ભગવાનની પૂજા કરી ન હતી.

**ઉત્તરપક્ષ** - જે આવી દલીલ કરે છે, તેમને જ પહેલા તો એ પ્રશ્ન કરવો જોઈએ કે શું તમે એ બધાના નામોને જાણો છો ? શાસ્ત્રમાં તે બધાના નામો પણ કહ્યા નથી, તો તેમણે પૂજા કરી ન હતી, આવું તમે શી રીતે કહી શકો ? વળી આનંદ, કામદેવ, અંબડ વગેરે કેટલાક શ્રાવકોના નામ સંભળાય છે, તેમના દ્વારા દ્રવ્યસ્તવનું ઉપાદાન કરાયું હતું, તેના સૂચક પાઠો તે તે આગમમાં મળે જ છે.

परिग्गहियचेइयाणि" इत्यादिपाठे अन्यतीर्थिकपरिगृहीत-चैत्यवन्दनप्रतिषेधतायां स्वतीर्थिकपरिगृहीतचैत्यवन्दनादि भगवतोक्तमेवेति नाशङ्का काऽपि करणीया । अपरं

——— સંબોધોપનિષદ્ ———

'અન્યતીર્થિક પરિગૃહીત ચૈત્યો' (ઉપાસકદશા અ. ૧, ઔપપાતિકસૂત્રવૃત્તિ, આવશ્યકચૂર્ણિ) ઈત્યાદિ પાઠ છે. અહીં સંપૂર્ણ પાઠનો ભાવાર્થ એવો છે કે તે શ્રાવકોએ સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો, ત્યારથી તેમને મિથ્યાત્વી દેવોને વંદન વગેરે કરવું તો ન કલ્પે, પણ પરતીર્થકોએ જેનો કબ્જો કર્યો છે, તેવી જિનપ્રતિમા-જિનચૈત્યોને વંદનાદિ કરવું પણ ન કલ્પે. કારણ કે પરતીર્થિકો તે પ્રતિમાને વિષ્ણુ વગેરે રૂપે પૂજતા હોય. અને જો સમ્યક્ત્વી ત્યાં જાય, તો તેના આલંબનથી બીજા પણ ત્યાં જાય, તેઓ પ્રતિમાને વિષ્ણુ વગેરે રૂપે સમજીને વંદનાદિ કરે, આ રીતે તેમના મિથ્યાત્વની વૃદ્ધિ થાય. વંદનાર્થીઓની ભીડથી પણ પરતીર્થિકોનું જોર વધે, તેનાથી મિથ્યાત્વની વૃદ્ધિ થાય.

આ રીતે અહીં પરતીર્થિક વડે પરિગૃહીત એવા ચૈત્યને વંદન કરવાનો પ્રતિષેધ કર્યો, તેના દ્વારા જ ભગવાને સ્વતીર્થિક વડે પરિગૃહીત એવા ચૈત્યને વંદન વગેરે કરવું જોઈએ, એવું અર્થાપત્તિથી કહ્યું જ છે. માટે - 'ભગવાનના શ્રાવકોએ પ્રતિમાની આરાધના નથી કરી' - એવા પ્રકારની કોઈ આશંકા

श्री**आवश्यकनिर्युक्तौ** चतुर्दशपूर्वधारिभिः श्रीभद्रबाहुस्वामिभिरप्युक्तम्-"अकसिणपवत्तगाणं, विरयाविरयाण एस खलु जुत्तो। संसारपयणुकरणे, दव्वथवे कूवदिट्ठंतो ॥१॥" अकृत्स्नमपरिपूर्णं प्रवर्तयन्तीति संयममिति सामर्थ्याद्गम्यते, अकृत्स्नप्रवर्तकास्तेषां विरताविरतानामिति श्रावकाणामेष खलु युक्तः-एष द्रव्यस्तवः, खलुशब्दस्यावधारणार्थत्वाद् युक्त एव, किं भूतोऽयम् ? इत्यत आह-संसारप्रतनुकरणः-संसारक्षयकारक इत्यर्थः, द्रव्यस्तवः, आह-यः प्रकृत्यैवासुन्दरः स कथं

संबोधोपनिषद्

ન કરવી જોઈએ.

બીજું શ્રીઆવશ્યકનિર્યુક્તિમાં ચૌદપૂર્વધર એવા શ્રી ભદ્રબાહુસ્વામિએ પણ કહ્યું છે - જે અસંપૂર્ણ સંયમમાં પ્રવૃત્ત છે તેવા વિરતાવિરતોને આ ઉચિત છે. સંસારને અલ્પ કરનાર એવા દ્રવ્યસ્તવમાં કૂવાનું દૃષ્ટાન્ત છે. (આવશ્યકનિ૰ ભાષ્ય ૧૯૪)

વ્યાખ્યા - જેઓ સંયમની અસંપૂર્ણ પ્રવૃત્તિ કરે છે તેઓ =અસંપૂર્ણપ્રવર્તકો=વિરતાવિરતો=શ્રાવકો, તેમને આ= દ્રવ્યસ્તવ ઉચિત છે. અહીં **ખલુ** શબ્દ અવધારણ અર્થમાં હોવાથી 'ઉચિત જ છે' એવો અર્થ સમજવો. દ્રવ્યસ્તવ કેવો છે ? એ કહે છે- સંસારને અલ્પ કરનાર=સંસારનો ક્ષય કરનાર.

**શંકા** - જે સ્વભાવથી જ અસુંદર છે, તે શ્રાવકોને પણ કેમ ઉચિત હોઈ શકે ?

श्रावकाणामपि युक्तः ? इत्यत्र कूपदृष्टान्त इति । "जहा णवणगरादिसन्निवेसे केइ पभूतजलाभावतो तण्हादिपरिगता तदपनोदार्थं कूपं खणंति । तेसिं च जइवि तण्हादीया वड्ढंति मट्टिकाकद्दमादीहि य मलिणिज्जंति तहावि तदुब्भवेणं चेव पाणिएणं तेसिं ते तण्हादिया सो य मलो पुव्वगो य फिट्टति। सेसकालं च ते तदण्णे य लोगा सुहभागिणो हवंति । एवं दव्वत्थए जइवि असंजमो तहावि ततो चेव सा परिणामसुद्धी हवति । जातं असंजमोवज्जियं अण्णं च णिरवसेसं खवेति त्ति । तम्हा विरताविरतेहिं एस दव्वत्थवो कायव्वो, सुभाणुबंधी



**સમાધાન** - આ શંકાના નિરાકરણ માટે કૂવાનું દૃષ્ટાન્ત છે - જેમ નૂતન નગરાદિની રચનામાં કેટલાક ઘણા જળના અભાવથી તૃષ્ણાદિથી પરિગત હોવાથી, તેને દૂર કરવા માટે કૂવો ખોદે છે. ભલે તેમને તૃષ્ણા વગેરે વધે છે, માટી-કાદવ વગેરેથી તેઓ મલિન પણ થાય છે. તો પણ કૂવામાંથી જ ઉદ્ભૂત થયેલા પાણીથી તેમની તે તૃષ્ણા વગેરે (વગેરેથી થાક આદિ સમજવા) તથા કૂવો ખોદતી વખતે લાગેલો મેલ દૂર થાય છે. અને કૂવો ખોદાઈ જાય, તેની પછીના કાળે તેઓ અને અન્ય લોકો સુખી થાય છે. આ રીતે ભલે દ્રવ્યસ્તવમાં અસંયમ છે, તો પણ તેનાથી જ તે પરિણામશુદ્ધિ થાય છે. અસંયમથી ઉપાર્જિત પાપ અને અન્ય પણ સર્વ પાપનો ક્ષય

पभूततरणिज्जराफलो य त्ति कातूणं ।" इति गाथार्थः । तदेवं भावस्तवहेतुत्वाद् द्रव्यस्तवस्यापि मोक्षाङ्गत्वं बोधितम् । ननु यथा गृहिणां कूपोदाहरणात्स्नानादि युक्तम्, एवं यतेरपि तद्युक्तमेव । एवं च कथं स्नानादौ यतिर्नाधिकारीति पूर्वपक्षः, अत्रोच्यते-यतयो हि सर्वथा सावद्यव्यापारान्निवृत्तास्ततश्च कूपोदाहरणेनापि तत्र प्रवर्तमानानां तेषामवद्यमेव चित्ते स्फुरति न धर्मः, तत्र सदैव शुभध्यानादिभिः प्रवृत्तत्वात् । गृहस्थास्तु

संबोधोपनिषद्

કરે છે. માટે શ્રાવકોએ આ દ્રવ્યસ્તવ કરવો જોઈએ. કારણ કે દ્રવ્યસ્તવ શુભ અનુબંધવાળો છે અને પ્રભૂતતર નિર્જરારૂપી ફળ આપનારો છે, આ રીતે ગાથાર્થ છે.

આ રીતે દ્રવ્યસ્તવ પણ મોક્ષનું અંગ છે, કારણ કે તે ભાવસ્તવનું કારણ છે, એમ જણાવ્યું.

**શંકા** - જેમ કૂવાના ઉદાહરણથી ગૃહસ્થોને સ્નાનાદિ ઉચિત છે, તેમ યતિને પણ તે ઉચિત જ છે. તો પછી યતિ સ્નાનાદિમાં અધિકારી કેમ નથી ?

**સમાધાન** - યતિઓ સર્વથા સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત છે, માટે કૂવાના ઉદાહરણથી પણ સ્નાનાદિમાં પ્રવૃત્તિ કરતા એવા તેમને મનમાં પાપ જ સ્ફુરાયમાન થાય છે, ધર્મ નહીં, કારણ કે ધર્મમાં તો તેઓ હંમેશા શુભધ્યાન વગેરેથી પ્રવૃત્ત છે. ગૃહસ્થો તો સ્વભાવથી જ સતત સાવદ્યમાં પ્રવૃત્ત થયા છે.

सावद्ये स्वभावतः सततमेव प्रवृत्ताः, न पुनर्जिनार्चनादिद्वारेण स्वपरोपकारात्मके धर्मे, तेन तेषां तत्र प्रवर्तमानानां स एव चित्ते लगति, न पुनरवद्यमिति कर्तृपरिणामवशादधिकारेतरौ मन्तव्याविति स्नानादौ गृहस्थ एवाधिकारी न यतिरिति । आगमोऽप्येवं व्यवस्थितः, यदाह–"छज्जीवकायसंजमो दव्वत्थए सो विरुज्झए कसिणो । तो कसिणसंजमविऊ, पुप्फाईहिं न इच्छंति ॥१॥" इति ॥३६॥

—————— સંબોધોપનિષદ્ ——————

પણ જિનપૂજાદિ દ્વારા સ્વ-પર પર ઉપકાર કરનારા ધર્મમાં નહીં. માટે શ્રાવકો જિનપૂજા માટે સ્નાન કરે, તો તેમના મનમાં ધર્મ જ સ્ફુરાયમાન થાય છે, પાપ નહીં. માટે કર્તાના પરિણામને આશ્રયીને અધિકાર અને અનધિકાર સમજવા જોઈએ. માટે સ્નાનાદિમાં ગૃહસ્થ જ અધિકારી છે, યતિ નહીં. આગમ પણ આ જ રીતે વ્યવસ્થિત છે - જે સંપૂર્ણ સંયમ છે, તે દ્રવ્યસ્તવમાં વિરુદ્ધ થાય છે, માટે જેઓ સંપૂર્ણ-સંયમજ્ઞ છે, તેઓ પુષ્પાદિથી દ્રવ્ય-સ્તવને ઈચ્છતા નથી. ॥૧॥ (આવશ્યકનિર્યુક્તિ ભાષ્ય ૧૯૩)

[કૂવાના દૃષ્ટાંતના વિશદ જ્ઞાન માટે મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાકૃત કૂપદૃષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ તથા દેવધર્મપરીક્ષા ગ્રંથ વાંચવા યોગ્ય છે.] ॥૩૬॥

**પ્રશ્ન** - દ્રવ્યસ્તવથી ઉત્કૃષ્ટથી અચ્યુત દેવલોક સુધી જ

ननु द्रव्यस्तवभावस्तवयोः किमयं फले विशेषः ? इत्यत आह -

**मेरुस्स सरिस्सव य, जत्तियमित्तं तु अंतरं होइ ।**
**दव्वत्थयभाव[१]थयाण अंतरं तत्तियं नेयं ॥३७॥**

**व्याख्या** - 'मेरोः' सुवर्णाचलस्य लक्षयोजनप्रमाणस्य 'सर्षपस्य' कदम्बकस्य च 'यावन्मात्रं' यावत्प्रमाणं 'अन्तरं' विभेदो भवति, महत्त्वे मेरोः परा कोटिरणीयस्त्वे सर्षपस्येति

संबोधोपनिषद्

જઈ શકાય, જ્યારે ભાવસ્તવથી અંતર્મુહૂર્તમાં મોક્ષ પામી શકાય, એમ કહ્યું. તો દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના ફળમાં આટલો બધો ફરક કેમ ?

**ઉત્તર** - ગ્રંથકારશ્રી આ જ પ્રશ્નનો ઉત્તર આપે છે -

**મેરુનું અને સરસવનું જેટલું અંતર હોય તેટલું દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું અંતર જાણવું. ॥૩૭॥**

(દર્શનશુદ્ધિ પ્રકરણ ૮૧)

**મેરુનું** = એક લાખ યોજન પ્રમાણ એવા સુવર્ણાચલનું તથા **સર્ષપનું** = સરસવના દાણાનું, **જેટલું અંતર**=ભેદ **છે,** મોટાપણામાં મેરુની પરમ કોટિ = પરાકાષ્ઠા છે અને નાનાપણામાં સરસવની પરાકાષ્ઠા છે. **તેટલા પ્રમાણનું અંતર**

---

१. क. ख. छ - भावत्थय ।

भावः । तावत्प्रमाणमन्तरं द्रव्यस्तवभावस्तवयोर्ज्ञेयम् । भावस्तवे हि षड्जीवनिकायवधासम्भवान्मेरुसमानत्वम्, कालादिसामग्रयां समग्रायां तद्भव एव तदाराधकाः सिद्धिसौधमधिरोहन्तीति । द्रव्यस्तवे च षड्जीवनिकायवधाविनाभूतत्वात्सर्षपसमत्वम्, तदाराधकाश्चाच्युतकल्पमेव यावदुत्कर्षतो यान्ति न परत इति ॥३७॥

अथ द्रव्यस्तवभावस्तवौ समुदितौ गच्छवासिन एव बहु मन्यन्ते, न स्वमतिकल्पनोपजीविनः, इति गच्छस्वरूपं प्रचिकटयिषुः प्राग् गाथाद्वयनासतस्तस्य परिहार्यत्वं दर्शयति–

संबोधोपनिषद्

**દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું જાણવું.**

ભાવસ્તવમાં ષડ્જીવનિકાયનો વધ સંભવિત ન હોવાથી તે મેરુ સમાન છે. સમગ્ર કાલાદિ સામગ્રી હોય, તો તે જ ભવમાં તેના આરાધકો સિદ્ધિરૂપી મહેલમાં અધિરૂઢ થાય છે = મોક્ષ પામે છે. દ્રવ્યસ્તવ ષડ્જીવનિકાયના વધ વિના ન સંભવતો હોવાથી તે સરસવ સમાન છે. અને તેના આરાધકો ઉત્કૃષ્ટથી અચ્યુત દેવલોક સુધી જ જાય છે, તેનાથી આગળ નહીં. ॥૩૭॥

જેઓ ગુરુકુલરૂપી ગચ્છમાં રહે છે, તેઓ જ દ્રવ્યસ્તવ - ભાવસ્તવ બંનેને માને છે, પોતાની મતિરૂપી કલ્પનાનું ઉપજીવન કરનારા નહીં. માટે હવે ગચ્છના સ્વરૂપને પ્રગટ

**जत्थ य मुणिणो कयविक्कयाइ कुव्वंति निच्चमुब्भट्ठा[१] ।**
**तं गच्छं गुणसायर !, विसं व दूरं परिहरिज्जा ॥३८॥**

**व्याख्या** - 'यत्र' गच्छे साधुसमुदायरूपे 'नित्यं' सदा 'उद्भ्रष्टाः' अतिशयेन साध्वाचारात्पतिताः सन्तः 'मुनयः' नाम्नैव यतयः क्रयविक्रयादि कुर्वन्ति । तत्र क्रयो मूल्येनान्यस्माद्वस्तुग्रहणम्, विक्रयो मूल्येनान्यस्य स्ववस्तुदानम् । मुनीनां हि क्रयविक्रयावकरणीयौ, यदुक्तं श्री**उत्तराध्ययन**सिद्धान्ते-

संबोधोपनिषद्

કરવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી પહેલા બે ગાથાઓથી અસત્ ગચ્છ પરિહાર કરવા યોગ્ય છે, એ દર્શાવે છે -

**હે ગુણસાગર ! જ્યાં અત્યંત ભ્રષ્ટ મુનિઓ ખરીદી-વેચાણ વગેરે કરે છે, તે ગચ્છનો વિષની જેમ દૂરથી પરિહાર કરવો જોઈએ. ॥૩૮॥** (સંબોધ પ્રકરણ ૩૮૦)

**જ્યાં** = જે સાધુ સમુદાયરૂપ ગચ્છમાં, **નિત્ય** = સદા, **ઉદ્ભ્રષ્ટ** = અતિશયથી સાધુના આચારથી પતિત એવા **મુનિઓ** = નામથી જ સાધુઓ **ખરીદ-વેચાણ કરે છે.** તેમાં **ખરીદી** = મૂલ્ય દ્વારા બીજા પાસેથી વસ્તુ લેવી. **વેચાણ** = મૂલ્યથી બીજાને પોતાની વસ્તુ આપવી. મુનિએ ખરીદ-વેચાણ ન કરાય, કારણ કે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે, જે

१. ख. च - निच्चपभट्ठा ।

"किणंतो कइओ होइ, विक्कणंतो य वाणिओ । कयविक्कयंमि वटंतो, भिक्खू न हवइ तारिसो ॥१॥ भिक्खियव्वं न केयव्वं, भिक्खुणा भिक्खवित्तिणा । कयविक्कओ महादोसो, भिक्खावित्ती सुहावहा ॥२॥" क्रीणन् क्रयिकस्तथाविधेतरलोकसदृश एव । विक्रीणंश्च वणिग् वाणिज्यप्रवृत्तत्वादिति भावः । क्रयविक्रये वर्तमानो न तादृशो गम्यत्वाद्यादृशः समयेऽभिहितः । भिक्षितव्यं याचितव्यम्, तथाविधवस्त्विति

संबोधोपनिषद्

ખરીદી કરે તે ગ્રાહક થાય અને જે વેચાણ કરે તે વેપારી થાય. ખરીદી=વેચાણ કરતો સાધુ શાસ્ત્રોક્ત સાધુ જેવો નથી થતો = ગ્રાહક તથા વેપારી બની જાય છે. (ઉપલભ્યમાન ઉત્તરાધ્યયન સૂત્રમાં 'ન' નથી. તેથી भिक्खू हवइ तारिसो = તે સાધુ ગ્રાહક અને વેપારી જેવો થાય છે.) ॥૧॥ ભિક્ષાવર્તી એવા ભિક્ષુએ ભિક્ષા માંગવી જોઈએ, ખરીદી ન કરવી જોઈએ, ક્રય-વિક્રય મહાદોષભૂત છે, ભિક્ષાવૃત્તિ સુખકારક છે. ॥૨॥ (ઉત્તરાધ્યયન ૧૩૪૮/૧૩૪૯)

વ્યાખ્યા - ખરીદી કરનાર ગ્રાહક = તથાવિધ અન્ય જન જેવો જ છે, વેચાણ કરતો વેપારી છે = કારણ કે તે વેપારમાં પ્રવૃત્ત છે. ખરીદ-વેચાણ કરતો સાધુ તેવા સ્વરૂપનો નથી, કે જેવું સાધુનું સ્વરૂપ શાસ્ત્રમાં કહ્યું છે. ભિક્ષા માંગવી = તથાવિધ વસ્તુની યાચના કરવી, ખરીદી ન જ કરવી. આદિથી

गम्यम्, नैव क्रेतव्यमिति, आदिग्रहणात् पचनपाचनादिसङ्ग्रहः। 'हे गुणसागर !' क्षान्त्यादिगुणसमुद्र ! गुणवत एव शिष्यस्योपदेशार्हत्वात् । तं गच्छं मोक्षार्थी साधुः श्राद्धो वा 'विषं' कालकूटमिव 'दूरम्' इति दूरतः 'परिहरेत्' परित्यजेत्। यथा विषं भक्षणात्प्राणान् परित्याजयत्यतो दूरतस्त्यज्यते, तथाऽयं भ्रष्टाचारसाधुसमुदायरूपो गच्छोऽपि संयमजीवितव्यपरोपणात्परिहार्य एव । असत्सङ्गतिश्च दोषानेव जनयतीत्यतस्तत्परिहार एव श्रेयानिति ॥३८॥

**जत्थ य अज्जालद्धं, पडिगहमाईय विविहमुवगरणं ।**



રાંધવું - રંધાવવું વગેરે સમજવું. હે **ગુણસાગર !** - હે ક્ષમા વગેરે ગુણોથી રત્નાકર સમાન ! આવું સંબોધન એટલા માટે કર્યું છે કે, ગુણવાન શિષ્ય જ ઉપદેશયોગ્ય છે. તે **ગચ્છનો** મોક્ષાર્થી સાધુ કે શ્રાવક **વિષની જેમ દૂરથી પરિત્યાગ કરે.**

જેમ વિષ ખાવાથી તે પ્રાણોનો પરિત્યાગ કરાવે છે, માટે તેનો દૂરથી ત્યાગ કરાય છે, તેમ ભ્રષ્ટાચાર સાધુ-સમુદાયરૂપ ગચ્છ પણ સંયમજીવિતનું વ્યપરોપણ કરતો હોવાથી ત્યાગ કરવા યોગ્ય જ છે. કુસંગ દોષોને જ જન્મ આપે છે, માટે તેનો પરિહાર જ શ્રેયસ્કર છે. ॥૩૮॥

**હે ગૌતમ ! જ્યાં સાધ્વીએ મેળવેલ પાત્રા વગેરે ઉપકરણ સાધુઓ વડે વપરાય છે, તે કેવો ગચ્છ છે ? ॥૩૯॥**

**परिभुज्जइ साहूहिं, तं गोयम ! केरिसं गच्छं ॥३९॥**[1]

**व्याख्या** - 'यत्र च' गच्छे 'साधुभिः' लिङ्गमात्रोपजीविभिर्मुनिभिः 'आर्यालब्धं' साध्व्यानीतं 'प्रतिग्रहादिकं' मकारोऽलाक्षणिकः, प्राकृतत्वाद्विभक्तिलोपः, पात्रादिकं 'विविधं' नानाप्रकारं 'उपकरणं' धर्मसाधनं 'परिभुज्यते' सेव्यते, कारणमन्तरेणेति गम्यम् । साधुभिः साध्वीभ्यो दीयते, न तु साध्व्यानीतं साधुभिः स्वीक्रियते, तथाकुर्वन्तश्च पार्श्वस्था भवन्ति,



(ગચ્છાચારપયન્ના ૯૧, સંબોધ પ્ર.૪૨૪)

**અને જ્યાં**-જે ગચ્છમાં, **સાધુઓ વડે** = સાધુવેષ-રજોહરણ માત્રથી જીવનનિર્વાહ કરતા મુનિઓ વડે, **આર્યાલબ્ધ** = સાધ્વી વડે મેળવીને લવાયેલું, **પાત્રા વગેરે અનેક પ્રકારનું ઉપકરણ**=ધર્મસાધન, કારણ વિના **વપરાય છે.** અહીં 'મ'કાર અલાક્ષણિક છે, પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે.

સાધુઓએ સાધ્વીઓને આપવું જોઈએ, પણ સાધ્વીઓએ લાવેલું સાધુઓએ ન લેવાય. કારણ કે સાધ્વીઓનું લાવેલું

---

१. घ.-प्रतौ-इत्यधिकम्- जह नत्थि सारणा वारणा च, पडिचोयणा य गच्छंमि ।
सो य अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो ॥
(पुष्पमाला-३४०)
गच्छंतो उवेहंता, कुव्वइ दिहं भवं विहिएउ ।
पालंतो पुण सिज्झइ, तइअभवे भगवई सिद्धं ॥
(पुष्पमाला-३४२)

यदुक्तम्-"कज्जेण विणा उग्गहमणुजाणावेइ दिवसओ सुवइ। अज्जियलाभं भुंजइ, इत्थिनिसज्जासु अभिरमइ ॥१॥" कार्येण विना निष्प्रयोजनमवग्रहं देवेन्द्रादीनामनुपज्ञापयति, दिवसतो दिने स्वपिति शेते, आर्यिकालाभं भुङ्क्ते, स्त्रीनिषद्यासु तदुत्थानानन्तरमभिरमत इति, प्राकृतत्वात् षण्ढत्वम् । स गौतम ! कीदृशो गच्छः ? इति श्रीवर्धमानस्वामिना गौतममभिमुखीकृत्योक्तम्, एतावतेदृशो गच्छः परिहरणीय इति बोधितम् ॥३९॥

संબોધોપનિષદ્

લેનારા સાધુઓ પાર્શ્વસ્થ થાય છે. કારણ કે કહ્યું છે કે - કાર્ય વિના અવગ્રહની અનુજ્ઞા લે, દિવસે સૂવે, સાધ્વીઓનું લાવેલું વાપરે, સ્ત્રીના આસન પર બેસે. ॥૧॥ (ઉપદેશમાલા ૩૬૬)

વ્યાખ્યા - પાર્શ્વસ્થાદિના લક્ષણમાં કહ્યું છે કે તે પ્રયોજન વિના દેવેન્દ્ર, ચક્રવર્તી વગેરેના અવગ્રહની અનુજ્ઞા લે છે, દિવસે સૂવે છે, સાધ્વીજીનું લાવેલું વાપરે છે. અને સ્ત્રીઓના ઉભા થયા પછી તેમના આસનો પર બેસે છે.

હે ગૌતમ ! તે કેવો ગચ્છ છે ? આ રીતે શ્રી વર્ધમાનસ્વામિએ શ્રી ગૌતમસ્વામિને અભિમુખ કરીને કહ્યું છે. આમ કહેવા દ્વારા આવો ગચ્છ ત્યાગ કરવા યોગ્ય છે, એમ જણાવ્યું. ગચ્છ એ પુલિંગ શબ્દ છે, પણ પ્રાકૃત હોવાથી તેનો નપુંસકલિંગમાં નિર્દેશ કર્યો છે. કારણ કે પ્રાકૃતમાં લિંગ વ્યભિચારી પણ હોય છે. ॥૩૯॥

**जत्थ हिरण्ण सुवण्णं, हत्थेण[१] पराणगंपि नो छिप्पइ ।**
**कारणसमल्लियंपि हु, गोयम ! गच्छं तयं[२] भणियं ॥४०॥**

**व्याख्या** - 'यत्र' गच्छे 'हिरण्यं' प्राकृतत्वाद्विभक्तिलोपः, घटितं हेम, 'सुवर्णं' अघटितम् । यद्वा हिरण्यं रूप्यं सुवर्णं च सामान्येन हिरण्यं समाहारद्वन्द्वे वा हिरण्यसुवर्णम्, साधुभिरित्यध्याहार्य व्याख्येयम् । 'हस्तेन' स्वकरणे 'पराणगंपि' परकीयमपि, स्वीयहिरण्यादेर्दीक्षासमय एव परित्यक्तत्वात् ।

संબोधोपनिषद्

**હે ગૌતમ ! જ્યાં કારણથી હાથવગા થયેલ બીજાના પણ હિરણ્ય કે સુવર્ણને સ્પર્શ કરાતો નથી, તેને ગચ્છ કહ્યો છે. ॥૪૦॥** (સંબોધ પ્રકરણ ૩૮૭, ગચ્છાચાર પયન્ના ૯૦)

**જ્યાં** - જે ગચ્છમાં, હિરણ્ય-અહીં પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે. **હિરણ્ય** = ઘડેલું સોનું. **સુવર્ણ** = ઘડ્યા વગરનું સોનું, અથવા તો **હિરણ્ય** = રૂપુ, **સુવર્ણ** = સામાન્યથી સોનું. અથવા તો સમાહાર દ્વંદ્વ સમાસમાં હિરણ્ય-સુવર્ણ. સાધુઓએ એમ અધ્યાહાર કરીને વ્યાખ્યા કરવી. **હસ્તથી**=પોતાના હાથથી, **પરકીય પણ** = બીજાનું પણ, કારણ કે પોતાનું હિરણ્ય વગેરે તો દીક્ષા સમયે જ છોડી દીધું છે.

અથવા તો પોતે જે વ્રત કરે છે, તેનો વિરોધી એવો

१. घ. च - पुरा० । छ - रागयंपि । २. ख - भणिउं । घ. च - भणिमो ।

प्रस्तुतव्रतविरोधी वार्थः, यदुक्तम्-"दोससयमूलजालं, पुव्वरिसि-विवज्जियं जईवंतं । अत्थं वहसि अणत्थं, कीस अणत्थं तवं चरंसि ॥१॥ पुनरप्युक्तम्-"आरंभे नत्थि दया, महिलासंगेण नासए बंभं । संकाए संमत्तं, पव्वज्जा अत्थगहणेणं ॥१॥" इति । 'हुः' अवधारणे, स चाग्रे योक्ष्यते । 'कारणसमल्लियंपि' कारणेन केनचिन्निमित्तेन 'समल्लियं' समालीनं आश्लिष्टमपि

——— સંબોધોપનિષદ્ ———

'અર્થ', તે અહીં હિરણ્ય-સુવર્ણ પદથી સમજવાનો છે. જે કહ્યું છે - સેંકડો દોષોના કારણ-સમૂહ સમાન, પૂર્વ ઋષિઓ દ્વારા વિવર્જિત, યતિઓ દ્વારા વમન કરાયેલ, [અથવા-જો (તે દીક્ષા સમયે સ્વયં) વમન = ત્યાગ કરેલ], એવા અનર્થસ્વરૂપ અર્થને = ધન-અલંકાર આદિને તું ધારણ કરે છે, તો પછી નિરર્થક તપ શા માટે કરે છે ? અર્થાત્ તારો સપરિગ્રહ તપ સફળ થવાનો નથી, માટે પહેલા પરિગ્રહનો ત્યાગ કર. (ઉપદેશમાલા ૫૧)

વળી કહ્યું પણ છે - આરંભમાં દયા નથી. મહિલાના સંગથી બ્રહ્મચર્ય નષ્ટ થાય છે. શંકાથી સમ્યક્ત્વ જાય છે અને અર્થગ્રહણથી પ્રવ્રજ્યા નિષ્ફળ થાય છે. (રત્નસંચય ૧૦૬, ગાથા સહસ્રી ૨૬૭)

હુ = અવધારણ અર્થમાં છે. તેને આગળ યોજવામાં આવશે. **કારણથી** = કોઈ નિમિત્તથી **સમાલીન** = આશ્લિષ્ટ **પણ** = હાથવગુ થયેલ પણ, **ન સ્પર્શાય** = રાગબુદ્ધિથી ન

करप्राप्तमपीत्यर्थः, 'नो छिप्पइ' नैव स्पृश्यते रागबुद्ध्या, तत्स्पर्शो न क्रियत इत्यर्थः । हे गौतम ! स गच्छः 'भणितः' कथितः सर्वैरप्यर्हद्भिरिति गम्यम् । 'स्पृशच्छिप्पः' इति स्पृशतेः कर्मभावे छिप्पादेशो वा भवति । 'आलीङोऽल्ली' इति आलीयतेः 'अल्ली' इत्यादेशे समल्लियमिति स्यात् ॥४०॥

अथ गच्छे सशीला एव साधवो वन्दनीया इति शील फलमाह -

**जो देइ कणयकोडिं, अहवा कारेइ कणयजिणभवणं ।**
**तस्स न[1] तत्तिय पुण्णं, जत्तिय बंभव्वए धरिए ॥४१॥**

संबोधोपनिषद्

જ અડકાય = તેનો સ્પર્શ ન કરાય. હે **ગૌતમ** ! સર્વ અરિહંતોએ **તેને ગચ્છ કહ્યો છે.** 'સ્પૃશચ્છિપ્પઃ' (પ્રાકૃત વ્યા૦ ૪/૨૫૭) આ અનુશાસનથી 'સ્પૃશતિ' ધાતુનો કર્મભાવમાં વિકલ્પે 'છિપ્પ' એવો આદેશ થાય છે. 'आलीङोऽल्ली' (પ્રા૦વ્યા૦ ૪/૫૪) આ સૂત્રથી 'आलीयति' ધાતુનો 'अल्ली' એવો આદેશ થતા 'समल्लियं' એવું રૂપ થાય. ॥૪૦॥

ગચ્છમાં શીલસહિત સાધુઓ જ વંદનીય છે, માટે શીલનું ફળ કહે છે -

**જે કોટિપ્રમાણ કનક આપે અથવા તો સોનાનું જિનાલય**

१. ख - 'न' न दृश्यते ।

**व्याख्या** - 'यः' दानशौण्डो याचकेभ्यः 'कनककोटिं' सुवर्णकोटिं' ददाति' प्रयच्छति, 'अथवा' इति पक्षान्तरे यः कश्चित् 'कनकजिनभवनं' सौवर्णजिनालयं 'कारयति' विधापयति, 'तस्य' कनककोटिदातुः कनकजिनचैत्यविधापकस्य वा, प्राकृतत्वाद्विभक्तिलोपे 'तत्तियं' तावत् न 'पुण्यं' धर्मः यावत् 'ब्रह्मव्रते' शीलव्रते धृते सति पुण्यम्, सर्वधर्मेभ्योऽपि शीलव्रतस्य दुरनुचरत्वात्, यदुक्तम्-"दाणतवभावणाइं, धम्माइं तो सुदुक्करं सीलं । इय जाणिय भो भव्वा !, अइजत्तं कुणह

——————— સંબોધોપનિષદ્ ———————

**કરાવે, તેને તેટલું પુણ્ય નથી થતું, કે જેટલું બ્રહ્મવ્રત ધારણ કરવાથી થાય છે. ॥૪૧॥** (સંબોધ પ્રકરણ ૫૭૫)

જે = દાનવીર, યાચકોને **કનકકોટિ** = સુવર્ણકોટિ **આપે છે, અથવા** અન્યપક્ષના અર્થમાં છે, જે **સોનાનું જિનાલય કરાવે, તેને** = સુવર્ણકોટિ આપનારને અથવા તો સુવર્ણનું જિનાલય કરાવનારને. પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે, માટે ગાથામાં 'તત્તિય' એવો પ્રયોગ થયો છે. **તેટલું** = તેટલા પ્રમાણનું, **પુણ્ય** = ધર્મ, **નથી થતું, જેટલું** પુણ્ય **બ્રહ્મવ્રત** = શીલવ્રતને **ધારણ કરવાથી** થાય છે. કારણ કે સર્વ ધર્મો કરતાં પણ શીલવ્રત દુરનુચર છે. જે કહ્યું છે કે - દાન, તપ, ભાવના વગેરે ધર્મો છે, તેનાથી શીલ સુદુષ્કર છે. હે ભવ્યો ! આ જાણીને તમે તેમાં જ અતિયત્ન કરો. ॥૧॥ (શીલોપદેશમાલા ૧૦)

तत्थेव ॥१॥ वुब्भंति नाम भारा, ते च्चिय वुब्भंति वीसमंतेहिं । सीलभरो वोढव्वो, जावज्जीवं अवीसामो ॥२॥" ॥४१॥

तदेवाह-

**सीलं कुलआहरणं, सीलं रूवं च [1]उत्तमं [2]लोए । सीलं चिय [3]पंडिच्चं, सीलं चिय निरुवमं [4]धम्मं ॥४२॥**

**व्याख्या** - 'शीलं' ब्रह्मव्रतं कुलस्याभरणं भूषणम् । 'च' पुनः शीलं उत्तमं रूपं लोके । यथा रूपमाह्लादकृत्

संबोधोपनिषद्

મોટા મોટા ભારો વહન કરી શકાય છે. કારણ કે એમાં વિસામાવડે વહન થઈ જ શકે છે. શીલભાર યાવજ્જીવ અવિશ્રામપણે વહન કરવો જોઈએ. ॥૨॥ (પવ્વજ્જાવિહાણ કુલક ૨૧) ॥૪૧॥

તે જ કહે છે-

**શીલ એ કુળનું આભરણ છે. શીલ લોકમાં ઉત્તમ રૂપ છે. શીલ જ પાંડિત્ય છે. અને શીલ જ નિરુપમ ધર્મ છે. ॥૪૨॥** (સંબોધ પ્રકરણ ૫૭૬)

**શીલ** = બ્રહ્મવ્રત **કુળનું આભરણ** = ભૂષણ છે. વળી **શીલ લોકમાં ઉત્તમ રૂપ** છે. જેમ રૂપ આહ્લાદ કરનારું છે, તેમ શીલ પણ સર્વ લોકોને આહ્લાદ કરનારું છે. અથવા

१. छ - उत्तमा । २. क. ख. घ. च - होइ । छ - खांति । ३. क. - सोहगं । ४. ग - जीयं ।

तथा शीलमपि सकलजनाह्लादकृत् । यद्वा शीलवत एव रूपं श्लाघ्यत इत्यर्थः, शीलविकलानां किं रूपेणेति । तथा शीलमेव 'पाण्डित्यं' वैदग्ध्यं दुःशीलानां हि किं पाण्डित्यम् । यदुक्तम्- "जाणंति धम्मतत्तं, कहंति भावंति भावणाओ य । भवकायरावि सीलं, धरिउं पालंति नो पवरा ॥१॥" तथा शीलमेव 'निरुपमं' असदृशं 'धर्मं' पुण्योपायः, यदुक्तम्-"तं दाणं सो य तवो, सो भावो तं वयं खलु पमाणं । जत्थ धरिज्जइ सीलं, अंतररिउहिययनवकीलं ॥१॥" धर्मशब्दस्य मान्तत्वात्पुंस्त्वम् ।



તો શીલવાનનું જ રૂપ પ્રશંસાપાત્ર થાય છે, જેઓ શીલરહિત છે, તેમના રૂપથી શું ? તથા **શીલ જ પાંડિત્ય** છે = નિપુણતા છે. દુઃશીલોનું તો શું પાંડિત્ય હોય ? કારણ કે કહ્યું છે કે - ધર્મતત્ત્વને જાણે છે, તેની પ્રરૂપણા કરે છે, ભાવનાઓ ભાવે છે. ભવથી કાયર જીવો પણ શીલ ધારણ કરવા છતાં પાલતા નથી. અર્થાત્ સિંહની જેમ શીલ સ્વીકારીને પણ શિયાળની જેમ સત્ત્વથી ચલિત થાય છે. માટે તત્ત્વના જ્ઞાતાને પણ શીલપાલન દુષ્કર છે ।।૧।। (શીલોપદેશમાલા ૯) તથા **શીલ જ નિરુપમ** = અસદશ **ધર્મ** = પુણ્યોપાય છે. કારણ કે કહ્યું છે કે - તે દાન, તે તપ, તે ભાવ અને તે વ્રત પ્રમાણ છે કે જ્યાં આંતરશત્રુઓના હૃદયને વીંધનાર નૂતન કીલક સમાન શીલને ધારણ કરવામાં આવે છે. (શીલોપદેશમાલા ૧૧) ધર્મશબ્દ 'માન્ત' હોવાથી પુંલિંગ છે. ઉણાદિપ્રકરણમાં

पुण्योपाये दानयागादौ तु धर्मशब्दो नपुंसकः ॥४२॥

शीलवता कुमित्रसङ्गः परिहरणीयः, इति कुमित्रसङ्गं गाथात्रयेण परिहारयन्नाह-

**वरं वाही वरं मच्चू, वरं दालिद्दसंगमो ।**
**वरं अरण्णवासो य, मा कुमित्ताण संगमो ॥४३॥**

**व्याख्या** - 'व्याधिः' शरीरमन्दता वरम्, वरमिति मनागिष्टेऽव्ययम् । तथा वरं 'मृत्युः' मरणम् । तथा

संबोधोपनिषद्

'अर्तीरि...(२-८८)થી સિદ્ધ થયેલો धर्मः અકારાન્ત છે. જ્યારે 'મન્ (ઉણાદિ ૪-૧૬૦) થી પુણ્યના ઉપાયભૂત એવા દાન-પૂજા વગરેમાં ધર્મશબ્દ (धर्मन्) નપુંસકલિંગ છે. ॥૪૨॥

શીલવાન જીવે કુમિત્રનો સંગ છોડવો જોઈએ, માટે ત્રણ ગાથાથી કુમિત્રના સંગનો પરિહાર કરાવતા કહે છે -

**વ્યાધિ સારો, મૃત્યુ સારુ, દરિત્રતાનો સંગમ સારો, અને વનવાસ પણ સારો, પણ કુમિત્રનો સંગમ સારો નથી. ॥૪૩॥**

**(શ્રાદ્ધદિનકૃત્ય ૧૬૬, સંબોધ પ્રકરણ ૪૩૬)**

**વ્યાધિ** = શરીરમાં આવેલો રોગ, **'વરં'** આ 'થોડું ઈષ્ટ' આ અર્થમાં અવ્યય છે. તથા **મૃત્યુ** = મરણ પણ **થોડું ઈષ્ટં** છે. તથા **દારિદ્ર્યનો સંગમ** = નિર્ધનતાનો યોગ **સારો** છે,

'दारिद्र्यसङ्गमः' अकिञ्चनत्वयोगो वरम् । तथा 'अरण्यवासः' वनेचरत्वं वरम् । मा 'कुमित्राणां' दुस्सहायानां सङ्गमोऽस्तु, यदुक्तम्-"विसं हालाहलं भुत्तं, जह पाणे विणासए । एवं कुमित्तसंजोगो, दुक्खहेऊ न संसओ ॥१॥ इक्कंमि चेव जम्मंमि, मारयंति विसाणि य । कुमित्ताणं तु संजोगो, जम्मे जम्मे दुहावहो ॥२॥" "कुमित्तसंगमाओ य, लहंती पाणिणो दुहं । सुमित्ताओ परं सुक्खं, इत्थ नायं दिवायरो ॥३॥" अत्र दिवाकरकथेयम् । तथाहि-

इह भरतेऽवन्तिदेशे सुविद्यापुर्यां जयराजस्य चतुर्भुजपुरोहित-

संबोधोपनिषद्

તથા **અરણ્યવાસ** = ભીલપણું **સારું** છે. પણ **કુમિત્રનો** = દુષ્ટસાથીઓનો **સંગમ** સારો **નથી.** જે કહ્યું છે - જેમ હળાહળ ઝેર પીવાથી પ્રાણોનો વિનાશ થાય છે, તેમ કુમિત્રોનો યોગ દુઃખનું કારણ છે, તેમાં કોઈ સંશય નથી. ॥૧॥ ઝેરના વિવિધ પ્રકારો તો એક જ ભવમાં મારે છે, પણ કુમિત્રોનો સંયોગ તો જનમો જનમ દુઃખદાયક થાય છે. ॥૨॥ કુમિત્રોના સંગમથી પ્રાણીઓ દુઃખ પામે છે અને સુમિત્રથી પરમ સુખ પામે છે. આ વિષયમાં દિવાકર ઉદાહરણ છે. ॥૩॥ **(श्राद्धदिनकृत्य १६७-१६८-१६९)** અહીં દિવાકર કથા આ પ્રમાણે છે -

અહીં ભરતક્ષેત્રમાં અવન્તિદેશમાં સુવિદ્યાનગરીમાં જય

सुतो दिवाकरोऽभूत्, परमत्यन्तव्यसनी । सुतोऽपि गुणवान् युक्तः, यतः-"वरं गर्भश्रावो वरमृतुषु नैवाभिगमनं, वरं जातः प्रेतो वरमपि च कन्यैव जनिता । वरं वन्ध्या भार्या वरमगृहवासे प्रयतितं, न चाविद्वान् रूपद्रविणबलयुक्तोऽपि तनयः ॥१॥" ततो म्रियमाणेन पित्रा 'वत्स ! सुसङ्गं न तु कुसङ्गं क्रियाः' इत्युक्तः । यतः-"जो जारिसेण मित्तिं, करेइ अचिरेण तारिसो होइ । कुसुमेहि सह वसंता, तिलावि तग्गंधिया हुंति ॥१॥"

संબોધોપનિષદ્

નામના રાજા હતાં. તેને ચતુર્ભુજ નામનો પુરોહિત હતો. તેનો દીકરો દિવાકર હતો. પણ તે અત્યંત વ્યસની હતો. દીકરો ય ગુણવાન જ ઉચિત છે. કારણ કે કહ્યું છે કે - ગર્ભ ગળી જાય એ હજી કદાચ સારું, ઋતુકાળમાં અભિગમન ન જ કરવું એ સારું, પુત્ર જન્મીને મરી જાય એ હજી કદાચ સારું, અરે, કન્યાનો જ જન્મ થાય એ પણ કદાચ સારું, પત્ની વંધ્યા હોય એ કદાચ સારું, ઘર-સંસાર માંડવો જ નહીં એ ય સારું, પણ પુત્ર રૂપ-ધન-બળથી યુક્ત હોવા છતાં પણ વિદ્વાન્ ન હોય, તે સારું નથી. ॥૧॥

પછી મરતી વખતે પિતાએ કહ્યું કે "હે પુત્ર ! તું સત્સંગ કરજે, કુસંગ નહીં કરતો." કારણ કે કહ્યું છે કે જે જેવા સાથે મૈત્રી કરે તે શીઘ્રતાથી તેના જેવો થાય છે. પુષ્પો સાથે રહેતા તલો પણ તેના જેવી ગંધવાળા થાય છે. (પંચાશક ૭૩૧, સંબોધ પ્રકરણ ૪૩૯)

तेन तथा प्रतिपन्नम् । कियद्भिर्दिनैः स पुरोहितपदाच्च्युतः सन् कस्मिन्नपि ग्रामे जरठक्कुरसेवां कृतवान् । तद्भृत्यपिङ्गलेन सह मैत्रीं करोति । तथा तद्धटदास्या मित्रसेनया च सह स्नेहं बध्नाति । अन्यदा जरठक्कुरेण जयपुरेशविचारधवलसेवां विधायास्मद्वृत्तिं कमपि विधेहि इत्युक्तो दिवाकरस्तत्र जगाम। ततः स स्ववचनरचनया राजप्रमुखजनान् रञ्जयति । अन्यदा राज्ञा "समानशीलव्यसनेषु सख्यम्" इति तुर्यवृत्तपादं विधाय भणितम्, एतां समस्यां यः पूरयति तस्य वरं ददामि, इति



પુત્રે તે વાત સ્વીકારી લીધી. કેટલાક દિવસો પછી તે પુરોહિત પદથી ભ્રષ્ટ થયો અને તેણે કોઈ ગામના જુના ઠાકુરની સેવા કરી. ત્યાં તે તેના નોકર પિંગલ સાથે મૈત્રી કરે છે. અને તેની ઘટ(૨)દાસી મિત્રસેના સાથે સ્નેહ બાંધે છે. એક વાર તે જુના ઠાકોરે દિવાકરને કહ્યું કે "જયપુરના રાજા વિચારધવળની સેવા કરીને અમારા નિર્વાહનો કાંઈ ઉપાય કર." દિવાકર ત્યાં ગયો. ત્યાં તે પોતાની વચન રચનાથી રાજા વગેરે લોકોને રંજિત કરે છે. અન્ય કાળે રાજા 'સમાનશીલવ્યસનોમાં મૈત્રી હોય છે' એવો ચોથો પાદ બનાવીને કહ્યું કે "જે આ સમસ્યાની પૂર્તિ કરે, તેને હું વરદાન આપું." આ સાંભળીને દિવાકરે તેની પૂર્તિ કરી -

श्रुत्वा दिवाकरेण पूरिता सा । "मृगा मृगैः सङ्गमनुव्रजन्ति, गावश्च गोभिस्तुरगास्तुरङ्गैः । मूर्खाश्च मूर्खैः सुधियः सुधीभिः, समानशीलव्यसनेषु सख्यम् ॥१॥" ततस्तुष्टेन नृपेणोक्तं भद्र! किं ददामि ? । तेनोक्तं मत्प्रभोर्दारिद्र्यक्षयं कुरु । ततस्तेन सार्धाष्टमग्रामशतयुतं श्रीपुरं दत्तम् । ततस्तेन तत् स्वस्वामिने प्राभृतीकृतम् । स्वामिनाऽपि तवापि कार्यं किमप्यहं करिष्यामीति प्रतिपन्नम् । अन्यदा मद्यपानप्रसक्तः पिङ्गलदासो राज्ञाऽदर्शि । तदनु राज्ञा तज्जिह्वाछेद आदिष्टे मित्रीकृतं

संबोधोपनिषद्

હરણો હરણોની સંગતિ કરે છે, ગાયો ગાયોની સાથે, ઘોડા ઘોડાઓની સાથે, મૂર્ખા મૂર્ખાઓની સાથે અને સુબુદ્ધિજનો સુબુદ્ધિજનોની સાથે સંગતિ કરે છે, કારણ કે જેમનો સ્વભાવ અને આદતો સમાન હોય, તેમનામાં પરસ્પર મિત્રતા થાય છે.

આ સાંભળીને ખુશ થયેલા રાજાએ કહ્યું કે, 'હે ભદ્ર ! બોલ, તને શું આપું ?" દિવાકરે કહ્યું કે, "મારા સ્વામિની દરિદ્રતાને દૂર કરો. પછી તેણે ૭૫૦ ગામો સહિત શ્રીપુર આપ્યું. તે દિવાકરે પોતાના સ્વામિને ભેટણારૂપે આપ્યું. સ્વામિએ પણ સ્વીકાર્યું કે, "હું તારું પણ કોઈ કાર્ય કરી આપીશ."

એક વાર રાજાએ મદિરાપાનમાં આસક્ત એવા પોતાના દાસ પિંગલને જોયો. રાજાએ તેની જીભ કાપી નાખવાનો આદેશ આપ્યો. દિવાકરે પોતાના મિત્ર તરીકે માનેલા

पिङ्गलदासं जीवितदापनेन, पत्न्याश्चैकदा मयूरमांसदोहदपूरणेन मित्रसेनां दासीं चोपकृतवान् । ततो राज्ञि क्रुद्धे जीवितव्यसन्देहं प्राप्तः कुसङ्गतिं परीक्ष्य मङ्गलपुरे गत्वा पूर्णचन्द्रराजसुतं सुगुणं गुणचन्द्रकुमारं दिवाकरः सेवते । अन्यदा कुमारो विपरीत-शिक्षिततुरगेनाटव्यां प्राप्तः । तं तृषाक्रान्तं दृष्ट्वा पक्वामलकत्रयं लात्वा गतः । तं दृष्ट्वा कुमरोऽवदत्त्वं मां पानीयं पायय, ततस्तदभावे दिवाकरेणावाचि तृषोपशान्तिकारकत्वेन नास्ति



પિંગલદાસને જીવનદાન અપાવીને તેના પર ઉપકાર કર્યો, અને રાજાની પત્નીના (?) મોરના માંસને ખાવાનો મિત્રસેના દાસીનો દોહદ પૂરવા વડે તેના પર ઉપકાર કર્યો. રાજાએ જોયું કે પોતાના અપરાધી અને દુષ્ટ એવી વ્યક્તિઓ પર દિવાકરને સ્નેહ છે, તેથી રાજા દિવાકર પર ક્રોધે ભરાયો. દિવાકરનું જીવન જોખમમાં મુકાયું. આ રીતે કુસંગની પરીક્ષા કરીને મંગળપુરમાં જઇને પૂર્ણચન્દ્ર રાજાના પુત્ર સદ્ગુણોના ધારક એવા ગુણચંદ્રકુમારની દિવાકર સેવા કરે છે.

અન્ય કાળે કુમાર વિપરીત-શિક્ષિત એવા ઘોડા દ્વારા અટવીની મધ્યમાં પહોંચી ગયો. દિવાકરે જોયું કે રાજકુમાર તરસથી વ્યાકુળ છે. તે જોઈને તે ત્રણ પાકેલા આમળા લઈને ગયો. તેને જોઇને રાજકુમારે કહ્યું કે, “તું મને પાણી પીવડાવ.” પાણીના અભાવે દિવાકરે કહ્યું કે આ ત્રણ ફળ તરસ છિપાવનારા હોવાથી અમૂલ્ય છે. માટે તમે આ ત્રણ

मूल्यमेतत्फलत्रयस्येत्येतद्भुङ्क्ष्व । तेनापि तद् भुक्तम् । तृषा चोपशान्ता । तस्मिन्नधिकं प्रीतोऽभूत् कुमारः । ततोऽपि कियता कालेन गुणचन्द्रो राजाऽभूत् । तस्य सम्पूर्णैर्दिनैः सुतो जातः । स परिवारपरिवृतः सचिवदिवाकरगृहे व्रजति, तदा मन्त्री चिन्तयति, चेद्राजा मम गुरुदोषं सहते तदा ज्ञायते राज्ञ उत्तमत्वम् । ततो गृहागतः कुमारस्तेन लब्धलक्षेण प्रच्छन्नं भूमिगृहे स्थापितः । भोजनसमये राज्ञा कुमारो भानूदयं यावच्छोधितः परं न लब्धः । कथितं च परिजनेन स्वामिन् ! मन्त्रिगृहे प्रविशन् दृष्टः । राज्ञा कुमारशुद्धिकरणविषये पटहो दत्तः,



ફળ આરોગો. રાજકુમારે તે આરોગ્યા. તૃષા શાંત થઈ. રાજકુમારને દિવાકર પ્રત્યે વધુ પ્રીતિ થઈ. પછી કેટલાક કાળે ગુણચન્દ્ર રાજા થયો. તેણે દિવાકરને મંત્રી બનાવ્યો. રાજપત્નીને સંપૂર્ણ દિવસે પુત્ર થયો. એકવાર તે રાજકુમાર પરિવાર સાથે દિવાકર મંત્રીના ઘરે જાય છે. ત્યારે મંત્રી વિચારે છે કે, “જો રાજા મારા મોટા દોષને સહન કરી લે, તો રાજાનું ઉત્તમપણું જણાય.” પછી લબ્ધલક્ષ્ય એવા મંત્રીએ ઘરમાં આવેલા કુમારને ગુપ્ત રીતે ભોંયરામાં રાખ્યો. ભોજન સમયે રાજાએ સૂર્યોદય સુધી કુમારને શોધ્યો, પણ તે ન મળ્યો. પરિજને કહ્યું કે હે સ્વામિન્ ! અમે કુમારને મંત્રીના ઘરમાં પ્રવેશતા જોયો છે. રાજાએ કુમારને શોધવાના વિષયમાં પટહ વગડાવ્યો.

तावता दिवाकरेण मनोरथदत्तश्रेष्ठिगृहे गत्वोक्तम्-श्रेष्ठिन् ! भार्याया दोहदोत्पत्तौ मयोन्मत्तेन कुमारो व्यापादितः, कृतं च रभसवृत्त्या कार्यम् । तथा वसन्तसेनापणाङ्गनायाश्च गृहे निवेदितम्। ततो राज्ञः पुरः श्रेष्ठिनोक्तं तद्भार्ययाऽपि चोक्तं मया स हतोऽस्ति । ततो द्वयोरपि मन्त्री अभयदानप्रदानपूर्वकं सुसङ्गतिं परीक्षितवान् । तदनु मन्त्रिणा राजा भोजनार्थमाकारितः। राज्ञो भोजनं विधाप्य सर्वालङ्कारविभूषितः कुमार उत्सङ्गे मुक्तः। राज्ञा विस्मितेन तुष्टचित्तेन भणितम्, किं कृतम् ?। स्वामिन्!

——— સંબોધોપનિષદ્ ———

એટલામાં દિવાકરે મનોરથદત્ત શ્રેષ્ઠીના ઘરે જઈને કહ્યું કે, "હે શ્રેષ્ઠી ! મારી પત્નીને દોહદ ઉત્પન્ન થતાં, મેં ઉન્મત્ત થઈને રાજકુમારને મારી નાખ્યો. અને એ કામ સહસા થઈ ગયું." તથા વસંતસેના નામની વેશ્યાના ઘરે પણ એજ રીતે કહ્યું.

પછી રાજા પાસે શ્રેષ્ઠીએ અને તેની પત્નીએ પણ કહ્યું કે મેં રાજકુમારને માર્યો છે. પછી મંત્રીએ તે બંનેને અભયદાન અપાવ્યું, અને તેના દ્વારા સુસંગની પરીક્ષા કરી. પછી મંત્રીએ રાજાને ભોજનનું આમંત્રણ આપ્યું. ભોજન કરાવીને સર્વ અલંકારોથી વિભૂષિત એવા રાજકુમારને મંત્રીએ રાજાના ખોળામાં મુક્યો. રાજાએ વિસ્મિત અને પ્રસન્ન થઈને કહ્યું કે - "આ શું કર્યું ?" મંત્રીએ કહ્યું, "સ્વામી ! આપનું ઉત્તમપણું

तव उत्तमत्वं व्यलोकि । तत उद्याने आनन्दसूरिस्तत्रागतः । तमागतं श्रुत्वा दिवाकरो वन्दित्वोपविष्टः प्रश्नयति-भगवन् ! सर्वोत्तमत्वं क्वाप्यस्ति ? । गुरुणोक्तं शृणु क्षितिप्रतिष्ठितपुरे जितशत्रू राजा । तस्य मन्त्री सोम-दत्ताख्यः। तेन मित्रत्रयं विहितम् । तत्र सह १ पर्व २ प्रणाम ३ भेदात्तत्त्रयम् । अन्यदा राजा रुष्टः, ततो भयभीतो निशायामेकाकी सहमित्रगृहे प्राप्तः । ततः सहमित्रस्य पुरस्तत्स्वरूपं कथयति । ततः सहमित्रेणोक्तं तावन्मैत्री यावद्राजा न रुष्यति ततस्त्वं गृहाद्



જોયું. પછી ત્યાં ઉદ્યાનમાં આનંદસૂરિજી પધાર્યા. તેમની પધરામણી સાંભળીને દિવાકર વંદન કરીને બેસીને પ્રશ્ન કરે છે કે - “હે ભગવન્ ! શું ક્યાંય સર્વોત્તમપણું છે ખરું ?” ગુરુએ કહ્યું, “સાંભળ, ક્ષિતિપ્રતિષ્ઠિતનગરમાં જિતશત્રુ નામનો રાજા હતો. તેને સોમદત્ત નામનો મંત્રી હતો. તેણે ત્રણ મિત્રો બનાવ્યા. (૧) સહમિત્ર, (૨) પર્વમિત્ર (૩) પ્રણામમિત્ર.

અન્ય કાળે રાજા રોષાયમાન થયો. તેથી તે મંત્રી રાતે એકલો સહમિત્રના ઘરે ગયો. પછી સહમિત્રની પાસે રાજાના રોષની વાત કરી. પછી સહમિત્રે કહ્યું કે, “આપણી મૈત્રી ત્યાં સુધીની જ છે, કે જ્યાં સુધી રાજા ગુસ્સે ન થાય. માટે તું મારા ઘરેથી જા.” પછી મંત્રી પર્વમિત્રના ઘરે ગયો. તેણે

व्रज । ततः पर्वमित्रगृहे । सोऽप्येवम् । ततः प्रणाममित्रगृहे । स चोत्तमत्वात्प्रश्नं करोति । ततः का कीदृश्यवस्थेयम् ? मह्यं नृपः कुपितः । स भणति सर्वथा भयं मा कुरु, अहं तव पृष्ठिरक्षकः । ततः स निर्भयो जातः । तत आचार्योपदेशात् सहमित्रसमं देहं पर्वमित्रसमं कुटुम्बं प्रणाममित्रसमं धर्मं ज्ञात्वा



પણ તેવું જ કહ્યું. પછી પ્રણામમિત્રના ઘરે ગયો. તે ઉત્તમ હોવાથી પ્રશ્ન કરે છે કે, "તારી આ કઈ અને કેવી અવસ્થા છે ?" મંત્રીએ કહ્યું, "રાજા મારા પર ગુસ્સે થયો છે." તેણે કહ્યું, "તું જરા પણ ડર નહીં, હું તારી પાછળ તારો રક્ષક બનીને રહીશ. તેથી તે નિર્ભય થયો."

